મળે છે આખી દ્વાદશાગી [illegible]
જ્ઞાન અને બીજી ક્રિયા [illegible]
અથવા ક્રિયાની હશે તે [illegible]
સહિત ક્રિયાની અગર ક્રિયા [illegible]
અથવા એકલી ક્રિયાની વાત [illegible]
છે, ક્રિયા વિનાનુ જ્ઞાન હુ [illegible]

દ્વાદશાગીના પહેલા [illegible] મુખ્યપણે [illegible]
રની–ક્રિયાની વાત છે, પણ [illegible] અને [illegible]
શાસ્ત્રના જ્ઞાન સાથે બારમા [illegible] દ્રવ્યાનુ [illegible]
એ જ્ઞાન શુદ્ધ ક્રિયાની સાથે [illegible]
છે પદ્રવ્યની વિચારણા જડની [illegible], અને [illegible]
આચારનું પાલન ચેતનનો [illegible]
આત્માની મિથ્યા પ્રવૃત્તિના [illegible]રૂપી [illegible]

ફરતુ અટકાવી મવગુ ફેરવે, આ જીવના અનાદિના ' લાવ, લાવ 'ના સસ્કારને અટકાવી સઘળા સસ્કાર 'લે લે'ના ઉલા કરે ' આવ, આવ 'ની વાત સુનાવી ' જા, જા 'ની, ભેગુ કરવાના સસ્કાર જતા કરાવી, છોડવાના સસ્કાર સીંચે આ બધું સમ્યક્ ક્રિયા કરી શકે ક્રિયા અને જ્ઞાનની વાતજ દ્વાદશાગીમા, અહિ પણ તેજ વાત, તેથી દ્વાદશાગીનો આ સાર એકલા જ્ઞાનવાળાને તો વાત કાઇ અને ક્રિયા કાઇ તે ચાલે નહિ, શોભે નહિ જ્ઞાનની વાત સાથે તેની અનુકુળ ક્રિયા જોઇએ જ્ઞાન સાથે સમ્યક્ ક્રિયાના ખૂબ જોરથી જ્યારે કુસસ્કાર નષ્ટ થઇ જાય, મોહ સદતર નાબુદ થઇ જાય, ત્યારે અનત જ્ઞાન પ્રગટ થાય, પછી શૈલેશી ક્રિયાદ્વારા મોક્ષ થાય, એટલે આત્માનુ શુદ્ધ જ્ઞાન સુખાદિ સ્વરૂપ પૂર્ણપણે પ્રગટ થયુ, હવે ક્રિયાની જરૂર નહિ

પહેલા પાપનો પ્રતિઘાત કર્યા વિના ધર્મગુણ બીજનું આરોપણ થતુ નથી ક્રમને ઉવેખી ઉલટો સુલટો ક્રમ કરી નાખશો તો બધો પ્રયાસ અફળ જશે અને સસારની રખડપટ્ટી ચાલુ રહેશે પરિમિત સસારને બદલે અપરિમિત સસાર રહેશે અનાદિ એવા આ સસારમા પાપનો નાશ કર્યા વિના અને ધર્મગુણબીજનુ આરોપણ કર્યા વિના અનેકવાર આ જીવ સાધુ થયો, પણ પરિણામે જે મુક્તિ થવી જોઇએ તે થઇ નથી એ જોઇ શકીએ છીએ શાથી એમ બન્યુ ? ક્રમવિના વાસ્તવિક પદાર્થની પ્રાપ્તિ થતી નથી ક્રમિક પ્રયાસ વિના સાધુધર્મ ગમે તે રીતે લીધો હોય તો તે ગુણકારક નથી થતો, કેમકે એ ચારિત્ર ગુણરૂપ નથી પણ ગુણાભાસ છે

પ્રશ્ન–ચારિત્રનુ ફળ શુ ? મુખ્ય ફળ આત્માની શુદ્ધિ,

અને ગૌણ ફળ સુદેવપણુ, સુમનુષ્યપણુ પુણ્યાનુબંધી પુણ્યાઈ વાળુ ઉચ્ચ ગોત્રીય દેવત્વ—મનુષ્યત્વ

દેવપણુ અનેકવાર મળ્યુ શાસ્ત્રમા લખ્યુ છે દેવપણુ અનતવાર મળ્યુ પણ એ પુણ્યાનુબધી નથી મળ્યુ, દેવપણુ ચારિત્રના ગુણવિના અજ્ઞાન કષ્ટથી પણ મળે ગમે તે રીતે ચારિત્ર લે અને અનતીવાર નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય એમા દ્રવ્ય ચારિત્ર વિના ગ્રૈવેયક તો ન જ મળે સાધુક્રિયા વિના ગ્રૈવેયકમા ન જવાય જીવે અનતી વાર ઉચી સાધુક્રિયા પાળી પણ મુક્તિ ન મળી એ બતાવે છે કે વિધિપૂર્વક—ક્રમ પૂર્વક સાધુક્રિયા લીધી નહિ, ક્રમ ન આચર્યો, તફડચી કરી આત્મામા કાઈ મહત્વનો પલટો કરવો જોઈએ એ વાત ન જાણી, સહન કરેલુ કષ્ટ એળે ગયુ દેવલોક મળ્યો તેથી તો આત્માનો અનાદિ જડ સ્વભાવ ગાઢ બન્યો પણ તેમા ઉલટ પરિવર્તન ન થયુ કેમકે સાધુ બન્યો, કષ્ટ સહ્યુ, છતા સ્થિતિ કગાળ કેમકે સર્વ વિરતિ લીધી ખરી, મહાવ્રતની પ્રતિજ્ઞાઓ કરી ખરી પણ ખાવાપીવામા, સુખશીલતામા, માનપાનમા કષાયોમા મગ્નાન બન્યો, સજ્ઞાઓ જીતી નહિ પણ સજ્ઞાઓથી જીતાયો

પ્રોફેસરે વિદ્યાર્થીને ૨૫ વર્ષ ભણાવ્યો મહાન ગ્રંથનું દોહન કરી શિષ્યને તૈયાર કર્યો પણ છવીસમા વર્ષે પરીક્ષા લીધી ત્યારે સામાન્ય ગણિતાના હિસાબમા ચૂકયો કરૂણ અજામ તેવીજ રીતે સાધુધર્મ લીધો પણ તેના ફળમા મ માર મળે એ કરૂણ અજામ થયો હિ માની ઘેલછા અસ યમની અહર્નિશ કુટેવ, ખાવાપીવાની લાલસા, નિ

લપટતા, કષાય અને પ્રમાદની પરવશતા આત્માને દયાર્દ્ર
કોટીમા મૂકે સાધુક્રિયા કરી પણ ફળ ન મળે તો સમજવુ
કે વિધિ અને ક્રમમા ખામી છે ક્રમથી વિધિપૂર્વક માર્ગે
નમ્યક્ દૃષ્ટિ થાય તો પણ તેની ભવસ્થિતિ અર્ધપુદ્ગલ પરા
વર્તની અંદરજ તે વિના તો ભાવિમા પારવિનાનો સ સાર છે
માટે સમ્યક્ત્વ વિનાની કોઇપણ કરણી અથવા સમ્યક્ત્વ
વિનાનુ ચરિત્ર આગામી સ સાર સ્થિતિની કોઇ કાળની ગેરેન્ટી
(પ્રમાણપત્ર) નથી આપતું કેમકે એ ક્રિયા નિર્બીજ છે
વધ્યા છે બી નહિ હોય તો ફળ થવાની આશાજ નથી દરેક
ક્રિયા અને ચારિત્રમા બીજ એટલે તત્ત્વશ્રદ્ધા અને મોક્ષરૂચ
હોવીજ જોઇએ બીજવાળી ક્રિયા નિર્બીજ ગણાય અને સબીજ
ક્રિયાથી ફળની આસી થાય નબીજ ક્રિયા આવ્યા પછી દીર
સ સાર ન હોય આત્માના પ્રદેશે પ્રદેશે (અણુએ અણુએ
તત્ત્વની શ્રદ્ધા અને મોક્ષરૂચી હોય તો કોઇપણ ક્રિયા તે
સ સારમા રખડાવનારી ન થાય એટલા માટે આ શાસ્ત્ર
પદાર્થો પરમાર્થથી એજ કમે આવિર્ભૂત (પ્રગટ) થાય છે

अय चातिगम्भीरो न भवाभिनन्दिभि क्षौद्याद्युपघातात्प्रा
पत्तुमपि शक्यते ।

આ પચસૂત્રમા કહેલા ભાવ અતિગૂઢ અને ગ ભીર
માટેજ પહેલા પાપનો સ પૂર્ણ સમૂળગો નાશ કરી ધર્મ
બીજનુ આધાન કરવાનુ કહે છે ભાવાભિનદી જીવ (સ
રસિયો) પોતાની ક્ષુદ્રતા, લોભ, રતિ વગેરે દુર્ગુણને અ
આ પવિત્ર પદાર્થો મેળવવા માટે યત્ન નથી કરતો, અ
આ પદાર્થોને સમજવા પણ શક્તિવાન નથી અને પદા

સમજવાની દરકાર રાખી પણ નથી બીજ નથી તો ફળ કયા રહ્યુ ? વાયડી લુખ્ખી વાતથી ફળ નથી તત્ત્વ શ્રદ્ધાથી શ્રાવકના અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત લીધા, સાધુધર્મની પરિભાવના કરી એટલે મન મજબુત થાય ભાવના અને પ્રવૃત્તિ બન્ને હોય તોજ ભાવના ફલવતી થાય આ માર્ગ હિતકારી છે એવુ ધારીને અપનાવે, ક્ષુદ્રતાદિ કાઢે, પાપનો પ્રતિઘાત કરે, અને ગુણબીજ રોપે

ભવાભિનદીના આઠ દુર્ગુણો છે ૧ ક્ષુદ્રો, ૨ લોભરતિ, ૩ દીનો, ૪ મત્સરી, ૫ ભયવાન્, ૬ શઠ ૭ અજ્ઞો ભવાભિનદી સ્યાત્, ૮ નિષ્ફળારભસ ગત ॥ ૧ ॥

૧ લો દુર્ગુણ છીછરૂ તુચ્છ હૈયુ હોય, ત્યા શ્રદ્ધાની તાત્ત્વિકતા ન રહે, અને તત્ત્વ ગળે ઉતરે નહિ, સમજાય નહિ અને ટકે પણ નહિ તત્ત્વની વાતો ગળે ઉતરવી જોઇએ અને ટકવી જોઇએ તે ટકી જાય તો સતત વિચાર તાત્ત્વિકતાના રહે એ માટે ક્ષુદ્રતા દૂર કરો ઉદાર દિલે ચિતવો કે મારી અને મુક્તિ વચ્ચે અતર કેટલુ? મારે અને ભવને નિકટતા કેટલી ? તુચ્છ ભોગના બહુમાન ન કરાય જો તુચ્છ વસ્તુ બહુ લોભાવે છે, એની ન્યુનતામા બહુ બળાપો થાય છે, તો એ તુચ્છનુ બહુમાન છે, તેથી હૃદય ક્ષુદ્ર રહે છે, ઉદારને ઇન્દ્રિયોના વિષય ભોગવાય પણ એમા આખોય એઓતપ્રોત ન થાય રસ લે છે ખરો, ત્યાગ નથી કરી શકતો, પણ હૃદયમા ઉડે ઉડે એ ડખે છે ક્ષુદ્રતા ગઇ એટલે જગતના જીવો ઉપર ભાવ દયાળુ અને કોઇની ભૂલ થઇ કોઇએ નુકશાન કર્યું, ત્યા એ વિચારે કે એય મારી જેમ મ મારી જીવ

કર્મ એને સતાવે છે ત્યા એના પર ગુસ્સો શુ કરવો ? કેમ એના કર્મ ઘટે ! અને ક્યારે એ વધુ ઉચ્ચ બને ! એવી કરૂણા અને મૈત્રી ભાવના ભાવે આ ભાવના વિના ધર્મ થઇ શકતો નથી ક્ષુદ્ર જીવને આ ભાવના હોય નહિ પછી ધર્મની શી વાત ? વાતવાતમા હુંપદ આવે, હુ જ કાક છુ, બીજા તો કાઇ નહિ, એવો ગર્વ રહે પૉલીસીથી, માયાથીજ બોલવા ચાલવાનુ ગમે-આ બધુ ક્ષુદ્રતાને લીધે છે, જ્યારે ઉદાર મનુષ્ય વિચારે છે કે આત્મહિતકારી સુદર વાત કયા ? અને મારૂ વર્તમાન તુચ્છ જીવન કયા ? પ્રલોભનોના એ કુરચા ઉડાડે પણ પ્રલોભનો એની શુભ ભાવનાના કુરચા ન ઉડાવે એને ભાવના તો શીખવે છે કે નાશવત અને તુચ્છ એવા જડ પદાર્થની બહુ કિમત શુ આકવી ? રસદાર ભોજન કે હીરા માણેક વગેરે વસ્તુત શુ છે ? સ્વાદ કરૂ અંનામ ગ પદનો, પુદ્ગલના મ ગનો નહિ તુચ્છ એકેન્દ્રિયોના કલેવરોમાટે ક્ષુદ્ર શુ બનવુ ? એના રસમા ખુ ચી ન જવાય ક્ષુદ્રતા જીવને તત્ત્વ પ્રાપ્તિ માટે અયોગ્ય બનાવે, ક્ષુદ્રતા તત્ત્વની મશ્કરી કરાવે, ક્ષુદ્રતા અલ્પબુદ્ધિ એવા પોતાને મહાબુદ્ધિ મનાવે, પ્રજ્ઞતાનુ ગુમાન વધારે

બીજો દુર્ગુણ લોભ રતિ (લાભ રતિ) લોભ થાય, લાભ મળે અને એની ઉપર ખૂબ રાજી થાય લોભ ઉપર મહોર છાપ મારે ' લોભ સારો છે, કરવો જોઇએ, ન કરનારા અજ્ઞાન છે, એવી છે, રાકડા છે ' એવુ માને ત્યાગની વાત આવે ત્યારે કહે કે બહુ ઝીણું શાસ્ત્ર, આમ તે હોય ? લોભ અને લાભ વિના ચાલે ? ભગવાનની ભક્તિ કરે, ગુરૂના ઉપદેશનુ શ્રવણ કરે,-આખમા આસુ લાવે, ગળગળાપણુ દેખાડે, પણ જો લોભ અને લાભનોજ પક્ષપાત રહે, એજ કલ્યાણકર

લાગે, એમા જ શાબાશી લાગે, તો સ મારનો જ ન્મ ને ? લોભે, જીવને અપાર પીડયો છે, અન તકાળ હેરાન કર્યો છે, અસ ખ્ય સ્થાને કુટાવ્યો છે, જીવને નિજના અન ત આન દથી દૂર ને દૂર રાખ્યો છે, છતા માત્ર જ ાતનીજ એક ઘટના અને આન દ !! તેનેજ ઉપાદેય માને લોભ ન કરે તેને ગમાર માને એ લોભરતિ છે ભવાભિન દિતા છે સુભૂમ ચક્રવર્તી, મમ્મણ શેઠ જેવા અન તા પામરો લોભરતિથી સાતમી નરક ગયા દાટેલા નિધાન ત્યાને ત્યા રહ્યા અને લોભરતિથી જીવો અનેક ભવોમા ભમી કપાઇ કુટાઇ, છેવટે એકેન્દ્રિય થયા એ ત્તણવા જતા મ સારનો રસ છે સ સાર ઉપર આસક્તિ છે તિરસ્કાર નથી, મઝા માણે છે ગુણગાન લોભના ગાય છે-ભવાભિન દીની આ પ્રવૃત્તિ છે મોહના આવા સ્થૂલ દોષો ન ટળે તો સૂક્ષ્મ ટાળવાની વાત કયા રહી?

જૈન સિદ્ધાત સૂક્ષ્મ છે, તેમાય કર્મના સિદ્ધાત બહુ જ સૂક્ષ્મ, ને તેમાય મોહનીય કર્મના પ્રકાર તેના ઉદયના રૂપકો, તેની આત્માપર અસર એ બધુ તત્ત્વજ્ઞાન ગજબ છે નિપુણ બુદ્ધિથી ગમ્ય છે એકેકના અનેક સ્થૂલ અને સૂક્ષ્મ પ્રકારો છે ચૌદપૂર્વી પણ ભગવાનના સમોસરણની ઋદ્ધિ જોવા, અગર પડેલ કોઇ શ કાનુ નિરાકરણ કરવા આહારક લબ્ધિથી એક હાથનુ શરીર બનાવે છે, આ શુભ ક્રિયા છે, પાપ ક્રિયા નથી છતા તેને પ્રમાદ અવસ્થા ગણી, એટલે તે અપ્રમત્તપણાથી નીચે ઉતારે, કેમકે આહારક શરીર નામકર્મની પુણ્ય પ્રકૃતિના ઉદયથી બને છે અને આહારકનો બ ધ ભલે સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે છે, પણ ઉદય છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકે છે, ... નથી, પ્રમાદ અવસ્થામા તે કર્મ ભોગવવાનુ એટલે કે તો તે ચૌદપૂર્વી મહાજ્ઞાની મહર્ષે તત્ત્વ-રમણ

અપ્રમત્ત ગુણસ્થાનકે હતા પણ આહારક શરીર બનાવે, ત્યાં છઠ્ઠે આવે અહિ વિચારો કે ગુણસ્થાનકની અને તેને યોગ્ય આત્મપરિણામની કેટલી સૂક્ષ્મતા વર્ણવી છે જીવ પ્રમત્ત ગુણસ્થાન ૬ ઠ્ઠી સાતમે અપ્રમત્ત ગુણસ્થાને ચઢે તેથીય આગળ અતિ વિશુદ્ધ ભાવનાની શ્રેણીએ ચઢી આઠમે ગુણસ્થાનક આવે ત્યાં સુધી પણ હાસ્યદોષનો ઉદય માન્યો છે શોચો ક આ ઉદયનુ સ્વરૂપ કેવુ ક સૂક્ષ્મ! આને પણ સમૂળ ટાળ્યા વિના કાંઠ ન વળે એ ગુણસ્થાનકે ન જવાય તો વીતરાગ બનવાની વાત જ કયાં ? જીવ અનાદિની તૃષ્ણા-સંજ્ઞાનો અભ્યાસી છે એટલે લોભ થઇ જાય એ સહજ છે, પરંતુ એમાં શાબાશી શી માનવી'તી ? લોભ તૃષ્ણા તો દીર્ઘ ભવ, વ્યાધિને લાવનાર ભયંકર કુપથ્ય છે જડ પદાર્થના લાભમાં લોભનો વિજય છે આવા ભયંકર લોભ અને લાભના સત્કાર ન હોય, એમાં ખુમારી ન શોભે એથી ભવાભિનંદિતા પોષાયછે

અહા ! કેવુ કારમું અજ્ઞાન ! પરાધીન લાભ પર શાબાશી ! આત્માને કાળા કરનાર લોભમાં ઉજમાળતા ! લાભ થવાનો આધાર પૂર્વના પુણ્યના ઉદય પર છે, પુણ્યની અનુકૂળતા હોય તો વગર ઇચ્છાએ, વગર મહેનતે, વગર ગરજે લાભ થઇ જાય અનુકૂળતા ન હોય તો ગમે તેટલી ઝંખના, દોડધામ, અને ગરજ કરવા છતાં, ખુશામત કરવા છતાં, લાભ નહિ થવાનો લોભ કરવામાં ઉલટું પાપ આત્મામાં રેલાય છે જુગ જુના કાળથી પુંઠે પડેલા કુસંસ્કાર દૃઢ થાય છે સનાતન એવા પોતાના જ આત્માની સમૃદ્ધિ હસ્તગત કરવાની ઉત્તમ તક જે આ

માનવભવમા છે, તેને ગુમાવી દેવાય છે ઇચ્છાઓના ધાડેધાડા હૃદયમાં ઘુસે છે ચિતાનો હુતાશન સળગે છે, કારમા પાપ કરવામા આચકો નથી આવતો, ભાઈભાઇના પિતાપુત્રના જેવા પવિત્ર સબધો ગદા બનાવાય છે, મહાન ઝઘડા ખડા થાય છે હિસા જૂઠ, અનીતિ, ગુસ્સો, પ્રપચ વગેરે અનેક દુર્ગુણો આત્મામા જીવત થાય છે આવા અનેક અનર્થોને લાવનાર લોભમા ખુમારી અને મમતા કરવી એ કેટલી બેવકુફી છે! આખી જ જાળમા જીવન પાણીના રેલાની જેમ ચાલ્યુ જાય છે ત્યારે એ લોભ અને લાભ ભવાતરે જીવને કયાય શરણ કે બચાવ નથી અપવાના એ નિશ્ચિત છે માટે જીવ! લોભ લાભથી જરા પાછો વળ એ થઇ જાય ત્યા એની કવિતા ન ગા. એને કર્તવ્ય ન માન સમજ કે એ આત્મગુણના ચોર છે, ત્યાજ્ય છે એને સેવવામા પુરૂષાર્થ પણ નહિ પણ કાયરતા છે દુન્યવી મહત્વાકાક્ષા પર કર્તવ્યનો, ગુણનો, હુશીઆરીનો, કે નિષ્પાપતાનો સિક્કો મારવો એ ભવાભિનદીનુ બીજુ લક્ષણ

ત્રીજો દુર્ગુણ દીનતા–વાતવાતમા ઓછુ આવે બધું સુદર અને સર્વાગ સપૂર્ણ જોઇએ, જરાએ ઓછુ ન ચાલે સારૂ મળ્યુ તો પણ ટેવ રોદણા રોવાની હમેશનો અસતોષ ગમે તેટલુ મળે, ગમેતેટલુ સચવાય, તોપણ ઓછુ પડે કાંઇ નથી મળ્યુ એમ લાગ્યા કરે એમ તો જગતની કઇ વાતમા ખામી અને અધુરાશ નથી રહેવાની? કોઇનીય બધી ખામી કદીય નથી ટળી ત્યા ખોટી ઝખના શી કરવી! પરતુ ભવાભિનદીને મળેલાના સતોષને બદલે ન મળ્યાનો ખટકો થાય, મળેલામા સત્તર ખામીઓ દેખે, શોક કરે અને ઝુરે ખામી ટાળ્ મનમાન્ય મેળવવા અધમ ગુલામીઓ અને

એમા જાત ભુલે, ફૂર બને, સ્વમાન ચૂકે, પાપમા ડૂબે ને પાશ
સ જ્ઞામા પરવશ બને સ સાર પોતે સર્વાંગે દુ ખમય
સર્વાંગે સુખમય નથી સર્વાંગે સુખ તો પોતાના આત્મા
શુદ્ધ સ્વરૂપમા છે અને આછુ સુખ એવા આત્મસ્વરૂપની
દાતામા છે તે સિવાય તો જડ પદાર્થોના સંયોગોમા સુખ
ભાસ-સુખના પડછાયા છે, તે પણ મહા દુઃખની ફોજ લાવના
ત્યા સુખની આશા શી ? જો આશા ખોટી છે, તો જડ સયો
મેળવ્યા પછી ઓછુ શુ લગાડવુ ? સ સાર સર્વઅ ગે તો ન
પણ એક અ ગેય સંપૂર્ણ નથી, છતા સ સાર-રસિકનો સ્વ
વજ દીનતા કરવાનો સ સારનો રસ જીવને મૂઢ બનાવે છે એ પુ
લનુય સ્વરૂપ સમજતો નથી, તેમજ આત્માનુય સ્વરૂપ સમજ
નથી એ આત્માનુ અવિનાશી, અપરાધીન, એકાન્ત સુખ સ્વરૂપ
પુદ્ગલના સ્વરૂપમા શોધે છે એને ભાન નથી કે પુદ્ગલ
નાશવ ત છે, પરાધીન છે, અને પુદ્ગલના આશીને એ દુ
દેવાના સ્વભાવવાળા છે, ત્યા તે સુખ જડે ? અમૃતની શો
સર્પના મુખમા કરાય ? સાચા સુખી થવુ હોય તો સ સાર
વિશ્વાસી ન બનો સ સાર એટલેજ ઓછપ, ત્યા પૂર્ણતા
હોય, તેથી થોડામા તૃપ્તિ કર 'મારે શી ખામી છે' ? એમ ક
જરાય દીન ન બને, થોડુ મળ્યુ ઝાઝુ માને, તોજ હજુ ક
સુખની આશા રહે આ તોજ બને કે જો જીવ અર્થકામ
સર્વસ્વ ન માને અર્થની પાછળ દોડધામ એટલે તો પાછ
રહેલા આપણા માથાના પડછાયાને પકડવાનો નિષ્ફળ પ્રયત
જેમ જેમ પાછળ ભાગીએ તેમ તેમ એ આઘો ભાગે એ
બદલે આગળ દોડાય તો પડછાયો પુઠે લાગશે તેમ અર્થ
પણ મોઢુ ફેરવવાની જરૂર છે મોઢુ ફેરવાશે તો અર્થ પા

વાડે હોઠો તીર્થંકર ભગવતે મોઢુ ફેરવ્યુ, તો ચાલતી વખતે પગ તળે સુવર્ણના સુદર મુલાયમ કમળ હાજર થયા પણ આપણે તો અર્થને માથા પર ચઢાવીને નાચવુ છે આત્માના ચૈતન્યને પુદ્ગલની જડ વાસનાઓની નીચે કચડાઇ જવા દેવુ છે ભાન નથી કે આ રત્નચિંતામણિ જેવો માનવ ભવ તો જડવાસનાઓને કચડી ચૈતન્યને ખૂબ ખૂબ વિકસાવવા માટે છે અર્થ કામની બહુ કિંમત કરવાથી ચૈતન્ય બુઠ્ઠું બનતુ જાય છે અર્થ તો નામથી અર્થ છે પણ પરિણામે ભયકર અનર્થ નિપજાવે છે અર્થની વિચારણા ખરાબ, તેમા ગમે તેવુ મળે ઓછું પડે વાતવાતમા ઘમડ, ઇર્ષ્યા, શોક, અરતિથી ક્ષણેક્ષણે મનને કાળુ કરવાનું જરા ગયુ તો 'કેમ ગયુ' થાય કેવી મૂર્ખતા! જેનો સ્વભાવ જવાનોજ છે તેને કાયમ કરી બેનવુ છે! અને જે પ્રાપ્ત કરીએ તો પછી જાયજ નહિ એવા આત્માના ઉત્તમ ગુણોને પ્રગટ કરવાથી દૂર રહેવુ છે લોભરતિ અને લાભરતિ આત્માને કગાળ અને પામર બનાવી દે છે! દીનતા નિત્ય દુખી ગણે છે એ ગાળવા શ્રી વીતરાગ પ્રભુ પાસે ત્રણ પ્રાર્થના ૧ આજીવન દુખક્ષય, ગમેતેવી વિકટ પરિસ્થિતિમા પણ માનસિક દુખનો ક્ષય, અર્થાત્ મનને ઓછુ ન લાગે, મન મસ્ત રહે, તૃપ્ત રહે ૨ અત સમયે સમાધિ, અને ૩ ભવાતરે બોધિલાભ પહેલુ આખી જીદગી દરમ્યાન, બીજુ મરણ સમયે, સાથે ને ત્રીજુ મરણ બાદ ભવાન્તરમા ત્રણેથી પાપ ટળે, આત્મા કેવલ બને ટૂકમા, અહિ સુખશાંતિ જોઇતી હોય, પરલોકમા સુખ ઉભુ રાખવુ હોય, અને પરિણામે શાશ્વત સુખ પ્રગટ કરવુ હોય તો દીનતા છોડો

એમા જાત ભૂલે, ફરજ ભૂલે, સ્વમાન ચૂકે, પાપમા ડૂબે ને પાશવી
સગ્રામા પરવશ બને સસાર પોતે સર્વાગે દુખમય છે,
સર્વાગે સુખમય નથી સર્વાગે સુખ તો પોતાના આત્માના
શુદ્ધ સ્વરૂપમા છે અને આવુ સુખ એવા આત્મસ્વરૂપની રમ
ણતામા છે તે સિવાય તો જડ પદાર્થોના સંયોગોમા સુખા
ભાસ-સુખના પડછાયા છે, તે પણ મહા દુખની ફોજ લાવનારા
ત્યા સુખની આશા શી? જો આશા ખોટી છે, તો જડ સયોગ
ભેગા થા પછી ઓછુ શુ લગાડવું? સસાર સર્વઅગે તો નહિ
પણ એક અગેય સંપૂર્ણ નથી, છતા સસાર-રસિકનો સ્વભા
વજ દીનતા કરવાનો સસારનો રસ જીવને મૂઢ બનાવે છે એ પુદ્
ગલનુય સ્વરૂપ સમજતો નથી, તેમજ આત્માનુંય સ્વરૂપ સમજ
નથી એ આત્માનુ અવિનાશી, અપરાધીન, એકાત સુખ સ્વરૂપ જ
પુદ્ગલના સ્વરૂપમા શોધે છે એને ભાન નથી કે પુદ્ગલ
નાશવત છે, પરાધીન છે, અને પુદ્ગલના આશીને એ દુ
દેવાના સ્વભાવવાળા છે, ત્યા તે સુખ જડે? અમૃતની શો
સર્પના મુખમા કરાય? સાચા સુખી થવુ હોય તો સસાર
વિશ્વાસી ન બનો. સસાર એટલેજ ઓછપ, ત્યા પૂર્ણતા
હોય, તેથી થોડામા તૃપ્તિ કર 'મારે શી ખામી છે'? એમ ક
જરાય દીન ન બને, થોડુ મળ્યુ ઝાઝુ માને, તોજ હજુ ક
સુખની આશા રહે આ તોજ બને કે જો જીવ અર્થકામ
સર્વસ્વ ન માને અર્થની પાછળ દોડધામ એટલે તો પાછ
રહેલા આપણા માથાના પડછાયાને પકડવાનો નિષ્ફળ પ્રયત
જેમ જેમ પાછળ ભાગીએ તેમ તેમ એ આઘો ભાગે એ
બદલે આગળ દોડાય તો પડછાયો પુઠે લાગશે તેમ અર્થ
પણ મોઢુ ફેરવવાની જરૂર છે મોઢુ ફેરવાશે તો અર્થ પ

વારે હોડશે તીર્થંકર ભગવતે મોહુ દ્રેન્ગ્યુ, તો શાશ્વતી વખને પગ તળે સુવર્ણના સુદર મુલાયમ કમળ હાજર થયાં પણ આપણે તો અર્થને માથા પર ચઢાવીને નાચવુ છે આત્માના ચૈતન્યને પુદ્ગલની જડ વાસનાઓની નીચે કચડી જવા દેવુ છે ભાન નથી કે આ રત્નચિંતામણિ જેવો માનવ ભવ તો જડવાસનાઓને કચડી ચૈતન્યને ખૂબ ખૂબ વિકસાવવા માટે છે અર્થ કામની બહુ કિંમત કરવાથી ચૈતન્ય ગુંગળાઈ જાય છે અર્થ તો નામથી અર્થ છે પણ પરિણામે ભયંકર અનર્થ નિપજાવે છે અર્થની વિચારણા ખાઝ, તેમ, ગમે તેટલુ મળે ઓછુ પડે વાતવાતમા ઘમડ, ઇર્ષ્યા, શોક, અરતિથી ક્ષણેક્ષણે મનને કાબુ કરવાનું જરા ગમુ તો 'કેમ ગમુ' થાય કેવી મૂર્ખતા! જેનો સ્વભાવ જવાનોજ છે તેને કાયમ કરી બેસવુ છે! અને જે પ્રાપ્ત કરીએ તો પછી જાયજ નહિ એવા આત્માના ઉત્તમ ગુણોને પ્રગટ કરવાથી દૂર રહેવુ છે. લાભ તિ અને લાભરતિ આત્માને કગાળ અને પામર બનાવી દે છે! દીનતા નિત્ય દુખી રાખે છે એ ટાળવા શ્રી વીતરાગ પ્રભુ પાસે ત્રણ પ્રાર્થના ૧ આજીવન દુઃખક્ષય, ગમેતેવી વિકટ પરિસ્થિતિમા પણ માનસિક દુખનો ક્ષય, અર્થાત્ મનને ઓછુ ન લાગે, મન મસ્ત રહે, તૃપ્ત રહે. ૨ અતસમયે સમાધિ, અને ૩ ભવાંતરે બોધિલાભ પહેલુ આપી છુટી સમાધાન, બીજુ મરણ સમયે, વાપે ને ત્રીજુ મરણ બાદ ભવાન્તરમા ગમેથી પાપ ટળે, આત્મા ઉજ્જવલ બને. ટૂકમા, અહિં સુખશાંતિ જોતી હોય, પરલોકમા સુખ ઉભુ રાખવુ હોય, અને અન્તે શાશ્વત સુખ પ્રાપ્ત કરવુ હોય તો દીનતા છોડ.

ચોથો દુર્ગુણ માત્સર્ય દર્યા, દ્વેષ, ખાર, વેરઝેર, મોહુ કગાણુ થાય, અસહિષ્ણુતા, તિરસ્કાર બીજાનુ સારૂ ન જોઇ શકે, જેથી ઉચ્ચ કલા ગીત ગની, તેની નીચે અપ્રમત્ત સરાગ, તેની નીચે ક્રમસર પ્રમત્ત, સર્વ વિરતિધર, દેશવિરતિધર, સમ્યક્ત્વી અને મોક્ષરૂચિવાળા મિથ્યાત્વી ત્યા સુધીની જીવની દશા ગુણની છે તે ભાવ ભવ ભિન દીની ગ્વિતિ એ ગુણવિનાની દેવાળરી દશા મા ત્સર્યવાળો આ છેડે પાટલે હોય એ કોઇનુ પણ સારૂ જોઇ ન શકે તને જોઇને બળાપો કરે, ખાર આવે, હલકો પાડે તેની નાની નાની વાત પણ તોડી પાડે 'મને લાખ મળ્યા પણ એને સવા લાખ કેમ? કા મારા વધે, કા એના જાય' આવી અધમ વૃત્તિ કરાવે, ત્યા આનદ માનવાનુ ખમીર કયાથી હોય? પોતાનાથી વધારે ધનિક, વધારે આબરૂવાળો, અધિક જ્ઞાની, અધિક તપસ્વી ઇત્યાદિ અધિકને જોઇને અદર બળે, અસહિષ્ણુ બની વિઘ્નો ઘડે, સામાને ફજેત કરે હુ ઉચો રહેવો જોઇએ બીજા નીચા. આ અપલક્ષણ કષાયને તેજ રાખે, વિષયરૂચિ ઠઠ કરે, પાછા એ ઉપાદેય માને આ ભવવિરાગ અને સમ્યક્ત્વને કોરે રાખે, તત્વ સાભળવા-સમજવા ને સ્પર્શવા ન દે

પાચમો દુર્ગુણ ભય દીનતામા પોતાને ન મળ્યાનુ દુ ખ છે, મત્સરમા બીજાને મળ્યાનુ દુ ખ છે ને ભયમા પોતાને મળેલુ ખોવાય તો? એ ચિતાનુ દુ ખ છે ત્રણેય દુ ખ ભુડા એમા ભય વિલક્ષણ દુર્ધ્યાનનુ પ્રબળ કારણ ભય ભયથી ભવ નીપજે-ભયથી ભવ વધે 'હાય, હાય, ચાલ્યુ જશે નાશ પામશે, દુ ખી થઇશ તો'! એ જ કાયવેળ, વિષયકષાયની ઉપર અત્યત અનહદ આસક્તિ, જરાપણુ ઓછપ ન આવે, આપત્તિ ન આવે તેવી સતત ઇચ્છા કેમ જાણે સર્વ સપત્તિનો ઇજારદાર પોતે! હોય

પણ આપત્તિને યોગ્ય નહિ ! કર્મના [illegible]
વારવાર ભય રાખવા છતા ક્યારે કર્મ [illegible]
કરે, સુખ નષ્ટ કરે તેનો નિયમ નહિ તે [illegible]
નુ વળ્યુ ? જવાનુ તો નક્કી છે જ [illegible]
કરીને મમતા વધારી ચિંતામા બળ્યા, [illegible]
પરમાર્થ સૂઝ્યો નહિ, પોતાની મહિમા [illegible]
ધોનુ ગુલામ બનાવ્યુ ભયભીતને તો [illegible]
ખરચે ભય, ખૂટી જવાનો ભય, [illegible]
જશે તો ? એ ભય, સરકાર કાયદા કરે તો ! [illegible]
ભય, સત્તા જવાનો ભય, નહિ [illegible]
નહિ રહે, કહ્યુ નહિ માને, તેનો [illegible]
ઘોર પરંપરા ! ભય અજ પો, [illegible]
ભયમા ને ભયમા સુખે ખાય નહિ, [illegible]
કરે નહિ, બીજાને કરવા દે નહિ, [illegible]
ગુણની ધર્મની કદર નહિ, [illegible]
ઓથી ડરાવે, ઉપદેશ શ્રવણથી [illegible]
સાધનાથી વંચિત રાખે ! કેમ ! [illegible]
દાનનુ કહે તો ? તપનુ કહે તો ! [illegible]
નતાના સંગથી દૂર રાખનાર [illegible]
કરી અકાર્ય બનાવે પોતાને [illegible] જીવનને [illegible]
મલીન કરે, ડરપોક બને, [illegible] જીવનને એ
સંજ્ઞામા જ જીવન પુરૂ, [illegible] પશુથી કરાતી
સંસાર જોઇએ એને [illegible] એજ કર્તવ્ય
છે ત્યા ભય છે તૃષ્ણાથી [illegible] ત્યા
અહાર ની [illegible] વધે છે
[illegible] તેની [illegible]

રહી સાજ સુધી ઘેર પાછા જવાય તેમ નથી, આખા દિવસ
આધિ, આખો દિવસ ભય, નજર સામે એ જ લક્ષ્ય કય
સાજ પડે અને ઘેર જઈ ને તપાસુ કે બધુ બરાબર છે
નહિ ! વાત વાતે ભય ભયનુ કારણ ન હોય છતા પણ ભય લ
કે હાય, હાય, બધુ જતુ રહેશે તો ! ભયને લીધે કઈક અ
રંભોની, પ્રપંચોની, હિંસાની, કષાયોની યોજનાઓ મનમા ઘ
જરૂર પડે એ પાપ આચરવા ય ન પડે, છતા ભય એ પાપ
વિચારમા લાવ્યા વિના ન રહે. એ વિચારમા રૌદ્ર ધ્યાન
સમયે એમા આયુષ્ય બંધાય તો મરીને જાય નરકે ત્યા
દુર્ગતિમા ભટકે, કેમકે પાપના અનુબંધ લઈને અહિંથી ગ
છે ભયવાળાને અસમાધિનો પાર નહિ માલવવાની લાલાવે
ખૂણ, રાતના સુતી વખત દરવાજો તો બંધ કરવો નથી ર
ને ? બધુ બરાબર પેક કર્યુ છે ! રાતના જરાપણ અવાજ થ
એમ થશે કે એ ચોરનો અવાજ તો નથી ? કોઈએ તીજોરી ખોલ
જ્યા આસક્તિ વધારે ત્યા ભયનો પાર નહિ ભયમા ધર્મક્રિ
ચુકાય તો પરવા નહિ પરમાત્માની પૂજા ભક્તિ સેવા ન
થતી ત્યા ભય દેખાતો નથી મરણ દેખાતુ નથી માટે તે
ભય નથી સાધના અટકી તો કંઈ વાંધો નહિ, કાલે કરશુ
ઉતાવળ છે ? વખત ક્યા વહી ગયો છે ? ધર્મ આખો ખોવ
તો ભય નહિ સંસારની સામગ્રીમા ટાચ ન પડવી જોઈ
ભવાભિનંદીને સમાધિનો સ્વાદ નથી, સમાધિનુ ભાન
નથી સમાધિની કિંમત નથી, એટલે દુન્યવી ભયોમા સમા
ગુમાવી રહ્યો છે, અસમાધિનો એને ભય કે દુઃખ નથી ભવાભિ
નંદીને ભય ઘણા, આત્માને ક્લેશ ચોવીશે કલાક ભય સંક્લિ
પરિણામોને અતિ સંક્લિષ્ટ કરાવે ભય સંજ્ઞા કાયા કુ દુ ખ, ધ

દૌલત, વૈભવ ઘરબાર, માનમરતબો, આબરૂ-સત્તા પુરતી છે? કે ધર્મધન નહિ મળે તો ? મળેલુ લુટાઈ જશે તો ? એવો ભય છે? કાયાના મોહમા તપ ગુમાવીશ તો ! રસનાના ટેસમા ત્યાગ કરવાનું ચૂકીશ તો ? દાનમા વિઘ્ન આવશે તો ? ધર્મ નથી સાધતો અને આયુષ્ય પૂર્ણ થશે તો? અગર રોગ આવશે તો ? આ ભય નથી અનાદિની ભય સંજ્ઞા સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુભક્તિ, દાન-શીલ-તપ-ભાવ, ક્ષમાદિ ગુણો, મત પચ્ચકૃખાણ, કર્મક્ષય વગેરે ન સધાય ત્યા નહિ ! ઉલટુ એ બધુ સાધવા જાઉં અને કાયા ઓગળી જાય, ધન ઓછુ થઈ જાય, ટાઇમ બગડે, વેપારમા વાંધો આવે, વ્યવહાર ઘવાય તો શુ થાય ! એ ભય ખરો આહા ! જીવની કેવી દુદશા !

સાધુ પણ સાધવાની જાગ્રતિ ન રાખે તો ભય એમનેય છોડતો નથી, કેમકે ઇન્દ્રિઓ ડાકુ છે મન ચોર છે કુવાસના ચોકબધ હુમલા છે વિષયોનો દુશ્મન-ઘેરો છે વિષયની છાયાનો, આગમનનો, એના સંપર્કનો ભય થવો જોઈએ જેટલો ભય મોહની સામગ્રી લૂટાઇ જવામા થાય છે તેટલો આત્મહિતની પ્રવૃત્તિ કે વિચારણા લૂટાઇ જાય તેમા નથી, કેવી કરમી દશા !! મુક્તિનુ પહેલુ પગથીયું મોક્ષરૂચિવાળી અવસ્થા કે જ્યા સુધી આવા ભયથી ભવાભિનંદિતા જીવતી રહે ત્યા સુધી તે આવે નહિ સમ્યકત્વથી નીચી દશા અપુનર્બંધક અવસ્થા, તેથી નીચી મદ મિથ્યાત્વિની, તેથી નીચે કનિષ્ઠ કોટિના ભવાભિનંદીની મોક્ષનો સમ્યકત્વમા પક્ષપાત એક બાપને બે દિકરા હોય, એક દર અઠવાડીયે વલણમા ગુમાવી આવે, વેપાર ન કરવાનું કહેવા છતા માને નહિ, છતા આબરૂ એવી છે, કે તેને નાતજાતમા અલગ ન કરાય એટલે એને સાચવવો,

પડે પણ અણગમાથી એ રીતે સમકિતી સંસારને સાચવે બીજો દિકરો કમાઉ, જ્યાં હાથ નાખે ત્યાં કમાણી કરે એવો છે, સાથે વિનયી, ભક્તિવંત, નામ દીપાવે એવો છે આ દિકરાને બાપ સાચવે છે પૂર્ણરાગથી આવો રાગ સમ્યકત્વવંતને મોક્ષપર તત્ત્વ ઉપર જેવો પક્ષપાત, તેવો અતત્ત્વ ઉપર અણગમો. સમકિતી સંસારને હરામખોર માને છે, પણ પેલા ઉડાઉ દિકરાની માફક અલગ કરી શકતો નથી તત્ત્વઉપર રૂચિ બીજા દીકરાની માફક કુલદીપક છે, તારણહાર છે અપુનર્બંધક આત્માને સર્વજ્ઞકથિત તત્ત્વનો પક્ષપાત હજી નથી જાગ્યો, પણ એને વૈરાગ્ય છે તેથી સંસાર ઉપર બહુમાન નથી એ યે ધીમે ધીમે સંસારથી છૂટશે સંસારને ગુંડાની ગલી માને છે અને તેનાથી ચેતતો રહે છે તેને છોડીને ભાગવામાં હિત માને છે એ સમજે છે કે, અંતે મધમાખીને જેમ પગ ઘસવા પડે છે, અને વાઘરો બધું મધ લૂંટી જાય છે, તેવીરીતે મૂર્ખ જીવે ઉભા કરેલ આખા સંસારને કાળરૂપી વાઘરો લઈ જશે, અને જીવ બેકાર હારી જશે માટે ચેતો, દૃષ્ટિ ફેરવો, સંસારને, જડને, કષાયોને મિત્ર ન માનો, ઉપકારી ન માનો સંસાર એ મોહદુર્શ્મનનો કિલ્લો છે તેમાથી છૂટો સંયોગો તેમાથી ન નીકળવા દીએ તો પણ તેને લુંટારો ગુંડો માનો જૈનકુળનો એ પ્રભાવ છે, કે જન્મથી વૈરાગ્યના વાતાવરણ જોવા સાભળવા મળે, ગળશુથીમાં સંસારની અસારતાના પાન મળે. માબાપ, કુટુંબીઓ, અને સ્નેહીઓ મોહની ચેષ્ટા અને વાણી એના દેખતા સાભળતા ન વિસ્તારવાની ખૂબ કાળજી રાખે આઠ વરસે સંસારનો પવન ન લાગ્યો હોય અને ચારિત્ર લે તો કામ સારૂં કરે આત્માને સારો ઘડી શકાય વૈરાગ્યની અસર રાગથી ઓછા લેપાએલા પર બહુ સારી ને ઉંડી પડે

છઠ્ઠો દુર્ગુણ ગહના—વાને વાતે મયા રાખે લુચ્ચાઇ, પ્રપચ, દગો, ફટકો, વિશ્વાસઘાત કરે સ્વભાવથી છળ કપટ કરનારો, કેળવેલી ગુડાગુરી આદરનારો નિષ્પ્રયોજન નાની વાતમા, નકામી બાબતમા પણ 'માયા સીધી વાત કરે નહિ સરલતા નહિ કોઇ લેવાદેવા નથી છતા સ્વભાવથીજ દગો, ભૂતકાળનો અનતવારનો અભ્યાસ કારમી માયાનો માયાજ આવડે એના લોહીના 'પરમાણુજ એવા કે એકલી માયાજ કર તેના યોગે કર્મ પણ એવા બાધે આ બધા અનતકાળના અવળા વળ સીધા સવળા કરે નહિ, અવળા વીંટ્યા તેવા સવળા ઉકેલે નહિ, ઉધાઇ મૂકી સીધી દશા પકડે નહિ એ બધુ ભવાભિનદીપણામા સુલભ છે એનાથી બચવુ હોય તો જગતમા કદાચ માયાના વિચાર જાગે, પણ એમા પુરૂષાર્થ ન ખેલવાય, અર્થાત્ માયાને અમલી ન બનાવાય, પણ તેને શુ ગળાવાય, જેથી એ કારગત ન થાય તો 'હજી બચાય છળ પ્રપચ દગાફટકા કરે રાખવા છે, જગતના લાભ કે જગતની વડાઇ લેવા માટે વાતવાતમા વક્રતા વાપરવી છે, માયા આચરવી છે, ત્યા મોક્ષની 'તમન્ના કયા ઉભી રહે? માયાનુ પાપ જગતમા બહુ સહેલુ, એમા ઉઘાડા પડીએ છીએ એવુ ન દેખાય, પાછુ હોશીઆરમા ખપાય, અને માયાથી લાભ થતો દેખાય આ કાળજૂની એની કુટેવને ટાળવા દિલને શુદ્ધ બનાવવુ પડે કદાચિત માયા કરવા મન ઉઠે, પણ હૃદય ના પાડે મન પાપનુ પણ દિલ ધર્મનુ 'ધ્રુવ આત્માના ગુણ અધ્રુવ જડખાતર મારે ગુમાવવા નથી' એ હૃદય પોકારે 'પછી મન 'કદાચ માયા કરાવી જાય' પણ તે કેવી? 'મોળી ભવાભિનદીને તો છૂટથી 'પ્રપચ, માયા, કપટ જોઇએ,' જોરદાર જોઇએ, 'એમા અફસોસ નહિ આમુરી

તુચ્છ વાત હોય પણ માયા ન છોડે માન, આબરૂ, અલ્પ વખાણ, તૃણ જેટલી શાબાશી મેળવવા માટે ય માયા કરતા સંકોચ ન થાય ભવાભિનંદિતાનો મહાન દુર્ગુણ માયા જેને સંસાર બહુ ગમે તે, માયા જે સંસારની માતા છે, તેને કેમ ન સાચવે ? ખૂબી જુઓ, લોભનીરતિને ભવાભિનંદીનું અપલક્ષણ કહ્યું પણ લોભને નહિ જ્યારે શઠતાની, રતિને દુર્ગુણ કહેવાની જરૂર ન પડી, પણ શઠતાનેજ દુર્ગુણ કહ્યો એ સૂચવે છે કે ખાલી લોભ તેવા સંસારરસિક નહિ બનાવે, જેવી શઠતા સંસારરસિક બનાવશે

સાતમો દુર્ગુણ અજ્ઞતા-અજ્ઞાન અજ્ઞાનના બે ભેદ ૧ મૂર્ખતા, અને ૨ મૂઢતા મૂર્ખતા છે એટલે ગતાગમ નથી એકજ વાત છે 'લૂટો, ભેગુ કરો, ઉડાઓ, એ માટે બધુ કરી છૂટો' ભલે લોક નિંદે કે હસે, કે એ પીડાય સંસારમા દુર્ગતિઓમા ભારે ત્રાસથી દંડાવુ પડે તેની ખબર નથી ચિંતા નથી પરવા નથી આ મૂર્ખતા. બીજી મૂઢતા પંડિતાઇ છે, ભણેલ છે શાસ્ત્રો ભણેલો છે પ્રોફેસર છે, બીજાને ભણાવે છે, પણ તેની પંડિતાઇ મૂઢતાના ઘરની, જો જ્ઞાન છે પણ વિવેક નથી ભણ્યો છે પણ હૃદય પરિણત નથી બન્યુ આત્મા કેળવાયો નથી તો એકલી બુદ્ધિ કેળવાઇ તેથી શુ ? ભણતરમા એવો મુઝાયો કે તેની બધી પ્રવૃત્તિ જડ પાછળની આત્માનુ ભાન નથી વિચાર, બોલી, આચરણ બધુ જડ પાછળનુ આત્માની વાતમા વિચાર વાણી વર્તન નથી નરી મૂઢતા પરમાર્થ ખબર નથી વિદ્યાના જ્ઞાન રહસ્યનુ ભાન નથી, ઉચ્ચ દિવ્ય આદર્શો નથી પશુતાથી શી વાસ્તવિક વિશેષતા માનવતામા છે તે સમજતો નથી સનાતન આત્માને ભુલી ક્ષણિક પુદ્ગલ પાછળ રાતો

માતો રહે છે તત્વની રૂચિ તો શું પણ પણ કોઇ તત્વની વાત પણ યુક્તિ પૂર્વક બીજાને સ ભળાવે અને બીજાને તે રૂચે, તેય-આને ખટકે છે સ્વજીવનમા રાતદિ અતત્વનુ પોષણ વર્ધન કરે જાય છે સ સારની ચિ તા સિવાય બીજુ સમજવા માગતો નથી ઇત્યાદિ સ્થિતિ મૂઢતા અને મૂર્ખતાની છે આ અજ્ઞતા એ ભય, શઠતા, ક્ષુદ્રતા, લોભરતિ, માત્સર્ય, વગેરે દુર્ગુ-ણોને પોષી રહે છે જીવ ભવાભિનદી છે, એટલે આ અપ લક્ષણો છે, અને આ દોષોના યોગે સ સારનો રસ એટલે કે ભવાભિન દિતા મજબુત બને છે કેઇક મોહના પાત્રો અને સ્વાર્થમા ઉપયોગી વક્તિઓ પ્રત્યે વ્યુદ્ગ્રહ સાથે એવા પ્રેમ મા મૂઢ હોય કે તેના સત્તર દોષને ગણે નહિ કોઇ સમજાવે તો માનવા તૈયાર થાય નહિ ત્યારે કેટલાક કદાગ્રહીઓ એવા કે પકડેલુ ખોટુ છતા મૂકવા તૈયાર નહિ વળી કેટલાક સારાસા રમા ને કાર્યાકાર્ય માં અજ્ઞાન એવા કે જ્ઞાનીની નિશ્રા પણ ન મળે મૂઢતા ભય કર આમ પોતાને સમજદાર ગણે, પણ પાછા બીજા મૂઢ બનેલાની પાછળ પોતે મૂઢ બને ઉદ્યોગપતિઓ મૂટ, તેની પાછળ દુનિયા મઢ શુ કરવુ તે સુઝતુ નથી બધા કરે છે માટે કરવુ આધળી દોટ, જાણે રહી ગયા મૂઢતા એટલે પ્રબલ મોહથી ઘેરાઇ જવુ ચેતન છતા જડ નચાવે તેમ નાચવા તૈયાર, પણ જ્ઞાની, વિવેકી, સ તોની શિખામણે સારી ચાલે ચાલવામા તૈયાર નહિ વિચાર પૂર્વક કામ કરતો હોય તેવો દેખાય પણ તેના કામ બધા' અવિચારી એક બાપને મૂઢ દીકરો, બાપે કહ્યુ, 'તારે ચ ચળ ને અધીરા ન બનવુ, સ્થિર થવુ કાય કરતા પહેલા વિચારવુ પછી કાર્ય કરતા ડગવુ નહિ' તેના મકાનની આગળ એક 'પાડો રોજ' આવી બેસે છોકરો વિચારે કે

આના શિંગડા વચ્ચે મારૂ માથુ આવે કે નહિ ? છ મહિ
સુધી આ વિચાર કર્યો પછી નક્કી કર્યું કે જરૂર એ શિંગ
વચ્ચે મારૂ માથુ આવી જાય કે નહિ એનો પ્રયોગ કરવે
એક દિવસ વખત જોઇ પાડો બેઠો હતો, ત્યારે માથુ બ
બર શિંગડા વચ્ચે ઘાલ્યુ પાડો ભડક્યો, ને નાઠો પા
બાપાએ ટેક જાળવવા કહેલુ, માટે માથુ કાઢયુ નહિ ટે
રાખવી મૂઢ જીવની ખામીયત કે તેના કાર્ય અવિચાર
બુદ્ધિ સ્થૂલ, તીવ્ર મોહની કૃપિ તે દૂકી હોય અને પરિણા
એ લોકમા બેઆબરૂ અને બારે પશ્ચાતાપ પામે લોક પાછ ગ
ગામી કરે ભણ્યો પણ ગણ્યો નહિ મૂઢ લાડી, વાડી, અ
ગાડી પાછળ ગાંડો આજ જીવનનું સર્વસ્વ માને પરમા
કરવા બુદ્ધિ નથી, ગમ નથી સ્વાર્થમા આંધળો, સ્વાર્થ
પોષવા કઇક ઉંધાચતા કરે આ લક્ષણો મૂઢતાના
અહો ! જડમાયાને આ જીવની પરવા કે ચિંતા નથી ! પણ જી
ઘેલો એનીજ ચિંતામા રક્ત છો ! જડમાયા જીવનનુ નિકંદન ક
છે, ત્યારે જીવ જડમાયાને આબાદ કરવા-રાખવામા જીવન અ
છે જડમાયા જીવને મૃત્યુ બાદ એક તસુ કે એક ક્ષણ પ
આગળ અનુસરવા તૈયાર નથી, પણ જીવ જડમાયાને જિંદ
ભર વળગ્યો રહે છે આ બધુ મૂઢતાને આભારી છે વ
મોટો બુદ્ધિશાળી ન હોય, પોતે પ્રજ્ઞ ન હોય, જૈન ન રે
સમકિતી ન હોય, પણ માત્ર મૂઢ ન હોય તોય વિચાર ક
શકે વિવેકપૂર્વક કામ કરે, બીજાને લાભ થતો હોય
થવા દે, પોતે થોડુ નુકશાન પણ વેઠે ચાર શાણા કાઇ
તેનો વિચાર કરે વારે વારે નુકશાન થતા હોય, ઠગાતો હે
તો ચેતે ચિંતવે બોલે કે આચરે તે કાંઈક જડની બ

નીકળીને, જડમાંથી ઉંચે આવીને આવું કાંઇ ન આવે તો બરાબિનહિતા જાય નહિ

આઠમો દુર્ગુણ નિષ્ફળારંભ સંગતતા—મૂર્ખ પોતે વિચારક નથી, અને મૂઢ ઉંધોજ વિચાર કરે છે, તેથી બન્નેના કાર્ય મૂર્ખતા અને મૂઢતાના પરિણામે નિષ્ફળ નીવડે તેમાં નવાઇ નહિ કદાચ શરૂઆતમાં સફળતા દેખાય તોય પરિણામે અવશ્ય નિષ્ફળ અથવા 'નિષ્ફળ' એટલે નિરર્થક ભવાભિનંદી જીવ નિરર્થક પ્રવૃત્તિને આચરનારો હોય છે કહો કે એને નિષ્ફળ બને એવા કાર્યો મહેનતે કરવા ગમે જેના ઉદ્યમમાં બહુધા નિષ્ફળતા અને નિસ્સારતા હોય, તે જીવ ભવાભિનંદી છે એકવારના નિષ્ફળ કાર્યના યોગે પાછા વળવાનું તો એને આળખે રહ્યું, ઉલટું એવા કાર્યોનો એને દ્વિગુણો આગ્રહ વધે એ વધુ ને વધુ નિષ્ફળતા મેળવતો જાય, પણ સફળતાની ચાવી ન પામી શકે એને લક્ષ્મી મળી હોય, તોય સફળ નથી, કેમકે એને એથી આનંદ કે શાંતિ મળતી નથી હૈયામાં હોળી સળગે છે, પાછળ ગુણસ્થાન અને પશ્ચાત્તાપનો પાર નથી કાર્યમાં ભલીવાર નથી એના નિષ્ફળ પ્રયત્નો એનામાં દોષો વધુ ખીલવે છે નિસ્સાર ઉદ્યમ જડતા વધારે છે

આ બધા દુર્ગુણ ટાળવા માટે ખાસ કાળજી રાખવાની છે; પ્રતિક્ષણ જાગૃત રહેવાનું છે કારણકે, દુર્ગુણોનો અભ્યાસ અનંત કાળનો છે એથી જીવમાં દુર્ગુણ સહજ જેવા થઇ ગયા છે, અને ગુણ જાણે તદ્દન અપરિચિત જેવા નજરે આવે, ઉદારતા મુશ્કેલીથી આવતી પટે લોભ સહેજે થાય, સંતોષ રાખવો મુશ્કેલ પડે પણ દીનતા આવતા વાર ન લાગે,

અને ધીરજ અને નરૂ ત રાખતા નેવના પાણી મોએ ચડાવવા પડે ઇચ્છ્યાં બહુ સહે રી, કાઈનુ પણ નારૂ જોઇ ઉદ્વેગ ઝ ધાય, પણ પ્રેમ બળાત્કારે લાવવો પડે મન ઉદ્વેગ કરાવે પણ દિન જો પ્રેમ કરાવે, તોય વિચારાય કે આપણે નારાજ શા માટે થવુ ? મનને ઉદ્વેગથી પાછુ વાળી પ્રેમમા જોડવુ જોઇયે પણ આ શુભ વિચાર પરાણે લાવવો પડે છે બયબીત થવુ નહેલુ છે, નિર્ભય થવુ મુશ્કેલ છે ભય જેટલો જલ્દીથી આવે એટલી નિર્ભયતા જલ્દી આવવી નથી શકતાના વિચારો જીવને બહુ સુલભ સ્વાર્થ સાધવો, પોતાનીજ અનુકૂળતા જોવી—આ વૃત્તિઓ જીવની સાથે જાણે સહજ થઇ ગઇ છે એ વૃત્તિઓને સિદ્ધ કેરવા ઉદ્યમ કરવો પડતો નથી બીજાની સેવા લેવાના, બીજાના ભોગે સુખ લેવાના વિચાર પહેલા આવે, પણ પરમાર્થ માટે જાતનો ભોગ આપવાની વૃત્તિ છેક્લેય આવવી મુશ્કેલ આપણી હોશિયારીથીજ અનુકૂળતા મળે છે, એવી માન્યતા ઘડાઇ ગઇ છે, માટે આ વૃત્તિ સુલભ થઇ પડી છે ખબર નથી કે પુણ્ય વિના ફાફા. એક જરાક આપત્તિ આવી પડી કે જીવ દુષ્ટ વૃત્તિઓનો આશ્રય સહજ લે છે, પણ જો સાવધાન બને, તો આપત્તિ તો આવી અધમ વૃત્તિઓને દબાવવા ખરેખરી ઉપયોગી થાય એમ હોય છે આપત્તિ તો શુભશ્રેણિની પરીક્ષામા જલ્દી પાસ થવાની પરીક્ષા છે આપત્તિ તેજ ખરો કસોટીનો કાળ છે આમ તો આવી અધમ વૃત્તિઓ ઝટ જાગે નહિ, પણ આપત્તિકાળે જાગે, તે વખતે એને શુભ વૃત્તિઓથી કચડી શકાય મૂર્ખતા અને મૂઢતા જે ગળથુથીમા એકમેક થઇ ગઇ છે, તેને ટાળી આત્મામા જ્ઞાન અને વિવેકની નવી ભાત પાડવાની છે સ્વેચ્છાથી, મૂર્ખતાથી,

ને મૂઢતાથી કરેલા કાર્યમા નિષ્ફળતા અને નિસ્સારતા દરરોજની વસ્તુ થઇ પડી છે, જ્યારે, સફળતા કે મેળવવું, અને નિષ્ફળતા કોક દિવસની, સાચ્ચાની પ્રવૃત્તિ ઘણી, અને અસાર પ્રવૃત્તિ બહુ ઓછી, તે બનવુ જોઇયે. પણ એ મુશ્કેલ છે, કેમકે દોષો જાણે સ્વભાવ થઇ પડ્યા છે, અને ગુણ અપરિચિત, કે અળખામણા જેવા રહ્યા છે

પંચસૂત્રમા કહેલી વાતો સ્વીકારવા માટે આ ભવાભિનંદિપણાના આ અપલક્ષણો–દુર્ગુણો ચાલ્યા જવા જોઇયે. કેમકે ભવાભિનંદિની અંદર ક્ષુદ્રતા વગેરેનુ જોર, જ્યા સુધી ટકેલુ છે, ત્યા સુધી તેને તત્વની રુચિ થતી નથી, તત્વની વાતો એને સમજણજ નહિ પડે જ્યારે પંચસૂત્ર તો લાયકને જ સમજાય અને લાયકને જ અપાય. એ વસ્તુ રસાયણ છે એ પચાવવા દોષ વિનાની અને જોરદાર હોજરી જોઇયે. હોજરીમા દોષો ખદબદતા હોય તો રસાયણ ફુટી નીકળે. માટે હોજરીને આ વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી મનોથી જ ન મળે. ભવાભિનંદીના દુર્ગુણો ટાળવાજ જોઇયે, મન મારવુ પડે, કાયા ઘસવી પડે, તુચ્છ લાભ જતા કરવા પડે, સ્વચ્છંદતા મુકવી પડે, અનંત જ્ઞાનીને સમર્પિત બનવુ પડે. એ બધુ આજ સુધી નથી કર્યું, માટેજ ભવાભિનંદી રહ્યા છીએ. મા ક્ષેટે છે મોક્ષ એ પાપપ્રતિઘાત વગેરેના ક્રમથી મળે. સાધનાની ભૂમિકા તે પ્રમાણેજ રચાવી જોઇયે, અને સાધનાની ક્રમાગત તેજ ક્રમે પૂરી થવી જોઇયે પાપ પ્રતિઘાત માટે (૧) ભવાભિનંદીના દુર્ગુણોનો નાશ કરવો જોઇયે, (૨) પંચસૂત્રમા બતાવેલ સાધનાના ક્રમ ઉપર દૃઢ શ્રદ્ધા જોઇએ ...

ક્રમ ૩

પુરૂષાર્થ કરવો જોઇએ, ૩ તે ધર્મપુરૂષાર્થ પણ (૧) સતત (૨) વિધિપૂર્વક અને (૩) હૃદયના બહુમાન સાથે, યોગ્ય કાળે અને (૪) જીવનમા ઔચિત્ય જાળવીને થવો જોઇએ. આમ કરવાથી અવશ્ય સબીજ ક્રિયાની પ્રાપ્તિ અને અવશ્ય પાલન પ્રગટશે જે પાલનના ફળરૂપે થોડાજ કાળમા ક્રમશ મુક્તિ અવશ્ય ભાવી બનશે, અર્થાત્ સિદ્ધ થશે

પચસૂત્ર જે વસ્તુનુ નિરૂપણ કરે છે, તે સત્ય અને સુંદર છે, તેથી પરિણામે આત્માને અજ્ઞાન અને મોહની અધારી અટવીમાથી અળગો કરી, ઉચ્ચ પરમાત્મ પ્રકાશના પથે ચઢાવી, અનત જ્યોતિ જગાવનારૂ છે 'પચસૂત્રમા કહ્યા મુજબનો ક્રમ તો દુર્લભ છે,' એમ કહી ભડકવાનું નથી, પણ મનમા ખૂબ ઉત્સુક બનવાનું છે જેથી આવી અતિ સુંદર દુલભ વાતો આ જીવનમા પમાઈ જાય, અને જીવન ધન્ય બને મનુષ્ય ભવ અને મળેલ સામગ્રીને સફળ કરવામા ગમારી ન ચાલે, આવડત જોઇએ, દિવાનાપણું ન નભે, સાવધાની-હોશીઆરી જોઇએ, ભાવનિદ્રા નકામી, જાગ્રતિ જરૂરી, વાતોથી કાંઈ ન વળે, ગુણોનો ખપ કરવો પડે જીવનમા આ કરેલુ કર્યું ગણાશે, એથીજ જન્મજરા મરણાદિની જજાળ વેડવાનુ અટકશે



પંચસૂત્ર – ૧ લુ

णमो वीअरागाण सव्वण्णूण देविंदपूइआण जहट्ठि-अवत्थुवाईण तेलुक्कगुरूणं अरुहंताण भगवंताण।

હવે પંચસૂત્રની શરૂઆત થાય છે, તેમા 'નમોવીયરાગાણ' એ પહેલુ વાક્ય મંગળાચરણનું છે શુભ કાર્યના પ્રારંભે મંગળ કરવુ જોઈએ, જેથી વિઘ્નો દૂર થાય શુભ કાર્ય કરતાજ વિઘ્નો નડે છે, માટે ત્યા મંગળ જોઈએ અશુભ કાર્ય કરતા વિઘ્ન નડે તો સારૂ, કે જેથી અશુભ કરતા અટકીએ, પણ અશુભમા તો વિઘ્નો ન આવીને પાપની સગવડ કરી આપે છે એ વાત અજ્ઞાની સમજતો નથી તેથી અશુભથી શા સારુ પાછો હઠે? મંગળ વિઘ્નોનો નાશ કરે તેવુ તૌવતવાળુ છે મંગળ ઇષ્ટ દેવતાના સ્મરણથી—નમસ્કારથી થાય જગતમા દેવાધિદેવ અરિહંત વીતરાગ પરમાત્મા એ સર્વશ્રેષ્ઠ ઇષ્ટદેવ છે તેમને કરેલો એકપણ નમસ્કાર વિઘ્નોનો નાશ કરવા પુરતો છે

વીતરાગ પરમાત્મા અનંત ગુણના અને અનંત જ્ઞાનના ધણી છે, એવા એમનુ ધ્યાન, અને ઉચ્ચ કોટિનો એમના સંકલ્પ એ ઘણા કર્મની નિર્જરા કરવાના સામર્થ્યવાળો છે પણ નમસ્કાર ભાવથી થવો જોઈએ જેટલી ભાવમા કમીના તેટલી જ ફળમા કચાશ ભાવમા કચાશ રહે તે દોષ આપણો છે શુભ અધ્યવસાય (ભાવ) ઉચ્ચ કોટિના અશુભ કર્મો તોડે અને શુભ ફળ આપે છે, ને અશુભ ભાવ અધમ કોટિના ચીકણાં પાપ કર્મ બધાવે અધ્યવસાયનો મહિમા જુઓ, કે દેખાવમા બહુ હિંસા કરનાર જેટલો નીચે જતો નથી, તેથી વધારે નીચો હિંસાની

ઉગ્ર ભાવનાવાળો જાય છે તંદુલીઆ મચ્છને બહુ નાની કાયા, શક્તિ બહુ ઓછી, એથી દેખીતી હિંસા અલ્પ, છતા પણ પાપના વિચાર એટલા હલકા કે એ મરીને નરકે જાય અહિ એમ ન વિચારવુ કે 'ત્યારે તો હિંસા કરવામા વાંધો નહિ, ભાવ શુદ્ધ રાખવુ' આ ખોટી માન્યતા ન ધરવી, કેમકે હિંસાની ક્રિયા પણ હિંસાના ભાવને પોષનારી છે, કારણ કે જીવ એમા લાભ દેખે છે, એથી હિંસાપર રાગ થાય છે એટલે નવી નવી હિંસાની ભાવના જાગે છે જ આ બહુજ ભયકર છે હિંસા તો હજીય કોઇકજ વખતે થાય, જ્યારે હિંસાની ભાવના સદા જાગ્રત રહે છે ક્રિયા કરતા પણ ક્રિયાની ભાવના, લેશ્યા, પરિણામ, અધ્યવસાય વધારે વિકસેલા, સબળ અને દીર્ઘાયુષ્ક-દીર્ઘકાળ રહેનાર હોય છે એમા જો શુભ ક્રિયાના સારા અભ્યાસથી શુભ ભાવ વધારે સબળ હોય, તો તે અશુભ ભાવ દબાવે છે ક્રિયા ખાવાની થતી હોય, પણ જો ગુરૂના વૈરાગ્યના ઉપદેશની શ્રવણક્રિયાથી આહારની સજ્ઞા ઉપર જુગુપ્સા હોય, 'રસનો અને આહારનો હું કયારે ત્યાગ કરીશ,' એવી ઝખના રહેતી હોય, તો તે ઝખના આત્માને બચાવનાર થાય છે કમમા કમ હૃદનના ભાવ તો આહાર-સજ્ઞાને કાપવાના જોઇએ, પોષવાના ન હોવા જોઇએ

અરિહંત ભગવાનને નમસ્કાર કરી શાસ્ત્રકાર મગળ કરે છે, તે ભગવતના ચાર વિશેષણ-૧ વીતરાગ, ૨ સર્વજ્ઞ, ૩, દેવેન્દ્રપૂજિત, ૪ અને યથાસ્થિત વસ્તુવાદિ, એવા ભુવનના ગુરુ-આ ચાર વિશેષણ જગદ્ગુરુ પરમાત્માના ચાર મહાન અતિશય બતાવે છે

વીતરાગ એટલે રાગદ્વેષ વિનાના અહિ રાગ એટલે આત્માની આસકિત-પરિણામ જગાડનારૂ મોહનીય કર્મ તેજ પ્રમાણે આત્માને કોઇ વસ્તુ પર અપ્રીતિ કરાવનારૂં કર્મ તે દ્વેષ, તેમજ અજ્ઞાન-મિથ્યાજ્ઞાન-પરિણામ જગાવનારૂ કર્મ તે મોહ ટીકામા 'રાગ વેદનીય કર્મ' એ પદ છે, તેનો અર્થ રાગરૂપે વેદવા એટલે ભોગવવા યોગ્ય કર્મ એવો સમજવો રાગાદિ પદોનો અર્થ મોહનીય કર્મની જેમ, આત્મામા થતા રાગાદિ પરિણામો લઇ શકાય આ રાગદ્વેષ-મોહથી અત્યત રહિત તે વીતરાગ મોહને જેમણે આત્માની અદર દબાવી તેનો ઉદય સપૂર્ણ રોકયો છે, એવા ઉપશાત મોહી પણ વીતરાગ હોય છે, જ્યારે અહિ તો સર્વથા ક્ષીણમોહી છદ્મસ્થ (અજ્ઞાન) ભાવ વિનાના લેવા છે, માટે વીતરાગની સાથે 'સર્વજ્ઞ' એ વિશેષણ મૂકયુ સર્વજ્ઞ એટલે ભૂત, ભવિષ્ય, વર્તમાન-એ સર્વકાળના સર્વ દ્રવ્યોને અને એના સર્વ પર્યાયને જાણે તથા જુએ તે નિમિત્ત શાસ્ત્રાદિના આધારે ત્રિકાળ વેત્તાને પણ વ્યવહારમા સર્વજ્ઞ કહે છે, પણ તે તો સરાગ છે, તેથી અહિ સર્વજ્ઞની સાથે વીતરાગ એ વિશેષણ મૂકયુ વીતરાગ-સર્વજ્ઞ તો સામાન્ય કેવળ જ્ઞાની પણ હોય છે, તે અહિ નથી લેવા, પણ શ્રી જિનેશ્વર દેવો લેવા છે, તેથી દેવેન્દ્રોથી પણ પૂજયેલા-એ ત્રીજુ વિશેષણ કહ્યુ પરમાત્માની જગત પર હયાતી ઇંદ્રોનેય ભક્તિથી ગળગળા કરી પ્રભુના ચરણસેવક બનાવે છે

અહિ પ્રશ્ન થાય છે કે, આ ત્રીજુ વિશેષણ કહે અને પહેલા બે ન કહે તો કેમ ? ઉત્તર—દેવેન્દ્રથી પૂજ્ય ગણધર

ભગવંત પણ હોય છે, તે તો વીતરાગ-સર્વજ્ઞ નથી, અટલે તે અહિ લેવા નથી, માટેજ પૂર્વના બે વિશેષણ મૂકયા

આમ ત્રણે વિશેષણે અલકૃત પરમાત્મા ધર્મ-તીર્થ સ્થાપ્યા પછીજ, અર્થાત્ મોક્ષમાર્ગ અને ત વો ઉપદેશ્યા પછીજ મોક્ષે જનાર હોય છે, એ સૂચવવા 'યથાસ્થિત-વસ્તુવાદી' એ ચોથુ વિશેષણ કહ્યુ બાદ પૂર્વી સ્રુત કેવળી ભગવાન પણ યથાસ્થિત વસ્તુવાદી હોય છે, તે ન લેતા પૂર્વના ત્રણ વિશેષણોથી અહિ શ્રી જિનેશ્વર દેવોજ લીધા મૂળમા 'અરહુતાણ' એ પદ છે તેનો અર્થ 'જેમનામા હવે કર્મબધના કારણ નથી,' તેથી કર્મઅકુર ઉગતો નથી તે' એવો કરવો

શ્રી તીર્થંકર દેવના ચાર મહા અતિશય —૧ અપાયા પગમ અતિશય અપાય એટલે દોષો અને ઉપદ્રવો તેના અપ ગમવાણા એટલે સર્વં રાગદ્વેષાદિ દોષનો નાશ કરનાર, અને તીર્થંકર નામ કર્મના ઉદયથી વિહારના સવાસો યોજનમા મારી મરકી વગેરે ઉપદ્રવને નિવારનારા ૨ સર્વજ્ઞ, જ્ઞાનાતિશય, ૩ દેવેન્દ્ર પૂજિત -પૂજાતિશય, ૪ યથાસ્થિત વસ્તુવાદી પાત્રીસ અતિશય યુક્ત વાણી—વચનાતિશય ચાર અતિશયના ધણી ત્રણ લોકના ગુરુ 'गृणाति इति गुरु' હિતનો ઉપદેશ આપનાર તે સાચા ગુરુ તે શુદ્ધ અને સત્ય ધર્મના ઉપદેશક સસારત્યાગી વિરાગી મુનિઓ સિવાય બીજા ન હોય એમા શ્રી અર્હંત્ પરમાત્મા એ શ્રેષ્ઠ ગુરુ-આદ્ય ગુરૂ વીતરાગ શબ્દમા વીતદ્વેષ, વીતમોહ, આવી જાય

૧ રાગનો નાશ દશમા ગુણસ્થાનને અતે થાય, દ્વેષનો નાશ નવમા ગુણસ્થાને થાય આ સૂચવે છે કે જ્યારે

દ્વેષની નાશક વિશુદ્ધિ કરતા આત્માની વિશુદ્ધિ (અર્થાત્ અધ્યવસાયની વિશુદ્ધિ) અધિક હોય ત્યારેજ રાગનો નાશ થાય ૨ દ્વેષનુ મૂળ રાગ ક્યાંક રાગ છે, માટે કહેવાય છે **રાગ એ દ્વેષનો બાપ છે** ૩ દ્વેષ કાઢવો સહેલો, કેમકે દ્વેષમા કાળે કાળે ઘટાડો થાય, પણ રાગમા વૃદ્ધિ થતી જાય ૪ રાગનુ આયુષ્ય દ્વેષ કરતા ઘણુ મોટુ ૫ દ્વેષ ભૂલવો સહેલો, પણ રાગ ભૂલવો કઠણ હદ કરતા વધારે ભોજન કર્યું અને ભોજન ઉપર દ્વેષ થાય, પણ જરા વાર થઈ ભૂખ લાગી એટલે દ્વેષ ભૂલાઈ રાગ થતા વાર નહિ દ્વેષ થાય તોય રાગ જલદીથી ન ભૂલાય, અંદર બેઠો હોય ૬ દ્વેષ કર્કશ લાગે, રાગ મીઠો લાગે રાગનો રંગ લાલ ચટક, દ્વેષનો રંગ કાળો રાગ કહેતા હર્ષ, ને દ્વેષ કહેતા નાખુશી ૭ દ્વેષ કરવો પડે છે જ્યારે રાગ સહેજે થઈ જાય છે ૮ હજીય સમજુ માણસને કદાચ દ્વેષ ગમતો નથી, અયોગ્ય લાગે છે, પણ રાગ અયોગ્ય લાગતો નથી કેમકે ૯ દ્વેષથી પરિણામે નુકસાન સમજાય થાય છે, રાગથી નુકસાન થાય છે તે સમજાતુ નથી દ્વેષ ભયંકર લાગે, રાગ ભયંકર લાગતો નથી રાગમા ખરાબી જણાતી નથી ૧૦ દ્વેષ ન કરીશ એમ હજીય જગત કહે, રાગ ન કરીશ—એમ જગત નથી કહેતુ, વીતરાગનું શાસન કહે છે ૧૧ દ્વેષ દુર્ધ્યાન કરાવે છે એમ હજી લાગે, પણ રાગ તેથી વધારે દુર્ધ્યાન કરાવે છે એમ લાગતુ નથી ૧૨ દ્વેષ જાણકારીમા પેસે છે, રાગ બીનજાણકારીમા પેસે છે ગુન્હો થતો માલુમ પડશે, માટે દ્વેષ ઢાંકવા મોઢાનો, આંખનો દેખાવ પ્રયત્નથી ફેરવી નાખવો પડશે, પણ રાગ પેસતો દુશ્મન તરીકે, કે દુર્ગુણ તરીકે માલુમ પડતો નથી, સહેજે ખુશીનો દેખાવ થાય છે ૧૩ દ્વેષ [illegible] સુધી પહોંચે ખરો, પરંતુ તે

પૂર્વે જો જીવ પરિણામ વિચારશે તો કદાચ પસ્તાશે અને હિંસાથી અટકશે રાગ તો ઠેઠ આત્માની ભાવ હિંસા સુધી પહોંચશે, અને એની ખબર પણ નહિ પડવા દે ૧૪ રાગ કરનાર ને અને રાગના પાત્રને બને તો આત્મઘાત થાય, છતાં ખબર પડતી નથી અને પડશે પણ નહિ ૧૫ રાગમાં બન્ને ભાન વિના ફસાય છે, કોઈ પશ્ચાત્તાપ નહિ, દ્વેષની પાછળ બન્નેને ભાન અને પસ્તાવાનો અવકાશ રહે છે ૧૬ દ્વેષનું પાત્ર આપણા પ્રત્યે દ્વેષી તરીકે રહે તે ગમતું નથી, પણ રાગનું પાત્ર આપણા પ્રત્યે અખંડ રાગી રહે એવું જોઈએ છે અર્થાત્ રાગીપણું છૂટતુંય નથી, અને રાગીપણું છૂટે તે ગમતુંય નથી ૧૭ **द्वेष भसीने काटनारो कुतरो छे ज्यारे राग पग चाटीन फुंकी फुंकीने चचरु जोरथी भरनारो छे,** સંયોગના વિયોગે રાગની ખબર પડે, ને ત્યારે રાગ ઉછળે છે ૧૮ રાગના પાત્ર માટે બધું કરી છૂટે છે દ્વેષ પોષવા તો ઘણાએ નથ વેઠે દ્વેષ દુર્ગુણ છે એ હજી ખબર હશે પણ રાગ એ આત્માનો સ્વભાવ નથી, કિંતુ દુર્ગુણ છે એ ખબર નથી ૧૯ દ્વેષ દીર્ઘકાળ રહે તે કેટલીક વાર ગમતું નથી પણ રાગ લાંબો રહે તે ગમે છે પણ એકજ વસ્તુ પર રાગ કાયમ ટકતો નથી, કારણ કે એ સ્વભાવ નથી વળી રાગને વફાદાર રહી શકતા નથી જ્યારે રાગને વફાદાર રહી શકાતું નથી, ત્યારે રાગ ધરવો શા માટે ? એનું કારણ જણાતું નથી, અને રાગ કર્યા વિના રહી શકાતું નથી છોડવો પડશે એ ચોક્કસ છે ૨૦ **द्वेष चेतावी दे छे; ज्यारे, राग उघाडी दे छे** ૨૧ રાગ સર્વથા ભયંકર, તે યોગ એટલે બધી ભયંકરતા ગઈ ક્રોધ, માન, માયા, લોભ બધાય રાગની નેવામાં, અને રાગને મજબુત કરનારા ૨૨ રાગને લીધે મિથ્યા

મતિ ટકે, અને મિથ્યાત્વથી રાગ પોષાય રાગની વસ્તુ પ્રાપ્ત કરવા, સાચવવા, ભોગવવા, ક્રોધ, માન, માયા, અને લોભ છૂટથી કરાય છે રાગના પાત્ર પર કા કામવાસના, કા સ્નેહ, કા દૃષ્ટિ રાગ રહેવાનો, રાગની વસ્તુ અગે હાસ્ય અને આનદ (રતિ), ઉદ્વેગ (અરતિ) અને શોક, રાગની વસ્તુ અગે ભય એમ રાગ પાછળ તોફાન ઘણા, દ્વેષ પાછળ એટલા ન પણ હોય ૨૩ આઠ કર્મની જડ મોહનીય, અને મોહનીયની જડ રાગ મોહનીયની બધી પ્રકૃતિના મૂળમા રાગ તીવ્ર કોટિનો રાગ ન જાય ત્યા સુધી મિથ્યાત્વ ન જાય

તીવ્ર રાગ એટલે શુ ? જે કષાય હિતકારી લાગે, કર્તવ્ય લાગે, 'કેમ ન કરીએ ? એમા શુ થઇ ગયુ ?' એમ લાગે, અતરના ઉડાણમા પણ એ ખચે તો નહિ, કિન્તુ રૂચે એજ તીવ્ર કષાય, अनन्तानुबन्धि कषाय એ હોય ત્યા સુધી સસા રનો રસ અને અતત્ત્વનો દુરાગ્રહ હૃદયમાથી ખસે નહિ એ તો કહે છે, 'પત્ની ઉપર, પુત્ર ઉપર રાગ કરીએ તો શુ વાધો ? ત્યા રાગ ન કરીએ તો શુ ત્યા ઝઘડીએ ?' પણ તેના જવાબમા એમ પૂછીએ કે દુનિયામા હિસા જૂઠ, ચોરી કોના માટે થાય છે ? એજ પત્ની, પુત્ર માટે ને ? એની સાથે લડો નહિ, પણ રાગ ઓછો કરો તો જીવનમા દુર્ગુણો અને દુષ્કૃત્યોના ગુના ઓછા થાય હિસા, જુઠ, ચોરી દુનિઆ ઉપરથી થોડા થાય તે સારૂ, કે વધે તે સારૂ ? જગત શેનાથી સુખી ? ૨૪ હિસા, જુઠ, ચોરીમા સહાયક તરીકે દ્વેષ કરતા રાગ વધારે ચોરી કરાવી કોણે ? રાગે કે દ્વેષે ? દુનિઆમા કોઇને દુખી જુઓ છતા તેનુ દુખ ઓછુ કરવા તમે શા માટે આવતા નથી ? ધનના અને કુટુબના રાગને અગેજ ૨૫ પરમાર્થ

ચૂકાવ્યા કોણે ? રાગે જને ? એજ રાગને લીધે પછી ગરીબ પર દ્વેષ થાય, કહે 'તગડા થઇને માગે છે મજુરી કરવી નથી ઇત્યાદિ' અનીતિ કરી પચીસ-પચાસ મળતા હોય તો કોના અંગે મેળવો ? રાગના અંગે કે દ્વેષના અંગે ? દુનિયામા તોફાનજ રાગના છે રાગ મોળો પડે, તો પાપ ઓછા થઈ જાય २६ दुनिया कदाच द्वेषमा डाही हशे पण रागमा तो पागलज છે ૨૭ જીવનના મહાન દોષોનો પોષક રાગ ૨૭ વિવેકી પાર પાપુ અવિવેકના કાર્ય રાગ કરાવે, ૨૮ બળિયો જીવ રાગ પામે માયકાંગલો દુઃખની હોળીમા સળગાવનાર રાગ છે, माटे दुःखथी करजोनु माप रागांध थइने न काढवु આશ્રિતનુ પોષણ વગેર કરવામા રાગાંધ ન થવુ રાગ ઓછો થશે તો જેરવ્યાજની જરૂરિયાત આપોઆપ ઓછી થશે રાગ છે ત્યા સુધીજ હિંસાદિના પાપ છે

પ્રશસ્ત રાગ બંધન કર્તા નથી, છોડાવનાર છે પ્રશસ્ત રાગ એ ઔષધની જેમ અપ્રશસ્ત રાગથી છોડાવે છે ત્યા ખોટી આશસાઓ ન કરે પ્રશસ્ત રાગ એટલે મારા દેવ, મારા ગુરૂ, મારા ધર્મ તેથી પાપનો બંધ થતો નથી ખોટી આશસા પાપનો બંધ કરાવે પ્રશસ્ત રાગ પાપનો અનુબંધ કરાવે નહિ પ્રશસ્તમા ધર્મ લેશ્યા છે ધર્મની લેશ્યા ધર્મનો અનુરાગ કરાવે ધર્મરાગ એટલે ધર્મની લેશ્યાવાળો રાગ એ પાપોને કાપી આ માનો વિક્રમ સાધે અપ્રશસ્ત રાગ એટલે પાપની લેશ્યા વાળો રાગ જાતનો કોઇ ગુંડો હોય, પણ શાહુકારના કપડા પહેરી લે, તેથી શાહુકારમા ન ખપે ગુંડાગીરીની દિશા ફેરવે, ધંધો ફેરવે, વૃત્તિ પલટે, તો લોકો વિશ્વાસ કરે દીકરા ઉપર, સ્ત્રી ઉપર પ્રશસ્ત રાગ ત્યારે કહેવાય, જ્યારે સ્નેહરાગ અને

કામરાગ વર્તો-કરી સાધર્મિનો, મોહકુટુંબીનો રાગ આવે સાધુ ઉપર પણ અપ્રશસ્ત રાગ મારો નહિ 'આ સાધુ વાસક્ષેપ સારો નાખે છે, ફાયદો થાય તેવે,' વગેરે અશુભ રાગ મનાય છે મ સારના લાભની અપેક્ષાએ, હાસ્યાદિ મોહની વૃત્તિના પોષણની દૃષ્ટિએ રાગ કરવો તે અપ્રશસ્ત રાગ. સંસારથી નિસ્તાર થવા મુક્ત થવા માટે, અને તેના ઉપાયમાં જોડાવા બદલ જે રાગ કરાય તે પ્રશસ્ત રાગ એથી ધર્મ લેશ્યા અને અને ધર્મનો રાગ બન્ને વધતા જાય જેટલી ધર્મ-લેશ્યાની માત્રા અને વેગ (degree, force) ઓછા, તેટલું પુણ્ય કાચું બંધાય ધર્મની લેશ્યા જોરદાર તો પુણ્ય પણ જોરદાર, અને એથી સામગ્રી પણ ઉંચી જોરદાર મળે શાલિભદ્રને લેશ્યા ઉંચી હતી તો દેવતાઈ નવ્વાણું પેટીઓ રોજની મળતી છતાં, ઉંચી ધર્મની લેશ્યાથી ચારિત્ર લીધું, અને પાછું ઉંચી ધર્મલેશ્યાવાળો અધુરી સાધનાનો ખપ ન કરે ગયા ભવમાં ખીર વહોરાવ્યા પછીય ગુરૂમહારાજ ઉપર પ્રશસ્ત રાગનો પ્રવાહ એવો! કે પેટમાં ભારી શૂળની પીડા થતી હતી તો પણ માને ભૂલી, એના ચિત્તમાં એકલા ગુરૂની યાદ હતી પેટમાં શૂળ વખતે માતા હાથ ફેરવતી હશે, સેવા કરતી હશે, પણ તે વખતે માતાને યાદ નહિ કરતા એક માત્ર ધ્યાન ગુરૂમાં અને દાન કરાવવાના ગુરૂના ઉપકારમાં 'અહો! મારા ઉપકારી ગુરૂએ કેવો મને તાર્યો!' માતાએ ફરી ખીર આપી, ખવરાવી તે લક્ષમાં નહિ, પણ ગુરૂના પાત્રે ગઈ તે લક્ષમાં 'कैसो सुन्दर योग! खीर! अने दानमा! तेय महात्माने!' આવી દાન ધર્મની અનુમોદના હૃદયે! આ પ્રશસ્ત રાગ, ને તેથી ઉચ્ચ સામગ્રીનો ધણી બન્યો પણ જ્યારે સાથે એક મોહગ્રહસ્ત માનવ

નમાન બે હાથ બે પગવાળો હતા ધણી છે એવી ખબર પડી કે રત્નાદિએ ઢ્વનતી નવ્વાણું પેટી કથીરની લાગી-'ખામી વાગી આ પુણ્યાઇ ન જોઇએ,' ઋદ્ધિને છોડી, સ્ત્રીઓને છોડી, વહાલી માતાને છોડી વીતરાગ પ્રભુ મહાવીર ભગવાનનુ શરણ લીધુ, અને તર્યા પ્રશસ્ત રાગ તારે, અપ્રશસ્ત રાગ મારે

રાગ કરતા દ્વેષ ખરાબ લાગે છે, પણ વસ્તુત દ્વેષ કરતા રાગ ભયકર છે ર૯ રાગ આત્મામા વસ્તુ પ્રત્યે આકર્ષણનો ભાવ પેદા કરે છે, આત્માને ખેચે છે, જ્યારે, દ્વેષ આત્માને વસ્તુથી દૂર ખસેડે છે આમ અનેક દૃષ્ટિથી રાગ એ દ્વેષ કરતા ખૂબજ બગીઓ અને મહાન અનર્થકારી છે તેમજ એમા બીજા દૂષણો બલાત્ પોષાય છે, માટે એ કાઢયો, એટલે બીજા દોષો તો ગયાજ એટલે અહિં 'વીતરાગ' એવુ વિશેષણ કહ્યુ રગે તે રાગ, આત્મા જેનાથી રગાય છે તે રગા આત્માને વસ્તુ પ્રત્યેના આકર્ષણના રગથી રગે છે માટે તે રાગ દ્વેષ, દ્વિષ ધાતુ- 'અપસદગી અઠીક લાગવુ, અણગમો કરવો,' એનાપરથી બન્યો વીતરાગ એટલે જેને ઇષ્ટ તરફ આકર્ષણ નથી, અને એજ વીત દ્વેષ છે તેથી અનિષ્ટ પ્રત્યે અપ્રીતિ અનાદરનો ભાવ મુદ્દલ નથી, અર્થાત્ જેને ઇષ્ટ અને અનિષ્ટ ઉપરથી આદર અને અણગમો ચાલ્યો ગયો છે તે વીતરાગ

એજ **વીત મોહ** છે, એટલે કે મોહ વિનાના છે મોહ એટલે અજ્ઞાન, મિથ્યા જ્ઞાન, વિપર્યાસ, મૂઢતા, દુરાગ્રહ, અસત્ વ્યુદ્ગ્રહ વગેરે રાગ, દ્વેષ એ મહાન ડાકુ આત્માને કબજે કરી આત્માના અસલી પોતાના સ્થાન (મોક્ષ)થી એને પરાઙ્મુખ રાખે છે આ બે ડાકુ સાથે મોહ વળી ગજબનો લૂટારો છે **राग मस्या विना फूकी चाटीने पचकु भरे छे, द्वेष भसीने**

बटकु भरे छे, ज्यारे मोह अंधारामां राखीने करडे छे रागद्वेषमा आ कुतरो छे एम मालुम पडे मोहमा तो कुतरो पाछळ छे एम खबर ज न पडे मोह कुतराने बक्रु देखाडे, आपने दोरडु मानी हाथमा पकडावे 'दुनियामा जे काइ किमती छे ते जड ज छे, तेज श्रेष्ठ छे, तेज सर्वस्व छे, तेज हितकारी छे' एवु एवु मोह एने मनावे छे एने मन किमत जडनी एनी आगळ आत्मा कोइ वस्तु ज नहि ए जडथी ज जीवी जडथी ज मरे आ बधा चाळा मोहना छे आत्माने अंगे देह छे, ए वस्तु भूली, देह छे तेज वस्तु छे, माटे एनी ज काळजी करवी एम माने आत्मा माटे देह छे, तेने बदले देहने खात र ज आत्मा बनावे जेटलो मोह जीतवो मांघो छे, मोहथी जीतावु तेटलु ज सहेलु छे मोह न होत, ने एकला रागद्वेष होत तो, कुतरा उपर विश्वास न राखत मोह कुतराने बकरो देखाडे छे, तेथी बचकु बीजाए भर्यु हशे एम निश्चितपणे बळात्कारे मनावे छे बकरु करडे ? कुतराने बकरु देखाडवु ते मोहनु काम मोह प्रतिकुळताने अनुकुळतारूपे देखाडे छे, अने सचोट मनावे छे ए जगतनी भय कर त्रास, आयास अने वेदनाने पण आनंद मनावे, जेम कोइ दारू पीधेलाने तमाचो मारे तोय हसे गंधाती गटरने सुखनो सागर जेम दारू मनावे, ते प्रमाणे गंधाती गटर जेवी कायाने उपरना मढेला चामडानो मोह खूबसुरत मनावे वाह ! मोह त री म या ! मोह आत्माने भयंकर नुकशान तो करेज छे, पण नुकशानने पाछो लाभमा खतवे छे मोहने काबुमा ले तोज राग काबुमा आवे मोह छे त्याज सुधी आनंदथी राग करे छे, अने रागने हितकारी माने छे आत्मामाथी मोह एटले मिथ्यामति खनी गया पछी तो रागने दुश्मन

દેખાશે, રાગ કરતા કાગળુ કપાશે મોહ ભાને રહેવા દે નહિં, દોષના જ બચાવ કરાવે કોઇ આપણી ચીજ મ ગીને લે તે ખમાય, ભવમા વે તેર ખમાય, પણ ઉપાડી જાય, આચકી લે, ખુચવી લે, અને પાછો પોતાને એનો હકદાર માને તે નથી ખમાતું શુ દાગીરી લાગે છે 'ચોરી કરે અને પાછો શાહુકારીનો ફાંકો? આતો હદ થઇ' એમ થાય છે બસ, મોહ આ કોટિનો ગુંડો-લૂંટારો છે, છતા એને એવો માનવાને બદલે પરમમિત્ર માનીએ છીએ એજ આપણી ગમારી છે રાગદ્વેષમા દૂષણની પીછાન હજી હોય, દૂષણ તરીકે હજી માનવાનુ બને, પણ મોહ દૂષણને દૂષણ તરીકે નહિં માનવા દેતા, ગુણની મહોર છાપ મારી આપે છે દોષ પર ગુણનુ લેબલ લગાવવું તે મહા ભયંકર દળેલા મીઠાના ડબા પર ખાંડનુ લેબલ મારી પછી તે દૂધમા નખાય તો દુધની બગડી જાય દોષના ડબા ઉપર ગુણનું લેબલ મારવાથી તેના પરિણામમા આવતી ગુણકારી વસ્તુ દોષરૂપ થઇ જાય છે દા ત એક માણસ અભિમાની છે, પણ પોતે દોષિત છતા જાતને ગુણવાન માને છે હું સમજુ છુ, હું કાંઇ મૂર્ખ નથી, ભોઠ નથી, વગેરે અભિમાનથી દોષ ઉપર ગુણનુ લેબલ લગાડે હોય પ્રમાદિ અવસ્થા, તથા ધર્મ પ્રત્યે અને આત્મહિત પ્રત્યે બેપરવાહી, ને પાછો તે ઉપર લેબલ મારે આત્મા જાગૃતિનું! ગુરુ ઘણું કહે, પણ અભિમાન એને સત્ય વસ્તુ સમજવા જ ન દે હોય ખાબોચીયા જેટલુ જ્ઞાન અને જાણે પોતાને જ્ઞાનનો મહાસાગર! આવાને આત્મદોષના સ્પર્શી કરણની, પોતાની અધમ દશાની, કે ત્યાગ-વૈરાગ્યની વાત પણ ન સ્પર્શે કેમકે મોહના ઘરનું હુપદ છે જાગૃતિ નથી આ ઘોર નિદ્રા છે અહંભાવનો ખોટો ખ્યાલ છે તેને અનતજ્ઞાની આગળ

હુ મારી વિગાતમા નથી' એ સમજવા નથી દેતુ ઘમંડ ઓછો થય તો ગુણ સમજે, ને અવગુણ કાઢવા કોશિષ થાય, તથા ગુણ ભરી વસ્તુના સંપર્કથી ગુણનુ ગ્રહણ કરાય અહંભાવ ને કુમતિ જાય તો આત્માનુ સ્વરૂપ સમજાય, ગુણદોષનો વિવેક થાય, દોષ ઉપર ગુણનુ લેબલ ન લગાવાય, સમજે કે પુણ્ય જાગત હશે તો દોષ પણ ગુણમા ખપશે ખરા, પણ ગુણ તરીકે દોષનુ સેવન મહા ભયંકર પરિણામ લાવશે એ અહંભાવ છોડી સર્વજ્ઞનુ ઉપશમ-વિરાગકારી શાસન સેવે બહાર પ્રત્યેના પહેરાગા ઠાગાથી તો બહારની આગપ પાગ વધશે, અને દોષો ગુણ નહિ થાય જીવને કહો કે બચાવ તરીકે આગળ ધરેલા અને પોષેલા જે દોષ, તે નહિ તજે તો ભારે થઈ પડશે ટૂંકામા વીતરાગનુ શાસન છોડી મોહના જોરે જગતની શાબાશીની ઘેલછા પાછળ, મનકલ્પિત ખોટા સુખ પાછળ, સગવડ સાહ્યબીના ખોટા મહાગ્રહ પાછળ, તારા હાથે તારા આત્માને ગુણથી દૂર-અળગ કરી રહ્યો છે, અને આત્માને દોષમા ડુબાડી રહ્યો છે માટે મોહનો ત્યાગ કર એ માટે નિર્મોહી પરમાત્માની અહર્નિશ નિરંતર ઉપાસના કર પ્રભુનુ આ પહેલુ વિશેષણ 'વીતરાગ'

અરિહંત પરમાત્માનુ બીજુ વિશેષણ સર્વજ્ઞ સર્વજ્ઞ એટલે સમસ્ત જીવ પુદ્ગલ વગેરે અનંતાનંત દ્રવ્યોના અનંત ભૂત ભવિષ્ય અને વર્તમાનકાલના, પ્રત્યેક દ્રવ્ય ઉપર બનતા અનંતાનંત ભાવો (પર્યાયો, અવસ્થાઓ) ને હાથમા રહેલ આમળાની માફક દરેક સમયે પ્રત્યક્ષ જુએ છે અને જાણે છે જગતના પરમાણુ પરમાણુના પર્યાયો અને સર્વે જીવ ઉપરના ભાવો અનંતાનંત સંખ્યામાન્તે બધુ વર્તમાન એક સમયે જુએ અને જાણે આ કેવળ જ્ઞાનનો પ્રકાશ જળજસ્ત એમા અનંતાનંત કાળની

કોઇ ઘટના કે કોઈ સ્થિતિ છૂપી નહિ

અરિહંત પરમાત્માનુ નાજુ વિશેષણ દેવેન્દ્ર-પૂજિત અસંખ્ય દેવતાઓના સ્વામી ઇન્દ્રો પણ જેની પૂજા, ભક્તિ કરે શુ જોઇને પૂજા કરતા હશે ? પૂજા બે પ્રકારે થાય ૧ લાલચ, સ્વાર્થ, પરાધીનતા અગર બીકથી, અને ૨ ઉપકારી હોવાથી, ગુણના બહુમાનથી અને ગુણ મેળવવા માટે આ ઉત્તમ પૂજા નિર્મળ અવધિજ્ઞાનના માલિક, અને પૂર્ણ ભવની સુંદર આરા ધનાવાળા ઇન્દ્રો પરાધીનતાથી અગર લાલચથી નમતા નથી જેને અસંખ્ય કાળ સુધી પૌદ્ગલિક સુખનો પાર નથી, તેવા ઇન્દ્રો જેની પૂજા કરે છે તે (૧) અરિહંત પરમાત્માના ગુણના જબરદસ્ત ઉત્કર્ષના બહુમાનથી, અને (૨) તેમના જેવા ગુણના સ્વામિ બનવા માટે જ્યારે ઇન્દ્રો આ પ્રમાણે પૂજા કરે ત્યારે આપણે કેવી રીતે ને કઇ આશાથી પૂજવા ? ઇન્દ્રો પરમાત્માની પુજા અપેક્ષા વિના ઋદ્ધિની આશા વિના કરે છે, માનવ ભવ પામી પ્રભુના જેવા શુદ્ધ ભાવો, તેમના જેવુ વિશુદ્ધ ચારિત્ર મેળવવા પૂજા કરે છે, પણ ઇન્દ્રાસન કાયમ ટકાવવા નહિ, ફરી ઇન્દ્રની ઋદ્ધિ મેળવવા નહિ જે ભવ ઇન્દ્રને નથી મળ્યો, તેને માટે ઇન્દ્ર તલસે છે, અને આપણે ! આપણને મનુષ્ય-ભવ મળ્યો છે, તેથી કેવી ઉત્તમોત્તમ સાધના થઇ શકે તેની પરવા નથી, કે ભાન નથી ! મનુષ્યભવ ફક્ત તુચ્છ વિષયોને કેળવવામાં, કષાય કષાયનો પારો ચડાવવામાં અને સ્વર્ગની અપેક્ષાએ નહી એવા રસ, ઋદ્ધિ અને શાતાની જાળમાં ગુંથાઇ જવામાં પસાર કરીએ છીએ !!! ઇન્દ્ર મનુષ્ય ભવ માટે ઝંખે છે, પ્રભુનો સેવક બને છે, છતા ઇન્દ્રની પૂજા અધુરી છે, કારણકે, વીતરાગ પરમાત્માની સર્વ વિરતિ-ચારિત્રની

આજ્ઞાનો તે અમલ કરી શકતા નથી ભગવાનની શ્રેષ્ઠ પૂર્ણ ભગવતની આજ્ઞા સર્વાંશે અમલમા મુકવામા છે

પ્રશ્ન—ભગવતની આજ્ઞા અમલમા ગણધર મહારાજ શ્રેષ્ઠ મૂકી શકે છે, તો પચસુત્રકારે પ્રભુને ગણધરપૂજિત કેમ ન કહ્યા ? પણ દેવેન્દ્રપૂજિત શા માટે કહ્યા ?

ઉ૦—જે ક્ષેત્રે અરિહત ભગવત વિચરે છે, તેજ ક્ષેત્રે ગણધર ભગવતો વિચરે છે, એટલે ત્યાના રહેવા ત્યા પૂજા કરે, તે કરતા બહુજ દૂરથી, પરજાતિ, પરભોગી, એવા દેવોના પણ સ્વામી મનુષ્ય ક્ષેત્રની દુર્ગન્ધ સહન કરીને પણ મહિ પ્રભુને પૂજવા આવે તે વિશેષતા ગણાય વળી જગતના બાળ જીવો દીવ્ય ઋદ્ધિમત અને વૈભવશાળી દેવોથી થતી પૂજા જોઈ વધારે આકર્ષાય સમવસરણાદિ દ્રવ્યો બહુજ ઉચા, અને અસખ્ય જોજનથી દેવો નીચે આવે તેથી બાળ જીવોને આકર્ષણ

ચોથુ વિશેષણ યથાસ્થિત-વસ્તુવાદિ કેવળ જ્ઞાન મેળવ્યુ, નવતત્ત્વ બન્યા, કૃતકૃત્ય થયા, પોતાનુ પ્રયોજન સિદ્ધ થયુ, એટલે હવે મુગા મુગા મુક્તિમા ગયા એમ નહિ, પણ જે તત્વ પોતાને પ્રગટ થયુ, પોતાને પ્રત્યક્ષ થયુ, તેનો માર્ગ જગત સમક્ષ મૂક્યો, જગતને મુક્તિમાર્ગનો ઉપદેશ આપ્યો, અને યોગ્યને તાર્યા પોતે અક્ષય અનતપણીનુ ભાતુ બાધ્યુ અને વિશ્વમા તેની પ્રભાવના કરી એ વસ્તુતત્વને યથાસ્થિત (જેવા છે તે રૂપે) કહેનારા છે, વસ્તુમાત્ર ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્યવાળી છે, તો તે રીતે ઓળખાવનાર છે, જીવ, અજીવ, આસ્રવ, બધ સવર, નિર્જરા, અને મોક્ષ એ તત્ત્વો નામ. સ્થાપના, દ્રવ્ય

ભાવ, એ જઘન્ય ચાર ભેદે વસ્તુ માત્ર વહેચાયેલી છે પ્રમાણ અને નય જ્ઞાનથી જોય છે સ્યાદસ્તિ વગેરે સપ્તભંગીના સ્યાદ્વાદથી વસ્તુનો પ્રત્યેક ધર્મ પ્રતિપાદ્ય છે વસ્તુ માત્ર અનંત ધર્માત્મક છે આ બધુ યથાર્થ અને સ્પષ્ટ કહેનારા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનપર્યાયજ્ઞાન કરતાય સર્વજ્ઞનુ જ્ઞાન અનંતગુણું શ્રેષ્ઠ એમા એમણે જોયુ કે જીવ જડના મુઝાયો, ફસાયો અને અટક્યો છે, તેથીજ ભવમા ભમે છે, અને દુખમા સબડે છે જડના આકર્ષણ તૂટે તોજ મુકિતનો સાધક બને એ માટે પ્રભુએ જડ કાયાની દયા ન ખાધી, પણ આત્માની દયા ખાધી પુદ્ગલની મરામત ન શીખવી, આત્માની મરામત શીખવી એ કહે છે કે આ માનવભવ હાથમા છે, ત્યા સુધીમા પૂર્વે જીવે જે અનંતા કર્મના જાળા બાધ્યા છે, તે તોડી નાખવાના છે, પણ વધારવાના નથી સર્વજ્ઞનુ વચન હૃદયે ફરસવુ જોઇએ સર્વજ્ઞ ૧ વચનની શ્રદ્ધા આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત થઇ જવી જોઇએ એનાથી આત્મા ભાવિત થવો જોઇએ ખોટાનો બચાવ ન કરો બચાવ કરવાની આદત અનાદિની છે બચાવ એ દલ છે બચાવ એ મોહની શિખવણી છે હવે તો જ્ઞાનીની શિખવણી જોઇએ જ્ઞાનીના વચન હૃદયે આરપાર ઉતરી જવા જોઇએ એમના વિરાગના ઉપદેશ-બાણોથી રાગ-હૃદય વીંધાઇ જવુ જોઇએ માત્ર સાભળતી વખતે ગદ્ગદ થવાય એટલુ બસ નથી સર્વજ્ઞના વચન ઉપર અવિચલ શ્રદ્ધાથી એ ઉપદેશ હવે-આત્મઘરમા એવો રમતો થઇ જાય, કે એ ઘેર, બજારમા, કે સિનેમા, સુખમા કે દુખમા આત્માની હાજરી લે, જાગ્રત રાખે બચાવ કોઇના ચાલ્યા નથી અહિ તો જરાક અરૂચિ કે અણગમો એ પણ દ્વેષ છે દુનિયામા

આપણને અનિષ્ટ વિષયો, અનિષ્ટ જીવો, અનિષ્ટ સંયોગો પ્રત્યે દ્વેષ જેટલો વખત રહે તેટલો વખત એ આત્માને કાળો બનાવે અહો! શા સારૂ આત્મા પંચમાં પડતો હશે! પરની જંજાળ કરતો હશે! એને પોતાનું સંભાળવાનું, પોતાની ખરાબી મીટાવવાનું કયાં ઓછું છે? પ્રભુ વચનની શ્રદ્ધાની ઉણપના છે એક સમય માત્ર પણ પર ચિંતા કરવાની જરૂર નથી એ તો આપણા ભાગ્ય મુજબજ વર્તશે દુનિઆમાં રહ્યા ત્યાં અતિ આવશ્યક દેખાવ રાખવા પડતા હોય તોય, જેમ સર્પની દાઢમાંથી ઝેર કાઢી નાખ્યું, પછી ફુંફાડો નુકશાન કરનારો નહિ, તેમ આપણા દેખાવના ફુંફાડા પાછળ રાગદ્વેષના ઝેર ન રહેવા જોઈએ ઝેરનો સમુળગો નાશ થવો જોઈએ નાનો સરખો પણ કષાય કરવો પડે એ કુસંસ્કારને પોષવાનું થાય છે, એને તાજા કરવાનું થાય છે, એ હરગીઝ નં ભૂલાવું જોઈએ મનુષ્ય જીવન મળ્યું એટલે ધંધો શું રાગદ્વેષ અને વેરઝેરનો કરવો? જીવનમાં આવી અધમ કાર્યવાહી જોરદાર છે ત્યાંસુધી જગનાથનું દર્શન દોહલું છે સમ્યગ્ દર્શનની સુંદર સામગ્રીવાળા આ મોંઘેરા માનવ ભવમાં દર્શનની આડે ઘાતી કર્મની દિવાલ મજબુત ન કરાય, પણ તેને તોડી નાખવી જોઈએ તેને ઓખરી કર્યા વિના તત્વનું સાચું દર્શન નહિ થાય, દર્શના ભાસ થશે મારે સેવક જગનાથનો બનવું છે, કિંતુ વિષય-કષાયનો કે રાગદ્વેષનો નહિ માટે જિનની વાણીના અનુસારેજ મારી વિચારસરણી હોવી જોઈએ પરમાત્મા યથાસ્થિત વસ્તુવાદિ છે, તેવી રીતે જો એ સ્વીકારાય, તો મોહની પ્રબળતા ન રહે પછી કદાચ મોહનું દેણું ભરવું પડે, પણ છૂટવા માટે, વળગવા નહિ મોહને આધીન ન બને, પણ મોહ ઉપર પાકો

તિરસ્કાર રાખે આતર શત્રુ જે ક્રોધ તે કદાચ માહી ઉદયમા આવે, પણ બહારથી આખ પણ લાલ થવા ન દે કષાયના ઉદય વખતે જાગૃત રહે कषायना उदयने आत्मवीर्यनी सहाय न दे મોહના પગ એ ભાગે, પણ મોહ એના પગ ન ભાગે, ચાર વિશેષણવાળા પરમાત્મા ત્રણ ભુવનના ગુરૂ, ત્રણ લોકના હિતકારી, ત્રણે લોકના જીવને એક માત્ર શરણ, એજ પિતા, માતા, ભ્રાતા અને ત્રાતા અરિહંત ને અરુહંત પણ કહેવાય છે,-જેમનામા નાનો સરખો પણ કર્મનો ફણગો ફુટે નહિ, કર્મનો અંકુરો ઉભો થાય નહિ તે તેમ અરિહંતને અરહંત પણ કહેવાય છે,-જેના કેવળ જ્ઞાન આગળ બધુ પ્રગટ છે કાઈજ અજ્ઞાત (છુપુ) નથી તે

ટીકામા પ્રશ્ન કરે છે કે, જે વીતરાગ સર્વજ્ઞ છે, તે યથાર્થ વસ્તુ કહેનારા તો છેજ, તો જુદું વિશે પણ કહેવાની શી જરૂર ?

અમારે જરૂર નથી પણ જેઓ અસત્ વસ્તુ સ્વીકારે છે તેના નિષેધ માટે આ વિશેષણ છે તેઓની આ અસત માન્યતા છે કે 'વસ્તુ વાણીનો વિષયજ નથી, તેથી વસ્તુને-યથાર્થ કહેનારા કોઇ હોઇ શકેજ નહિ' પણ જો વસ્તુ અને શબ્દને સંબંધજ ન હોત તો અમુક સંકેતેલા શબ્દથી અમુકજ વસ્તુ કેમ જણાય ? પૂર્વધર મહર્ષિઓ પણ યથાસ્થિત વસ્તુવાદિ છે તે અહિ નથી લેવા, માટે વીતરાગ વગેરે વિશેષણ મૂકયા

અહિ પ્રશ્ન થાય કે ભવેને એ પણ સાથે સાથે સ્તવાય તો વાંધો શો ?

સર્વત્ર ગુણોની પરાકાષ્ઠા જેમનામા હોય-તે મુખ્યપણે સ્તવવા યોગ્ય હોય છે, અને 'ઉત્કૃષ્ટ ગુણોની સ્તુતિ કરી.

जे एवमाइक्खति-इह खलु अणाइ जीवे, अणाइ

એટલે એ ગુણોની અન્તર્ગત સમાન અવાન્તર ગુણોની સ્તુતિ આવીજ ગઇ,' એ ન્યાય બતાવવા અલગ રીતે બીજા મહર્ષિ ન લીધા નહિ કે માત્ર એમને બાદ રાખવા માટેજ ન લીધા

અહિ ટીકાકાર અપાયાપગમ અતિશય નાગદ્વેષમોહના અત્યત ક્ષયને કહે છે, બીજે પ્રભુના વિહારથે૨ના સવાસો યોજનમા મારી, મરકી વગેરે ઉપદ્રવના રહિતપણાને અપાયા પગમ કહે છે આ ચાર અતિશય સાથે અવશ્ય રહેવાવાળા દેહની સુગન્ધિતા વગેરે બીજા પણ ઘણા અતિશય સમજી લેવા તેથી અહિ 'ચોત્રીસ અતિશય યુક્ત પરમાત્માને નમ સ્કાર હો ' એવુ કથન થયુ 'ત્રૈલોક્ય ગુરુ ' એ વિશેષણ સર્વ વિશેષણના અર્થનો ઉપસહાર કરે છે (૧) ત્રણે લોકના વાસી જીવોને (પાતાલવાસી દેવ લેવા) તત્ત્વભૂત પદાર્થો કહેનારા છે માટે, કે (૨) ત્રણ લોકના જીવો કરતાં અધિક ગુણ પ્રભાવ અને ઉપકારવાળા છે માટે, અથવા (૩) ત્રણ લોકને પૂજ્ય છે માટે ત્રણ લોકના ગુરુ તેમને નમસ્કાર હો ભગવત શબ્દમા ભગ શબ્દથી સમગ્ર ઐશ્વર્ય વગેરે ગુણ ન પત્તિ લેવી

જે પરમાત્મા એમ ભાખે છે કે (૧) લોકમા जीव अनादि कालनो छे (२) જીવનો ससार अनादि कालनो छे (३) સ સાર એ अनादि कालथी चाल्या आवता कर्म-सयोगथी બનેલો છે, માટે (૪) સસાર दु खरूप છે, (૫) परिणामे फळरूप पण दु ख आपनारो छे અને (૬) તેમ દુ ખ એક વાર નહિ, પણ दु खनी परंपराने सरजनारो छे

પણ અનાદિકાળથી કર્મ-સંયોગથી ચાલ્યો આવે છે અનાદિની વસ્તુ અનાદિના કારણે હોય, નહિતર તો જો કોઈક વખતે આત્મા કર્મ-સંયોગથી રહિત હોત, તો તે શુદ્ધ હોત, અને શુદ્ધ આત્માને મુક્તિ પામેલા જીવની જેમ કહિયે ગ સંસાર શરૂ થવાનું કાંઈજ કારણ ન હોવાથી, સંસાર થયજ શી રીતે? વર્તમાન સંસારનું, શરીર–ઇન્દ્રિય–પ્રાણ વગેરેનું કારણ પૂર્વના બાંધેલા કર્મ છે તે કર્મ, શરીર વગેરે સંસારના લીધે બંધાયેલા તે શરીરાદિ એની પૂર્વના બાંધેલા કર્મથી મળેલા તે કર્મ તેથી પૂર્વના શરીરદ્વારા, અને તે શરીર પૂર્વના કર્મદ્વારા, આ રીતે પૂર્વ પૂર્વ કાળનો વિચાર કરતા સંસાર અને કર્મ સંયોગનો પ્રવાહ અનાદિ સિદ્ધ થાય છે યુક્તિ સિદ્ધ આ અનાદિતા ન માનતા, ક્યાંક શરૂઆત તો થઈજ હોયને? આવી મનમાની કલ્પનો કરવી તે યુક્તિ રહિત છે, કેમકે એમતો તે શરૂઆતને કારણ વિનાની માનવી પડશે, અને તે ખોટુ છે જગતમા કારણ વિના કાર્ય બની શકતુ જ નથી કોઈપણ કર્મ સંયોગ કે સંસાર વ્યક્તિગત રીતે ઉત્પન્ન થવાવાળો હોઈ, જરૂર પ્રારંભવાળો છે, છતા, એની પૂર્વે એના કારણ તરીકે બીજો એવો સંસાર અને કર્મ-સંયોગ હતો જ એ અનિવાર્ય છે એમ પૂર્વે પૂર્વે વિચારતા, સંસાર એ પ્રવાહથી અનાદિનો સિદ્ધ થાય છે અર્થાત્, સંસાર થવાની ક્રિયા અનાદિથી ચાલુ છે જેમ કોઈપણ સમય, ઘડી, વર્ષ, વગેરે કાળ ઉત્પન્ન થવાવાળો છે છતા આવા કાળનો પ્રવાહ અનાદિથી ચાલુ છે તેવુ સંસાર માટે સમજવુ

આ સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે (૧) દુઃખરૂપ કહ્યુ તે સૂચવે છે કે સંસાર દુઃખવાળો

છે એમ નહિ, પરંતુ ખુદ દુઃખ છે, દુઃખસ્વરૂપ છે. એમાં દેખાતું વિષયસુખ એ સુખાભાસ છે, કેમકે, જેમ ખસ, ખાધર, ક ખરજવાના ઉપડેલી ચળના દુઃખ પર ખણવાથી તે દુઃખનો ક્ષણિક પ્રતિકાર અને ક્ષણિક સુખાભાસ થાય છે, તેમ વિષય સંગથી પૂર્વે ઉત્પન્ન થયેલા તૃષ્ણાની ચળના દુઃખનો ક્ષણિક પ્રતિકાર અને ક્ષણિક વિષયસુખ ભાસે છે; પરંતુ પછી ચળની જેમ ભયંકર નવા દુઃખને જગાવનાર બને છે. એટલે, વસ્તુ ગત્યા સંસારની કોઈ વાત એવી નથી જે દુઃખરૂપ ન હોય. અથવા જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક એજ મહાન દુઃખ છે, અને એજ સંસાર છે. (૨) વળી સંસાર દુઃખફલક એ રીતે, કે સંસાર ભવાન્તમાં બીજી ગતિમાં જન્મ, જરા મૃત્યુ, શોક વગેરે આપે છે, તેથી ફલરૂપે (પરિણામે) પણ સંસાર દુઃખ આપનારો છે. આનું કારણ એ છે કે પૂર્વ કર્મના હિસાબે અવશ્યવદ્ય એવા આ જન્મ-જીવન-જરા-મૃત્યુ વગેરે એવી રીતે વીતાવાય છે, કે એમાંથી નવો જન્માદિરૂપ સંસાર પાછો દુઃખરૂપ ખડો થાય છે. માટે સંસાર ફળમાં પણ દુઃખ આપનારો. તે સંસારનું ફળ-દુઃખ પણ એકવાર આવી પતી જાય એમેય નહિ, પણ અનેક જન્મોના દુઃખની પરંપરા સર્જનાર સર્જે છે. અર્થાત્ અનેક ભવો સુધી વેદવા પડે એવા કર્મોને વર્તમાન સંસાર પેદા કરતો હોવાથી જન્મ વગેરે દુઃખોની પરંપરાને ચલાવનારો પણ છે, એટલે સંસાર દુઃખાનુબંધી છે. આ જોતાં, અહો! આપણો જીવ ક્યારનો છે? એને ભટકવાનું કેવા અનાદિ અનંત કાળથી ચાલુ છે? અને કેવા ઘોર દુઃખો અનંત કાળથી એ વેઠી રહ્યો છે! છતાં હજી આવા કારમા સંસારથી અહો! એ થાક્યો નથી! થાક્યો હોય, કંટાળ્યો

રેલા પુત્રપત્ની જેમ ખસતો નથી અને સ માન ઉપર ઉદ્વેગ થતો નથી તેથી મોક્ષસાધક સમ્યગ્દર્શનાદિ ધર્મ પણ હૃદયના બહુમાન સાથે જો આચ શે તો મોક્ષપ્રીતિ વધશે, મોહમાયા ઘટશે, અને ક્રમે સ સાર રોગ નાબુદ થશે વાતે સાચી છે કે શેઠની નોકરી સતત સેવવા છતા નોકર બહુમાન ન ધરાવતો હોય તો તેની કિમત નથી અ કાતી, સારો લાભ નથી મળતો અથવા, પત્નીની પતિ પ્રત્યેની સતત પણ આદર વિનાની સેવા પતિને (આકર્ષી) આવર્જી શક્તી નથી તેમ, ધર્મ પણ સતત સેવવા છતા આદર વિના આવર્જી શકાતો નથી, એટલે કે તેના પ્રતિપક્ષી મિથ્યાત્વ-કષાય વગેરેનુ હૃદયમાથી સ્થાન હટીને ધર્મ સ્થાન પામી શકતો નથી (૪) વિધિ-આ ઉપરાત ધર્મ સેવનમા વિધિનુ પાલન પણ અતિ જરૂરી છે આદર પૂવક અને સતત પણ સેવા કરનાર પુત્ર જો વિધિસર સેવા ન કરે તો અવિવેકીપણાને લઈને પિતાને તેટલા પ્રમાણમા આવર્જી શકતો નથી ઔષધ પણ સતત અને બહુમાનપૂર્વક સેવાવા સાથે, તે તે સમય, તે તે અનુપાન, તે તે કુપથ્યનો ત્યાગ વગેરે વિધિપૂર્વક સેવાવુ જોઈએજ છે, નહિતર તે રોગને ન કાઢી શકે વ્યક્તની સરભરા પણ આદર ઉપરાત વિધિને જરૂર માગે છે તેવીજ રીતે શાસ્ત્રે કહેલી વિધિ મુજબ ભવરોગને મટાડનાર ધર્મ ઔષધનુ સેવન થવુ જોઈએ

અહિ, ઔચિત્યમા આજીવિકાનો યોગ્ય વ્યવસાય, ઉચિત લોકવ્યવહારનુ પાલન, ઉચિત રહેણી કરણી-ભાષા, અને ભોજન, કુટુબ, વડીલ, મિત્રમડળ, વગેરે સાથે ઉચિત વર્તાવ, આમ બધે જ ઔચિત્ય જોઈએ સાતત્યમા દર્શન-જ્ઞાન-ચારિત્રની તે તે પ્રવૃત્તિઓ જીવનમા નિત્ય-નિયમિતપણે અખ ડ ચાલવી

જોઇએ, કે જેથી એના મજાર પર સંસ્કારો આત્મામાં દઢ થતા જાય બાહ્યમાં તે ધર્મ અને ધર્મી પર રત્નના નિધાનની જેમ પ્રીતિ, તેમની વાર્તાપર રાગ, તેમની નિંદાનુ અશ્રવણ, નિંદકની દયા, સંસારની બીજી કોઇપણ વસ્તુ કરતા તે ધર્મની અધિક કદર, ધર્મ પામવાની અતિ આતુરતા, પામવા માટે વિશિષ્ટ ઉદ્યમ, પામતા સંભ્રમ અને રોમાચનો અનુભવ, તથા પામ્યાનો એટલો આનંદ કે પોતાના જીવનને એથી જ મહા ભાગ્યવંત માને, અને તેને કાઇ બાધ ન આવે તેવી તકેદારી રાખે વિધિમા શાસ્ત્રે બતાવેલ તે તે કાળ, સ્થાન, આસન, મુદ્રા, આલંબન, વગેરેનુ પાલન, તથા જ્ઞાન–દર્શન–ચારિત્રના આઠ આઠ પ્રકારના આચારોનુ તેમજ તપ અને ધર્મના આચારોનુ આસેવન, વળી આ ધર્મ વિનાના આત્માઓ ઉપર ભાવ દયા, તથા ધર્મ પામેલા પર હૃદયનો મહર્ષ પ્રેમ–ઇત્યાદિ વસ્તુઓ પણ વિધિમા ગણાવી શકાય

આ સ્થિતિ ઉભી કરવા, જીવનમા તે અંગેના અભિગ્રહો (પ્રતિજ્ઞા) લઇને એનુ પાલન ખૂબજ ઉપયોગી થાય કેમકે, અભિગ્રહથી ધર્મ સતતપણે જીવનમા ટકે છે ધર્મ પૂર્વે કહેલ સમ્યગ્દર્શનાદિરૂપ સમજવો આવા શુદ્ધ ધર્મની સમ્યક્–પ્રાપ્તિ, એટલે કે ભાવથી આત્મામા તેની સ્પર્શના થવી જોઇએ તે સ્પર્શના મિથ્યાત્વ મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અનંતાનુબંધી કષાયો વગેરે પાપકર્મના વિશિષ્ટ નાશથી થાય વિશિષ્ટ નાશ એટલે એવો નાશ કે જેની પછી ફરીથી તે પાપ ઉભુ ન થાય, બંધાય નહિ, એ રીતનુ દૂરીકરણ આવા પાપ નાશને કરવા માટે તથાભવ્યત્વ (સ્વભાવ) કાળ, નિયતિ (ભવિતવ્યતા) કર્મ–પુણ્યકર્મ તથા પુરુષાર્થ એ પાચ કારણો

तस्स पुण विवागसाहणाणि-१ चउसरणगमण,
२ दुक्कडगरिहा ३ सुकडाण सेवण।

સમવાય (અનુકૂલ સંયોગ) જોઈએ

ભવ્યત્વ, એટલે સામાન્યથી કોઈપણ ભવ્યજીવની મોક્ષ
પામવાની યોગ્યતા, અને તથાભવ્યત્વ એટલે વિશિષ્ટ ભવ્યત્વ-ત
તભ ય જીવની મોક્ષ પામવાની વૈયક્તિક યોગ્યતા ભવ્યત્વથી તથા
ભવ્યત્વને જૂદું પાડવાનું કારણ એ છે, કે સામાન્યથી સર્વ ભ યોમાં
ભવ્યત્વ સ્વભાવ સરખો હોવા છતા મુક્તિ એક સરખી રીતે
નથી થતી, કિન્તુ જૂદા જૂદા કાળે, જૂદી જૂદી સામગ્રી પામીને
ભિન્ન ભિન્ન રીતે ધર્મબીજની પ્રાપ્તિ થઈને, મોક્ષ પર્યં
બીજની ઉપર અંકુરાદિના વિકાસથી મોક્ષ થાય છે
વિવિધતા વસ્તુના સ્વભાવની (ભવ્યત્વની) વિચિત્રતા વિન
ન બની શકે જૂદી જૂદી વ્યક્તિઓનું સાં જૂદું જૂદું ભવ્ય
તેજ તે તે વ્યક્તિનું તથાભવ્યત્વ

આ તથા ભવ્યત્વ એ સાધ્ય વ્યાધિ જેવું છે રોગ અસાધ્
હોય તો નાઈલાજ પણ સાધ્ય હોય તો સાધનોથી એ રો
પાકીને, અંતે આરોગ્ય થયેથી, અંત પામે છે તેમ, તથ
ભવ્યત્વ પણ ઉપાયોથી પાકી શકે છે, અને અંતે ભાવ આરો
જે મોક્ષ તે પ્રાપ્ત થતા તથાભવ્યત્વ અંત પામે છે આ ત
ભવ્યત્વના પરિપાક માટે સાધનો બતાવે છે '**तस्स पुण**

તથાભવ્યત્વનો વિપાક (પરિપાક) કરવાના સાધનો
છે પહેલું સાધન શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને શ્રી સર્વજ્ઞભાષિ
ધર્મનું સાચું શરણ સ્વીકારવું તે જગતના બીજા શરણા
ઉપરથી શૂન્ય છે, અર્થાત્ સ્હેલાના નકામા છે, કેમકે

સ્વીકાર્યા પછી હંમેશની આપત્તિ ટળતી નથી, એટલે ફરીને ફરી તે શરણાની અપેક્ષા રહે છે વળી તેમાં વાપ આવવાનો સંભવ છે, ને પરિણામે તો અવશ્ય નિગધાન અને દુ:ખદ સ્થિતિ એ જાય છે, આ શરણા સાચા છે, સર્વ પ્રકારની આપત્તિઓથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે, અને તે પામ્યા પછી કદી ધોખાનો સંભવ નથી તેમજ પછી ભવિષ્યમાં વારે વારે શરણા લેવા પડતા નથી, કેમકે ક્રમે ક્રમીને આત્મા તેનાથી જરૂર સંસારથી મુક્ત થઈ જાય છે

તથાભવ્યત્વ પકાવવાનું બીજું સાધન દુષ્કૃતગર્હા—આ જન્મમાં અને પરભવમાં કરેલા દુષ્કૃત્યોની પશ્ચાત્તાપપૂર્વક ગુરુ-સાક્ષીએ નિંદા કરવી તે છે આમાં 'તે દુષ્કૃત્યો જરાય કર્તવ્ય નથી, અરે ! મેં એ કર્યાં તે ખોટું કર્યું છે' તેવી બુદ્ધિ સાથે, 'તે મિથ્યા થાઓ' એવી હાર્દિક ભાવના જાગ્રત રહે છે ગુરુની સાક્ષીએ આ દુષ્કૃતોનું યથાસ્થિત નિવેદન, અને "અહો ! આ મેં ખોટું કર્યું" તેવો સહૃદયે પશ્ચાત્તાપ પૂર્વક સ્વીકાર એ રૂપી ગર્હા,—આ એ પૂર્વે બંધાએલ કર્મના અનુબંધોને તોડવામાં અપ્રતિહત (સચોટ) શક્તિ ધરાવે છે કર્મના અનુબંધ એટલે કર્મમાં રહેલી જે પોતાના ઉદય વખતે નવા કર્મબંધની પરંપરા ચલાવવાની શક્તિ તે

ત્રીજું સાધન સુકૃતની આસેવના એટલે કે—અરિહંતાદિ મહાત્માઓની ઉત્તમ પ્રવૃત્તિઓ અને ઉત્તમ ગુણોની અનુમોદનાનું આસેવન અહિં સુકૃત શબ્દથી અનુમોદન એટલા માટે લીધું કે અનુમોદન એ વિવેકવાળું, એટલે કે દંભ વિનાનું અને વસ્તુની કદર (મુલ્યાંકન) વાળું હોય, સાથે નિયમિત થતું

अओ कायव्वमिण होउकामेण सया सुप्पणिहाण मुज्जो मुज्जो सकिलेसे, तिकालमसकिलेसे ।

હોય, તો આ ત્રણે અખંડ શુભ અધ્યવસાયને અવશ્ય સાધી આપે છે જ્યાં સારી પ્રવૃત્તિને જાતે કરવામાં કે બીજા પાસે કરાવવામાં નિશ્ચિતપણે તેવા ભાવની સિદ્ધિ થાય જ એવું હંમેશાં નથી બનતું અનુમોદનામાં તો મન-વચન-કાયા ત્રણેનીય તન્મયતા જોઇએ, અને તે આ ત્રણેમાં મહાન શુભ પરિણતિને જગાડ્યા વિના રહેતું નથી પુણ્ય કે પાપ ત્રણ રીતે થાય—સ્વયં કરવાથી, અન્ય પાસે કરાવવાથી, કે અનુમોદવાથી આમાં ઉત્તમ (શુભ) અનુષ્ઠાનોની અનુમોદના એ પણ એક પુણ્ય કાર્ય છે, તેથી વિશુદ્ધ ભાવો હૃદયમાં જાગે છે,

આ ત્રણે ઉપાયો ઔષધની જેમ આચરતાં, સતતપણે, સત્કાર અને વિધિથી સેવાતા, સાધ્ય રોગની જેમ તથા ભવ્યત્વનો પરિપાક કરે છે, અને તે પરિપક્વ થતા, પાપ કર્મ નાશ પામી, શુદ્ધ ધર્મની ભાવથી પ્રાપ્તિ થઇ સંસારનો ઉચ્છેદ થાય છે જે કારણ થકી આ ત્રણ સાધનોથી અવશ્ય દુઃખમય, દુઃખફલક, અને દુઃખાનુબંધ સંસારના નાશરૂપ પ્રસ્તુત તત્ત્વની સિદ્ધિ થાય છે, એ વાસ્તે માટે મોક્ષાર્થી ભવ્ય જીવે એ ઉપાયોનું સેવન હંમેશા કરવું જોઇએ તે પણ પ્રશસ્ત પ્રણિધાન (એકાગ્રતા અને કર્તવ્યના નિશ્ચય) સાથે કરવું જોઇએ અહિ કાળનો નિયમ નથી, કિંતુ જ્યારે જ્યારે એ કરાય ત્યારે ત્યારે ત્યારે સુંદર પ્રણિધાન સાથે કરાવું જોઇએ કેમકે કાર્ય-સિદ્ધિમાં પ્રણિધાન એ સાધનોનું પ્રધાન અંગ છે. કહ્યું છે કે, પ્રણિધાનથી કરેલું કર્મ ઉત્કટ વિપાકવાળું માન્યું છે કેમકે, એમાં અવશ્ય

અનુબંધ પડે છે, અને અહિ તો તેમા શુભ અંશ રહેલ છે ષોડશકમા સાધક માટે પ્રણિધાન-પ્રવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ એ ક્રમ બતાવ્યો છે, તે પ્રણિધાનની અતિ આવશ્યકતા સૂચવે છે શાલિભદ્રના જીવે પૂર્વભવમા થોડુ પણ દાન, ગુરુનો સત્કાર, અંતકાળે ગુરુનુ અને ત્યાગધર્મનું શરણ-આ બધું એવા પ્રણિધાનથી કર્યું, કે પરભવે રોજની અમૂલ્ય નવાણુ દેવતાઈ પેટી ઉપરાંત એનેય ત્યાગ અને પ્રભુનુ શરણુ મલ્યા

હવે આ ધ્યાનમા રાખવુ, કે જો તીવ્ર રાગદ્વેષનો અનુભવ (સંક્લેશ) થઈ આત્માને અતિહર્ષ-ઉદ્વેગ, રતિ-અરતિ દ્વેષાદિ થતા હોય તો આ ત્રણ ઉપાયનું સેવન વારંવાર કરવુ જોઈએ બાકી, સંક્લેશ ન હોય, અને સ્વસ્થતાએ કાળ પસાર થતો હોય, ત્યારે પણ રોજ ત્રણ સંધ્યાએ અવશ્ય આ ત્રણ સાધન સેવાવા જોઈએ

આમા પહેલો ઉપાય 'ચાર શરણા' કેવી રીતે સ્વીકારવા તે બતાવે છે અહિ એ ખાસ સમજવાનુ છે કે આ જીવે આમ તો ચાર શરણા સ્વીકારવાનો દેખાવ ઘણી વખત કર્યો હશે કેમકે, શાસ્ત્ર જ્યારે, કહે છે કે આ જીવે અનંતવાર ધાર્મિક દ્રવ્ય ક્રિયાઓ કરી, તો પછી એમા ચારિત્ર જેવી કષ્ટમય જીવનચર્યાએ પહોચેલા જીવે શુ ચાર શરણા નહિ કર્યા હોય? કર્યા હશે, છતા પાપ પ્રતિઘાત હજુ સુધી થયો નથી એવુ વર્તમાન જીવન કહે છે આપણે સામાન્યથી એમ કહીએ કે 'મારે અરિહંતનું શરણ છે, સિદ્ધનુ શરણ છે,' એટલા માત્રથી ઉપાયભૂત શરણાનો સાચો સ્વીકાર નથી થતો ત્યારે એમા શુ કરવાનુ બાકી રહે છે કે જેથી આપણે ભાવથી શરણું સ્વીકાર્યા એમ કહી શકાય? આના ઉત્તરમા સમજવાનુ છે, કે પ્રથકાર જે અરિહંત પરમાત્માદિ ચારનુ

શરણુ આપણી પાસે સ્વીકારાવવા ઇચ્છે છે, ત્યા પોતે તે અરિહંત પ્રભુ વગેરેના અમુક અમુક ચોકસ વિશેષણો કહે છે, અને આપણ તે તે વિશેષણોની શ્રદ્ધા સાથે શરણુ કરવુ જોઇએ, એ સુચિત થાય છે હવે જો શરણું સ્વીકારવાની અભિલાષાવાળો તે તે વિશેષણોની શ્રદ્ધા નહિ કરે, તો સાચુ શરણું નહિ થાય તે તે વિશેષણો એમ નામા યથાસ્થિત છે એવુ શ્રદ્ધાથી ત્યારે માન્યુ ગણાય, કે જો એમનાથી અન્યમા તે વિશેષણો ઘટે એવા નથી, બલ્કે તેથી વિપરીત સ્થિતિ છે એવુ હૃદયે સચોટ વસી જાય તાત્પર્ય એ છે કે જેમનુ શરણું સ્વીકારીએ છીએ, તેમનામા મુખ્યપણે તે ગુણો માનવા જોઇએ, અને અન્યમા તે ગુણો નથી બલ્કે વિપરીત દોષો છે, એ પણ હૃદયના ઉંડાણમા ઠસેલુ હોવુ જોઇએ આમ કરવાથી સાચી રીતિએ તે તે ગુણે નિષ્પન્ન શ્રી અરિહંત દેવ વગેરેજ સાચુ શરણ આપનારા લાગશે, અને જીવ પણ એક માત્ર તેમનુંજ શરણુ સ્વીકારશે એટલુજ નહિ, પણ આવુ શરણ પામવાથી પોતાની જાતને મહા ભાગ્યશાળી સમજશે પોતે આ શરણારૂપી રત્નનુ મહા નિધાન પામ્યો, એનુ એને ગૌરવ રહેશે એની આગળ કોઇ સાસારિક અનુકુળતા ઓછી પાછી મળી હશે તેને અહં વિસાતમા નહિ ગણે, ને તેથી એને ઓછુ નહિ લાગે' શરણું પામ્યાથી એને સઘળુ મળ્યુ એમ લાગશે, સાથે હૃદયમા ખાત્રી થતી જશે કે હવે મારે સસારમા દીર્ઘ ભ્રમણ હોયજ નહિ, પણ જલ્દીથી મુક્તિ પ્રાપ્ત થવીજ જોઇએ આ વસ્તુ હૃદયમા સ્પર્શી એટલે શુ થયુ ? કહો કે એણે ભવરૂચિ અને મિથ્યાત્વ જેવા અશુભ કર્મના અનુબંધ કરાવનારા આશ્રવોને ત્યજી દીધા આ રીતે પાપપ્રતિઘાત થયો, એટલે ગુણોના બીજનુ આધાન થતા શી વાર ?

जावज्जीव मे भगवंतो परमतिलोगनाहा अणुत्तर-पुन्नसंभारा, खीणरागदोसमोहा, अचिंतचिंतामणी, भवजलहिपोआ, एगंतसरणा, अरहंता सरणं।

- હવે અહિં અરહંત ભગવાનનું શરણ સ્વીકારવામાં આવે છે 'જાવજ્જીવ મે ' તેમાં અરહંત પ્રભુના વિશિષ્ટ વિશે-ષણો મૂકે છે તેમાં તે તે રીતે એમના પ્રત્યે અત્યંત શ્રદ્ધા અને અતિશયિત આદરવાળા બનવાનું છે, એ ભૂલવાનું નથી તોજ શરણ સ્વીકાર્યું સફળ થાય 'જીવનભર અર્હંન્ત ભગ-વંતો મારે શરણ હો' આ એક જાતની પ્રતિજ્ઞા જેવું છે જો સામાન્ય ભાવનારૂપ અભિલાષા હોત, તો તે તો ભવાતર માટે પણ કરી શકત, પરંતુ યાવજ્જીવની મર્યાદા ન બાંધત મર્યાદા બાંધી છે તે ભવાન્તરમાં અજ્ઞાનતાએ કદાચ ભંગ ન થઈ જાય એ હેતુએ અને ભંગનો ભય પ્રતિજ્ઞામાં ગણાય, પણ અભિલાષામાં નહિ એટલે, શરણ સ્વીકારનારે ધ્યાનમાં એ રાખવાનું કે આ શરણ સ્વીકાર્યા પછી આ જીવનના અંત સુધી હવે એમનું શરણ મૂકાય નહિ, અને બીજાનું શરણ સ્વીકારાય નહિ અહિં 'અરુહંત' એટલે જમનામાં કર્મનો અંકુર નથી ઉગતો તે 'અરહંત' એટલે રહ-રહસ્ય વનાના જેમને જગતની કોઈ પણ કાળની વાત ગુપ્ત નથી તે 'અરિહંત' એટલે અષ્ટ પ્રાતિહાર્યની ઋદ્ધિને જે અર્હે છે-યોગ્ય છે 'ભગવંત' એટલે ભગ-પરમ ઐશ્વર્યવાળા

એ 'परम त्रिलोकनाथ' છે દુન્યવી (લૌકિક) નાથે કદાચ આ લોકના કેટલાક ભયમાંથી બચાવે, ત્યારે, આ ત્રણ લોકના શ્રેષ્ઠ લોકોત્તર નાથ દુર્ગતિના ભયથી બચાવે છે આવિ

દીર્ઘ સંસારથી બચાવે છે, બુગબુની જન્મ જરા મૃત્યુની જટિલ જંજાળમાંથી સંરક્ષે છે આ વિશેષણની શ્રદ્ધા – મનાવે છે કે નાથ તો હું અહં તનેજ માનું જગતમાં કોઈ કરોડોની ઋદ્ધિ આપી દારિદ્રથી બચાવે, ઔષધ આપી રોગથી બચાવે, મહારો આપી નિરાધારતાથી બચાવે, સેવા કરી અગવડથી બચાવે, રક્ષણ આપી ચોર ડાકુથી બચાવે, પણ તેથી શું બહુ રીઝવાનું ? એથી કાંઈ જરા કે મરણનો ભય ટળ્યો ? ફરી નવા જન્મ મરણાદિ ટળ્યા ? દુર્ગતિને તાળાં લાગ્યા ? ભવિષ્યના દુઃખદારિદ્ર દુર્ભાગ્યાદિ દૂર થયા ? ના, એ કરવાની તાકાત તો મારા અરહંત દેવાધિદેવમાંજ છે ક્યાં સમર્થ ત્રિલોકનાથ ! અને ક્યાં આ સ્વયં અનાથ !

'અનુત્તર પુણ્ય સંભાર'—એ પ્રભુ સર્વ પુણ્યોમાં શ્રેષ્ઠ પુણ્ય જે તીર્થંકરનામ કર્મ, તે પુણ્યના પ્રાગ્ભારવાળા છે જેના યોગે એ માતાના ગર્ભમાં આવે ત્યારથી ઇંદ્રોના અચળ સિંહાસનો ધ્રુજી ઉઠે, જન્મકાળેજ દિક્કુમારીઓ અને ઇંદ્રો દેવો સાથે પ્રભુનો જન્માભિષેક ઉજવે, જન્મથીજ સુગંધી શ્વાસોશ્વાસ, રોગ પસીના વિનાની કંચન જેવી કાયા, અદૃશ્ય આહારાદિ વિધિ, ગાયના દૂધ જેવું અબિભત્સ રુધિર–આ અતિશયવાળા, કેવળ જ્ઞાન કાળે અપૂર્વ અષ્ટ પ્રાતિહાર્ય અને સમવસરણની ઋદ્ધિવાળા, તેમજ અનેક દેવેંદ્રો નરેંદ્રોથી સેવાતા તથા કુલ ચોત્રીશ અને વાણીના પાંત્રીશ અતિશયવાળા એ પ્રભુ બને છે જગતના બીજા પુણ્ય આ પુણ્ય આગળ શા વિસાતમાં ? એવા પ્રભુના શરણે જવામાં આપણે પણ પ્રભુ બની શકીએ છીએ–એ આ પુણ્યની વિશિષ્ટતા છે તો બીજા પુણ્યના સ્વાગત, સન્માન કે ગીતગાન હવે શા સારૂ મને

ખપે ? ઓહો ! કેવા ઉત્તમ પુન્યને ધરાવતા દેવાધિદેવની પ્રાપ્તિ મને થઈ !

'क्षीणरागद्वेषमोह'— વળી રાગ, દ્વેષ અને મોહ (ઇષ્ટ પ્રત્યે આસક્તિ, અનિષ્ટ પ્રત્યે અરૂચિ અને અજ્ઞાન-મિથ્યાજ્ઞાન), જેમના અત્યંત ક્ષીણ થઈ ગયા છે, એવા ને પ્રભુનું શરણ હો. મારા પ્રભુ ભક્તાપરના ખોટા રાગવાળા કે દ્વેષવાળા નહિ તેમજ એમનું કોઈ પણ કથન અજ્ઞાનતા ભર્યું નહિ એવા નાથને શરણે જવામાં સમ્યગ્જ્ઞાન, વૈરાગ્યની જરૂર પ્રાપ્તિ થાય એ માટેજ એમનું શરણ કરવાનું હોય વળી કેવા ? 'अचिंत्यचिंतामणि' સ્વરૂપ છે, અચિંત્ય, કેમ કહ્યું ? એટલા માટે કે ચિંતામણિ તો આપણે ધાર્યા મુજબનું જ ફળ આપે અને તે પણ લૌકિક ફળ, જ્યારે પરમાત્મા તો ધારણાથી પણ પર (ઉત્કૃષ્ટ) એવા અકલ્પ્ય અનંત સુખમય મોક્ષ પર્યંતના ફળોને આપનારા છે આવા અચિંત્ય ચિંતામણિ રૂપ પ્રભુને પ્રાપ્ત કર્યા પછી હવે મારે શી ન્યૂનતા છે કે હું દુન્યવી કોઈ આપત્તિના પ્રસંગમાં ઓછું માનું અને દુઃખી થાઉ ? વળી 'भवजलधिपोत'—ભગવાન સંસારથી પાર ઉતાર હોવાથી ભવસાગરમાં જહાજ સમાન છે એમના શરણે રહેલો હું જરૂર ભવસાગરને તરવા સમર્થ એવા મારા કોડ છે ભવ એટલે જેમ ચતુર્ગતિરૂપ સંસાર, તેમ વિષય અને કષાયો, અનાદિની સંજ્ઞાઓ વગેરે 'एगतसरणा' ભગવાન અરિહંત દેવોજ એકાંતે શરણ કરવા યોગ્ય છે, કેમકે ભેદભાવ વિના પોતાના અપરાધી કે નિરપરાધી સર્વે આશ્રિતોનું હિત કરનારા છે, અને આશ્રિતના સર્વ હિતના કરનારા છે એમના જેવો સર્વ કલ્યાણ કરવાનો મહાન ઉપકાર બીજો કોઈ કરી શકે એમ

नद्दा पद्दीणजरामरणा, अवेअकम्मकलंका, पणट्ठवाबाहा केवलनाणदंसणा, सिद्धिपुरनिवासी, निरुवमसुहसंगया, सव्वहा कयकिच्चा, सिद्धा सरणं।

છે? અને જો બીજો કોઈ તેવો નથી, તો એવા બીજાઓનું શરણ પણ હૃદયમાં કેમ રખાય? રાખવાની જરૂર શી? માટે 'अरहंता सरणं' અશોક વૃક્ષ, સુર પુષ્પવૃષ્ટિ વગેરે અષ્ટમહા પ્રાતિહાર્યરૂપી પૂજાને લાયક એવા અર્હંત ભગવંતો મને યાવજ્જીવ શરણ છે, આશ્રય છે, એમનોજ મારે આધાર છે જગતના કહેવાતા, કલ્પિત કે નામના શરણ પર મને શ્રદ્ધા નથી તેથી તેવા નામના શરણભૂત શેઠ, મિત્રો, કુટુંબ, ધન સત્તા વિગેરેમાંનું કોઇ અવસરે મને સહાય ન કરે તો પણ હું દુખી ન થાઉં, ચિંતા ન કરૂં, કેમકે હું જાણું છું કે એ સાચા શરણજ નથી મેં તો એક માત્ર દેવાધિદેવને સાચા અનન્ય શરણ તરીકે ધાર્યા છે, અને ત્યાં સુધી મને કોઈ ભય કે આપત્તિ નથી પૂર્વના તીવ્ર કર્મના ઉદયે કદાચ પ્રતિકૂળતા આવશે તે તો પણ નાથના શરણના પ્રતાપે તે અંત પામવા માટે, અર્થાત એમાંથી હવે નવા કર્મનો ફણગો નહિ ફુટે, કર્મની ધારા અટકી જશે—અને દુખનો સદાને માટે અભાવ થશે

હવે શ્રી અર્હંત્ પ્રભુની જેમ શ્રી સિદ્ધભગવાનનું શરણ સ્વીકારૂં છું તે સિદ્ધ ભગવાન કેવા છે? 'पद्दीणजरामरणा' જેમને જન્મ વિગેરે બીજજ નહિ હોવાથી, જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ પણ એમના અત્યંત ક્ષીણ થઈ ગયા છે, કે જેથી એ ફરી કદીએ જીવને સ્પર્શી શકે નહિ એટલે, સદાને માટે

અક્ષય સ્થિતિવાળા શ્રી સિદ્ધો બન્યા છે અહો ! આ કેવી સુંદર અવસ્થા ! આ વિચિત્ર વિશ્વની રંગભૂમિ પર વિદૂષક (ભવૈયા) ની જેમ નવનવી ગતિના વેષમા જન્મવુ, પુદ્ગલના લોચા લેવા, શરીરાદિના ઘાટ બનાવવા, પોષવાની કારમી કષ્ટમય મહેનત કરવી, પણ પાછા ઘરડા થઇ મરવુ એટલે એ બધુ ભુસ ! ત્યા પૂર્વની બધી મહેનત અને એનું ફળ-સગવડ એળે ! અને એમા બાધેલા પાપ માથે ! આ બધી વિટબણાનો કાયમી અત આવે તો પછી પીડાજ શી ? સંસારના બીજા ત્રાસ તો પછી, પણ માત્ર વાર વાર પરાધીનપણે જન્મવુ એ પણ વિવેકીને શરમાવનારૂ છે સિદ્ધ પ્રભુની અક્ષય સ્થિતિનો મીઠો ખ્યાલ જીવને પોતાના જન્મ મરણાદિ પ્રત્યે ઘૃણા ઉપજાવે છે, અને ' મને ક્યારે એવી મનોરમ અક્ષય સ્થિતિ મળે ' એવો કોડ ઉત્પન્ન કરે છે જન્મ અટ ક્વાનુ કારણ એ છે કે તે સિદ્ધ ભગવતો ' અવેઅ કમ્મ કલક ' કર્મ કલકથી રહિત થયેલા છે તેથી સ્ફટિકવત અત્યત નિર્મલ થયેલા છે શ્રદ્ધાળુને જગતની ઋદ્ધિસિદ્ધિ આપનારા કર્મ પણ આત્માના કલકરૂપ ભાસે છે કર્મ કલકને દૂર કરનારા જીવોજ ખરેખર મહાવીર્ય અને વિક્રમશાળી છે કર્મ જવાથી ' પણટ્ઠવાબાહ ' સર્વ પીડા, નડતર, વગેરે અત્યત નાશને પામી હોવાથી, શ્રી સિદ્ધો સર્વથા બાધા રહિત બનેલા છે' એ સર્વ વિષમતા, સ્વરૂપ હાનિ, વિભાવ વગેરેથી પર છે 'આવા સિદ્ધ પ્રભુને હુ શરણે જાઉં છું,' એમ સમજીને કે 'કર્મ છે ત્યા સુધીજ બાધા અને વિષમતા છે નિબાધ સ્થિતિ માટે નિષ્કર્મસ્થિતિ જોઇયે; તેથી બાધાથી આકુલ થવા કરતા કર્મથી આકુલ વ્યાકુલ થઈ કર્મના અતનો યત્ન કરૂ ' વળી

શુદ્ધ સ્વરૂપવાળા બનેલા શ્રી સિદ્ધો ન્યાય દર્શનના કે
મુજબ અજ્ઞાન નથી, પણ 'કેવલ વર નાણ દમણા' ક
કેવળ (સંપૂર્ણ) જ્ઞાન અને કેવળ દર્શનને ધરનારા, સ
અને સર્વદર્શી છે જગતના સર્વ ભાવોને તટસ્થપણે (રાગ
વિના) જોવા જાણવાની આ કેવી મઝાની રમણતા! મને
જ્યારે શુદ્ધ જ્ઞાનદશા મળે વળી 'સિદ્ધિપુર નિવાસી' મ
મતાનુસારે મુક્ત આત્મા જગદ્વ્યાપી નહિ, પણ લોકાંતે
શિલા ઉપર નિર્વૃતિ નગરીના નિવાસી છે ત્યાં 'નિરુવ
સુહસંગતા' અનુપમ સ્વાધીન સુખથી પરિવરેલા છે
વિષય, કોઈ કાળ, કોઈ સંયોગ કે કોઈ પરિસ્થિ
આ અનંત સુખને અપેક્ષા નથી એવા અસાયોગ
નિત્ય, સહજ આનંદના ભોક્તા શ્રી સિદ્ધ વિભુ છે
અમારા વિષયસાપેક્ષ, સમયસાપેક્ષ, સંયોગસાપેક્ષ અને
સ્થિતિસાપેક્ષ સુખની તુચ્છતા, ક્ષણિકતા, દુઃખપરિણામિ
ક્યાં અને ક્યાં એ નિરપેક્ષ અનંત આનન્દની વાત? એ અ
આનન્દ પામવા અમને અનંતઆનન્દમય શ્રી સિદ્ધ
શરણ હો પ્રવૃત્તિમાત્રનું પ્રયોજન ઇષ્ટની સિદ્ધિ છે,
જીવને ઇષ્ટ એકાંત સુખ છે શ્રીસિદ્ધ પરમાત્માને અનંત
સિદ્ધ થયુ હોવાથી, 'સંવહા કયકિચ્ચા' સર્વ પ્રકારે
કૃત્ય-સિદ્ધ પ્રયોજનવાળા બન્યા છે હવે એમને કોઈ પ્રયો
બાકી નથી તેથી કોઈ પ્રવૃત્તિ સાધવાની નથી એવા એ
ભગવંતો 'પ્રેષ્ઠતત્ત્વરૂપ' છે, કેમકે, (૧) જગતમાં તત્ત્વ
જડ અને જીવ જડ કરતાં જીવ ઉત્તમ છે કારણ કે કો
કદી શાશ્વત શુદ્ધ નથી બની શકતું જ્યારે, જીવ એવું શા
શુદ્ધ બની શકે છે, કે જેથી પછી કદીય અશુદ્ધ ન થાય

**नहा पसतगभीरासया, सावज्जजोगविरया, पचवि-
हायारजाणगा, परोवयारनिरया, पउमाइनिदंसणा,
झाणज्झयणसगया, विसुज्झमाणभावा, साहू सरणं।**

જીવોના સિદ્ધો શ્રેષ્ઠ છે, કેમકે તે સર્વથા કર્મફલકથી રહિત છે (૨) વળી નવ તત્વમા સાધ્ય મોક્ષ તત્વ છે, તે મોક્ષ સિદ્ધ સ્વરૂપ છે માટેય સિદ્ધો પરમ તત્વરૂપ છે એમનાથી ઉંચુ કે એમના સમાન બીજુ કોઇ તત્વ નથી એ એટ સપૂર્ણ કૃતાર્થ છે કે એમને મોક્ષમા ના પછી કાઇ મેળવવાનુ બાકી રહેતુ નથી હવે એમને ભૂખ નથી, તરસ નથી, વેદના નથી, ઇચ્છા નથી, અજ્ઞાન નથી, તેથી શુ કરવાનુ બાકી રહે? માટે, મારે એ સિદ્ધોજ શરણ છે એજ સેવ્ય છે, એ ધ્યેય છે પ્રાપ્ય છે, સ્તુત્ય છે

૩ ત્રીજા નબરમા સાધુ મહાત્માનુ મને શરણુ છે કેવળ સિદ્ધ ભગવતોજ શરણ નહિ કિંતુ સાધુમહા [illegible] મારે શરણુ છે તે સાધુ ભગવતો કેવા છે? [illegible] ગભીર આશયવાળા છે ક્ષમાને ધારણ કરનાર [illegible] ચિત્તનો પરિણામ (અવસ્થા) પ્રશાત છે, [illegible] ધમધમતો નથી મટેજ એ ક્ષમાશ્રમણ [illegible] એમની ચિત્તવૃત્તિ અગાધતાને લીધે ગભીર છે, [illegible] અને ક્ષુદ્ર નથી સાચા સુખનુ આ કેવુ [illegible] પામર પ્રાણી આવેશને વશ થઇ ક્રોધમા ધનધમે [illegible] દુખી બને છે, વળી બીજાને દુખી કરે [illegible] દુખને નોતરે છે ક્ષમાશીલ મનુષ્ય [illegible]

ચિત્તવાળો બનેલો કોઇ પણ આંતરિક ક્લેશનો ભોગ નથી પોતે બનતો અને નથી બીજાને બનાવતો એનો કર્મના વિચિત્ર નાટકને નિહાળતો આપત્તિમાં પણ સાચી પ્રસન્નતા અનુભવે છે જ્યારે, ગંભીરતાને લીધે અકાર્યોથી બચી જઇ મૃદુભાવને ટકાવી શકે છે, ત્યાં અહંભાવ અને ગર્વ ક્યાંથી ઉભા રહી શકે ? જગતની આપત્-સંપત્ની મહાન વિચિત્ર ઘટનાઓ આ સાગર-ગંભીર ચિત્તને ન ડહોળી શકે, વિસ્મય ન પમાડી શકે, કિન્તુ ઉલટ એ ઘટનાઓ એવા ગંભીર ચિત્તમાં શાંતપણે સમાઈ જઇને તાત્વિક વિચારણાને વેગ આપી આત્માને વધુ ઓજસ્વી બનાવે છે તેથી આત્મામાં કષાયની પરિણતિઓ કે વિષયની તુચ્છ વિચારણાઓ જન્મતી નથી આ સાધુ ભગવંતો વળી સાવજ્જજોગ વિરયા' સાવદ્ય યોગથી વિરામ પામેલા છે અવદ્ય એટલે પાપ પાપવાળો વ્યાપાર તે સાવદ્ય વ્યાપાર તે કરવારૂપ, કરાવવારૂપ, અને કોઇ કરે તેમાં અનુમતિરૂપ, એમ ત્રણ પ્રકારે હોય સાવદ્ય વ્યાપાર તે સાંસારિક કથલો છે, ઘર, કુટુંબ અને આરંભ-પરિગ્રહની રામાયણરૂપ છે, એનાથી સાધુ ભગવંતો સર્વથા ફારેગ થયેલા છે, એટલે ષટ્કાય જીવના સંહારમય કે મોહમૂઢતામય એ પાપ વ્યાપારો હવે નથી તો એમને સ્વયં કરવાના, કે નથી બીજા પાસે કરાવવાના, એટલું જ નહિ પણ બીજા કરે તેમાં પોતાની ખુશી, ભાગ કે સમ્મતિ સરખી પણ નહિ આમની પાસેથી આપણા સાવદ્ય કાર્યમાં સંમતિની પણ આશા ન રખાય, તો સાવદ્ય કરાવવાની વાત જ ક્યાં ? આમ મન વચન કાયાએ પાપથી સર્વથા નિવૃત્તિ ને સાધુ જીવનના એક અંગ તરીકે ધારણ કરવા સાથે શુભ પ્રવૃત્તિ રૂપ બીજા અંગને પાળનારા હોય છે, તેમાટે કહ્યું 'પંચવિહાયાર

तह सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली, रागदोसविसपरममंतो, हेऊ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स, केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं।

સાધુ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપથી માત્ર મુક્તિને સાધનારા હોવાથી સાધુ કહેવાય છે તે મારે જાવજ્જીવ શરણુ-આશ્રયભૂત હો. આવા મહાન્ આત્માઓના શરણે જનારને એટલુ તો જરૂર હૃદયનું વલણુ બને કે જીવનના આદર્શો,-જીવન જીવવાની વસ્તુઓ તથા પદ્ધતિઓ, લાભ અલાભના લેખા, ભયનિર્ભયતાની ગણત્રીઓ, વગેરે જગત કરતા વિલક્ષણ અને આ મહાત્માઓ ીી હોય છે તેવીજ જોઇએ.

હવે ચોથુ શરણુ બતાવે છે 'તથા' એટલે એકલુ સાધુનુ શરણુ સ્વીકારૂ છુ એમ નહિ, પરતુ કેવલી ભગવતે પ્રરૂપેલા શુદ્ધ ધર્મનુ પણ હુ શરણુ સ્વીકારૂ છૂ તે ધર્મ કેવો છે? સુરોથી જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોથી તથા અસુરો ભવનપતિ અને વ્યતર ગગનગામી વિદ્યાધરોથી પૂજાએલો છે આ વિશેષણ એ શ્રદ્ધા કરાવે છે કે જગતની ઋદ્ધિ, સમૃદ્ધિ વગેરેના આપનારા શેઠ, શાહુકાર, કે રાજા કરતા આ ધર્મ મારે અધિક માન્ય છે કેમકે, આ ધર્મ તો દેવોને પણ માન્ય અને પૂજ્ય છે આવા અતિ પૂજ્ય ઉચ્ચતમ ધર્મનું શરણુ પામ્યાનુ મને ગૌરવ છે મારૂ અહોભાગ્ય છે કે મને આવા શુદ્ધ ધર્મને માનવા પૂજવાનુ મળ્યુ ! વળી 'મોહતિમિર સુમાલી' આ ધર્મ મોહરૂપી અધકારને હઠાવવા માટે

ધ્યાતનુ જીવન જીવુ ! તે મુનિમહ તો સંસારની કામભોગન
ગલીચ વૃત્તિ-પ્રવૃત્તિમાત્રથી અલગબનીને ય પાછા નિષ્ક્રિ
અને બેઠી નથી, પરંતુ 'झाणज्झयण सगया' ધ્યાન અને
અધ્યયનમા લીન છે ધ્યાનસંગત એટલે દ્રવ્ય-પર્યાય પૈકી એ
વિષય ઉપર એકાગ્રચિત્તના અનિરોધ (દ્ધિ વણી, વિકાસધાર
વાળા, છે અથવા, બાર શુભ ભાવના પૈકી ગમે તે ભાવનાન
એક વિષય પર એક સરખી પ્રશસ્ત એકાગ્ર વિચાર-સરણી
કે જ્યા બીજા ત્રીજા વિચારોનો વ્યાક્ષેપ (ડહોળામણ) ન
ને ધ્યાન અને અધ્યયન એટલે સમ્યક્ શાસ્ત્રોની વાચન
પ્રચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા-એ પાચ
આત્મલક્ષી સતત અભ્યાસ જીવનમા અધ્યયન અને ધ્યા
ત્રીજી મુખ્ય પ્રવૃત્તિ મુક્તિનો આસ્વાદ અહિ કરાવે છે એ
સાધુ પુરૂષો વળી 'विसुज्झमाणभाव'- શાસ્ત્રવિહિત (શા
ફરમાવેલા) સમિતિ-ગુપ્તિ-સ્વાધ્યાય-આવશ્યક વગેરે અનુ
નોથી આત્માના ભાવને ઉત્તરોત્તર વિશુદ્ધ કરનારા હોય
અહો ! માનવભવની આ કેવી સુંદર સફળતા ! સાચે
અનંતકાળથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, હાસ
શોક, રતિ, અરતિ વગેરે મહા મલિન ભાવોથી અત્ય
ખરડાયેલા આત્માનુ શ્રી જિનાજ્ઞાકથિત પ્રશસ્ત વૃત્તિઓ અ
અને પ્રવૃત્તિઓના ત્રિકરણયોગના પાવનરૂપી જલથી વિશુ
સંશોધન અહિં નહિ કરવામા આવે, અર્થાત્ જો મલિ
ભાવોનો નાશ અને પ્રતિપક્ષી બ્રહ્મચર્ય, ક્ષમા આદિ વિશુ
ભાવોનુ આત્મસાત્ કરણ અહિ ન થયું, તો પછી બીજે ક
ભવમા કરી શકાશે ? ધન્ય છે તે નિર્ગ્રંથ ગુરૂદેવોને, જેમ
એ સંશોધનમા સારૂ જીવન અર્પ્યું છે એવા એ મુનિ

तथा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली, राग दोसविसपरममंतो, हेऊ सयलकल्लाणाण, कम्मवण विहावसू, साहगो सिद्धभावस्स, केवलिपण्णत्तो धम्मो जावज्जीव मे भगवं सरणं।

સાધુ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપથી માત્ર મુક્તિને સાધનારા હોવાથી સાધુ કહેવાય છે તે મારે જાવજ્જીવ શરણ-આશ્રયભૂત હો આવા મહાન્ આત્માઓના શરણે જનારને એટલુ તો જરૂર હૃદયનુ વલણ બને કે જીવનના આદર્શો, જીવન જીવવાની વસ્તુઓ તથા પદ્ધતિઓ, લાભ અલાભના લેખા, ભયનિર્ભયતાની ગણત્રીઓ, વગેરે જગત કરતા વિલક્ષણ અને આ મહાત્માઓની હોય છે તેવીજ જોઇએ

હવે ચોથુ શરણ બતાવે છે 'તથા' એટલે એકલુ સાધુનુ શરણ સ્વીકારૂ છુ એમ નહિ, પરતુ કેવલી ભગવતે પ્રરૂપેલા શુદ્ધ ધર્મનુ પણ હુ શરણ સ્વીકારૂ છૂ તે ધર્મ કેવો છે? સુરોથી જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોથી તથા અસુરો ભવનપતિ અને વ્યતર ગગનગામી વિદ્યાધરોથી પૂજાએલો છે આ વિશેષણ એ શ્રદ્ધા કરાવે છે કે જગતની ઋદ્ધિ, સમૃદ્ધિ વગેરેના આપનાર શેઠ, શાહુકાર, કે રાજા કરતા આ ધર્મ મારે અધિક માન્ય છે કેમકે, આ ધર્મ તો દેવોને પણ માન્ય અને પૂજ્ય છે આવા અતિ પૂજ્ય ઉચ્ચતમ ધર્મનું શરણ પામ્યાનુ મને ગૌરવ છે મારૂ અહોભાગ્ય છે કે મને આવા શુદ્ધ ધર્મને માનવા પૂજવાનુ મળ્યુ ! વળી 'મોહ તિમિર સુમાલી' આ ધર્મ મોહરૂપી અધકારને હઠાવવા માટે

સૂર્ય સમાન છે મોહ એટલે, સત્ અસત્‌ના, સાચાખોટાના, તારકમારકના, હિતઅહિતના, સ્વપરના કાર્યઅકાર્યના-ઈત્યાદિના વિવેકનો અભાવ, અને એથી આત્માની થતી મૂઢ-અવસ્થા એ मोह खरेखर। वस्तुनु साचु दर्शन, उदासीन दर्शन नथी करवा દેતુ, એટલે કે વસ્તુની રાગદ્વેષથી અકલકિત એવી સાચી પીછાનને આવરે છે માટે મોહ એ અધકાર તુલ્ય છે, શ્રુત, સમ્યક્ત્વ અને ચારિત્રરૂપ ત્રિપુટી ધર્મ આત્મામા સૂર્યવત્ પ્રકાશી એ મોહને દૂર કરે છે તેથી હવે જગતની વસ્તુએનુ સાચુ સ્વરૂપ આત્મામા ભાસે છે આ પ્રતાપ ધર્મનો છે આવા ધર્મનુ શરણું તે ઇચ્છાએ કરૂ છુ કે અશે પણ આવો ધર્મ પ્રાપ્ત થતા જરૂર અશે પણ આત્માની મૂઢ દશા નબળી પડે।

વળી આ ધર્મ 'રાગદ્દોસવિસપરમમતો' રાગ દ્વેષરૂપી વિષ (ઝેર) ને દૂર કરવા માટે શ્રેષ્ઠ મત્ર સમાન છે જેમ ઝેરથી પ્રાણિનુ મૃત્યુ થાય છે, તેમ રાગદ્વેષથી આત્માનુ ભાવ મૃત્યુ થાય છે, અર્થાત્ ભાવ પ્રાણ જે જ્ઞાનાદિ, તે બધ પડે છે સાથેજ એથી બધાયેલા તીવ્ર કર્મોને લઇને ભાવી સસારમા ભવે ભવે મૃત્યુ પામવુ પડે છે માટે રાગદ્વેષ એ વિચિત્ર ભયકર ઝેર છે ધર્મ એનો ઘાત કરે છે, માટે ધર્મ એ ઝેરની સામે મત્ર તુલ્ય છે આવા ધર્મનુ શરણું તે શ્રદ્ધા માગે છે કે જો આત્મામા ધર્મની સાચી સ્પર્શના કરવી હશે, તો રાગદ્વેષને પૂર્વની જેમ પાળી પોષી શકાશે નહિ, પણ ઓછા કરવા પડશે અહા! કેવો સુંદર આ ધર્મ! કે એ પ્રાપ્ત થતા રાગદ્વેષરૂપી ઝેર અને એથી ચડેલી મૂર્છા ઉતરી જાય

સાધે, એ પણ ખરું કે ધર્મનું સાચું સ્વરૂપ હોવાથીજ ધર્મને શરણે જનારો (૧) ધર્મ સેવતા કોઈ વિષયાશંસા કે માનાકાંક્ષા ન રાખે કેમકે એ આશંસા તો રાગદ્વેષને પોષનારા છે, (૨) વળી ધર્મપ્રવૃત્તિમાં બીજાઓમાં ધર્મવૃત્તિને બદલે રાગના તાંડવ જુએ, તેમાં એ ભળે નહિ, એમાં એનું દીલ ઠરે નહિ, તેમજ (૩) દુનિયામાં રાગદ્વેષના તોફાનમાં પોતે સપડાતો હોય ત્યાં એમ થાય કે 'અરે! આવો મહામંગળમો શુદ્ધ ધર્મ મારી પાસે છતાં હજી રાગદ્વેષના ઝેર આત્માને ચઢી રહ્યા છે, એ કેવું મારું દુર્ભાગ્ય! ક્યારે આ શરણાનો સ્વીકાર મને શુદ્ધ ધર્મની સ્પર્શના કરાવી રાગદ્વેષથી બચાવી લે'

વળી આ ધર્મ સર્વજ્ઞ ભગવાનનો કહેલો હોઈ, 'હેઉ સયલકલ્લાણણું' દેવાદિ સારી ગતિ, યશ અને શાતા વગેરે યાવત્ મોક્ષ સુધીના સકલ કલ્યાણોનું (સુખોનું) સચોટ સાધન છે આ વિશેષણ સૂચવે છે કે અધર્મ એટલે કે હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ પરિગ્રહ વિગેરે, તથા ક્રોધાદિ કષાયો, મિથ્યાત્વ, તથા કુશાસ્ત્રો ઇત્યાદિ સુખના સાધન નથી કદાચિત્ અજ્ઞાનવશ એમાના કોઈનું આલંબન લીધું હોય, તો પણ એને સુખના સાધન (કારણ) તરીકે હરગીજ ન મનાય સુખનું સાધન તો ધર્મ જ આ શ્રદ્ધાથી જ ધર્મનું શરણું સફળ થાય જેમ સાચા વૈદ્યને 'હું તમારે શરણે છું" એમ કહેનારો દરદી જરૂર માને છે કે બીજા ભોગ્ય [illegible] તથા દોષપોષક વસ્તુ આરોગ્યના સુખનું કારણ નથી, બલ્કે ઘાતક છે (અવરોધક છે) તેવી રીતે કોઈ મોટા માણસને શરણે ગયેલો દુખી દરિદ્ર સમજે છે કે આમનાથીજ મારી દરિદ્રતા ને દુખ ભાગશે વળી લુંટારાના ત્રાસથી બચાવી શકે એવા રક્ષકોના

સૂર્ય સમાન છે મોહ એટલે સત્ અસત્‌ના, સાચાખોટાના તારકમારકના, હિતઅહિતના, સ્વપરના કાર્યઅકાર્યના-ઈત્યાદિના વિવેકનો અભાવ, અને એથી આત્માની થતી મૂઢ અવસ્થા એ મોહ ખરેખર! વસ્તુનું સાચુ દર્શન, ઉદાસીન દર્શન નથી કરવા દેતુ, એટલે કે વસ્તુની રાગદ્વેષથી અકલંકિત એવી સાચી પીછાનને આવરે છે માટે મોહ એ અંધકાર તુલ્ય છે, શ્રુત, સમ્યક્ત્વ અને ચારિત્રરૂપ ત્રિપુટી ધર્મ આત્મામા સૂર્યવત્ પ્રકાશી એ મોહને દૂર કરે છે તેથી હવે જગતની વસ્તુએનુ સાચુ સ્વરૂપ આત્મામા ભાસે છે આ પ્રતાપ ધર્મનો છે આવા ધર્મનુ શરણું તે ઇચ્છાએ કરૂ છુ કે અંશે પણ આવો ધર્મ પ્રાપ્ત થતા જરૂર અંશે પણ આત્માની મૂઢ દશા નબળી પડે।

વળી આ ધર્મ 'રાગદ્દોસવિસપરમમંતો' રાગ દ્વેષરૂપી વિષ (ઝેર) ને દૂર કરવા માટે શ્રેષ્ઠ મંત્ર સમાન છે જેમ ઝેરથી પ્રાણિનુ મૃત્યુ થાય છે, તેમ રાગદ્વેષથી આત્માનુ ભાવ મૃત્યુ થાય છે, અર્થાત્ ભાવ પ્રાણ જે જ્ઞાનાદિ, તે બંધ પડે છે સાથેજ એથી બંધાયેલા તીવ્ર કર્મોને લઈને ભાવી સંસારમા ભવે ભવે મૃત્યુ પામવુ પડે છે. માટે રાગદ્વેષ એ વિચિત્ર ભયંકર ઝેર છે ધર્મ એનો ઘાત કરે છે, માટે ધર્મ એ ઝેરની સામે મંત્ર તુલ્ય છે આવા ધર્મનુ શરણું તે શ્રદ્ધા માગે છે કે જો આત્મામા ધર્મની સાચી સ્પર્શના કરવી હશે, તો રાગદ્વેષને પૂર્વની જેમ પાળી પોષી શકાશે નહિ, પણ ઓછા કરવા પડશે અહા! કેવો સુંદર આ ધર્મ! કે એ પ્રાપ્ત થતા રાગદ્વેષરૂપી ઝેર અને એથી ચડેલી મૂર્છા ઉતરી જાય

નાંખે, એ પાપ ખરૂં કે ધર્મનું આવું સ્વરૂપ હોવાથીજ ધર્મને ગરહો જનો (૧) ધર્મ સેવતા કોઈ વિષયાશ ના કે માનામક્ષા ન રાખે કેમકે એ આશંસા તો રાગવિષને પોષનારા છે (૨) વળી ધર્મપ્રવૃત્તિમા બીજાઓમા ધર્મશક્તિને બદલે રાગના તાંડવ જુએ, તેમાં એ ભળે નહિ, એમા એનુ દીલ ઠરે નહિ, તેમજ (૩) દુનિયામા રાગદ્વેષના તોફાનમા પોતે અપડાતો હોય ત્યા એમ થાય કે અરે ! આવો મહામૂલ્યસમો શુદ્ધ ધર્મ મારી પાસે છતા હજી રાગદ્વેષના ઝેર આ માને ચઢી રહ્યા છે, એ કેવુ માઠું દુર્ભાગ્ય ! ક્યારે આ શરણનો સ્વીકાર મને શુદ્ધ ધર્મની સ્પર્શના કરાવી રાગદ્વેષથી બચાવી લે'

વળી આ ધર્મ સર્વજ્ઞ ભગવાનનો કહેલો હોઇ, 'હેઉ નયનઠ વાણુાણુ' દેવાદિ સારી ગતિ, યશ અને શાતા વગેરે યાવત્ મોક્ષ સુધીના સકલ કલ્યાણોનુ (સુખોનુ) અચૂક સાધન છે આ વિશેષણ સૂચવે છે કે અધર્મ એટલે કે હિંસા, જુ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ વિગેરે, તથા ક્રોધાદિ કષાયો, મિથ્યાત્વ, તથા કુશાસ્ત્રો ઇત્યાદિ સુખના સાધન નથી કદાચિત્ અજ્ઞાનવશ એમાના કોઈનુ આલંબન લીધુ હોય, તો પણ એને સુખના સાધન (કારણ) તરીકે હરગીજ ન મનાય સુખનુ સાધન તો ધર્મ જ આ શ્રદ્ધાથી જ ધર્મનુ શરણુ સફળ થાય જેમ સાચા વૈદ્યને 'હુ તમારે શરણે છુ" એમ કહેનારો દર્દી જરૂર માને છે કે બીજા ભોગ વગેરે તથા દોષપોષક વસ્તુ આરોગ્યના સુખનુ કારણ નથી, બલ્કે ઘાતક છે (અવરોધક છે) તેવી રીતે કોઈ મોટા માણસને શરણે ગયેલો દુખી દરિદ્ર સમજે છે કે આમનાથીજ મારી દરિદ્રતા ને દુખ ટળશે વળી દુશ્મનના ત્રાસથી બચાવી શકે એવા રક્ષકોના

ગ તે જનારો આત્મા અમૂલ્ય આપે છે, એવી રીતે ત્યાં
એમ મનાય છે કે ધર્મ એ મર કલ્પતરુનું કારણ છે માટે
ધર્મને ગ દ લઈ છુ, તેને મન ધર્મના રૂપ આર્જિત
હોય એ અને ખાવુ પીવુ એ ધર્મ નથી, પણ ત્યાગ
તપ એ ધર્મ છે, તેથી ખાવા ત્યાગ તપમા છે, ખાવા પીવાના
નહિ પુણ્ય બાંધે ત્યાગ તપ જેમ થાય છે, ખાવાપીવાનુ
નહિ અનહિ થી ખાવાપીવાથી ધર્મ થાય નહી માટે છે પણ
ખાવાપીવાથી નહિ માનવ જીવનની મહત્તા ત્યાગ તપમાં છે,
ખાવાપીવાના નહિ પરલોક સુધરે ત્યાગ તપથી ભવ ઘટે, અનેક
પાપો ત્યાગતપથી અટકશે, ગદ્દિયા ક્રો ત્યાગતપથી
ખીલશે, નિર્મળતા ત્યાગતપથી આવશે ત્યાગ ત્યાગ
તપથી આવવાશે—આ અને બીજા અનેક સુખો ત્યાગ
તપરૂપ ધર્મથી જ થશે, પણ ખાવાપીવાથી નહિ ધર્મનુ
નાણુ લેતા જરૂર તેનો ખ્યાલ હૃદયમા બાંધવુ જોઈએ કે આના
સિવાય બીજી કોઈ વસ્તુથી સાચુ કોઈ કલ્યાણ નથી, ભલુ નથી

વળી ધર્મ 'કર્મવન-વિદ્રાવમૂ-' જ્ઞાનાવરણાદિ કર્મ
રૂપી વનને બાળી નાખવા માટે અગ્નિસમાન છે કર્મવનમા
દુર્ગતા અને દરિદ્રતા જેવા વૃક્ષો છે ધર્મના અનાદિ આત્મા
મા એ વન ખૂબ ફેલ્યુ છે, અને અનાદિ અનંતકાળથી જીવને
એના દુઃખરૂપી ફળો ચખાડ્યા કરે છે સર્વજ્ઞ પ્રભુનો શુદ્ધ
ધર્મ આ કર્મવનને બાળી ભસ્મીભૂત કરે છે પછી દુઃખનું નામ
પણ નથી રહેતુ પછી તો સ્ફટિકવત્ નિર્મળ આત્મામા અનંત
જ્ઞાન અને અનંત સુખની શાશ્વત જ્યોતિ ઝળહળે છે અહો!
કેવો સુંદર આ ધર્મ! હું એને આજે તો મન મર્મ ખપી જ
જાય એથી જ કર્મ ખપે

सरणमुवगओ अ एएसिं गरहामि दुक्कडं।–जं ण अरहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा उवज्झाएसु वा, साहूसु वा साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु पूअणिज्जेसु,

વળી આ ધર્મ 'સાહુગો સિદ્ધભાવસ્સ' સિદ્ધપણાનો એટલે કે મુક્તિનો સાધક છે, સાધક છે ધર્મ વિના સિદ્ધિ નથી તેમજ ધર્મ હોય તો સિદ્ધિ તરફ અવશ્ય પ્રયાણ હોય અર્થાત્ जेम जेम जीव धर्म साधे, तेम तेम ए जीव वीतराग दशा, असायाणिक आनंद (निवृत्तिनु सुख), शुद्ध ज्ञान दृष्टि वगेरेनी निकट जतो रह्यो होय આવા ધર્મનું હું યાવજ્જીવ શરણ સ્વીકારું છું

અહિં ચારે શરણાનું કાર્ય એક સરખું છે, તેથી એકને બદલે ચાર શરણા કરનામાં પરસ્પરના કાર્યોનો વિરોધ નથી આવવાનો માટે ચાર શરણમાં અન્યોન્ય વિરોધ નથી

પાપ પ્રતિઘાત માટે આ ચતુઃશરણગમન કર્યા પછી દુષ્કૃત ગર્હા કરવાની કહી છે તેથી એમ જાણવું કે હું અરિહંતાદિ ચારને શરણે ગયો ઘનો, તે અરિહંત પ્રભુ આદિ પ્રત્યે મે સેવેલા દુષ્કૃતની, હું ગર્હા-નિન્દા-દુગંછા કરૂં છું તે આ રીતે—આજ સુધીમાં શ્રી તીર્થંકર દેવો શ્રી સિદ્ધ પરમાત્માઓ, આચાર્ય ભગવન્તો, ઉપાધ્યાય સાધુ કે સાધ્વીજી મહારાજાઓ પ્રત્યે, અથવા બીજા માનનીય પૂજનીય ધર્મના સ્થાનો (સાધર્મિકાદિ) પ્રત્યે, તેમજ અનેક જન્મના માતાએ પિતાઓ, બન્ધુ[illegible]). મિત્રો ઉપકારી પ્રત્યે અથવા ગો.

नहा माईसु वा, पिईसु वा, बंधुसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु, मग्गट्ठिएसु अमग्गट्ठिएसु, मग्गसाहणेसु अमग्गसाहणेसु, जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि,

માર્ગ સમ્યગ્ દર્શનાદિને વિષે રહેલા અથવા મિથ્યાત્વાદિમાં રહેલા સામાન્યથી કોઈ પણ જીવ પ્રત્યે, અથવા મોક્ષમાર્ગ-જ્ઞાનદર્શનચારિત્રના સાધનરૂપ પુસ્તકો, મંદિરો વિગેરે પ્રત્યે કે મોક્ષસાધનામાં અનુપયોગી પ્રત્યે અથવા મોક્ષમાર્ગથી વિપરીત સાધનો પ્રત્યે જે કાંઈ ખોટું આચર્યું હોય, એટલે કે જે કાંઈ અવિધિ ઉપયોગ કર્યો હોય,-સ્વરૂપમાં જે કાંઈ ન કરવા યોગ્ય કે ન વિચારવા યોગ્ય જે કોઈ પાપ-ભવિષ્યમાં તેના વિપાકે પણ પાપ બંધાવે તેવું સુક્ષ્મ કે સ્થૂલ પાપ મન-વચન-કાયાએ જાતે (સ્વયં) કર્યું હોય અથવા બીજા પાસે કરાવ્યું હોય, કે બીજાનું ઠીક માન્યું હોય, તે પણ દુષ્કૃત નાશથી, દ્વેષથી, કે મોહથી (અજ્ઞાનથી), આ ભવમાં કે પૂર્વ ભવોને વિષે, જે કાંઈ આચર્યું હોય તે બધું મારે ગર્હિત છે, નિન્દ્ય છે, જુગુપ્સનીય (દુગંછનીય) છે, કેમકે તે સમ્યગ્ ધર્મથી બહિર્ભૂત છે માટે-જ, તે તજવા યોગ્ય છે-એવું મેં કલ્યાણમિત્ર (આત્મહિતૈષી) એવા ગુરુ ભગવંતના વચન થકી જાણ્યું અર્હંત ભગવંતના વચનની પ્રાપ્તિ થઈ હોય ત્યારે પ્રાય આ ક્રમ બને તેથી આમ કહ્યું અહિં ઉપદેશક ગુરુદેવો એકાંતે પરના હિતચિંતક છે, પરને કલ્યાણ સાધનામાં સહાયક-મિત્ર છે, એટલે એમનું વચન તત્ત્વ અને

सुहुमं वा बायरं वा, मणेण वा वायाए वा काएण वा, कयं वा काराविअं वा अणुमोइअं वा रागेण वा दोसेण वा मोहेण वा, इत्थ वा जम्मे जम्मंतरेसु वा, गरहिअमेअं दुक्कडमेअं, उज्झिअव्वमेअं, इत्थ मिच्छामि दुक्कडं मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं।

પથ્ય જ હોય માટે એમના જિનવચનાનુસારે, ખોટી આચરણા એ દુષ્કૃત છે ત્યાજ્ય છે, એ પ્રમાણે મને બરાબર મનમાં ઠસી ગયું છે સદ્ગુરુના કહેવા મુજબ જ વસ્તુ સ્થિતિ છે—એવું શ્રદ્ધાથી મને જચ્યું છે એટલે અરિહંત અને સિદ્ધ ભગવાનની સમક્ષમાં તે અયોગ્ય અધમ આચરણોને હું ગર્હું છું નિંદુ છું એના પર મને જુગુપ્સા થાય છે એ દુષ્કૃત્ય છે, ને માટે ત્યાજ્ય છે આ પ્રસંગે તે સઘળું મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ મિથ્યા થાઓ, મિથ્યા થાઓ

અહિં દુષ્કૃતો સમજવા જેવા છે શ્રી અરિહંત પરમાત્માની, કે એમની મૂર્તિની તથા મંદિરની આશાતના અવિનય, અવર્ણવાદ, કે અનાદર, એમની આજ્ઞાની અવહેલના, એમના માર્ગનો વિરોધ કે વિરાધના, અશ્રદ્ધા કે અશુદ્ધ પ્રરૂપણા, વગેરે એમના પ્રત્યેનું વિપરીત આચરણ ગણાય લક્ષમાં લાવીને એની પાછળ આડનો કોડાકોડી સાગરોપમના કાળ સંસારમાં ભટકવાનું થયું શ્રી સિદ્ધભગવાન પ્રત્યેનું વિપરીત આચરણ શું? અભવ્યના જેવી માન્યતા 'સિદ્ધ કોઈ હોઇ શકે જ નહિ' (ન હોય તો એમનામાં ચૈતન્ય શું?) અથવા અનંત સુખ વિષે કુશંકા 'ત્યાં ખાવાનું, પીવાનું નહિ, લાડી

નહિ વાડી નહિ તો સુખ શું ?' આવી આવી મિથ્યા માન્યતાઓ અને પ્રરૂપણા તથા શ્રી સિદ્ધ પરમાત્માની મૂર્તિ વગેરેની આશાતનાદિ—આ બધુ એમની પ્રત્યેનુ વિપરીત આચરણ 'મુક્તિમા સુખ શુ' એમ શકા કરનારને એ ખબર નથી કે त्या कार तृष्णा नर्था तथा खावा पीवानी पीडा नर्था माटे तो सुख छे कार कम नथी तथाज अनतु सुख छे વળી એ સુખ કાલ્પનિક નથી, વાસ્તવિક છે કાલ્પનિક તો વિષયનુ સુખ , કેમકે એનો એજ વિષય બીજા માણસને કે બીજા સમયે પોતાનેજ દુખરૂપ લાગે છે, એટલે સસારમા સાચુ સુખ ક્યા રહ્યુ ? શ્રી આચાર્ય મહારાજાદિ પ્રત્યે પણ વિપરીત આચરણમા અનાચરણીય અને અનિન્દનીય આચરણ તથાપ્રકારે સમજવુ

અહિ શ્રુતકેવલી ભગવાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમા 'મિચ્છામિ દુક્કડ' પદના અક્ષરોનો જુદો જુદો અર્થ બતાવ્યો છે તેમા 'મિ' મૃદુમાર્દવપણાના અર્થમા છે એ સૂચવે છે કે દુષ્કૃત ગર્હામા પશ્ચાતાપ રૂપે મિચ્છામિ દુક્કડ કહેતા આત્માએ પહેલા તો હૃદય એકદમ કુણુ અને મદભાવ વિનાનુ—અતિ નમ્ર બનાવવુ જોઇયે વાત સાચી છે કે જો હૃદય કઠોર છે અને અહત્વ ભુલાતુ નથી, તો પછી 'હુ અકાર્ય કરનારો છુ, અપરાધી છુ, અધમ છુ' એ ભાવ હૃદયમા નહિ જાગે જીવે એમ તો પૂર્વે અહભાવને ક્યા મુક્યો નથી ? એને કેટલો ટકાવી શક્યો છે, કે અહિ ટકશે ? આમ તો પરવશતામા કે દુન્યવી સ્વાર્થપૂર્તિની લાલસામા અનિચ્છાએ અહભાવને ઘણીયવાર જતો કર્યો છે, તો अहिं आत्मशुद्धि माटे अहभावने स्वेच्छाए का न तजवो ? જીવે એ સમજવુ

જોઇયે છે કે એવો શો પોતાનો પ્રભાવ કે ઉપકાર જગતપર અમર થઈ ગયો છે કે એ હું સાથે અહંભાવ ભોગવે છે? અને હજુ પણ જીવની અહંભાવ મુકવાની તૈયારી નથી? અનંતજ્ઞાનીના વચનથી પૂર્વ दुष्कृतोनी साची गर्हा करवा माटे હૃદયની જે મૃદુતા જરૂરી છે તે અર્થે જીવ जो अहंभाव नहि नहि मुके तो शु अंत ऊभा रही गयेला दुष्कृतना योगे कर्म अहंभाव मुकाया विना रहेशे?

મિચ્છામિ એમા 'च्छा' નો અર્થ દોષોનુ છાદન છે છે દોષો આત્મામા જે નિરંકુશરૂપે છે, તેને દબાવવા, એટલે કે દોષો ઉપર નિયંત્રણ કરી નામશેષ કરવા, જેથી એ દોષો પ્રત્યે પક્ષપાત, તથા કર્તવ્યપણાનો અને હિતકારીપણાનો ભાવ મટી ઘૃણાભાવ-દુગંછાભાવ જાગૃત રહે મિચ્છામિમા બીજા 'મિ' નો અર્થ મર્યાદામા રહેલો એવો થાય છે, તાત્પર્ય કે ધર્મક્ષેત્રની મર્યાદામા રહેલો આ વસ્તુ બરાબર છે કે ધર્મ સત્તાની સીમાઓની અંદર રહેવાની અને વિધિ તથા પૂર્વાપર સ્થિતિ કેળવવાની આ માને અપેક્ષા ન હોય, તો પણ દુષ્કૃતની સાચી શુદ્ધિ ન થાય દુક્કડ મા 'दु' નો અર્થ એ છે કે હું મારા દુષ્કૃત્યને આચરનાર મારા આત્માની દુગંછા કરૂ છુ મને મારી જાત માટે શરમ થાય છે કે મે ક્યા આવુ અકાર્ય કર્યું? અને 'क' કહેતા મારાથી કરાયેલા તે પાપને, 'ड' કહેતા ઉપશમભાવથી લંઘી જાઉ છુ અર્થાત્ દુષ્કૃત્યના સેવનમા અને તેની અનુમોદનામા ઉપયોગી થએલા જે કષાયો, તેનો ત્યાગ કરીને ઉપશાંત બનુ છુ, એટલે કે ક્ષમા, મૃદુતા નિર્લોભિતા, પાપનો તિરસ્કાર વિગેરે ભાવો ધારણ કરી તે

होउ मे एसा सम्मं गरिहा। होउ मे अकरणनिअमो। बहुमयं ममेअं ति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरूणं कल्लाणमित्ताणं ति।

દુષ્કૃત્યોના ભાર ઓછા થાય, આત્મામાંથી એના સંસ્કાર ઉખડી જાય એ માટે ખૂબ સાવધાન અને ઉપયોગવાળો બનું છું.

(૧) ધર્મમાં આપણાથી થઈ ગયેલા દુષ્કૃત્યોનો સાચો 'મિચ્છા મિ દુક્કડં' કરવો હોય અને તે કરીને દુષ્કૃત્યના સંસ્કારો અને દુષ્કૃત્યથી બંધાયેલા કર્મો આત્મા પરથી ભૂંસી નાખવા હોય તો ખાસ જરૂરી છે—૧ અશુભભાવના ત્યાગ સાથે સાચા પશ્ચાત્તાપને યોગ્ય કોમળ અને નમ્ર હૃદય, ૨ દોષો પર તિરસ્કાર ભાવ ૩ આત્માની સ્વચ્છંદ અને નિરંકુશ વૃત્તિ પર દાબ, ૪ પોતાના દોષિત આત્મા પ્રત્યે દુગંછા અને ૫ દોષ સેવનના પોષણ કષાયની શાંતિ સાથે ક્ષમાદિ ધર્મોનું આલંબન જરૂરી છે. ભગવાન અરિહંત દેવથી માંડી સર્વ જીવો અને સર્વ જડ સાધનો પ્રત્યે ગમે તે પ્રકારે જન્મ જન્માંતરમાં થયેલા દુષ્કૃત્ય બદલ જો આ પદ્ધતિએ નિંદા, ગર્હા, દુગંછા, પશ્ચાત્તાપ થાય, તો એવા દુષ્કૃત્યને સહેજે કરાવનાર, સાર અને અસાર પ્રત્યે રુચિભાવરૂપી જે પાપ, તેનો પ્રતિઘાત કેમ ન થાય?

આ પ્રકારે મારી આ નિંદારૂપ ગર્હા હો, એટલે કે શાબ્દિક નહિ પણ હાર્દિક ગર્હા હો, જેથી તે દુષ્કૃતની લેશમાત્ર પુનરાવર્તન કર્તવ્યતા હવે મને ન ભાસે. સાથે, જેમ એક વખત રાગદ્વેષની ગ્રન્થિ ભેદ્યા પછી ફરી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી નથી

होउ मे एएहिं सजोगो। होउ मे एमा सुपत्थणा।
होउ मे इत्थ बहुमाणो। होउ मे इओ मुक्खबीअंति।

તેવી રીતે ફરી તે દુષ્કૃતના બંધ હવે ન રહે એનો તેના અકરણનો નિયમ હો ટીકામાં 'ઇતિ સામર્થ્યમ્' એમ લખ્યું છે તેનો અર્થ 'એ અર્થાપત્તિથી જન્મ્ય છે' એવો થાય એટલે કે દુષ્કૃતની ગર્હાનું પ્રકરણ છે, માટે અકરણ નિયમ દુષ્કૃત સંગેનો સમજવો, એમ અર્થાપત્તિથી સમજાય છે

ઉપરના બે, એટલે કે પૂરના દુષ્કૃતની ગર્હા અને ભવિષ્યના દુષ્કૃતનો અકરણ નિયમ આ બે, અથવા ચતુ શરણગમન અને દુષ્કૃત ગર્હા —આ બે, મને બહુ જ ગમે છે એટલા માટે હું વીતરાગનાથ શ્રીઅરિહંત ભગવંતનું અને કલ્યાણમિત્ર ગુરુદેવોનું મારાપર નિયમન અને હિત શિક્ષાને ઈચ્છું છું કેમકે, એમની દોરવણી અને હિતશિક્ષા એ, ચાર શરણના સ્વીકારનો તથા દુષ્કૃતગર્હાનો ઉપર કહેલો જે વિસ્તાર, તે સાધવામાં બીજભૂત છે અહિ ગુરુ સાક્ષાત્ ઉપકારી છતા પહેલા દેવની અને પછી ગુરુની હિતશિક્ષા ઈચ્છી, એનું કારણ એ કે તત્ત્વને સ્વીકારનાર આત્માએ અધિક ગુણી તરફ ઝુકેલા પ્રવર્તવું એ ઉચિત છે વળી દુષ્કૃતગર્હા ઉપરાંત અનુશાસ્તિ ઇચ્છી તે એટલા માટે કે, तत्त्वानुसारी माणसे अधिक गुणो माटे अने अधिक गुणी तरफ नमता वलण माटे प्रयत्न करवो जोइए। તો જ તત્વ સ્વીકાર્યું એ સાચું ગણાય આ એક પ્રણિધિ (કર્તવ્ય નિશ્ચય)

બીજું પ્રણિધાન એ છે કે, એ વીતરાગનાથ શ્રીઅરિહંત દેવો અને કલ્યાણમિત્ર સદ્ગુરુઓનો મને ઉચિત(સમ્યગ્ ભક્તિ બહુમાન સહિતનો) સંપર્ક હો એટલે કે એમની સાચી નિશ્રા

વાળો સમાગમ હો ન ૨ નિરભાવને, નાભિ-દેવ ભાવનો, સ્યાદ્વાદાતા-ક યાશુબ્ધિ ભાવનો યો । હો એમના પ્રત્યે સમર્પિત ભાવનાગો સમાગમ મને પ્રાપ્ત થાઓ અહિં ધ્યાનમ નાખવાનુ એ ૦ એમની હિતશિક્ષા અને સમાગમના સા પ્રણિધાન સ્વરૂ કારી પ્રાર્થના નથી સ્વરતા, કિંતુ હુ અ મને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ થાઉં એવો હૃદયનો નિર્ણય સ્વરે ।

અરિહંતાદિનો સમાગમ પણ માત્ર સ્વબળે જ નથી મળ વાના, પણ દેવાધિદેવ અને સદ્ગુરુની કૃપાથી થવાનો છે મા એમની આગળ એની પ્રાપ્તિની દિલભરી ઉત્તમ પ્રાર્થના હો 'પ્રભુ! તમારો સયોગ મને સતત હો, એવુ પ્રાર્થના કરવાનુ મને મન થાય છે' આ પ્રાર્થના જીવનમા જીવત હો अहो! परम पुरुषने कराती आवी उत्तम वस्तुनी प्राथन पण जगतमां थेंजी अनन्य, अणमोल अने अनत उपकार वस्तु छे! એના ઉપ મને બહુ જ સદ્ભાવ અને માન હો, જેથ હૃદયના ઉ નાસ સાથે જીવનમા આ પ્રાર્થના વારવાર હુ ક આવી રીત પ્રાર્થના વાર વાર કરવાથી મને મોક્ષનુ બીજ પ્રાપ્ત થાઓ प्राथना आत्माने नम्र बनावे छे शुभ अध्यवसाय जगाडी दीर्घ काळ सुधी जीवत राखे छे, तथा जीवने सुसंस्कार समृद्ध करे छे એથી મિથ્યાત્વાદિ કર્મ નાશ પામે છે, અને મોક્ષ બીજ પ્રાપ્ત થાય છે મોક્ષબીજ સુવર્ણના કળશની જેમ અનુબ કરાવનાર શુભ કર્મ છે જેમ સોનાનો કળશ ભાગી જ જવા સોનુ કાયમ રહે છે, તેવી રીતે પ્રાર્થનાથી પ્રાપ્ત થયે શુભ કર્મ વિપાકે ભોગવાઈ જવા છતાં, એ પુણ્યાનુબ

पत्तेमु णम्मु अह सेवारिहे सिआ, आणारिहे सिआ, पडिवत्तिजुत्ते सिआ, निरइआरपारगे सिआ।

હોનાથી મોક્ષ પથ ત ઉપયોગી થાય એવી શુભ સંસ્કાર અને શુભ કર્મની પરંપરા અખંડિત રાખે છે પ્રાર્થનાથી આવી પરંપરાને આપનારૂં શુભ કર્મ મને પ્રાપ્ત થાઓ

આ અરિહંતાદિનો સંયોગ સેવાથી સફલ છે એમની સેવા સતત કરવી એ માનવ જીવનની પ્રાણ છે બીજાની સેવાથી જીવે સુખને બદલે દુઃખ પીડા છે આમની સેવાથી શાશ્વત સુખ લાધે છે તેથીજ હું ઇચ્છુ છુ કે તારક દેવાધિદેવ અને સદ્ગુરુઓ મને પ્રાપ્ત થયેલી હું એમની સેવા-ઉપાસના કરવાને યોગ્ય બનું-લાયક થાઉં ઉત્તમ પુરુષોની સેવા સારી રીતિએ યોગ્ય આત્માઓજ કરી શકે વળી, યોગ્યતા સાથેની સેવા સેવ્યની આજ્ઞાના પાત્ર બનાવે છે માટે એમની કલ્યાણકારી આજ્ઞા ઝીલવાને હું પાત્ર બનું जिनणो आणा ता गिर सुदरीने मस्तत ત એની પ્રતિપત્તિવાળો થાઉં—સ્વીકાર-ભક્તિ, બહુમાન અને સમર્પિતતાવાળો થાઉં, જેથી એમની આજ્ઞાને અતિચાર રહિતપણે સંપૂર્ણ પાળી આજ્ઞાને પાર પામનારો થાઉં, અર્થાત્ નિરતિચાર આજ્ઞાપાલનની પરાકાષ્ઠાએ હું પહોંચું એ માટે આ સારી બહુમાનવાળી પ્રાર્થના છે સેવા-ભક્તિ વિના આજ્ઞાની લાયકાત ન મળે, અને આજ્ઞા ઝીલવાની સમ્યગ્ દશા વિના સાચો સ્વીકાર અને સમર્પિતપણું અશક્ય છે, અને અર્પિતપણા વિના સંપૂર્ણ આજ્ઞાને પાળી લેશપણ સ્ખલના કે દોષ લગાડી પાર ઉતરવાનુ અશક્ય છે,

એ ક્રમ

संविग्गो जहासत्तीए सेवेमि सुकडं। अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं। सव्वेसिं सिद्धाणं सिद्धभावं।

આમ ત્રિક વસ્તુ સાથે દુષ્કૃતગર્હાને વર્ણવી હવે પાપ-પ્રતિઘાત અને ગુણબીજાધાનનો ત્રીજો ઉપાય સુકૃત-આસેવન વર્ણવે છે. સંવિગ્ન બનેલો હું યથાશક્તિ સુકૃતને સેવું છું. સંવિગ્ન એટલે સંવેગવાળો, એટલે કે મોક્ષ અને મોક્ષમાર્ગનો અર્થી. સેવું છું એટલે અનુમોદું છું. શું? સર્વે અરિહંત પરમાત્માના ધર્મદેશના વગેરે ઉત્તમ અનુષ્ઠાનો. આગમ, કરણ-કરાવણ અને અનુમોદનને સમાન ફળ આપનારા કહેવાના છે તો અહિં સૂત્રકારે કેવો મહાન લાભ બતાવ્યો! ત્રિકાળના અનંત જીનેશ્વરદેવોના અનંત દુષ્કર અનુષ્ઠાનોની અનુમોદના દ્વારા એ અનુષ્ઠાનોને કરવા જેટલો લાભ! એ અનુષ્ઠાનો કયા? શ્રેષ્ઠ અપ્રમત્ત સંયમ, ઉગ્રવિહાર, ઘોર તપ, પ્રચંડ પરિસહજય, ભયંકર ઉપસર્ગોમાં લોકોત્તર સહિષ્ણુતાથી દૃઢ હૃદયે એ ભયંકર ઉપસર્ગોનું સહન, ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન, ક્રૂર કર્મોથી નિર્દયપણે પીડાતા જગતને તારક ધર્મનો અનુપમ ઉપદેશ, ભવ્ય જીવોને ચિંતામણિથીય અધિક શ્રુત, સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિનું દાન, સંયમપ્રેરણા વગેરે આવા એક એક અરિહંત પ્રભુના કેટલાએ સરસ સુંદર અનુષ્ઠાનો (ક્રિયાઓ)! એવા અનંત જીનેશ્વર દેવોના અનંત અનુષ્ઠાનોની હું પુલકિત હૃદયે અનુમોદના કરું છું. અહો! કેવી એમની લોકોત્તર કાર્યવાહી! અહો કેવા મારા જેવા દીનદુઃખી જગતના ભવ્ય જીવોને અતિ ઉપકારક એવા એ અનંત અરિહંત પ્રભુના

सव्वेमि आयरियाण आयार। सव्वेमि उवज्झायाण सुत्तप्पयाण। सव्वेसि माहूण साहुकिरिअ।

ઉત્તમોત્તમ અનુષ્ઠાનો ! એમાનાં એકે પણ અનુષ્ઠાનને આચરવા હું સમર્થ નથી, છતા અહોભાગ્ય માનું કે મને એની પ્રમોદ ભાવના મળી !

અહિ સમજવાનું છે કે 'કરણ, કરાવણ અને અનુમોદન, સરિખા ફળ નિપજાયો ' એ કથનના અનુસારે આ ત્રીજા ઉપાયમા બતાવેલ અનુમોદનાને (૧) ભાવપૂર્ણ હૃદયે (૨) ગા માને ગગગળો કરીને, (૩) સ ભ્રમ (નના) અને બહુમાન સહિત, અને (૪) તે અનુષ્ઠાનો જીવનમા ઉતારવાના મનોરથ સાથે જો થાય તો તે અનુષ્ઠાન આચર્યા સરખો લાભ કેમ ન થાય? अनुमोदन एटले अनुसरनार मादन (आनंद) અનુષ્ઠાનને અનુસરનારા એટલે અનુષ્ઠાનના પ્રતિપક્ષી (વિરુદ્ધ) તત્ત્વા ઉપરથી ખસીને તે અનુષ્ઠાન ઉપર અભિલાષપણે મુ કથનાર હૃદયનો નિર્મળ અને પ્રેરક આનંદ

હવે બીજા નબરમા સર્વ સિદ્ધ ભગવાનનુ સિદ્ધપણુ, એટલે કે અવ્યાબાધ (અક્ષય નિરૂપદ્રવ) સ્થિતિ, અનત શાશ્વત સુખ, અરૂપિપણુ, સ્ફટિકવત્ નિષ્કલ ક શુદ્ધ સ્વરૂપ, અનત જ્ઞાન-દર્શન વગેરેને અનુમોદુ છુ અહો ક્યા આત્માની આવી ઉત્તમ અદ્ભુત અનમ મ્સ્થા ! અને ક્યા મમારી મથન એવી વા વાર જન્મવા મરવાની, રોગ શોકની, મ હા અજ્ઞાન અને મહા મોહની ઉપદ્રવમય ગલીચ અવસ્થા !

વળી ત્રિકાળના સર્વે આચાર્ય ભ ગવતોનુ જ્ઞાનાચા , દર્શ નાચાર, ચારિત્રાચા , તપાચાર, વીર્યાચાર-એ આચારોનુ પાલન,

ભય જીવોને એનુ દાન, અને એમા પ્રવર્તન, તથા શાસન-
પ્રભાવનાદિ--એ સૌની હુ ભક્તિ ભરિ અનુમોદના કરુ છુ
જગતના પ્રાણીઓના હિતક અને મોક્ષભર્યા, વિવેક શુન્ય
ને સ્ત્રીઓ, સ્પષ્ટતાથી અને અઘ પાતકારી આચાર્યો કયા? અને કયા
વિવેકી અને ભાવદયાભર્યા, ઉન્નતિમાર્ગી, કચનસમા આ નાનાવા
આદિ ઉત્તમ મચાયો!

એવી રીતે ન ઉપાધ્યાયજી મહારાજ જે ભાવિ
મુમુક્ષુ શિષ્ય વર્ગને યોગ્યતા અનુસારે પ્રભુ આગમન
મન ગખા મગગમય સત્રોનુ સમ્યગ વિધિએ દાન કર છે
તે અનુમોદુ છુ કેવી એ મહાપુરૂષોની શુદ્ધ ભાવાનુકંપા
જના યોગે અનતકાળના એ શિષ્યવર્ગને કોઇથી ઉપકાર ન
થયો હોત તેવો અતિ મહાન ઉપકા થયો, તેમજ સૂત્રની
આ રીતે ભવિ યની પ્રાણ પરંપરા અખડ રહી

તેવી રીતે સર્વ સાધુમહાત્માઓના સમ્યક્ સ્વાધ્યાય
મહિમા, સયમ અને તપ, વિનય, ભક્તિ અને વૈયાવચ્ચ
ઉપશમ શુભ યતન, અને મત્રી આદિની તથા મહાવ્રતોની શુદ્ધ
ભાવના, પરિગ્રહ અને ઉપસર્ગોમા અડગ ધીરતા સાથે અન્ય
જીવોને રત્નત્રયીની સાધનામા સહાય-ઇત્યાદિ સાધુ ભગવતોના
ઉત્તમ અનુષ્ઠાનોની ભારે અનુમોદના કરુ છુ કેવી અલૌકિક
જીવનચર્યા! કેવો નિર્દોષ, સ્વપર હિતકારી, કલ્યાણાનુબંધી
નિશ્ચયવત્સલ વ્યવહાર! કેવી આત્માની પવિત્ર પ્રવૃત્તિ! કેવો
પ્રગત પુરુષાર્થ અહો! જે ભાગ્યવાન આત્માઓને આવુ શુદ્ધ
જીવન પ્રાપ્ત થાય છે, તેમના પુન્યની અને તેમના આત્માની
બલિહારી છે! તેમને કરોડો ધન્ય છે! ભવસાગરને તે લગભ

सव्वेसिं सावगाणं मुक्खसाहणजोगे। सव्वेसिं देवाणं, सव्वेसिं जीवाणं, होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे।

તની જવા આવ્યા છે।

વળી સર્વ શ્રાવકોના દેવગુરુનું સ્થાન ક, તત્વશ્રવણ, સર્વેગ પ્રભુભક્તિ, દાન, વ્રત નિયમો, તપસ્યા, સામાયિકાદિ ના સાથ વગેરે સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષના સાધનભૂત એવા જ્ઞાન દર્શન ચારિત્રના વ્યાપારોને હું અનુમોદું છું. મોહનો અધિકાર આત્મા પરથી ઉઠી ગયા પછી બાધા અધ્યાત્મ યોગના અનુષ્ઠાન જીવન પ્રાપ્ત થાય છે એ આ સાના અદ્ભુત વિકસિત ગુણોની અવસ્થા સૂચવે છે. આ અવસ્થા દોષ ભરેલા આ વિરાગ જગતમાં અતિ દુર્લભ અને મહા પવિત્ર હોઇ, જ્યાં ક્વચિત્ દેખાતી હોય ત્યાં અવશ્ય અનુમોદનીય છે. આટલું જ નહિ પણ સર્વ દેવો, સર્વ જીવો જે મુક્તિની નિકટ છે એટલે કે ચરમ પુદ્ગલ પરાવર્તમાં આવેલા અને વિશુદ્ધ આશય(અભિપ્રાય)વાળા છે, એમના માર્ગ સાધન યોગોને હું અનુમોદું છું. માર્ગસાધન એટલે મોક્ષના માર્ગભૂત જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, તેના સાધનભૂત યોગો, અર્થાત્ માર્ગાનુસારીની, આદિધાર્મિકની, અપુનર્બંધક જીવની, યોગની ચાર દૃષ્ટિમાં રહેલા જીવોની મધ્યસ્થભાવે દુરાગ્રહ વિના સાચવતી કુશળ પ્રવૃત્તિઓ, દેવદર્શન-વ્રતસેવન આદિ યોગની પૂર્વસેવા તથા ન્યાયસંપન્નતાદિ માર્ગાનુસારી ગુણો કે જે સમ્યગ્દર્શનાદિ માર્ગને સાધી આપવામાં અનુકૂળ બને છે તે મિથ્યાદૃષ્ટિને પણ આ ...ની ...

होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विआ, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूवा, सम्मं निरइआरा, परमगुणजुत्तअरहंताइसामत्थाओ ।

માર્ગાનુસારિક પહેલું ગુણસ્થાનક કહ્યું છે, અને તે સાન્વર્થ છે, અર્થયુક્ત છે તેથી પરંપરાએ પણ મોક્ષસાધક આ ગુણો (કુશળ વ્યાપારો-શુભ પ્રવૃત્તિઓ) અનુમોદનીય છે અહિં એમ જણાવવાનું છે કે मोक्षमार्गोपयोगिता अने जिनवचनाविरोधनी दृष्टिए मात्र आ गुणो अनुमोदनीय छे, पण तथी मिथ्यादृष्टिनी अनुमोदना-प्रशंसा नथी करवानी

હવે અભિનિવેશ રહિત થઈને, એટલે કે મનમાની કે દુરાગ્રહભરી અતાત્વિક કલ્પનાઓને તજીને હું પ્રણિધાનની શુદ્ધિ કરું છું પ્રણિધાન એટલે કર્તવ્યનો નિર્ણય અને અભિલાષ, તથા મનની એકાગ્રતા તેની શુદ્ધિ આ રીતે —શ્રેષ્ઠ લોકોત્તર ગુણોથી યુક્ત શ્રીઅરિહંત, સિદ્ધભગવાન આદિના સામર્થ્યથી, શક્તિપ્રભાવથી ઉપર કહેલી મારી અનુમોદના આગમને અનુસારે [1]સમ્યક્ વિધિવાળી હો એવું હું ઇચ્છું છું વળી તે અનુમોદના તીવ્ર મિથ્યાત્વ કર્મના વિનાશથી સમ્યક્ એટલે [2]શુદ્ધ આશયવાળી હો, અર્થાત્ પૌદ્ગલિક આશંસા રહિત અને દંભ વિનાની તથા વિશુદ્ધ ભાવનાવાળી હો વળી તે [3]સમ્યક્ સ્વીકાર વાળી હો, એટલે તે ક્રિયામાં ઉતરો તે પણ સારી રીતે પાળવાથી [4]અતિચાર (સ્ખલના) વિનાની હો અનુમોદનાને પાપપ્રતિઘાત અને ગુણબીજાધાનની સાધક બનાવવા માટે અનુમોદનાનો આ સુંદર અને ચોક્કસ પ્રતિક્રમ બતાવ્યો (૧) વિધિનું પાલન (શાસ્ત્ર-સાપેક્ષતા) (૨

વિશુદ્ધ અધ્યવસાય, (૩) યથાશક્તિ સમ્યક્ ક્રિયા, અને (૪) નના અખંડ નિર્દોષ (નિરતિચાર) નિર્વાહ-આ સાચી અનુમો દનના પ્રવૃત્તિ અંગો છે અહિ ખાસ ધ્યાન રાખવાનું છે કે આ નાર્થના નવિષયા છે, અથવા સદ્‌વિષયા છે અર્થાત્ પ્રાર્થના કોઇ ાલ્પનિક કે અકિંચિત્કર વ્યક્તિ આગળ નથી કરવામાં આવતી, કિંતુ વાસ્તવિક અને સમર્થ પ્રભાવશાળી વિશિષ્ટ કાર્યકર વ્યક્તિ આગળ કરવામાં આવે છે, તેથી પ્રાર્થના નિષ્ફળ જવાનો સંભવ નથી પ્રાર્થ્ય પુરુષની લોકોત્તર ઉત્તમતા એ એમની આગળ પ્રાર્થના કરનારના હૃદયને ભીનું, કૂણું નમ્ર અને ઉ ા બનાવી દે છે તેથી એ હૃદયમાં અનેક ગુણોના આવર્જન (આકર્ષણ) થાય છે પ્રાર્થ્ય પુરુષના પ્રભાવે મા બને છે એમની આગળ શુદ્ધ ભાવે કરાતી પ્રાર્થનાના મુખ્ય એ ા નથી પ્રાર્થના તો પારસ છે, જીવને ગુણ સુવર્ણના ઝળહળ તેજ અપે છે અનુમોદના માટેની પ્રાર્થના પણ એવી અનુમોદનાની બક્ષીસ કરે છે કે જેના યોગે ક્રમશ નિરતિચાર વિશુદ્ધ ચારિત્ર સુધી પહોંચી, જીવ અજર અમર થાય છે વાહ ! અહિ માનવ ભવમાં કેવી મહામૂલી પ્રાર્થનાની સુલભતા !

સુકૃતની સાચી અનુમોદના પણ મિથ્યાત્વની મંદતા વિના ન થઈ શકે મિથ્યાત્વ મંદ કરવા માટે આત્મામાં શુભ અધ્ય વસાય અવશ્ય જાગવા જોઇયે અરિહંત દેવાદિ ઉપર વિશિષ્ટ સદ્‌ભાવ જાગે, તો શુભ અધ્યવસાય પ્રગટ થાય આમ અરિહંત સિદ્ધ વિગેરે તત્વ એવા પ્રભાવશાળી છે કે એમના પ્રત્યે હૃદયમાં ધારેલો સદ્‌ભાવ શુભ અધ્યવસાય જગાડી મિથ્યાત્વને મંદ બનાવી દે છે, અને સુકૃતની સાચી અનુમોદના હૃદયના ઉલ્લસિત કરાવે છે આ તે ભગવંતોના પ્રભાવથી બન્યું,

अचिन्तसत्तिजुत्ता हि ते भगवन्तो वीअरागा सव्वण्णू परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं ।

એટલે એમની કૃપાથી બન્યું, એમ કહી શકાય.

ખરેખર તે અરિહંતાદિ ભગવંતો અચિંત્ય શક્તિવાળા છે, વીતરાગ છે, સર્વજ્ઞ છે. અચિંત્ય એટલે અગમ, અમેય અને અનુપમ. એ શક્તિ ન બરાબર ઓળખી (સમજી) શકાય, ન માપી શકાય, કે ન કોઈ સાથે સરખાવી શકાય. તેમજ એ પ્રભુ પરમ કલ્યાણ સ્વરૂપ છે. એમનું દર્શન કર્યું એટલે જાણે પરમ સુખનું દર્શન કર્યું. કેમકે પ્રગટ પરમજ્ઞાન અને પરમસુખમય એમના આત્માનું સ્વરૂપ એ આત્માથી અભિન્ન છે. એટલે જે પરમાત્મા પોતે જ અનંત આનંદ સ્વરૂપ છે, એ પરમાત્માના સાચા દર્શનમાં પરમ આનંદનું દર્શન કર્યું જ ને? આત્મા જાણે સંસારના ત્રિવિધ તાપથી મુકાયે, અને અનંત આનંદના આંગણે પહોંચ્યો. આચાર્યાદિ પરમેષ્ઠિ પુરુષો પણ જેમને કેવળજ્ઞાન હોય તે મુખ્યપણે વીતરાગ સર્વજ્ઞ હોય છે. બીજા મહાવિરાગી અને બહુશ્રુત આચાર્યાદિ મહાપુરુષો બાળજીવો માટે વીતરાગ સર્વજ્ઞ જેવા છે, તથા પરમ કલ્યાણ સ્વરૂપ છે. વળી જીવોને તે તે ઉપાયોથી પરમ કલ્યાણ અપાવવામાં એ કારણભૂત છે. એ પંચ પરમેષ્ઠિની સાધના અને ઉપાસના કયું કલ્યાણ નથી અપાવતું? એમનો ઉપદેશ કલ્યાણના અનેક માર્ગો પ્રકાશિત કરે છે. એમનાં દર્શન કલ્યાણના ઉપાયોને જાગ્રત કરે છે. એમનું જ સ્મરણ, એમનું જ વંદન, એમની ભક્તિ, એમના જ ગુણોનું ઉત્કીર્તન, એમનું આલંબન, એમનું શરણ ઇત્યાદિ એ જીવોને માટે મહા કલ્યાણના સચોટ સાધનો છે.

मइं अरिहं पावे, अणाइमोहवासिए, अणभिन्न भावओ, हिआहिआण अभिन्न सिआ, अहिअनिवित्ति सिआ, हिअपवित्ति सिआ, आराहगे सिआ, उचिअपडिवत्तीए

આવા વિશિષ્ટ ગુણો મન વિશિષ્ટ ઉપમાવાળા એ અરિહંતાદિ ભગવંતોને એ રૂપે હું યથા ન્વીકારવાના છું મઢ છું, કેમકે હું પાપી જીવ છું. અજ્ઞાન અને મોહના અનેક પ્રકારના પાપોએ મને ઘેરી લીધા છે. મારો આત્મા અનાદિ હોવાથી, અનાદિ કાળથી અનન્ત (બહુ સેવેના) એવા મોહને લીધે મારા આત્માના પ્રદેશે પ્રદેશ જેમ લસણની ગંધથી વસ્ત્રના તંતુએ તંતુ વાસિત થાય તેમ, રાગ દ્વેષ અને મૂઢતાથી વાસિત છે. તેના નશાથી ઉન્મત્ત બનેલો છું, હે પ્રભો! અનભિજ્ઞ (અજાણ) છું માત્ર જ વાસ્તવિક હિત અને અહિતના ભાન વિનાનો છું. એવું મારું શું ગજું કે સુકૃતની અનુમોદના કરી શકું ? પરંતુ અભિલષું છું કે અરિહંત દેવાદિના પ્રભાવે હું હિતાહિતનો જાણનાર બનું અહિતકારી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અશુભ યોગોની પ્રવૃત્તિથી પાછો હઠું, તથા હિતકારી સમ્યગ્ દર્શનચારિત્ર માર્ગે પ્રવર્તમાન થાઉં, તથા સર્વ જીવ પ્રત્યે મારી ઔચિત્યભરી પ્રવૃત્તિથી હું મોક્ષ માર્ગનો, મોક્ષ માર્ગના દાતાનો, સદ્ગુરુઓનો, જિનાજ્ઞાનો, સુકૃતનો ઇત્યાદિનો આરાધક થાઉં છું. આ રીતે સુકૃતને ઈચ્છું છું, સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું ત્રણ વારનું કથન (૧) મન વચન કાયના ત્રિકરણ યોગે સુકૃતની ઇચ્છા સૂચવે છે. અથવા (૨) ભૂત, વર્તમાન અને ભવિષ્ય-એ ત્રણ કાળના સુકૃતની ઈચ્છાને સૂચવે છે. અથવા, (૩) સુકૃતને ઇચ્છું છું એટલે કે અનુમોદનાને પણ કરવા

स=वसत्ताण मज्झिअनि। इच्छामि सुकडं, इच्छामि सुकडं, इच्छामि सुकडं। ॥॥एयमेअ मम्म

-ડના અને અનુમોદના-એ ત્રણરૂપે ૬ છુ છુ, એ સૂચન કે

આ સુકૃતનુ આસેવન ઉત્તમ ક્રિયા છે બીજા જીવોના સુકૃતની અનુમોદના પણ કેવી મહાફળદાયી છે, તે વિશેષે જી વનઠેક ગૃહસ્થ, સાધુ બલદેવમુનિ અને તિર્યંચ મૃગના કથા માથી વિચારવા યોગ્ય છે વનછેદક એ નયમીની ભક્તિ કનાર છે મુનિ એ સયમ પાળનાર સાધુ છે, અને હરણીઓ સુકૃતની માત્ર અનુમોદના કરે છે એમા હરણીઓ મુનિના સયમસુકૃતની અને વનછેદના દાનસુકૃતની એવી અદ્ભુત અનુમોદના કરે છે કે ત્યાથી પાચમા બ્રહ્મ દેવલોકમા ઉત્પન્ન થાય છે અહિં मृगनी सुकृतानुमोदना केवी उत्तम ? के ए सयमना अने दानना फल जेवु फळ अपाव्यु

આ સૂત્રને સમ્યગ્ રીતિએ ભણે તો કેવુ અપૂર્વ ફળ સમ્યક્ રીતિએ એટલે કે હૃદયમા સવેગનો પ્રકાશ પાથરીને સવેગ એટલે પૂર્વે કહેલા (૧) ચાર શરણમા શ્રીઅરિહતદેવાદિના તે તે વિશેષણોની તેવી તેવી હૃદયસ્પર્શી શ્રદ્ધા અને આ ર, (૨) દુષ્કૃત ગર્હામા હૃદયમાથી દુષ્કૃતના શલ્ય કાઢી, પોતાના દુષ્કૃત કરી આત્માની પ્રત્યે સાચો દુગ છાબા 'કે અહો! હુ આવો અધમઅરી ? કેવુ ખોટુ મે કર્યું !' તેમજ (૩) સુકૃત-આસેવનમા ક્રિયા પર્યંત આત્મા લઇ જાય તેવી ગુણપ્રમોદવાની પ્રાર્થના, (૪) સાથે, તે પાવામા દેવાધિદેવ અને સદ્ગુરુના પરમ સામર્થ્યના પ્રભાવની અટલ શ્રદ્ધા, વળી (૫) શરણ વગેરે ત્રણ ઉપાયો અનતકા

पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिली-
भवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा।

આ ભવમા પ્રાપ્ત કરના અદલ પોતાની જાતને મહાધન્ય માન વાનો ભાવ, ઈત્યાદિ ઉત્યાદિ ન વે ભાવને મુખ્ય કરીને આ સૂત્ર સ્વય ભણુનારને તથા બીજા પાસેથી નાભળનારને, તેમજ સૂત્રના અર્થનુ પાઠળથી પણ સ્મરણ દ્વારા ચિ તવન (અનુપ્રેક્ષા) કર નારને અશુભ કર્મોના બ ધાયેલા રસો અથવા અનુબ ધ મ દ પડે છે, તે કર્મોની સ્થિતિ અને દ ીાએ ઓછા થય છે, તથા વિશિષ્ટ કોટિના અ ધ્યવસાયના સુદર અભ્યાસ દ્વારા તે અશુભ કર્મોના અનુબ ધ નિર્મૂળ પણ નાશ પામી જાય છે અશુભ કમના અનુબધ એટલે આત્મામા રહેલા પ્રગટ કે છૂપા તીવ્ર ભાવો (મ ક્લેશો), અથવા તે ન ક્લેશો જગાડનાર ખાસ ચીકણા કર્મો આનથી ન નાન સવિન્ટન વધ્યો આવે છે પણ મહામ ત્ર, મહાઔષધિ, શ્રેષ્ઠ ાયન, પરમ અમૃત સ્વરૂપ પૂર્વોક્ત સૂત્રનુ પઠન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન (એકાગ્રધ્યાન) આત્મામા ઉતાર્યાથી જે શુભ ભાર જાગે છે, તેથી એ અશુભ અનુબ ધોના ભુક્કા ઉડી જાય છે પછી આત્માપરના સ સારપ્રવાહને સુકાઈ ગયે જ ટ્ટકો ને?

આ રીતે આ પ ચસૂત્ર દ્વારા હૃદયમા ઉલ્લસિત થયેલા શુભ અધ્યવસાયોથી અનુબ ધરૂપી ઝેર દૂર થાય છે, તેથી અશુભ કર્મનુ હવે વિપાકની પર પરા ચલાવવાનુ સામર્થ્ય નાશ પામી જાય છે જેમ મ ત્રના સામર્થ્યથી કટકબદ્ધ (ક ઋની નજીક સ્થાનમા દોરી વગેરેથી બ ધાયેલ) વિષ બહુ થોડા ફળવાળુ થાય, તેમ શુભ ભાવથી અહિ બાકીનુ અશુભ કર્મ પણ,

निरणुबंधे चासुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं, कडगबद्धे विअ विसे, अप्पफले सिआ, सुहावणिज्जे सिआ, अपुणभावे सिआ।
तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा। साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जिअं नियमफलयं सुपउत्ते विअ महागए सुहफले सिआ, सुहपवत्तगे सिआ, परमसुहसाहगे सिआ।

વિપાકવાળું બને છે તેથી સહેલાઈથી અને સંપૂર્ણપણે દૂર કરી શકાય એવું તેમ જ તેવું બીજું પણ તેવી ઉત્કૃષ્ટ સ્થિતિવાળું, ફરી ન જન્મે તેવું થઈ જાય છે અને એમ થવાથી પૂર્વકાળની જેમ હવે ભવિષ્ય કાળમાં અશુભ કર્મના મહાકટુ વિપાક ભોગવવાના રહેતા નથી

અહિં એ પ્રમાણે નુકસાનોનું નિવારણ એ ફળ તરીકે કહ્યું, હવે સમ્યક્ ઉપાયોની સિદ્ધિસ્વરૂપ ફળને કહે છે

આ સૂત્ર અને એના અર્થના પઠન વિગેરેથી શુભ કર્મના અનુબંધો આત્માની તરફ આકર્ષાઈ આવે છે વળી શુભ ભાવની વૃદ્ધિથી તે અનુબંધ પુષ્ટ થાય છે, અને પરાકાષ્ઠાને પહોંચે છે અહો! કેવું મહિમાવંતુ આ પંચસૂત્ર! ખરેખર! અનુબંધવાળું શુભ કર્મ અત્યંત અનુબંધની અપેક્ષાએ ઉત્કૃષ્ટ(પ્રધાન)કોટિનું હોય છે, તેમજ તીવ્ર શુભ અધ્યવસાયે ઉપાર્જેલું હોઈ નિયમા ઉત્તમ ફળને આપે છે જેમકે, કોઈએ તે કલ્યાણકારી એવા મોટા ઔષધનો સારી રીતે વિધિ

अपडिबद्धमेअ असुहभावनिरोहेण सुहभावबीयंति सुप्पणिहाण सम्म पढिअव्व सम्म सोअव्व सम्मं अणुपेहिअव्वंति।

મ પ્રયોગ થયો હોય તો તે [illegible] તુષ્ટિપુષ્ટિને [illegible] કર્મ અનુબંધવાળુ હોઈ, વિપાકે નવા શુભમા [illegible] છે અને પરંપરાએ નિર્વાણના પરમ સુખનુ [illegible]

આથીજ નિદાન રહિત એટલે [illegible] અનાત્મિક (જડ સબધી) [illegible] અર્થાત્ આ લોક કે પરલોક સબધી [illegible] માનાકાક્ષા વગેરે દૂર કરીને, તેમજ [illegible] શુભ ભાવનાઓને પેદા કરવામા આ સૂત્ર [illegible] કે અસાધારણ નિમિત્ત દ્વારા બને છે [illegible] (એકાગ્રતા અને કર્તવ્ય નિશ્ચય વાર) [illegible] એટલે કે ચિત્તને પ્રશાંત કરીને આ [illegible] જોઈએ, એના વાચન તથા વ્યાખ્યાને [illegible] અખડ શ્રવણ કરવુ જોઈએ, તેમજ [illegible] મનન કરવુ જોઈએ

પ્રશ્ન—અહિ તો તમે નિયાણુ [illegible] તો સર્વે 'હોઉ મે એસા અણુમેયણા' [illegible] વિધિ પૂર્વક અનુમોદનાનુ નિયાણુ કેમ [illegible]

ઉત્તર—તે નિયાણુ નથી [illegible] ઋદ્ધિ કે ભોગની લાલસાથી [illegible] છે [illegible] કિલષ્ટ કર્મબધનુ કારણ છે, [illegible] અને એ સંયોગના અભાવે [illegible] સુકૃતાનુમોદનાની પ્રાર્થનામા [illegible]

नमो नमिअनमिआण परमगुरुवीअरागाण। नमो सेसनमुक्कारारिहाण। जयउ सव्वण्णुसासणं। परमसंबोहीए सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा।

જાતની આ ગુણની આશંસાને નિયાણું કેમ કહેવાય? નહિતર તો મોક્ષની પ્રાર્થના વગેરે પણ નિયાણું બની જાય તેમ થવાથી શાસ્ત્રમાં વિરોધ ખડો થાય, જેમકે, 'આરુગ્ગ બોહિલાભ' વગેરે વચનો શાસ્ત્રમાં આવે છે. આરોગ્ય એટલે ભાવ આરોગ્ય-મોક્ષ, એના માટે બોધિલાભ મને આપો-આ પ્રાર્થના કરી તે જો નિયાણાનું પ્રતિપાદન કરનારું માનીએ તો નિયાણાના નિષેધક વચનો સાથે વિરોધ પડે, એટલે આવી શુભ કામનાવાળી પ્રાર્થના એ નિયાણું નથી. અસ્તુ, અધિક ચર્ચાથી સર્યું.

હવે સૂત્રની સમાપ્તિ કરતા અન્તમંગળ કરે છે. દેવોથી નમાયેલા એવા ઇન્દ્રો તથા ગણધર મહર્ષિઓ પણ જેમને વંદે છે એવા પરમગુરૂ વીતરાગ પરમાત્માને નમસ્કાર હો. બાકીના પણ નમસ્કારને યોગ્ય એવા ગુણાધિક આચાર્યાદિ મહારાજાઓને નમસ્કાર હો. સર્વજ્ઞપ્રભુનું શાસન મિથ્યાદર્શનોને હઠાવી વિજય પામો-જયવંતુ વર્ત્તો. પ્રાણીઓ વરબોધિ લાભથી, એટલે કે મિથ્યાત્વ દોષ ટાળીને સમ્યગ્દર્શનની સ્પર્શનાથી સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ.

આ પ્રમાણે 'પાપ પ્રતિઘાતથી' એટલે કે અશુભ અનુબંધ કરાવનારા આત્મભાવોના વિચ્છેદપૂર્વક-'ગુણ બીજનું આધાન' અર્થાત્ ભાવથી પ્રાણાતિપાતાદિવિરમણરૂપી ગુણના બીજનું આત્મામાં સ્થાપન, એટલે કે તથાપ્રકારના શુભાનુબંધથી વિચિત્ર વિપાકવાળા કર્મનું આધાન-આને સૂચવનારૂં પાપ પ્રતિઘાત-ગુણબીજાધાન સૂત્ર સમાપ્ત થયું.

सूत्र २—साधुधर्मपरिभावना ।
जायाए धम्मगुणपडिवत्तिसद्धाए, भाविज्जा एएसिं सरूव, पयइसुदरत्तं, अणुगामित्त, परोवयारित्त, परमत्थहेउत्त ।

સૂત્ર–૨ સાધુધર્મની પરિભાવના

હવે બીજા સૂત્રની વ્યાખ્યાનો પ્રા ભ થાય છે બીજા સૂત્રનો પ્રારભ આ રીતે છે —

પહેલા સૂત્રમા ધમ ગુણબીજની વાત કરી, ત્યા બીજ તરીકે વિચિત્ર વિપાકવાળુ કર્મ કહ્યુ એ બીજને પ્રાપ્ત કર્યા પછી પોતાની વિચિત્રતાને લઇને તે બીજરૂપ કર્મ અમુક અમુક પ્રકારની કાળ, પુરૂષાર્થ, વિગેરે સામગ્રી પામીને પાકે છે, એટલે ધર્મગુણ (પ્રાણાતિપાતવિરમણ–હિ સાનો ત્યાગ વગેરે વ્રતો)ની સન્મુખતા પ્રાપ્ત થાય છે, અને તેથી આત્માને ધર્મ ગુણ પ્રાપ્ત કરવાની પરિણતિ જાગે છે તે થાય ત્યારે શું કરવુ તે બતાવે છે

તથાપ્રકારના મિથ્યાત્વાદિ કર્મનો ક્ષયોપશમ થવાથી આ , આત્મામા ધમ ગુણની પ્રાપ્તિનો ભાવ (ઇચ્છા) પ્રગટ થયેથી એ ધર્મ ગુણોનુ સ્વરૂપ ચિ તવવુ ધર્મગુણો જીવના અનતકાળના સક્લિષ્ટ પરિણામને વિશુદ્ધ બનાવનારા છે માટે અહા ! એ કેવા સ્વાભાવિક સુદર છે ! વળી ભવાતરમા શુભ સસ્કાર રૂપે કેવા અનુસરનારા છે, અન્યને પીડાદિ ન કરનારા હોવાથી કેવા પરોપકારી છે, અને પર પરાએ મોક્ષને સાધી આપનારા હોવાથી કેવા પરમ અર્થના હેતુ છે–એ ભાવથી હૃદયમા ચિ તવવુ

અહિ સમજવાનુ છે કે ઉત્તમ કોટિનુ તથા શીઘ્ર મોક્ષસાધક

એવું સાધુપણું પ્રાપ્ત કરવું હોય તો તે માટેની પ્રાથમિક કેળવણી આત્મા ઉપર કરવાની છે, તે તો શ્રાવકના અણુવ્રતોરૂપી ધર્મ ગુણો વીજ ગુણા ય છ એટલે જે અણુવ્રતોની પ્રાપ્તિ મહાવ્રતોને આપનારી કહેવામાં આવે છે તે અણુવ્રતોમાં એવું ચમત્કારી સામર્થ્ય ઊભું કરવાની પ્રા ભિક વિધિ અહિં એ બતાવે છે કે,(૧)તે સ્થૂલ અહિંસા સ્થૂલ સત્ય, વગેરે અણુવ્રતાનું સ્વરૂપ પહેલાં તો ખુબ ચિંતવવું જેમકે તે અહિંસા આદિ કેવી રીતે પાળ્યા ગણાય, તેમાં સંભવિત ક્યા ક્યા અતિચારો લાગવા જોઇએ, સાંસારિક જીવનમાં ક્યા પ્રસંગો, પ્રવૃત્તિઓ અને ક્યા કારણથી આ વ્રતોને બાધક નીવડે,અને તેથી તે બાધક પ્રસંગોને વશ ન થતાં વ્રતો કેવી રીતે રક્ષાય—આ બધું સ્વરૂપ વ્રતોનું વિચારવું જોઇયે પણ એ વિચારતા આ માટે નિરુત્સાહ કે કાયર થવાની જરૂર નથી કેમકે, ધર્મગુણો સિવાય આત્મહિત નથી (૨) વળી ધર્મગુણોમાં નૈસર્ગિક (સ્વાભાવિક) સુંદરતા છે અર્થાત્ એ અહિંસા, સત્ય વિગેરે પવિત્ર ભાવો છે, જ્યારે હિંસા, જુઠ ઈત્યાદિની વિચારણા, વાણી કે વર્તાવ ગલીચ છે, અપવિત્ર છે અને કદાચ હિંસા, જુઠ વિગેરેથી આર્થિક લાભ પૌદ્ગલિક મદદ કે માનપાનાદિ એકવાર મળી પણ જતા હોય, તોય એમાં આત્મા સ્વસ્થ નથી, અસ્થિર છે, શાંત નથી, અશાંત છે એ દુર્ગુણો મમતા, માયા અને કષાયોની સંક્લેશભરી વૃત્તિઓથી કલુષિત છે આજ તે દુર્ગુણોની (દોષોની) સહજ અસુંદરતા (ખરાબપણું) છે જ્યારે, અહિંસા સત્ય વગેરે ગુણોમાં મમતા કષાયના તેવા સંક્લેશ હોતા નથી, ચિત્ત સ્વસ્થ રહે છે, મુદ્રા સૌમ્ય અને તેજસ્વી દેખાય છે, એ બીજાને વિશ્વસનીય અને સમાગમ કરવા યોગ્ય લાગે છે, એનાથી ઉપાર્જેલ દુન્યવી ભોગે આ આત્મા અસ્વસ્થ નથી બનતો આ બધું તે ગુણોની સ્વાભાવિક

સુંદરતા ગણાય

(૩) વળી આ અહિંસા, સત્ય વગેરે ગુણો પરલોકમાં પણ સંસ્કારરૂપે આત્માની સાથે ચાલ્યા આવે છે, એથી ઉપર કહેલ સુંદરતાને સાથે સાથે પરલોકનું ગામી બનાવે છે એથી પરલોકમાં સહેજે એ સુંદરતાને અનુકૂલ સદ્ગતિ મળવાથી, જન્મથી જીવને અહિંસા સત્ય વગેરે ગુણોની સ્વાભાવિક ભેટ મળે છે હિંસા વગેરે પણ પરલોકાનુગામી તો છે, કિન્તુ જીવને અતિ સંક્લિષ્ટ પરિણામવાળો બનાવતા હોવાથી તેમજ મહાદુઃખમાં સબડાવતા હોવાથી કંચનના કે ઝેરના વારસાની જેમ એને પરલોકાનુગામી શું કહેવાય? ગણતરી તો સારભૂત અને સુખકારી વસ્તુને વાર સામાં લઈ આવ્યાની ગણાય છે (૪) હવે આ અહિંસા સત્ય વગેરે ગુણો સાચા પરોપકારી પણ છે એક તો અહિંસાદિ એ બીજાને પીડા કરવામાંથી જીવને પાછા હટાવીને બીજાને ઉપકાર કરાવનારા બને છે, અને બીજી રીતે પરોપકારી એટલે કે, સ્વાત્માને પર (શ્રેષ્ઠ) ઉપકાર કરે છે-દુર્ગતિને બંધ કરી સદ્ગતિના દ્વાર ખોલી આત્માને શાતા યશ, ઉચ્ચ ગોત્રવગેરેનો ભાગી કરે છે ઉપરાંત ગુણોનો અભ્યાસ ભવિષ્યમાં એથી પણ ઉંચા ગુણોને આકર્ષી જીવન મહા પવિત્ર બનાવી ઠેઠ મુક્તિના અનંત સુખમાં મ્હાલતો કરી દેવાનો અતિ ઉત્તમ ઉપકાર કરે છે એટલુંજ નહિ, કિંતુ (૫) અન્યને પણ ગુણોથી આવર્જી (આકર્ષી) કલ્યાણ માર્ગે ચાલતા કરી દે છે, તેમજ કલ્યાણ અને પરમકલ્યાણ સુધી પહોંચાડે છે આવા ઉપકાર અને પરમાર્થને સાધી આપવાનું ગજું હિંસા, જુઠ વગેરેમાં કે ધન ધાન્યમાં નથી અહો! જીવને આ માનવભવમાં આર્યદેશ-કુળમાં જન્મીને મહાસુખની, જગતના ઉપકારની, જીવનની પવિત્રતાની, તથા ઉત્તરોત્તર ભવોમાં

तहा दुरणुचरत्त, भगे दारुणत्त, महामोहजणगत्त, एव दुल्लहत्त ति ।

સુખદ નિર્મળ ન ર ાની કેવી ક યાણ કેડી મળી! મહાપુરુષોએ એનુ ભાન ગવીને કેવો અનત ઉપકાર ર્યો! ક્યાર એ અદ્ ભુત ધર્મગુણ મારા આત્માના પ્રદેશે પ્રદેશે ુ ઓતપ્રોત થી જો! આ રીતે ધર્મગુણોની ઝ ભાવનાથી હૃદય ભાવિત કરે પરતુ સાથે સાથે એ ધર્મગુણોને, મહામોહના વિઘ્નકારી ઝઝા વાતોની વચમા પણ, સમ્યગ્રીતે અણીશુદ્ધ પાળવા માટે કેવો પ્રબળ પુરૂષાર્થ જરૂરી છે એ વિચારે, તથા સર્વે તેવો અભ્યાસ નહિ હોવાથી પાળવ દુષ્કર અને કષ્ટવાળુ પણ છે, એટલે કઠિનાઈ વેઠીનેય એ પાળવા જોઇશે, એવો નિર્ધાર કરે

ધર્મ ગુણો એ મામુલી વસ્તુ નથી, પરતુ મહા જવાબ દારીની અપેક્ષાવાળા કિમતી ગુણો છે, એ પણ ભૂલવા જેવુ નથી એથી ધર્મગુણો સ્વીકારતા પહેલા એ પણ સમજવાનુ છે કે જો પ્રતિજ્ઞાપૂર્વક ગુણો સ્વીકાર્યા પછી તેનો ભગ થાય, તો તે ભ ા ભયકર નિવડે છે કેમકે, ભગવતની આજ્ઞાનુ ત્યા ઉલ્લઘન થાય છે લીધુ વ્રત તો અવશ્ય પાળવુ જોઇયે, એવી ભગવતની આજ્ઞા છે વળી વ્રત પાળવાની ખેદ કારી, અને ભગ કરવાની ધિઠ્ઠાઈ આત્મામા મહામોહને ઉત્પન્ન કરે છે. એથી ધર્મ પણ દૂષિત થાય છે, અર્થાત્ બીજાઓમા નિદાય છે લોક ધર્મ પ્રત્યે અરૂચિવાળા બને છે પોતાના આત્માને પણ વ્રતોની પ્રીતિવાળો રાખવાને બદલે દોષની પ્રીતિવાળો બનાવી દે છે અને ફરીથી તે ગુણો ભવાતરમા પામવા દુર્લભ બને છે ગુણો ક્યાથી પામે? પ્રતિપક્ષી હિંસાદિ દુર્ગુણોને રસ અને

*इच्च जहासत्तीए उचिअविहाणेण अच्चंतभावसार पडिवज्जिज्जा । तं जहा * थूलग-पाणाइवायविरमण,

પરિચય આત્મામા પુષ્ટ થવાથી પરભવમા દુર્ગુણોને જ યોગ્ય ભવો મળે ને ? ત્યા તો મહેનત ક્રિયા અને જૂઠ વગેરે સસ્તા અને મનગમતા તેથી અહિ માનિ ગુણો દુર્લભ નરક ગતિમા હૃદયદ્રાવક ત્રાસમય તના વેદના છતાય ગુણો દુલભ કેમકે, ના કો પાછા પરસ્પર મારામારી કરે છે અહિ હવે તો હિસાથી વિરમાય ને ? પણ નહિ, કારણ ? એટલાજ માટે કે પૂર્વે દુર્ગુણોને ખૂબ વધારી લીધા હતા, તેથી હવે અહિ અહિ માનિ સુલભ કરાવી થાય ? મહાનુભાવ ! આશીર્વાદરૂપ અહિ નાદિને છોડી, શ્રાપરૂપ હિ સાદિને વળગતા પહેલા બરાબરનો એ વિચાર કરી લેજે કે પરિણામે એથી ગુણની દુલભતા અને દુર્ગુણની સુલભતા જે થશે, તેને અને દુ ખમય હલકા હિસક ભવોના ભારને ઉપાડવાનુ તારુ ગજુ છે ? તને એ પોષાશે ? જો નહિ, તો હવે ગુણનોજ ખપ કર

* આ પ્રમાણે શક્તિથી જરાય ઓછુય નહિ અને અધિકેય નહિ અર્થાત્ પોતાના સામર્થ્યને ગોપવ્યા વિના કે ઓળગ્યા વિના, શાસ્ત્રે કહેલી વિધિ મુજબ અત્યન્ત ભવ ભર્યા હૃદયે બલવાન પ્રણિધાનથી ધર્મ ગુણોને સ્વીકારવા જોઇએ એમા સહસાકાર (વગર વિચારે ઝપલાવાનુ) ન કરવુ કેમક એ નાસમજપણુ પરિણામે ભયકર નિવડે છે એ ધર્મગુણો ક્યા ? ૧ स्थूल प्राणातिपातविरमण, પ્રાણના અતિપાત (નાશ)થી અટકી વિરમવુ તે 'હુ નિરપરાધી ત્રસજીવને નિરપેક્ષપણે જાણી જોઇને હણીશ નહિ' એ વ્રત ૨ સ્થૂલ ૮

२ थूलग-मुसावायविरमण, ३ थूलग-अदत्तादाण विरमण, ४ थूलग-मेहुणविरमण, ५ थूलग-परिग्गह विरमणमिच्चाइ ।

विरमण—જૂઠનો અંશે ત્યાગ સંતાન, ઢોર, મિલ્કત વગેરે પાંચ અંગેના મોટા જૂઠ ન બોલવાની પ્રતિજ્ઞા ૩ स्थूल अदत्तादानविरमण—'અદત્ત' એટલે બીજાએ ન આપેલું એવાનું, 'આદાન' એટલે ગ્રહણ-એ અદત્તાદાન એનાથી અંશે વિરામ-અર્થાત્ દાણચોરી, ખોટા તોલમાપ, સેળભેળ વગેરે પાંચ અદત્તાદાન ન કરવાની પ્રતિજ્ઞા ૪ स्थूल मैथुनविरमण—અંશે મૈથુનની વિરતિ પરસ્ત્રી એટલે સ્વસ્ત્રી સિવાયની સ્ત્રી, એના ભોગનો ત્યાગ, અને સ્વસ્ત્રીમાં સંતોષ ૫ स्थूल परिग्रहविरमण—ધન ધાન્યાદિ પરિગ્રહનું અમુક પરિણામ ન ઓળંઘવાનું વ્રત, વગેરે વ્રતો અર્થાત્ આ અણુવ્રતો ૫ મૂળ ગુણો, અને દિશા પરિમાણ ભોગોપભોગ પરિમાણ તથા અનર્થદંડ પ્રવૃત્તિ વિરમણ, એ ત્રણ ગુણવ્રતો તથા સામાયિક, દેશાવગાસિક, પૌષધ અને અતિથિસંવિભાગના ચાર शिक्षाव्रतो ૭ ઉત્તર ગુણો એ ધર્મગુણો સમજવા

પ્રારંભમાં આ ધર્મગુણો કહેવાનું કારણ એ કે, આત્મામાં ભાવથી એ રીતેજ પ્રાપ્તિ થાય છે શાસ્ત્રોમાં કહ્યું છે કે કર્મની સ્થિતિ અંતકોડાકોડીની બને ત્યારે જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, એ સ્થિતિમાંથી વળી બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઓછી થાય ત્યારે શ્રાવકપણું (અણુવ્રતરૂપ દેશવિરતિ) મળે એમાંથી, વળી સંખ્યાતા સાગરોપમપ્રમાણ સ્થિતિનો હ્રાસ થાય ત્યારે મહાવ્રત (સર્વવિરતિ) રૂપ ચારિત્ર પ્રાપ્ત થાય.

पडिवज्जिऊण पालणे जइज्जा, सयाऽऽणागाहगे सिआ, सयाऽऽणाभावगे सिआ, सयाऽऽणापरतंते सिआ।

બેમાંથી પણ બીજા અસંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે ઉપશમ શ્રેણી આવે અને તે સ્થિતિમાંથી પણ અસંખ્યાતા સાગરોપમ ઘટે તો ક્ષપકશ્રેણી મંડાય. આ બધો સ્થિતિહ્રાસ થવા માટે આત્મામાં કષાયની વિશેષ વિશેષ મંદતા થવા માંડે, અધ્યવસાયો (ભાવ) ની ઉત્તરોત્તર વિશુદ્ધિ થવી જોઈએ. સમકિતી જીવને ચઢવા માટે પહેલી શરૂઆત શ્રાવકપણાથી થાય છે, તેથી અહિં પહેલા ધર્મગુણ તરીકે શ્રાવકના અણુવ્રત બતાવ્યા. જો દેવ કે મનુષ્ય ભવમાં સમ્યક્ત્વ ગુમાવાય નહિ તો એક જ (મનુષ્ય)ભવમાં બેમાંથી ગમે તે એક શ્રેણી સિવાય ઉપર કહેલું બધું પ્રાપ્ત થઈ શકે છે.

આ રીતે ધર્મગુણોનો સ્વીકાર કરીને એનું પાલન કરવાના અનવર પ્રયત્નશીલ રહેવું જોઈએ. જેમ રત્નકરંડીયો કે મહામંત્રાદિ મળ્યા પછી એનું રક્ષણ બાંધે ચીવટ અને તમ્મીક્ ચેઠીને પણ કરાય છે, તેમ અનંતકાળે પ્રાપ્ત થયેલ આ અપૂર્વ રત્નકરંડક તુલ્ય ધર્મગુણોને સાચવવા હવે કહે વાતી વિધિ મુજબ પ્રવર્તવું જોઈએ. એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે આમાં કદાચ કઠિનાઈનો અનુભવ થાય, તો પણ અતિ ટૂંકા એક ભવમાં વેઠેલી કઠિનાઈ આગામી અનંતકાળ ઉપર પ્રકાશ પાથરશે. તેમજ જ્યારે આપણા પોતાના આત્માનું સાચું ઝવેરાત પણ ધર્મગુણોજ છે, તો પછી પર એવી લક્ષ્મીને વિકસાવવા મેળવવા વેઠાતા ઘણાય કષ્ટોની અપેક્ષાએ અહિં થોડાંય કષ્ટો ધર્મગુણો માટે ન વેઠીયે?

ધર્મગુણના પાલનના પ્રયત્નમાં પહેલું તો, કે હંમેશાં શ્રીજિનાજ્ઞાના આરાધક થવું જોઈએ, એટલે કે શ્રીજિનાગમનું રોજ અધ્યયન અને શ્રવણ કરવું જોઈએ. પ્રશ્ન થાય કે પહેલાં અધ્યયન અને પછી શ્રવણ કેમ? તો સમજવાનું કે જે સતો-ગુણો સ્વીકાર્યા છે એની ગંભીરતાઓ સમજવા માટે અને એની તાત્વિક શ્રદ્ધા કરવા માટે તત્વજ્ઞાન મેળવવું જરૂરી છે. એ માટે શાસ્ત્રોનું અધ્યયન-સ્વાધ્યાય (ભણવું ગણવું તે) જીવનનું એક પ્રધાન અંગ છે. આની સાથે શ્રાવકે શુદ્ધ પરે સામાચારીનું અને વૈરાગ્યનું શ્રવણ પણ રોજ કરવું જોઈએ. આ શાસ્ત્રના અધ્યયન, શ્રવણ કર્યા ઉપરાંત, આજ્ઞાના સાધક એટલે આજ્ઞાનો ચિંતક બની આત્માને એનાથી ભાવિત કરનારા બનવું જોઈએ. સાંસારિક ઉદયનો ખપી માણસ જેમ અભ્યુદયને ઉપયોગી એવી વાતો, સમાચાર, સલાહ વગેરેને કાન દઈને સાંભળનારો તથા એનું શિક્ષણ લેનારો હોય છે, તેમજ એનો સારી રીતે ચિંતક બની એને દિલમાં વણી લેનારો હોય છે, બસ, આ રીતે આજ્ઞાને હૃદયમાં ઓતપ્રોત કરી લેવી જોઈએ. તેથી, હવે દૃષ્ટિ જગતની દૃષ્ટિમાં મટવાને બદલે શ્રીજિનની દૃષ્ટિમાં મળતી થવી જોઈએ. એટલે, સંસારની પ્રવૃત્તિમાં પણ વિચારણા આગમથી વિરુદ્ધ (પ્રતિકૂળ) ન રહે, બલ્કે આશ્રવ સંવરના વિવેકવાળી હોય-એની એ વસ્તુ જ્ઞાનની દૃષ્ટિએ જોવાતી કે વિચારાતી હોય. દા. ત. જે હીરાને જગત બહુ કિંમતી, તેજસ્વી, સુખાકારી વસ્તુ હોય છે, તે હીરાને આ ભાવિત આત્માવાળો રાગ કરાવનાર, આત્મ-ગુણ ભુલાવનાર, મહા આરંભભૂત અને પરિણામે મહા દુઃખકારી સમજે છે. એમ જ જગતની દૃષ્ટિએ સારા સજેલા ગણાતા મેવામિઠાઈને એ

आणा हि मोहविसपरममंतो, जलं रोसाइजलणस्स
कम्मवाहिनिगिच्छासत्थं कप्पपायवो सिवफलस्स ।

સામાન્ય રીતે કરતાં અધિક જ્ઞાન સંપાદન, વધુ ઊંડું અધ્યયન, અને પરમાત્માથી વધુ [illegible] ભક્તિ નહીં કે કેમ છે આનું ખરું પરિચિંતન બની શકે ? [illegible] એને હવે આત્માનીજ પ્રગતિના બહુ [illegible] એવી આત્મના કલ્યાણકારી ધાર્મિક અનુષ્ઠાનો અને આચિંતન, પવિત્ર કર્તવ્ય [illegible] ઘણ ખૂબ [illegible] ધર્મીય ધર્મચિંતનને સામાજિક પ્રવૃત્તિઓ પ્રત્યેના પ્રેમથી આ પવિત્ર આચારો અને [illegible] પ્રવૃત્તિઓ તરફ ફરવો જાય

આનાનું એવું બધું શું ભાગ્ય [illegible] એના આત્મ શ્રવણ અધ્યયન, ચિંતન અને ધર્મચિંતનના ચિંતન [illegible] સાધુ ? [illegible] ઉપમા સાખૂબજ હૃદયે ઠસાવવા જેવું છે કે आणा य [illegible] વિશ્વને ઉગારનારા પરમ મંત્ર છે. આજ્ઞા, એ [illegible] (૧) વર્તમાન સમાજની વિકૃતિ અને [illegible] કરનારા છે, (૨) આ [illegible] કર્મવિપાક અને [illegible] કરનારા છે, (૩) એ આ મહિતને સાધવાના મજબૂત [illegible] [illegible] છે, ઉપરાંત (૪) એમના આ [illegible] અને [illegible] સેવામાં [illegible] [illegible] સુખશાન્તિ એવા છે, તે બધુ આગમ વચન [illegible] [illegible] મળે છે આથી એનું [illegible] થાય [illegible] [illegible] ભાગ્યશાળી આત્માના અને હૃદયના [illegible] અને [illegible] [illegible] એ તો [illegible] નથી સમજતા એ તો મોહને હિતનાશી કેમ છે

આજ્ઞાના પ્રકાશ વિના એ અજ્ઞાનનું અધારૂ કોણ કાઢે?

આટલુજ નહિ આજ્ઞા તો દ્વેષ-અગ્નિ-શોક વગેરે અગ્નિને બુઝવનાર પાણી પણ છે કેમકે, જે હૈયે આજ્ઞા વસી એ હૃદયમાં હવે [1]ઉપશમ અને [2]ઉદાસીનતાના મેઘ વરસે છે પછી ત્યા દ્વેષાદિ કેમ ટકી શકે? એવા મેઘ ન વરસતા હોય તો આજ્ઞા હૃદયમા વસ્યાની શકા કહેવાય એવુજ આજ્ઞા (એટલે કે જિનાગમ) એ કર્મરોગને કેમ દૂર કરવો તેની સાધનાવિધિ બતાવનાર ચિકિત્સાશાસ્ત્ર સમાન છે એના અનુસરણથી અવશ્ય કર્મક્ષય થાય છે એથીજ આજ્ઞા એ તો મોક્ષફલને આપનાર કલ્પવૃક્ષ છે સ્વર્ગના કલ્પવૃક્ષો એની આગળ તુચ્છ છે

અહિ એ સમજવાનુ છે કે જગતમા કર્મ જેવો કોઈ વ્યાધિ નથી એ છે ત્યા સુધી પીડા અને પરાધીનતા, ત્રાસ અને તલસાટ, દુ ખ અને દીનતા, અસ્વસ્થતા અને અરતિ-એ વગેરેથી આત્માએ હેરાન થવુજ રહ્યુ એને દૂર કરવા શ્રી જિનાગમમા અચોટ ચિકિત્સા પ્રકારો-અમોઘ ઈલાજો વર્ણવેલા છે એથી સર્વ કર્મનો સપૂર્ણ નાશ થઈ જાય છે અને અવશ્ય મોક્ષ મળે છે, એટલે આજ્ઞા એ તો શિવફલનુ કલ્પવૃક્ષ છે

અહિ કોઈ એમ કહે કે અણુવ્રતો લઈ લીધા, એટલે ગુણ તો મળી ગયા, પછી આજ્ઞાના બહુમાન-ભાવ વગેરે થવાની શી જરૂર છે? તો એણે સમજવુ જોઈયે કે એટલેથી બસ નથી કેમકે દા ત બીજા અણુવ્રતથી એ જૂઠુ તો ટાળશે, પણ સાચુ બોલીને મળેલા લાભમા સફલતા અવકાશે નહિ અથવા, તેવા કોઈ પ્રસગમા દયાને મૂકી સાચુ પકડી રાખશે

---

[1] ક્ષમાનો ભાવ [2] રાગદ્વેષથી છૂટી ગયેલુ ચિત્ત જડનુ શાદ દશાને

એમ પરિગ્રહના પરિમાણને [illegible]
પરિગ્રહમાં પોતે આનંદથી [illegible]
નાખે ત્યારે જીવને [illegible]
હિંસા નહિ કરે, પણ સ્થાવર ની હિં[illegible]
ચારી નહિ કરે, પરંતુ નીતિથી [illegible]
પુરા મનવાનો નીતિ, ન્યાય [illegible]
સગવડ મર્યાદામાં જો કા[illegible]
એને ગુમ્નો ગવાનો, દર [illegible]
આજ્ઞાના ગ્રહણ ભાવન વગેરે [illegible]
લેવા ઉપરાંત, સાધક આત્મને [illegible]
સમ્યગ્વિધિ-વિધાનોનો, આ [illegible]
અભ્યાસી બને, ભાવક બને, [illegible]
દેવગુરુનું વૈયાવચ્ચ તથા ભક્તિ, [illegible]
પરમાત્મધ્યાન વ્રત-પચ્ચક્ખાણ [illegible]
ઇત્યાદિ પણ અતિ જરૂરી છે

તત્ત્વોના અભ્યાસથી [illegible]
જ્ઞાનક અને હેય લાગે છે, તેથ[illegible]
નહિ કરે સાથે-, આમ પવિત્ર [illegible]
પની ભઠ્ઠીને ઓલવી નાખશે [illegible]

એમ ક્રમ વ્યાધિ દૂર [illegible]
એમાં કર્મ ગ્ગ મિગાવથાન. [illegible]
સ્થાનો) છે એની ઉપેક્ષા [illegible]
ઇન્દ્રિયદમન, પ્રભુની ભક્તિ [illegible]
માટે છે 'એ બધાની શી [illegible]
લઇ લીધા છે' આમ લોચા [illegible]

ડાગની ઉંધી પ્રવૃત્તિને જીવંત રાખી હોય છે! જીવની એ કેવી આદત છે કે દેવગુરુને પોતાના તરીકે માન ન લેવા, પણ શરીરને મારૂં લેખવું ઘર દુકાન પૂર્ણ મળાગવા, અને મંદિર ઉપાશ્રયની સામુંય ન જોવું ધર્મખાતર કાંઇ ન કરવું, અને ઘર ખાતર બધું કરી છુટવું ધર્મક્ષેત્ર માટે ન ઘસાવું, પણ સંસાર વ્યવહાર માટે બહુ ઘસાવું પરમાર્થ માટે હૃદયથી નતી પાઇ ન ખરચવી, જ્યારે ઘર અને દુકાન પાછળ હોંસથી ધનનો ધુમાડો કરવો પરભાવમાં વગર કહે તૈયાર, અને આત્માની વાત-વસ્તુમાં પ્રેરણા છતાં પ્રમાદ અગર ઉપેક્ષા આ બધો અનાદિ કાળનો મોહનો દુરભ્યાસ છે મોહ શીખવે છે કે 'ત્યાગ તપ તો શક્તિ અને ભાવના મુજબ કરવાના વિરતિમાં તો વ્રત પાળવાનું આવે, પણ તપ ત્યાગ નહિ તપ ત્યાગ કરવા એ તો ઈચ્છાની વાત છે વળી ધન વગેરે પરિગ્રહનું પરિમાણ અલ્પ રાખ્યું છે ત્યાં દાન ક્યાંથી થાય?' મોહાધીન આવા આવા કેઈક ઉંધા ખ્યાલો છે જ્યાં સુધી આત્માને રાગ-દ્વેષના ગલ્લઘથી ગુગળામણ, અને અજ્ઞાન-મિથ્યાજ્ઞાનના ઝેરથી સનપાત પીટે છે ત્યાં સુધી એ જડનેજ સમર્પિત રહેવાનો ત્યાં સુધી ધર્મને અર્પિત થવાનું અને આ મન-ભો। આપી ધર્મ લેવાનું એ મુશ્કેલ પણ જો અમૃત સમી આજ્ઞાનો ગ્રાહ ભાવક અને પરત ન બને, તો ઝટ એ ઝેર અને મનેપાત ઉતરી જાય

વળી એકાદ મણ સાકરમાંથી ખુબ પ્રક્રિયાએ સત્વ (અર્ક) ખેંચ્યું હોય તો તેની કેટલી મીઠાશ? ગજબની? તેના એક કણમાં પણ કેટલી મધુરતા? છતાં તે સત્વ હજારો મણ રેતીમાં ભળી ગયેથી તેની મધુરતા ક્યાંથી દેખાય? હા, 'તેનું પૃથક્

वज्जिज्जा अधम्ममित्तजोग। चिंतिज्जाऽभिणवपाविग गुणे, अणाइ भवसंगम अ अगुणे,

કરણ (Analysis) કરવામાં આવે તે મત્વ જુદું પડેથી મધુરતા દેખાય આત્માની પણ તેવી જ સ્થિતિ છે આત્મ-પ્રદેશામાં અનંત આનંદ અને વીતરાગતાની અતિ મધુરતા છે પણ કર્મ પ્રદેશથી ભેળસેળ હેઈ તે દેખાતી નથી જિનાજ્ઞાની પ્રક્રિયાથી કર્મનું પૃથક્કરણ થાય, તો જરૂર દેખાય જિનાગમની વસ્તુઓના પુટથી વાસિત થામામાથી જુગજુની ગધ્ગી આદતની વદ્યો નાશ પામતા વાર નહિ

સાધુ જીવનની પવિત્ર અને ઉચ્ચ અવસ્થા માટે યોગ્યત કેળવવા ચોથી વસ્તુ ' અકલ્યાણ મિત્રોનો યોગ ત્યજવો તે અકલ્યાણ મિત્ર એટલે આત્માના હિતશત્રુ આપણા આ લોક પરલોકને બગાડનારા, માત્ર જડના ર ાગમાં ડુબાડનારા સ્નેહી રૂપે, મિત્રરૂપે અને ! માબાપરૂપે, પુત્રરૂપે પતિ–પત્નીરૂપે પણ મળે, કે જે ત્રાહિત કરતા વધુ સારી રીતે ભયકર એવી મોહની પરિણતિ પોષવા વધારનામાં જીવને સારી સારી સહાય કરતા હોય એક બાજુ જીવ વિરતિ લ, પણ અકલ્યાણ મિત્રોનો સબંધ ન છોડે તો? અહિ પ્રશ્ન થાય કે ત્યારે શું એવા સગાસ્નેહીને મુકી દેવા? ઉ૦ ઉત્તમ માર્ગ તો, આપો સગા એ અકલ્યાણ મિત્ર છે, તેનો સર્વથા ત્યાગ કરવો તે પણ તે ન બને તો તેવા સગાસ્નેહીઓને કલ્યાણ મિત્ર બનાવવા જે ઉચ્ચ ગુણો અહિંસા, સયમ વગેરે મળ્યા છે, તેના મૂલ્ય અગણ્ય છે, તેજ આત્માના સાચા ઉપકારી છે, એથીજ ભવિષ્યનો અનતોકાળ ઉજ્જવળ બનાવનાર છે, ઇત્યાદિ એમને હૃદયમા

सेविज्ज धम्ममित्ते विहाणेण ।

મગ આદ યો તો જોઇએ ને ? તો તેને માટે ધર્મમિત્રનો ન ગ કરવાનુ કહે છે કઈ રીતે કરવો ? વિધાન પૂર્વક અર્થાત્, કલ્યાણ મિત્રને નવવો તે સારી પ્રતિપત્તિ એટલે સ્વીકાર-સત્કાર સાથે, આદર અને આસ્થા સહિત 'અધર્મ મિત્રો નહિ, કિંતુ તમેજ મા ૧ ક ાણમા સાચા સહાયક છો' એવી હૃદયની આસ્થા સાથે સ્વીકાર એમનો થવો જોઇએ આ જીવ એવો પાગલ છે કે એને દુનીઆની કોઈ અનુકુલ જડ વસ્તુ આપે, મ ાર તે કેમ મેળવાય તેની સલાહ પ્રેરણા આપે, તો તેની પાછળ મરી ફીટે ભલે જરા જેટલો લાભ મળે, તોય પેના પર ખુશ ખુશ થઈ જાય પણ કલ્યાણ મિત્રો આપણને ધર્મમા જોડી આપે, તો તેનુ કાઇ નહિ!! ત્યા તેને કશુ જ કિંમતી લાગતું નથી આ ખોટુ છે આમને આમજ સત્મ ગ ફળતો નથી ખરી રીતે સાચી ઉચિત ભક્તિ, વિનય, સત્કાર, પ્રેમ, આસ્થા, પક્ષપાત, બહુમાન વગેરે બધુ કલ્યાણ મિત્ર ઉપર આચરવુ અતિ જરૂરી છે કલ્યાણ મિત્ર કોને કહેવો ? જે કોઈ આપણા આત્માનું કલ્યાણ સાધવામા સહાયક થય તે આપણો કલ્યાણમિત્ર જેમકે મુનિપુ ગવો, શુભપ્રેરક ગૃહસ્થો તેથી ઉલટુ આપણા હિતનો અવરોધક કે પ્રતિબધક થાય, અગર અહિતના માર્ગે ચઢાવે તે અક યાણ મિત્ર(હિત શત્રુ)કહેવાય કલ્યાણ મિત્ર તો હિત સાધવામા સહાયક, પ્રેરક બને, સાધનામા આવતી અગવડો વિઘ્નો દૂર કરે, ધમ સાધ નાની પ્રશ સા કરી પ્રોત્સાહિત કરે, ધર્મસાધનામા થતી ભૂલ સુધારી આપે, ઇત્યાદિ, ઇત્યાદિ કરે

એ કલ્યાણ મિત્રને શાની જેમ સેવવા ? જેમ કોઈ

अंधो विव अडवी(?) — अभो विराणूरुट्टण, वाहिण विव विज्जे, दरिद्दो विव ईसरे, भीओ विव महानायगे,

આધળો માણસ ભયાનક અટવીમા ભૂલો પડી ગયેલો હોય વાઘ ને સિંહ વગેરે જગલી પશુઓની ચીસોવી થથરી ગયો હોય, રસ્તો શોધવાની શકયતા ન હોય, હમણાજ કોઈ જગલી પશુનો ભક્ષ્ય બની જશે એવો ભય હોય, તે સમયે એને કોઇ દોરી જાય અને બચાવી લે, તો તે આધળો તેના ઉપર કેટલો આવરી જાય ? બસ, તેજ પ્રમાણે આ ભયકર સસાર અટવીમા ભૂલા પડી ગયેલા આત્માએ હિતમાર્ગે દોરી જનારા ધર્મમિત્રને સેવવા જોઇએ અથવા, જેમ રોગના દુખથી કોઈ ઘણોજ પીડાઈ રહેલો હોય, ચેન જરા પણ ન પડતુ હોય, અતિ દુખથી કટાળી ગયેલો હોય, કાઈ રસ્તો સુઝતો ન હોય, જીવન આકરૂ લાગતુ હોય, એવીજ પળે કોઇ પ્રખર વૈદ્ય મળી જાય, તો તેને જે પ્રમાણે અનુસરે, તે પ્રમાણે કલ્યાણ મિત્રને સેવવો જોઈએ અથવા, જેમ કોઇ નિર્ધન હોય, ઘરબાર વગરનો હોય, રાજા તરફથી પણ દડાઈ ગયેલો હોય, તેને માટે નગરમા કાયદો પણ કડક હોય, ચારે તરફથી હડધુત થયેલો હોય, ત્યારે દુનિયામા ઉભા રહેવા માટે કોઇ શ્રીમતને શોધે, અને એને વખતે તેને કોઈ રાજમાન્ય શ્રીમત મળી જાય, ને કહે 'ચિતા ન કરીશ, જે જોઇએ તે સહાય કરીશ,' ત્યારે તે શ્રીમતને તે દરિદ્રી કેવી રીતે, કેવા સદ્ભાવથી, કેવી આજ્ઞાંકિતતાથી સેવે ? એ પ્રમાણે કલ્યાણ મિત્રને શોધીને સેવવા જોઇએ અથવા જેમ કોઈ મહા ભયના સ્થાનમા, કે આક્રમણ વખતે, જુ મગારના ત્રાસ વખતે, આશ્રય માટે

न इओ सुदरन्तरमन्नन्ति वहुमाणजुत्ते सिआ, आणाकखी, आणापडिच्छगे, आणाअविराहगे, आणानिप्फायगेत्ति ।

સેવે, અને કોઈ મહા સમર્થ નાયક મળી જાય, ને તે આશ્વાસન આપે કે 'નિર્ભય રહે, કોણ તારો વાળ પણ વાંકો કરનાર છે! મુઝાઈશ મા, મારી સાથે ઉભો રહે', એ વખતે એ પેલા મહાનાયકને કેવી રીતે, કેટલા ઉલ્લાસથી, કેવા બહુમાનથી, કેટલી પરતંત્રતાથી સેવે? એ પ્રમાણે કલ્યાણ મિત્રનો સેવવો જોઈએ

અહિ એ ખાસ ધ્યાનમા રાખવાનું છે કે આ જગતમા કલ્યાણ મિત્રને સેવવાથી અધિક સુંદર બીજુ શુ છે? એની ઉપાસના એજ વધુ સુંદર છે માટેજ (૧) કલ્યાણમિત્રો પ્રત્યે અખંડ આદરભાવવાળા બનવુ જોઈએ, (૨) વળી એમના આજ્ઞાકાંક્ષી બનવુ જોઈએ, એટલે આજ્ઞાના અભિલાષી બનવુ, અર્થાત્ કલ્યાણમિત્રે કોઈ આજ્ઞા નથી ફરમાવી તે વખતે પણ 'અહો! તે મને આજ્ઞા ક્યારે કરે, તેવી આકાંક્ષાવાળા બનવુ, આજ્ઞાની ઉત્કંઠાવાળા બનવુ (૩) તેવી રીતે જ્યારે આજ્ઞા ફરમાવે ત્યારે તેનો સ્વીકારનારા બનવુ જેમ કોઈ ભીખારી ઘણુ ઘણુ ફાંફાં રખડવા છતા ખાવાનુ કાંઈ ન મળવાથી ભૂખથી પીડાઈ રહેલો હોય તેનામા તેને કોઈ અન્ન આપે, ત્યારે તે જેવા અને જેટલા આદરથી તેને ગ્રહણ કરે, તે પ્રમાણે આજ્ઞાને વધાવી લેવી જોઈએ (૪) સાથે, આજ્ઞાની વિરાધના ન જ થાય તદ્દુક્તિ કરીને આજ્ઞા શિરસાવંદ્ય તો કરી લીધી, પણ પછી એથી વિરૂદ્ધ વર્તન કરે તો આજ્ઞા વિરાધી ગણાય તેમ ન થવુ જોઈએ કલ્યાણમિત્રની આજ્ઞાની વિરાધનાથી આત્મામા દોષોની વૃદ્ધિ થાય છે, ગુણો

पडिवन्नधम्मगुणारिह च वट्टिआ, गिहिमुचिएसु गिहिसमाचारेसु, परिसुद्धाणुट्ठाणे, परिसुद्धमणकिरिए, परिसुद्धवइकिरिए, परिसुद्धकायकिरिए ।

ट- रहे छे, अने भवातन्मा दुर्गति थाय छे, तेथी फरी भगभ ञाना भगवी सुरकेव बने छे (५) वळी, आज्ञानो उचित रीते अमव क वो जोईए उचित रीतिए अमव ऐ-वे वेठ रूपे नहि क अरुचिथी नहि किन्तु अहुमानथी अने पोतानी जातने धन्य मानीने वगी जेवी आज्ञा होय, बराबर ते रूपे एनो अमव कग्वानो ऐमा कदाच अगवडभर्यु के अण (मतु लागे ' ना एना अमलना महान लाभो छे एथी जुगजूना कुस स्कारो भुसाई सुस स्कारानो वारनो मळे छे, कुप्रवृत्तिओ अग्री सुप्रवृत्तिओथी जीवन जगमगतु थाय छे

भवनी भीतर खास सेववा योग्य मारे कल्याणमित्रज छे, एवु नक्की कर्युं, पछी तो एमनी आज्ञाने पोताना श्वासे श्वासमा वणी ले एथी जीवने जे अनादिनी स्वच्छंदचारितथी कर्मनी महापराधीनता वेठवी पडी हती, तेने बदले हवे आज्ञानी पराधीनता स्वीकारी, एटले तो ए कर्मथी सर्वं स्वतत्र थवाना द्वार खुला करे छे हवे कल्याणमित्रनी आज्ञा उपर ते एटलो बधो मोहित थई गयो छे के जेथी प्रतिपक्षी मोहनी ताकात नथी के तेने पोतानी तरफ जरापण आकर्षी शके, भरमावी शके, के पडछायो सरखो पण आज्ञा पर नाखी शके

धर्मगुणोना समर्थकनी सेवादिनी साथे, धर्मगुणोने लायक मन, वचन, कायानु वर्तन जोईए विशेष योग्य प्रवृत्ति तो पछी, पण सामान्यथीय वर्तन धर्मने शोभे तेवु

જોઇએ ગૃહસ્થને યોગ્ય ભિન્ન ભિન્ન પ્રકારના આચાર વ્યવહારોમાં વિવેક રાખીને સર્વથી વિશુદ્ધ આચરણવાળા તો બનવું જ જોઇએ એ માટે શાસ્ત્રે જે આચાર, વિચાર, અને વાણીની શુદ્ધાશુદ્ધતા કહી છે, તે સમજી લઇને શાસ્ત્રે ફરમાવ્યા મુજબની માનસિક ક્રિયા એટલે વિશુદ્ધ વિચારસરણી રાખવી જરૂરી છે એ વિચારધારા એવી જોઇએ કે જેમાં માયાશલ્ય, નિદાન શલ્ય વગેરેના મિશ્રણ ન હોય, રસ ઋદ્ધિ શાતાગારવનો સંચાર ન હોય, અપ્રશસ્ત કૃષ્ણાદિ લેશ્યાનો ઓપ ચડેલો ન હોય ક્રોધાદિ કષાયના રંગ ન છંટાયા ન હોય, ઇત્યાદિ તેવીજ વચન અને કાયાની ક્રિયાવાળા પણ બનવું જ જોઇએ એટલે કે વાણી અસત્ય, આક્ષેપ, કર્કશતા, અપ્રિયકારિતા, અપરિમિતતા વગેરેથી કલુષિત ન હોય, તેમજ કાયિક અંગોપાંગ કે ઇન્દ્રિયોની ચેષ્ટા(પ્રવૃત્તિ) એ બીભત્સતા, ક્રુરતા, ઉદ્ભટતા, ઉચ્છૃંખલતા દિથી રહિત હોય અર્થાત્ વિચાર વાણી તથા વર્તન એ સત્ય, સજ્જનતા, અને શાસ્ત્રીયતાના પાયા પર રચાયેલા હોય, ઉદારતા, ગંભીરતા અને પ્રેમથી સુવાસિત હોય, વ્યાપક ઔચિત્ય, જીવો પર ભાવદયા, સહિષ્ણુતા અને દીર્ઘદૃષ્ટિથી ઓતપ્રોત હોય

આ તો બધું સામાન્ય રૂપનું કીધું હવે વિશેષરૂપે માનસિક, વાચિક અને કાયિક શુદ્ધ અનુષ્ઠાનોનું સ્વરૂપ કહે છે તેમાં પહેલા માનસિકમાં, સાધુધર્મની એટલે કે મહા અહિંસા અને મહા સંયમની પરિભાવના જેને કરવી છે તે(૧)સંસારમાં હિંસાના સંકલ્પો ન કરે,તેમજ એવા પણ સંકલ્પ ન કરે, કે જેના આરંભ સમારંભમાં અનેક જીવોનો ઉપઘાત(નાશ)થતો હોય, જે સ્વભાવે લોકમાં નિંદ્ય બનતા હોય, જેને આચરવામાં બહુ ક્લેશ થતો હોય, કે ભવિષ્યમાં જે બહુ દુઃખદાયી થતા હોય, જેમકે, અંગારકર્માદિ

वज्जिज्जा अणेगोवघायकारग, गरहणिज्ज, बहुकिलेस, आयइविराहग, समारंभं। न चिंतिज्जा परपीडं। न भाविज्जा दीणयं। न गच्छिज्जा हरिसं। न सेविज्जा वितहाभिनिवेसं। उचिअमणपवत्तगे सिआ।

કર્માદાન વગેરેના ધંધા, ખરકર્મ, નીચકર્મ, જુગાર વગેરે એનું જ નહિ, કિંતુ (૨) પરને લેશ પણ પીડા કરવાનું ચિંતવે નહિ કેમકે પરની પીડા તે પરિણામે પોતાને પીડાકારી છે જ્યારે, પોતાનું બગાડનાર દુશ્મન ઉપર પણ મૈત્રીભાવ રાખે, ત્યાં ક્ષુદ્ર સ્વાર્થ ખાતર બીજાને દુઃખ દેવાનું તો એને સ્વપ્નામાંય શાનું આવે? વળી કોઈ ઇષ્ટ વસ્તુ ધાર્યા મુજબ ન મળી, કે અનિષ્ટ આપદા કોઈ આવી પડી, તો પણ (૩) મનમાં દીનતાને ન ભાવે, અર્થાત્ મન દીનદુઃખી કે ઓશીયાળું ન કરે, મનમાં એ બદલ જરાય ઓછું ન લાવે પરના કુરંગમાં આત્માનો રંગ શા સારુ બગાડવો? (૪) એવું જ ઇષ્ટ મળ્યું હોય ત્યાં હર્ષઘેલો ન થાય, સમજે, કે એ વિનશ્વર છે, અને આત્માને બાંધ કરી સંસારમાં કેદ કરી રાખનાર છે પોતાને ગરદને મારનાર જડને મેળવીને ખુશી શું થાવું? (૫) તેમ ખોટો આગ્રહ ન સેવે જેમાં કાંઈ તત્ત્વ નહિ, જે સ્વરૂપે કે પરિણામે મિથ્યા-ફજુલ છે, તેના વિચાર શા કરવા? નિર્ણય શું કામ બાંધી લેવા? માનવ જીવનની મોંઘેરી ઘડીઓ અતિ અલ્પ છે, અને તત્ત્વોના અધ્યવસાયો(ચિંતન અને અનુભવ)કરવાના અપાર છે, ત્યાં અતત્ત્વને મનમાં કયાં ઘાલવા? (૬) અતત્ત્વમાંથી ઉઠાવી મનને આગમે કહ્યા મુજબ યોગ્ય રીતે તાત્ત્વિક વાત વસ્તુમાં જ પ્રવર્તાવવું જોઇએ

असब्भावगे परिवारस्स, गुणकरेज्जा तम्मि निच्चं, पणयपरे, निम्ममे भावेण।

પાપ ક્રિયા નહિ, નહિ ધાર્ય ચોરી જેવું અહિતહિતને જેવું પરથી નામે જુઓ ચાલ્યા વિધિ ધર્મના વિશારદોએ નાટક તમાશા - યુદ્ધ જોવાનું, અધિકરણો (ક્રિયાના સાધનો) ધારણ પ્રમાદાચરણ, મોજશોખ, સ્નાનાદિ આચરવાનું એ વગેરે અનર્થ ન જેને સાથે સાથે, જિનેશ્વરે કહેલી રીતિનીતિના અનુસાર કાયિક શુભ અનુષ્ઠાનોમાં પ્રવર્તે શીલમાં, દાનમાં, તપમાં, સામાયિક-પૌષધમાં, જ્ઞાન-ધ્યાનના જીવની જતનાની પ્રવૃત્તિ વગેરેમાં કાયાને પ્રવર્તાવે.

પોતાને જે ધન વગેરેનો લાભ થાય તેને યોગ્ય રીતે નિયોજે એમ મનાય છે, કે આવકના પ્રમાણમાં, અર્થાત્ આવકના ભાગ કરી આઠમા ભાગનું દાન કરે એવું જ લાભનો ચોથો ભાગ પોતાના ઉપભોગમાં વાપરે આવકનો ચોથો ભાગ કુટુંબ પરિવારનું પોષણ કરવામાં ખર્ચે, ચોથો ભાગ મુડીમાં રાખે અને ચોથો ભાગ વેપારમાં યોજે આ અંગે બીજી રીતે આવકની ઉચિત રીતે વિધિસર સુવ્યવસ્થા કરવી જોઈએ, બીજાઓએ પણ કહ્યું છે કે આવકમાંથી અર્ધું અથવા વધુ પણ ધર્મમાં યોજવું જોઈએ, અને પછી વધેલાથી બાકીનું તુચ્છ લૌકિક કાર્ય યત્નપૂર્વક કરે

અભિપ્રેત, કહેલા ગુણોથી અને સદાચારોથી સમૃદ્ધ બનેલ આત્મા પરિવારપ્રત્યે કેવો હોય? તેનું પાલન કરનારો હોય એ રીતે બને? શુભ પ્રણિધાનથી, અર્થાત્ નિરંતર શુભ પવિત્ર ભાવનાઓ, પવિત્ર નિર્ણયો અને સુંદર ઈચ્છાઓમાં રમતો હોવાથી,

एवं खु तप्पालणेवि धम्मो, जह अन्नपालणे त्ति। सव्वे जीवा पुढो पुढो, ममत्तं बंधकारणं।

સ્વાર્થી ન હોય, પણ પરમાર્થી હોય; અને અને ક્રોધી ન હોય, પણ સ્નેહ અને શાન્ત હોય; ટૂંકી દૃષ્ટિવાળા કે તુચ્છ વિચારો કરનારા નહિ પણ દીર્ઘદૃષ્ટિના-ઉદાર અને ગંભીર વિચારોમાં મનાતો હોય પરિવારને પીડા ન આપે સેવશુશ્રૂષાદિ, પરંતુ પરિવારને શક્તિ પ્રમાણે સંસારનું માયાવી અને મિથ્યા સ્વરૂપ, સંસારની વિચિત્રતા, સંસારની મૈત્રાદિ અને તત્ત્વસ્થિતિ અને સંસારને લીધે જીવની પ્રમાદી, મોહાંધ અને ગુલામી અવસ્થાઓ વગેરે સમજાવી તેને ધર્મમાર્ગમાં પ્રેરે. શક્ય ઉપાય છતાં તે ન સમજી શકે, ત્યાં તેની ઉપર દયાળુ બને ત્યાં વિચારે કે આ લોકમાં જીવો કર્મોની જુદી જુદી કર્મપ્રકૃતિને પરવશ પડેલા હોય છે, તેથી બિચારા ન પણ સમજે. એમ અને વળી સામાન્યતયા પણ પરિવાર તરફથી બદલાની અપેક્ષા નથી. તેથી પરિવાર પ્રત્યે શુદ્ધ કરુણાભાવ અને વાત્સલ્યવાળો બને. એમને પોતાનો ઉપકાર ન માનવે તેમાં કોઈ વખતે પણ દ્વેષ કરવાનો પ્રસંગ ન લાવે. એથી પોતાની તરફ રહેલું આકર્ષણ આદર ઓછાં ન થાય. આ રીતે, અનુકંપાથી જળવાયેલા સ્નેહ પરિણામે પરિવારને સંસારની અસારતા સમજવવા તક મળે; તેમજ આવી પોતાની કોમળ લાગણી જોઈને કુટુંબ એ કોમળતા સાથે રહેલા વૈરાગ્ય પ્રત્યે આકર્ષાય।

વળી પરિવાર પ્રત્યે અનુકંપાવાળો છતાં પોતે અંતરથી એમના તરફ મમતા વિનાનો રહે, એ માટે ભવસ્થિતિની આલોચના (વિચારણા), સંસારની અનંતવાર પુનઃપુનઃ આવૃત્ત અનિત્ય

સ્થિતિ વગેરે વિચારે માતપિતાદિ, એકેક સબંધ એકેક જીવ
સાથે અનેકવાર થયા, અને પિતા તે પુત્ર, કે મિત્ર તે શત્રુ પણ થયા
એવી વિચિત્રતા હોય, ત્યા કોના પર મમત્વ કરૂ ? જો હુ અહિ
મમત્વ રાખીશ તો પાછુ અનેકવાર સસારમા ભટકવુ પડશે
સસારી કુટુબ મોહાધ છે, અને ષટ્કાય જીવના આરભ
(સહાર)મા પડેલુ છે તેનુ પાલન કરવુ એ આમ તો, મોહ
અને આરભને પોષવા રૂપ હોવાથી પાપ છે, પણ ઉપર કહેલી
રીતે પાલન કરવામા આવે તો, બીજા દીનદુખીને ઉપકાર કર
વાની જેમ તે પણ ધર્મ ગણાય જીવવિશેષથી શુ? એટલે કે
બીજાને પાળે તોજ ધર્મ, અને કુટબને પાળે તો ધર્મ નહિ
એવુ નથી, એમા પણ ધર્મ બની શકે એટલુ ખરૂ કે મોહને દૂર
નાખી દયાભાવે પાલન હોય એમ કરતા, તે કુટુબ સાથે બેસી
તેને અસાર સસારની ભયકર સ્થિતિ સમજાવે અને ધર્મમા પ્રેરી
શકે સર્વે જીવો પોતપોતાના નિરનિરાળા તથાભવ્યત્વથી અને
કર્મોથી જુદા જુદા છે એટલે જેવા બીજાઓ જુદા, તેવો પરિવા
પણ જુદો દયાથી એના પાલનમા ધર્મ ખરો, કિંતુ એના પર
મમતા એ બધનુ કારણ, કેમકે એ લોભ કષાય (સ્વાર્થની ઇચ્છા)
રૂપ છે રાગનો એ પ્રકાર છે

મમતા ને સમતાની વચ્ચે જ સુખની ચાવી છે જીવે હવે તે
સમજવુ જોઇએ છે કે જે પરિવારને તુ મ્હારો મ્હારો કરી રહ્યો
છે, જેના સ્નેહમા ચીટકાઈ રહ્યો છે, જેના વિરહમા આકુલ વ્યા
કુલ થઇ રહ્યો છે, એ પરિવાર તો, જેમ સમુદ્રમા એકાએક પ્રચ
મોજુ આવ્યુ અને તેમા ઘણા માછલાઓ તણાઈ સસર્ગમા
આવ્યા, તેમ કર્મ મોજાથી એક બીજાને ભટકાઈ પડયો છે પછી
જેમ એ માછલા એક બીજાને પોતાના સબધી માનવા લાગે, એ

બીજાના પ્રેમી માનવા લાગે, 'હું તારો' અને 'તું મ્હારો,' કહેવા લાગે, પણ તે બિચારાને ખબર નથી કે થોડી વારમાં જ બીજું એક એવું પ્રચંડ મોજું આવશે, ત્યારે એક બીજાથી છૂટાય અને કેટલે દૂર ખેંચાઈ ફેંકાઈ જશે, એવા કે જ્યાં એક બીજાનો પત્તો પણ નહિ ખાય એમ, સંસારી નગરમાં જ્યાં કાળની એક થપ્પડ પડશે ત્યાં બંનેનો વિયોગ થતાં કેટલી વાર? મળેલા સગાં સંબંધીઓ મ્હોં ફાડીને જોઈ રહેશે, અને તું દૂર દૂર અપાર ભવસાગરમાં પરાધીનપણે ક્યાંય ફેંકાઈ જઈશ ત્યારે હવે કહે કે 'મારા મારા' કર્યાનો શો અર્થ ત્યાં રહેશે? ચપટી ધૂળનોય લાભ નહિ માટે ડહાપણ રાખી બુદ્ધિના આ ભવમાં મમતાને ફગાવી દનાગ બુદ્ધિ ફ્ળ્ર વિચિત્ર રીતે સંયોગવિયોગો થયા કરે, ત્યાં કોને કોનો સગો કહેવો? અતિ દીર્ઘ—અનાદિ એવા આ સંસારમાં અનંતવાર નવનવા જન્મ જ્યાં થાય છે, ત્યાં કોઈ એવો જીવ નથી કે જે અનેકવાર આપણો સંબંધી ન બન્યો હોય તેથી સ્વજન એ વસ્તુગત્યા 'સ્વજન' આપણું માણસ નથી એમ છતાં, સંસારમાં રહ્યા ત્યાં સુધી ઉચિત અને કર્તવ્ય ચૂકવાનું નહિ પરિવારે પણ એ પ્રમાણે હૃદયમાં ચોક્કસ ભાવવાનું છે પણ તે સંસારની અસારતા સાંભળે જ નહિ તો? તો જે વાતમાં તેમને રસ હોય તે વાત કાઢી તેમને આકર્ષી, પછી યુક્તિપૂર્વક આપણી વાત રસ તોડ્યા વગર જોડી દેવી તેમ છતાં તે સમજવા માટે અશક્ત લાગે તો 'એના કર્મો ગાઢ છે, મોહાંધ દશા છે, એ બિચારાને ક્યાંથી આ વાત સમજાય' એમ પોતે સમજી એમના પ્રત્યે અનુકંપાવાળો રહે

કુટુંબનું પાલન કરવામાં ધર્મ કેમ રહ્યો છે? ઉદાર થઈ રહ્યો છે માટે સંતાપ કરાવતો નથી, ગુણ કરે છે ગાઢ આર્તધ્યાન

तहा तेसु तेसु समायारेसु सइसमणागए सिआ, अमुगेऽहं, अमुगकुले, अमुगसिस्से अमुगधम्मट्ठाण ट्ठिए। न मे तव्विराहणा, न मे तदारम्भो, वुड्ढी ममेअस्स, एअमित्थ सारं, एअमायभूअं, एअं हिअं, असार मण्णं सव्वं, विसेसओ अविहिगहणेणं ।

ગે, ધ્યાનથી બચાવે છે એ ઉપકાર છે, તો પછી પ્રશ્ન એ થાય કે, સંસારીને બંધનું કારણ શાથી? એટલા માટે, કે જીવો જુદા જુદા છે; દરેકનાં કર્મ, એની ભવિતવ્યતા, એનું તથાભવ્યત્વ વગેરે સ્વતંત્ર છે; તેમાં મમત્વ રાખવું એ મિથ્યા ભાવના હોવાથી બંધનું કારણ છે.

કુટુંબને સંતાપ નહિ પરંતુ ગુણ કરનારો, અનુકંપાવાળો અને અંતરથી પોતે નિર્મળ રહી, ગૃહસ્થને યોગ્ય જે આચારો સેવે છે, એ આચારોમાં પણ લક્ષ વિના મૂઢપણે-ગતાનુગતિકપણે વર્તનારો ન હોય, કિન્તુ ઉપયોગવાળો બની વિચારતો રહે કે 'હું કોણ છું? મારું કુળ કયું? હું કોનો શિષ્ય? મારાં વ્રત કયાં? હું દેવદત્તાદિ નામે ગૃહસ્થ છું. અમુક કુળમાં ઉત્પન્ન થયો છું. હું અમુક આચાર્યનો શિષ્ય છું એટલે મારા ગુરૂ અમુક છે. હું અમુક સમકિત, દેશવિરતિ વગેરે ધર્મસ્થાનમાં રહેલો છું. મેં જે અણુવ્રતો લીધાં છે એની વિરાધના તો હું નથી કરી રહ્યો ને? અથવા હવે વિરાધના થાય એવું તો નથી લાગતું ને? એટલું જ નહિ પણ મારું ધર્મસ્થાન વૃદ્ધિગત થઈ રહ્યું છે ને?' જે આત્મામાં વ્રતો પાળવાની દૃઢતા છે, અને એ શ્રેષ્ઠ ભાવનાઓમાં રમવા સાથે વ્રતોને ઘણી જ સાવધાની પૂર્વક પાળવાની કાળજી છે, તથા સફેદ કપડા ઉપર ડાઘ ન લાગવા દેવાની જેમ વ્રતને

દૂષણ ન લાગે તે પ્રમાણે શાસ્ત્રે ફરમાવેલી વિધિથી યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાઓ સાચવીને વ્રતોને આચરનારો હોય કે, તે કહી શકે, કે મને વિરાધના લાગતી નથી છતાંય તે ન બને, કે, કોઈ કાળે જન પણ રાગદ્વેષનું જોર ધર્મભાવનાની શિથિલતા કે પ્રમાદ આવશે તો આખોય ધર્મસ્થાનનો પ્રાસાદ ડગમગશે અને કદાચ નાશ પણ પામશે તેથી, તે અમર (મુક્તિ કરાવનારા), આલંબનથી દૂર રહીને વિરાધનાદિથી, બચી, વ્રતોને પાળો 'ઓહો! જગતમાં સમકિત, વિરતિ વગેરે ધર્મસ્થાન સિવાય શું સાર છે!, એજ પોતાની ચીજ છે, કેમકે ભવાંતરમાં એજ સંપત્તિ તરીકે સાથે આવે છે એજ સુંદર પરિણામ લાવનારૂ હોવાથી જીવને કલ્યાણરૂપ છે બાકી ધન ધાન્ય, સંપત્તિનો ઢેર, વહાલા કુટુંબ, મિત્રપરિવાર, માનપાન, સત્તા, સામ્રાજ્ય કે વૈભવવિલાસો એ બધુંજ અસાર છે, અંતે ફજુલ છે, દગાખોર છે, અને વિશેષે કરીને અવિધિ અન્યાયથી મેળવ્યું ભોગવ્યું હોવાથી વિપાકમાં પરિણામે કારમાં કટુ ફળ દુઃખને આપનાર છે કહ્યું છે, કે, અર્થ (ધન)ના રાગમાં અંધ બનેલો પાપનેજ આચરીને જે કાંઇ લાભ મેળવે છે, તે બડિશામિષની જેમ તે રાગાંધનો વિનાશ કર્યા વિના પરિણમતો નથી, અર્થાત્ વિનાશનોજ પરિણામ લાવે છે

બડિશામિષ એટલે શું ? જેમ, માછીમાર માછલાં પકડવા લોખંડી અણીયારા કાંટાને, માંસના ટુકડાથી ઢાંકી, પાણીમાં, નાખે છે, ત્યારે એ માંસ અત્યંત સ્વાદિષ્ટ, લાગતું હોઇને માછલાં કોઇ પણ જાતના વિચાર વગર ઝડપથી તેને મોંમાં આણી, ગ્રહણ કરે છે, અને ખાવા લાગે છે ત્યાંજ પેલો કાંટો તાળવાને વીંધી ચોટેલો રહે છે અજ્ઞાનને શો ખ્યાલ, કે એ સ્વાદિષ્ટ સુંદર દેખાતા માંસની) અંદર રહેલો આંકડો (કાંટો) સાચો સ્વાદ પુરો થતા પહેલા અને,

एवमाह निरोगवधू परमकारुणिगे सम्मं संबुद्धे भगवं अरहंतेत्ति। एवं समालोचिअ, तदविरुद्धेसु समायारेसु सम्मं वट्टिज्जा, भावमंगलमेअं तन्निप्फत्तीए।

એ માંસ પચતા પહેલાંજ તારા પ્રાણને હરી, જીવનનો નાશ કરશે? એજ પ્રમાણે અનીતિથી મેળવેલી સંપત્તિ અને ભોગવિલાસો, દેખીતી રીતે તો ક્ષણવાર ઘણાજ સ્વાદિષ્ટ લાગશે, પરંતુ તેની મીઠાશએમ લેતા પહેલાજ તેની પાછળના પાપોથી બંધેલાં મહા ચીકણા કર્મો તારા આત્માને સ્પર્શી ફુગી નાખશે પવિત્ર, સુંદર તેજસ્વી અને મહાશક્તિવાળી તારા આત્માને મલીન, બીભત્સ, તેજરહિત અને મહાઅશક્ત બનાવી, હતો ન હતો કરી દેશે, એ જોને બનવુ જોઇતું નથી

આ બધી વસ્તુ કોણ સમજાવે છે આત્મને સુંદર અતિ સુંદર, અને મહાસુખી બનાવવાનો માર્ગ કોણ બતલાવે છે? ભગવાન અરિહંતદેવ એ સમજાવે છે, કેમકે એ ત્રણ લોકના બંધુ, સાચા સ્નેહી છે, અત્યંત યોગ્ય તીર્થંકરનામકર્માદિના પુણ્યના પ્રાગ્ભારવાળા છે, પરમ કારુણિક છે, એમના અનાદિ વિશિષ્ટ તથાભવ્યત્વના બળે એ પ્રભુજી જગતના સમસ્ત પ્રાણીઓપર અપરંપાર એકાંતિક અને આત્યન્તિક કરુણાવાળા હોય છે કારણકે, તીર્થંકરના આત્મા જેવું તથાભવ્યત્વ બીજાઓને નથી સર્વશ્રેષ્ઠ બોધિબીજ જે વરબોધિ તેને ધરનારા હોવાથી, સાચી રીતે બીજા ના ઉપદેશ વગર સ્વયંજ જે બુઝેલા છે, જડચેતનના યથાર્થ સ્વરૂપના નિશ્ચિત બોધવાળા અને મહા વિરાગવંતા છે, એવા જે વિશિષ્ટ આત્મા તીર્થંકરદેવ એ એમ ફરમાવે છે એ પ્રમાણે પ્રતિક વિચારીને અને નિર્ધારીને ધર્મસ્થાનો (સમકિત, દેશ

વિરતિ વગેરે)ને વિરુદ્ધ નહિ, પ્રતિકૂલ નહિ પણ અવિરુદ્ધ, અનુકૂલ એવા વિવિધ આચારોમાં સારી રીતે શાસ્ત્રનિયમાનુસાર પ્રવર્તે

આ રીતનું विधिपूर्वकनु धर्मवर्तन ते भावमंगळ छे प्र० ભાવ મંગળ તો શુભ અધ્યવસાયને કહેવાય છે, ત્યારે અહિં તો અહિંસા, સત્યાદિ, ઉત્તમ આચારો વગેરેમાં સવિધિ પ્રવર્તનને ભાવ મંગલ કહ્યું એ શી રીતે? ઉ૦ સાધુ ધર્મની પરિભાવનારૂપે જે સવિધિ પ્રવર્તન કરી ઉત્તમ યોગ્ય આચારોને સાચવે છે તેથી અશુભ ભાવના કર્મોનો નાશ થાય છે, અને આત્મા શુભ અધ્યવસાયના સુન્દર પરિણામવાળો બને છે આમ શુભ પરિણામ રૂપ ભાવ મંગળના અસાધારણ કારણભૂત એવા સવિધિ પ્રવર્તનને પણ ભાવ મંગલ કહી શકાય ધ્યાનમાં રાખવાનું છે કે અહિં વિધિપર ખાસ ભાર મુક્યો કેમકે વ્રતો લે, પાળે, તપ જપ કરે, પરંતુ પૂર્વે કહેલા આગમગ્રહણ અધર્મમિત્રત્યાગ ધર્મમિત્રોપાસના, લોકવિરુદ્ધનો ત્યાગ, શુદ્ધ મન વચન કાયાની ક્રિયા પરિવારને અસંતાપ અને ગુણધારિતા દયા અને નિર્મમતા જો ન સાચવે તો શુભ અધ્યવસાય પામવા દુર્લભ છે જેમ, તપ ઘણોય કરે, પરંતુ તપના પારણે આહારને ઘણીજ સ્વાદવૃત્તિથી ખાય, તેમાં તન્મય બને તેમ ઘણુંજ ખાય તો તેને તપનો સ્વાદ ક્યાંથી આવી શકે? તપ કરતી વખતે પેલી ખાવાની અને સ્વાદની વાસનાને ચાલુ રાખ્યા કરે, ત્યાં તપની સુવાસ એ નહિ પામે કેમકે તપ સાથે વિધિ ન સાચવી અથવા જેમ ઘરમાં કકાસ કરી કોઇ સાથે રગડી ઝગડીને મંદિરે પૂજા કરવા આવે, દેખાવમાં પૂજા સારી કરે, ફૂલ વગેરે સારા ચઢાવે, પરંતુ ત્યાં ગૃહક્લેશના વિચારો આવ્યા કરે, ક્રિયા ભલેને કાયાથી થતી હોય, પરંતુ મન તો આર્ત રૌદ્ર

तहा जागरिज्ज धम्मजागरिआए।

ધ્યાનમાત્ર હોય તો તેથી આનો ઉત્તમ પણ આચાર હૃદયને શી શાંતિ આપે ? તે પ્રમાણે નૈમિત્ત આગમગ્રહણ વગેરે જો વિધિ વિનાનું પ્રવર્તતું હોય તો તે આત્મગુણ ન બની શકે ધર્મવ્યવહારમાં જેટલા શુદ્ધિ તેટલા પ્રમાણમાં ધર્મસ્થાનો ઉત્તમ વ્યવહારમાં જેટલા શુદ્ધ ભાવો શુદ્ધ પરિણતિ, તેટલાજ ધર્મના શુભ અધ્યવસાયો. તેથીજ ધર્મની શુદ્ધ આરાધના વ્યવહારમાં જેની અશુદ્ધિ તેનીજ અશુદ્ધિ પોષાતી.

સાધુધર્મની પરિભાવના કરનારે મહા **धम्मजागरिया** કેવી રીતે કરે ? ભાવનિદ્રાનો ત્યાગ કરીને **भावनिद्रा एटले अतत्त्व ना चिंतन, रागद्वेषनी रमत, मिथ्यात्वनो मुंझारो, बाह्य भावना ताण्डव, प्रमादनी परवशता** વગેરે આને ગણીને સતત ધર્મ જાગૃતિ, અર્થાત્ તત્ત્વની સમ્યગ્ વિચારણા કરવી જોઈએ તે એવી ઉચ્ચ કોટિની હોવી જોઈએ, કે જીવનમાં કઠીન સાધુધર્મ આદરવા માટે જીવને પૂર્ણ ઉત્સાહિત અને ઉત્સાહી કરનારી હોય રત્નોપમ માનવ આયુષ્યની બાકી (Balance) મા જે અમુલ્ય વખત રહી શેર છે તેનુ [1]મહામૂલ ઉપજાવવા માટે, આ વિશિષ્ટ જીવનનું વિશિષ્ટ [2]મહાઉચિત આચરવા માટે, જડમુખી પ્રવૃત્તિમાથી સર્વથા છુટી [3]આત્મમુખી પ્રવૃત્તિમા લીન થવા માટે, અને વારંવાર જન્મમરણની જંજાળને ટાળવા, તથા કર્મવ્યાધિને મિટાવવા માટે ધર્મ-ઔષધને પૂર્ણ રીતે સેવવુ જોઈએ કાળને ઉચિતનુ મુલ્ય સમજવુ જોઈએ, અને તે સમજવા વારંવાર વિચારણા કરે, **को मम कालः** આ મારે કયો કાળ છે અર્થાત્ આ મારે મને આ કેવો કિંમતી કાળ મળ્યો છે ! અને **किमेअ**

को मम कालो ! किमेअस्स उचिअ !

उचिअ ? આ મહા કિંમતી કાળને ઉચિત શુ કર્તવ્ય છે ? મારી પૂર્વ સ્થિતિમા અનતા પુદ્ગલપરાવર્તના કાલ અનત જન્મ કરી અનત શરીરના પરાવર્તન કરવામા ગયા, જ્યારે આ કાળ તેવા પરાવર્તન ફરી ન કરવા પડે એવી સ્થિતિ ઉભી કરવા માટે સમર્થ મળ્યો, છતા એ કાળનો હુ કેવો ઉપયોગ કરી રહ્યો છુ ! અજ્ઞાનમા, મોહવાસનામા, સસારના વિકટ પથોમા આત્માને રખડાવવાનો ! ભાન નથી કે એથી આવર્ત ઓછા થાય છે કે વધે છે ? આનો વિચાર કરતા પૂછો અતર આત્માને શુ કહે છે ? આ જીવનમા જે જે વિચાર–વાણી–વર્તનના અભ્યાસ કર્યા, તે આ માનવ જીવનના કાળમા ઉચિત છે ? બીજી ગતિના કાળમા એ નહોતું બની શકતું ? આ કાળનું મહામૂલ્ય કેટલુ ! અને એનુ અવમૂલ્ય હુ કેટલુ કરી રહ્યો છું ! કેવા સુન્દર પ્રકાશના પથને અવગણી કેટલી ઘોર અધારી અજ્ઞાનની ખીણમા ઉતરી રહ્યો છુ !

સવાર પડી ‘ પેપર ’ આવ્યુ તેમા ઝટ જોયુ બજાર ભાવનુ પાનુ, ત્યા થયું કે આજે આમ વધઘટ છે, આવા સજોગો છે, હવે જો બજાર આમ ઉઘડે તો આમજ કરી લઉં, બસ બીજી કોઈ વાત નહિ અથવા સિનેમાની જાહેર ખબરો જોઈ ‘ અહાહા ! આ સીનેમા અફલાતુન, તેમા આ એકટર એક્ટ્રેસનુ કામ ઘણું સરસ, શું તેના ગાયનો ! અથવા રેડીયાના પ્રોગ્રામોના કે બીજા ત્રીજા આવા ને આવાજ વિચારોથી દિવસ રાત પુરા આ બધુ શું કર્યું ? મોહ વધાર્યો કે ઘટાડ્યો ? સસારવર્ધક પ્રવૃત્તિ વધારી કે ઘટાડી ? વર્તમાન ઉત્તમ કાળ આ માટે છે ?

આ તો તે કાળ છે, કે જેમા આત્મા પરથી અનતા કાળના

ર્મના જાળા ઉખેડી નંકાય છે, જ્યા કર્મકાઠને ધર્મસાધના ના જ્વલત અગ્નિની આગીને સાફ કરી શકાય છે જ્યા અના દિ અનતકાળથી મ ા મલીન આત્માને વિશુદ્ધ ભાવનાઓથી મધ્યાહ્નના ગ્રીષ્મસૂર્યવત્ સપૂર્ણ તેજસ્વી બનાવી શકાય છે એવા આ ભવમા કર્મજાળ વધારવાનુ, કર્મઉકરડાના કચરાને મોહના ટોપલાથી ભરી ભરીને આત્મામા ઠાલવવાનુ કરાય, એ કેટલુ બધુ કળને અનુચિત!

આતો તે કાળ છે, જ્યા ચેતનને જડવત્ બનાવનારી જે ચાર મહા સજ્ઞાઓનો નશો આજસુધી આત્માને ચઢયો હતો અને એ નશામા જીવે કર્મથી સસારના વિચિત્ર નાટક સર જ્યા હતા, અને એથીજ કર્મ બાધતા પાછુ વાળીને જોયુ ન હતુ, કે વિચારણા કરવા સરખીય ફુરસદ રાખી નહોતી, તે દુષ્ટ સજ્ઞાઓને દાન, શીળ, તપ વગેરેથી નાબુદ કરી શકાય (સ જ્ઞાના નાશનો આથી બીજો ઉચિત કાળ કયો મળવાનો હતો? કેમકે રાત્ દિવસ આ ખા ની વાતો, વિષયોનો સસર્ગ, પરી ગ્રહની પ્રવૃતિ, અને વારે વારે નિદ્રા અને ભય-એ બધુ મનુષ્ય સિવાયની બીજી ગતિમા તો સારી રીતે કરવાનુ હોય છે, અને તેનાથી કેમ નાએ પુષ્ટ રહે છે આ ભવનો કાળ, એવો યોગ્ય છે, કે એનાથી પ્રતિપક્ષી પ્રવૃતિઓ અને પ્રતિપક્ષી ભાવનાઓના અમૃત કેટલા પી શકાય આહાર સજ્ઞા સામે (આહાર પર શુ ખ્લાલ અરૂપી અને અન ત સુખી એવા મારે આ શી લપ! આ શી પુદ્ગલની ગુલામી? વિષય સજ્ઞાની સામે વિરક્તભાવ પરિગ્રહ સજ્ઞા સામે નિસ્પૃહતા, નિદ્રા સામે આત્મજાગ્રતિ ભયની સામે નિર્ભયતા—આ બધાને કેળવવાનો આ સારો વખત છે કેમકે અહિં તપ શીલ, દાન વગેરે સુન્દર પ્રવૃતિઓ

થઈ શકે છે સંસારનો વિપર્યાસ દૂર કરવા માટે સંજ્ઞાનો કાટ ઉતારી દેવો જોઈએ એ માટે ઉદારતા, નિરાગ, ત્યાગ, શુભ ભાવો, વગેરેથી આત્માએ સારી રીતે સ્વસ્થ બનવું જોઈએ અને વચ્ચે જે કાંઈ આડે આવે તેના પર વિજયી બનવું જોઈએ આ બધુ આ કાળે સુશકય છે ઓહો ! કેવો સુન્દર કાળ મને આ મળ્યો છે ! કેટલો દુર્લભ ને કિંમતી ડળ હું પામ્યો છું ! છતા સંજ્ઞાઓનું જોર તો જુઓ ! જીવનભર 'ખાઉં-ખાઉં આ ખાઉં તે ખાઉં' એ ધૂન, ' આ વિશ્રામ કરૂં આ જોઈ લઉં આ ભોગવી લઉં, મારૂં શરીર કેવું સુંદર લાગે છે, હું કેવો પુષ્ટ છું ' આ આસક્તિ, અથવા તો, ' શરીર સારૂં નથી રહેતું, મન્ન માણી શકાતી નથી, ઉંઘ નથી આવતી, પૈસા નથી મળતા,' આ ચિંતાઓ માનવ કાળમાતો સમજવુ સહેલુ છે કે પેટને ગમે તેટલું આપીશ પરંતુ સવાર પડતા તે ભૂખ્યું તું દેહને તૃપ્ત સુવાડે, અને એ ભૂખ્યુ ઉઠે, હવે એને તૃપ્ત કરવા પાછો આખો દિવસ કાઢવાનો ! વાહ ! કેવી વેઠ ! દેહની ખાતર આત્મા ? કે આત્મા ખાતર દેહ ? વળી સુંદરમાં સુંદર મિષ્ટાન્ન આપો એની વિષ્ઠા કરે એ નિર્મળ ગંગાના પાણીના પેશાબ કરે એ. આવું નઠારુ ભાગટીયું, ભૂખ લીયું, અને ભીખણીયું શરીર એમ તૃપ્ત નહિ થાય, એ તો ત્રાપ ત્યાંથીજ તૃપ્ત થાય ...

એવી રીતે ધન ગમે તેટલું કમાય, પણ તેને સંતોષ નથી જડની ઇચ્છા, આકાશ જેવી અનંત છે પહેલા હજારની; મળે તો લાખની, તે પણ મળેથી ૨૫-૫૦ લાખની, એમ લોભ અને પરિગ્રહ સંજ્ઞા વધતીજ ચાલે તેને દેવોની પણ ઋદ્ધિ આપવામાં આવે, તોય તૃપ્તિ નહિ પોતાનાથી ઉંચા ઉંચા સ્વર્ગની ઋદ્ધિ જોઈ બળે, ખિન્ન થાય જડ પદાર્થની, ઇન્દ્રાનુ એ માહ્યા ગય છે

કે એ ઇચ્છા પુરી થતીજ નથી એ તો ઉપેક્ષાભવથી મી? 'ન જોઇએ, ન જોઇએ'ના મત્રથી શમે તે ઉપેમાભાવ તૃષ્ણાના ભયકર પરિણામો હૃદયે વિચાર્યાથી કેળવી શકાય પછી તો આહાર-વિષય-પરિગ્રહ સજ્ઞાના ભુક્કા ઉડાડી શકાય એ માટેનો આ યોગ્ય કાળ છે

દેવનો કાળ પણ મે જોયો ઘણીજ ઋદ્ધિ સિદ્ધિ જોઇ ત્યા ખાવાની જરૂર નહોતી, પણ પુણ્યાઈ મળી હતી ઉત્તમ ખાન પાન ખાવાની જે ઇચ્છા, તેને દીવ્ય સુદર ઓડકારથી શમાવી શકાતી બીજા પરિશ્રમ વિના માત્ર ઓડકારથી શમી જતી આવી સિદ્ધિ હોવા છતા, જો ઇચ્છાઓ પર ઇચ્છાઓ દોડતીજ રહી, તો આહાર સજ્ઞા કયાથી તૂટે ? સુવા બેસવા માટે, હરવા ફરવા માટે, આમોદ-પ્રમોદ માટે, બાગ બગીચા, મુલાયમ વસ્ત્રો, મખમલના ગાલીચા, અતિસુદર પુષ્પો, સુંવાળી રમણીઓ, એ જે મળ્યું હતુ, તે બધુ રાગને વધારનારૂ હતુ, ત્યા વિષયસજ્ઞા કયાથી તૂટે ? આહાર સજ્ઞા, વિષય સજ્ઞા તોડવાનો ત્યા કાળજ કયા હતો ? ક્ષેત્ર કયા હતું ? જ્યારે અહિ બધુંજ અનુકૂળ છે અહિ રાગ વધારનારા સાધનો તેવા નથી તેવા દીવ્ય સ્વાદિષ્ટ ખાણા કે મહાવૈભવો નથી, કે જેથી સજ્ઞાઓ પોષવાથી બહુ સાર નીકળે અને તપ અને ત્યાગ અહિ કરી શકાય એમ છે તેથીજ આ કાળ ઘણોજ ઉત્તમ છે

આહાર કરતા, વિષયોમા ઇંદ્રિયોને જોડતા, અને પરિગ્રહની મમતા કરતા એમ થવુ જોઇએ કે અરે ! દુશ્મનને હજુ હુ પોષી રહ્યો છુ ? દુશ્મન સાથે દોસ્તી કરી રહ્યો છું ! દુશ્મનોને મ્હારાજ આત્મા પર હલ્લો કરવા આમત્રી રહ્યો છુ ! કયારે અવસર મળે કે એનાથી ભાગી છુટુ

કોઇ કહેશે કે આ શરીરને ટકાવી રાખવા સારૂ તો ખાવાની જરૂર છે ને ? પણ એને ખબર નથી કે જે એમ થાય છે કે અમુક અમુક વસ્તુ મારે ખાવી જોઇએ, આટલી વાર ખાવુ જોઇએ, એ બધુ શરીરના પોષણના નામે મન ગ્નાને પોષણ અપાય છે ' દુધ ખાઉ એટલે શરીર મજબુત થાય, ' અરે એથી તો મન ગ્ના મજબુત થાય છે અને આ તો બકરૂ કાઢી ઉંટ પસાડવા જેવું થયુ ! શરીરની અપુષ્ટતા ટાળવા માટે મન ગ્નાથી વૃત્તિને તેજ કરી પુષ્ટ બનાવી નહિતર, આપત્તે તો એવુ કરવુ છે કે शरीर धर्मसाधनार्थे टका वयु छ मर, पण मजान मारीने જેમ, વીંછી પકડવો છે, પરતુ ડખ ટે નહિ તે પ્રમાણે આહારદિની પ્રવૃત્તિને પકડવામા આવે તો ભય નહિ

વળી વિચારે કે को मम कालो ? किं एअस्स उचिअ ? આ મારે કયો કાળ છે ? આ કાળને યોગ્ય શુ છે ? આ તે કાળ છે કે જ્યા આત્મસ્વરૂપની આડે આવેલા કર્મના પડદાને ચીરી શકાય, મોહની નદીમા તણાઇ ભવસમુદ્રમા રુલી જવાને બદલે જ્યા वीतरागना शासनरूपी नावामा बेसी भवपार उतरी शकाय, एवो आ काळ छे જે નાવ મળી હતી તે કાણી હતી, કેમકે મોક્ષનુ લક્ષ્ય નહોતું આજે એ સુઝયુ છે, તો અખડ ચારિત્રનાવમા બેસી કર્મજાળથી બહાર કા ન નીકળી જાઉ ?

તિર્યચનો કાળ પણ જોયો હતો. બળદ હતો, ગાડામા પચીસ મણ ભાર ભરેલો હતો, મધ્યાહ્ન સમયે ચૈત્ર વૈશાખના તડકા તપી રહ્યા હતા જમીન અગ્નિવત્ ઉષ્ણ હતી, ઘીખના તાપો, તૃષાનો પાર નહિ, અતિ પરિશ્રમે ભૂખ પણ જોરદાર, શરીર પરસેવાથી રેબઝેબ, મોમાથી ફીણ છુટી જતુ હતુ, ત્યારે ઉપરથી ગાડીવાળો આખડી ખીલી મારા જીવતા શરીરમા ઘોચતો

હતો, તેથી મને મહુજ ગુન્હો થતો કેમ ગુન્હો ? તે કાળ ગુન્હાનો હતો માથે પડ્યુ નમતાથી ભોગવ, કર્મ ખપે છે એમ ત્યા કાણ સમજાવે ? અને સમજવા જેટલી બુદ્ધિય ક્યા હતી ? જ્યા આજે માનવ ભવમા એ કાળ છે, કે જ્યા સમતા સમાધિ અને સહિષ્ણુતા લાવી કર્મોની સુદૃઢ નિર્જરા કરી શકાય ... વનો કાળ અસયમનો હતો, આજે સયમનો છે પૂર્વનો કાળ ...નો હતો આજે વિરાગનો છે પૂર્વનો કાળ દ્વેષનો હતો આજે ઉપશમનો છે પૂર્વનો કાળ મન-વચન-કાયાની કુપ્રવૃત્તિએ ...ડાવાનો હતો, આ કાળ એ દુઃખથી બચવા મન-વચન-કાયાની ગુપ્તિનો છે

જીવ ! ઘડીભર બેસી વિચાર તો કર કે, કેવી આ ઉત્તમ કાળની બક્ષીસ તને મળી છે ? મિત્ર આ માનવકાળના પ્રતાપ કેટકેટલી વિશિષ્ટતાઓનો લાભ થયો છે ? એ લાભ થવાના હિસાબે આજ સુધી તે શુ કર્યું ? ને હવે શુ કરવા યોગ્ય છે ? માયાનિદાનના શલ્યો ઉખેડવાના કાળમા શલ્યો ઉખેડી રહ્યો છે કે જૂનાને સાચવી નવા વળી પેદા કરી રહ્યો છે ? મિથ્યાત્વ ચોરને પોષી રહ્યો છે કે ભગાડી રહ્યો છે ? વાઘ વરુના ભવમા શત્રુ બહુ રાખ્યા, પણ હવે શા સારૂ વાઘ વરૂ બનવુ ?

અનાર્યપણાના કાળમા નિદાન (પૌદ્ગલિક આશસા) બહુ કર્યા, પરતુ હવે અનાર્ય બનવાની શી જરૂર ? જિન ન હોતા મળ્યા ત્યારે કુલિંગ કુમત બહુ સેવ્યા, પણ હવે એ હોય ?

આ તો તે કાળ છે,—કે જેમા રસ, ઋદ્ધિ અને શાતાની લયલીનતા અને એના ગારવના પર્વતપર ચઢવાનુ હવે સહેલાઇથી મૂકી દેવાય એ ત્રણની આસક્તિ શિલાજતુ જેવી છે શિલાજતુને તરસ્યો વાઘ પાણી માનીને પીવા જાય છે, પરંતુ

મો ચાટી જાય છે તેને કાઢવા હાથ ઘસે છે, તો હાથ ચોટે છે એમ કરતા આખોને આખો ચોંટી જાય છે પછી તેના ગમે તેટલા ધમપછાડા કે ગમે તેટલા પ્રયત્નો પણ નકામા જાય છે, અને અંતે વધુ તરસ્યો, ભૂખ્યો, અને બંધાયેલો-અકળાયેલો મરણ પામે છે એમ રસ, ઋદ્ધિ અને શાતામા ચીટકેલા પામર જીવો વધુ તૃષ્ણા, વધુ ભૂખ અને વધુ બંધનોથી પકડાઈ અનેક જન્મ સુના સાર્વ દુઃખ પામે છે એવું ચીટકવાનું દેવાદિભવમા સુલભ હતું કેમકે ત્યા બચાવના સાધનો તેવા નહિ જ્યારે, બાકી નવી વિપુલ સાધન સામગ્રીથી સંપન્ન આ કાળ છે, એને ઉચિત શું? એ રસ-ઋદ્ધિ-શાતાના શિલાજતુમા ન લેપાવુ તેજ ને?

જ્યા ચક્રવર્તિના રસ, ઋદ્ધિ પણ હિસાબમા નથી લેખાતા એવી દેવલોકની ઋદ્ધિ આગળ આપણી ઋદ્ધિ કઇ? દેવોના રંગરાગની આગળ માનવના રંગરાગ કઇ વિસાતમા? તમારા તુચ્છ સ્વાદો,—એક દિવસ ખાવું, અને એક દિવસ ખાવું, એ તમારા ઢંગધડા વિનાના સ્વાદો કયા હિસાબમા? જેમ એક માલદાર પકવાનના સુંદર સ્વાદિષ્ટ ભોજન ઉપર જમવા બેઠો હોય, તેમા જાત જાતની મીઠાઇઓ હોય, અને તેની સુગંધ નીકળતી હોય જેથી દૂર દૂર સુધી ભિખારીઓને મોમાથી પાણી છૂટતા હોય, જમવા માટે ગીલગીલિયા થતા હોય, હવે ત્યા એની સાથે બેઠેલા પૂર્વના તેવાજ કોઈ શ્રીમંત રંક બનેલ ઘેંસ પીરસી હોય તે ઇર્ષ્યા થી શે એ? જમનારને કેવી મશ્કરી લાગે? પછી એ કેમ્મ શું રચે? એ પ્રમાણે દેવતાની દીવ્ય ઋદ્ધિ, દીવ્ય રસો અને દિવ્ય ઇન્દ્રિયની તથા શરીરની દીવ્યશાતા આગળ માનવની ઋદ્ધિ તેમ નવ સમજે તો લાગે કે આ તો મારી મશ્કરી થઈ રહી છે એમા હું શું રાચુ? અને દેવઋદ્ધિથી પણ જો તૃપ્તિ થઈ નથી તે આનાથી શવાની

કુતી? તૃપ્તિ તો એની આધીનતા છોડવાથી થાય એની આધીનતાને દબાવી દેવા માટે જ, અહો! મને કેવો સુંદર દેવગુરૂધર્મની સામગ્રીવાળો આ યોગ્ય કાળ મળ્યો છે!

વળી વિચારે को मम काल ? किमअस्स उचिअ ' આ કયો કાળ મને મળ્યો છે? એને યોગ્ય શું છે? આ તે કાળ છે કે જ્યાં સંસારની ચાર ગતિમા ચિરકાળ ભ્રમણ કરાવનારી કષાય ચોકડી, એની કારણભૂત સંજ્ઞા ચોકડી, કષાય તથા સંજ્ઞામાંથી જ મતી આર્ત-રૌદ્ર પ્રત્યેકની દુર્ધ્યાન ચોકડી અને વિકથા ચોકડી —આ ચાર ચાર ચોકડીઓનો અંત લાવી શકાય બીજી ગતિઓના કાળમાં આનું ભાન જ ક્યાં હતું? ભાન હોય તો પણ એને હટાવવાના સંયોગ કે સામર્થ્ય ક્યાં હતા? અહિં તો ભાન છે, સંયોગ છે, શક્તિ છે, ત્યારે હું એ ચોકડીઓને વધારી રહ્યો છું કે ઘટાડી? નગવા ખાવાનું તો પુણ્યના હિસાબે જ છે, તો પછી નાહક ક્રોધાદિ શા માટે કરૂં? એથી તો ઉલટું પાપ જમે થાય છે એના કટુવિપાક હવે મારે નથી જોઈતા આમેય આત્મા કર્મથી-પાપથી ભાર છે, એમાં ફોગટ વધુ ભાર ભરૂં તો ભવાંતરે મારો કુચો નીકળી જાય માટે કષાય ન કરૂં, સંજ્ઞા ન પોષું, દુર્ધ્યાન ન સેવું, વિકથા ન આચરૂં કેમકે, મારે મોક્ષ જોઈએ છે મોક્ષમાં તો અનાહારનું સુખ છે, આહારનું નહિ, વિષયત્યાગનું સુખ છે, વિષયભોગનું નહિ, અપરિગ્રહનું સુખ છે, પરિગ્રહનું નહિ વળી વિકથા તો સત્કથાના સમેવા આ દુર્લભ માનવસમયને લૂંટે છે, મન બગાડે છે, કષાય વધારે છે, માટે એનો પડછાયો ન લઉં દુર્ધ્યાનને બદલે શુભધ્યાન કરવાનું મારે ઘણું છે, અને તે જ્યારે અહિં શક્ય છે, તો એ જ કરીશ,—આ નિશ્ચય અહિં શક્ય છે,અમલ પણ અહિં શક્ય છે

વળી આ તે કાળ છે કે જ્યાં વિષયો પ્રત્યે વિરાગી બની

अमारा विसया, निअमगामि [illegible]
*भीसणोमच्चू, मेवाभावरा [illegible]
अणिवारणिज्जो, पुणो पुणोऽणुस्स।

સર્વવિરતિ આદરી શકુ બીજા [illegible]
શકય નથી, તો પછી અપ્રમત્તતા [illegible]
શલેની અને મોક્ષની તો વાતજ [illegible]
કાળને હુ વિષયોની ગુલામીમા [illegible]
કે જે ઝેર પાઈ મનેજ પીડવના [illegible]

વિષયો અસાર છે, નક્કી [illegible]
વિરસ-કટુવિપાક દેના [illegible]
ગમે તેવા રઝીયામણા રસ, [illegible]
સ્પર્શો, કે સુગ ધી મળે, પણ એ [illegible]
શ્વર હોવા સાથે આત્માને વિકૃત [illegible]
તેથીજ એ વિષયો આત્માની [illegible]
અવશ્ય વિયોગથી છૂટા પડવાના [illegible]
ણામે ભય કર દુ ખમા રીબાવન [illegible]
અને અનતસુખદાયી માનવદેહ [illegible]
વિનાશી અને દુ ખદાયી વિષયે [illegible]

[illegible] વડેલા સમજી લેવાની [illegible]
મૃત્યુ ભય કર છે એ અકલ્પ્ય [illegible]
જેને મૃત્યુ નથી, એને કોઈ ભય [illegible]
અભાવ કરનારુ છે, એટલે કે [illegible]
કે મર્યા પછી અહિંના માલ, મિ [illegible]
શરીર, ઇંદ્રિયો [illegible]

આવે છે તે કોઈ દિવસે આપણી કુરમદે આવતુ નથી રે આત્મન્' અહિ તારી ગમે તેટલી હોશિયારી હશે, તારૂ ગમે તેટલુ માન હશે, તારા એક શબ્દ પાછળ હજારો માણસ પ્રાણ આપવા સુધી તૈયાર થતા હશે, પણ જ્યારે મૃત્યુ આવશે ત્યારે એમાનું કાઈજ કામ નહિ આવે ચક્રવર્તી, ઇન્દ્ર, કે અનત બળી પરમા માની પણ કોઈ તાકાત મૃત્યુને રોકવા સમર્થ નથી મૃત્યુ તારી અત્યત કાકલુદીભરી વિનતિ પણ નહિ સાભળે તારા માનની કે તારી ઋદ્ધિ સિદ્ધિની મૃત્યુને કોઈજ પરવા નથી તે તો તને ઠફાની જેમ ઠોકરે ઉડાવશે કેમકે (૪) એ અનિવારણીય-રોકાય નહિ એવુ છે મૃત્યુ આવે ત્યારે તુ તેને જો કહીશ કે "ભાઈ ! જરા થોભી જા, હું જીદગીમા ધન ધાન્ય દિ તો બહુજ કમાયો, (તેથી તો પુણ્ય વેચાઈ ગયુ) પણ મે દાન કર્યુ નથી, અને અધર્મો બહુજ કર્યા છે કુ ટુબની જ જાળમા, ધનની લોલુપતામા, વિષયોના મોહમા હું બહુ લપટાયો, આ બધાથી તો માત્ર આત્મામા પાપના ગ જ ખડ કયા, હવે તુ ફક્ત જરા થોભી જા, તો હુ દાન દઈ દઉ, ધર્મ કરી લઉં,"ત્યારે મૃત્યુ જાણે ખડખડાટ હસશે તે તને ભયકર લાગશે' તુ થરથર ક પીશ, તોય તે તારી મૂખ તા ઉપર અને તરી પામરતા ઉપર જાણે વધુ હસીને તને કયાય અ ધારામા ઉપાડી જશે (૫) 'મચ્ચૂ પુણો પુણોઽણુબ ધી' મૃત્યુ પાછુ એકજ વખત આવતુ નથી ફરી ફરી તેની આવૃતિ થાય છે જયા જન્મ થયો કે મૃત્યુ તો નક્કી ઉભુ જ છે રાગદ્વેષ અને મન વચન કાયાની પ્રવૃત્તિ છે, ત્યા સુધી કર્મ અને જન્મ છે, અને જન્મ છે, તો અવશ્ય મૃત્યુ છે અનેક યોનિઓમા, ચારે ગતિમા વારવાર મૃત્યુ આવે છે

એથી ક્ષાત્રવટના પ્રણિધાન કરે, કે આ તે કાન છે કે જ્યા હુ રાગદ્વેષના ક્લિષ્ટ બધનોને કાચા તાતણાની માફક તોડી

धम्मो एअस्स ओसह, एगन्तविसुद्धो, महापुरिससेविओ, सव्वहिअकारी, निरइआरो परमाणंदहेऊ। *नमो इमस्स धम्मस्स। नमो एअधम्मपगासगाण। नमो एअधम्मपालगाण। नमो एअधम्मपरूवगाण। नमो एअधम्मपवज्जगाण।

નાખીશ મૃત્યુ ઉપર વિજય મેળવીશ તેથીજ આપણે તો સુવાળા, સુકુમાર, આવા વખતમા આપણાથી શુ થઈ શકે ?' એવા વેવલા શબ્દોને કાઢી નાખી, પ્રબળ શુભ ભાવનાના જોમ થી હૃદયમા રહેલા અજ્ઞાનના અધકાર અને મોહના નશાને ફગાવી નાખીશ

ધર્મ એ પુન પુન મત્યુના અસાધારણ રોગને કાઢનાર ઔષધ છે એનુ સેવન પૂણજ કરવુ જોઇએ આ જગતના લાલ પીળામા જીવને અવતો અને વિષયોએ મુઝવી નાખ્યો છે તેથી આત્માની શક્તિ તદ્દન ઓછી થઇગઇ છે એ સ્થિતિ પલટાવવા ધર્મજ એક ઔષધ છે તે ધર્મ કેવો ? જે એકાતે નિર્મલ હોય, એટલે કે કષ, છેદ અને તાપની પરીક્ષામા પસાર થયેલા શાસ્ત્રે કહેલો હોય, અને પરમ નિવૃત્તિરૂપ હોય તોજ એમાત નિર્મલ કહેવાય હિસા, જૂઠ વગેરેની અવિરતિનો સર્વથા ત્યાગ તે પરમ નિવૃત્તિ વળી જે ધર્મ તીર્થંકર દેવ, ચક્રવર્તિ સરખા મહાપુરુષોએ સેવેલે હોય, મૈત્રી કરુણાદિકથી વાસિત હોવાથી સ્વપર સર્વને હિત આનદ, નિવૃત્તિ અને શાન્તિ અપાવે તેવો હોય, એ ધર્મને અતિચાર રહિત જેવો વિશુદ્ધ મળ્યો તેવો પળાય, તો જે પરમસુખ (મોક્ષ)દાયી હોય, એવો ધર્મ એ એનુ ઔષધ છે

*'નમો ઇમસ્સ ધમ્મસ્સ' આ ઉપર કહ્યા મુજબના ધ ર

इच्छामि अहमिण धम्म पडिवज्जित्तए सम्म मणवयण कायजोगेहिं । होउ ममेअ कल्लाण परमकल्लाणाण जिणाणमणुभावओ ।

હુ નમુ છુ, વદુ છુ આ ધર્મના પ્રકાશક શ્રી અરિહત દેવોને હુ નમુ છુ આ ધર્મને હૃદયમા ઉતારી પાલન કરનારા સાધુ મહર્ષિઓને હુ નમુ છુ આ ધર્મના ઉપદેશક આચાર્ય ભગવતોને હુ નમુ છુ આ ધર્મનેજ મોક્ષના હેતુ અને સત્ય ધર્મ તરીકે સ્વીકારનાર શ્રાવકાદિને નમુ છુ

હુ આ ધર્મને પામવા ઇચ્છુ છુ કેમકે હવે મને આ ધર્મનોજ પક્ષપાત છે, તે પણ સમ્યક્ માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓથી વણાએલા ધર્મને આથી હુ સપૂર્ણ સર્વાગ ધર્મસ્વીકારનુ ખાસ પ્રણિધાન (કર્તવ્ય નિશ્ચય) કરુ છુ આવો ધર્મ પામવાનુ કલ્યાણ મને પ્રાપ્ત થાઓ મારુ તો કોઇ સામર્થ્ય નથી, પરતુ અનત કલ્યાણી શ્રી જિનેશ્વરદેવોના પરમ પ્રભાવે (પ્રભાવિક પ્રસાદથી) એ પ્રાપ્ત થાઓ, એવુ હુ અભિલષુ છુ

આ રીતે ખૂબ એકાગ્રતા અને વિશુદ્ધ હૃદયથી વારવાર ચિતવે, અને ભાવે એમ, પોતાનાજ વિશુદ્ધ અધ્યવસાયથી પરમાત્માનુ નિમિત્ત પામી પોતાને ઉપકાર થયો ગણાય છે વળી તે ધર્મ પામવા ઉપરાત, તે ધર્મ સેવનારા મુનિપુગવોનો આજ્ઞાકિત, વિનયી અને સેવાકારી બનુ, એવી તીવ્ર સહૃદય ભાવના કરે મુનિ મહતોની આજ્ઞાકારિતા એ મોહને છેદી નાખવાનો શ્રેષ્ઠ ઉપાય છે કેમકે, એ મોહને છેદનારા જે સયમ યોગો, સયમના અધ્યવસાય સ્થાનકો, તેને પેદા કરનારી છે

सुप्पणिहाणमेव चिंतिज्ञा पुणो पुणो । एअधम्मजुत्ताण
मववायकारी सिआ । पहाण मोहच्छेअणमेअ । एव
विसुज्झमाणे भावणाए, कम्मापगमेण उवेइ एअस्स
जुग्गयं । तहा संसारविरत्ते संविग्गो भवइ, अममे
अपरोवतावी, विसुद्धे विसुद्धमाणभावे ॥ इति साहु
धम्मपरिभावणासुत्तं समत्तं ॥—

ઉપસંહાર—આ પ્રમાણેના કુશલ અભ્યાસમાં વિશુ
વિશુદ્ધ બનતો ઉપર કહેલી ભાવનાથી ઘણા કર્મના બંધન તો
નાખે છે કર્મનો તેવો વિશિષ્ટ નાશ થવાથી તે મુમુક્ષુ સાધુ ધર્મ
યોગ્યતાને પ્રાપ્ત કરે છે સંસારની ભયંકર દોષમય સ્થિતિ
વિચારણાથી સંસાર પ્રત્યે વિરાગી બનેલો તે, હવે મોક્ષની એ
અભિલાષાવાળો છે હવે એને સંસારની કોઈ ચીજ પ્રત્યે મો
માયા નથી, અને મમતા રહિત તે 'આ મારૂ અને આ તારૂ' થ
ઉત્પન્ન થતા પરપરિતાપથી (પર ને પરિતાપ આપવાથી) દૂ
રહે છે સર્વ પ્રત્યે અનુકંપાવાળો બનેલો તે, રાગદ્વેષની ગ્રન્થિ વગે
ભેદી નાખવાથી, શુભ અધ્યવસાયના કંડકની વૃદ્ધિ પ્રમાણે આગ
ળને આગળ વિશુદ્ધ બનતો જાય છે આ રીતે સાધુધર્મની પ
ભાવનાના વિકાસક્રમને આરાધે છે

— બીજું સૂત્ર સમાપ્ત —

કેટલો બધો પ્રભાવ ધરાવે છે? વાત એ છે કે એ પ્રભાવને સક્રિય બનાવવો જોઈએ, ક્રિયામાં ઉતારવો જોઈએ જેમ, કોઠામાં ઘણુંજ ભર્યું હોય, તે મસ્યા પછી જ દગીભરનુ દુખ જાય તેમ હોય, પણ ઉપર ઢાકણુ ઢાંકેલુ રાખી તેનો ઉપયોગ ન થાય તો શુ કામ લાગે? તેમ, ભગવાને ગણધર મહર્ષિઓને ત્રિપદી આપી, ને દ્વાદશાંગીની રચના થઈ એ શ્રુતના અખૂટ ભંડારો આપણને મળી તો ગયા, પણ હવે મેહના ઢાકણા ખસેડી સમ્યક્ત્વ અને આત્માના નિર્મલ બોધ જગાડી,' તે અનુસાર વર્તાય નહિ તો કેવુ? એના બદલે જો બીજા સૂત્રમા ફરમાવ્યાને અનુરૂપ વર્તન રખાય, તો એની અસર માતાપિતા પર એવી સુંદર પડે, કે એમને પણ એ જોઈ વગર ઉપદેશે માનવ જીવનની ઇતિ કર્તવ્યતા ચારિત્ર સાધનામાંજ લાગે તેથી એજ સાધવાનો વીર્યોલ્લાસ એમનેય પ્રગટે

આમ છતા, ધારો કે માબાપ જો કર્મની વિષમતાથી વગર ઉપદેશે પ્રતિબોધ પામ્યા નથી, તો તેમને ગમે તે પ્રકારે પ્રતિબોધ કર એ એમને સમજાવે કે 'જુઓ, આપણને જે ઉત્તમ આયુષ્યની મુડી મલી છે તે આ ભવ અને પરભવ બ ને માટે સફળ કરવાથી પ્રશસ્ય ગણાય जेणे जीवतर सुकृतथी सफळ कर्युं, तेणेज जीवी जाण्यु આ સુ દર જીવતરની સફળતા-આ ભવમા સર્વ જીવને અભયદાયી પવિત્ર જીવનથી છે, અને પરલોકમા ઉત્તમ સ્થાન, સ્થિતિ અને સુસ સ્કારના વારસાથી છે એનો ઉપાય એક માત્ર ચારિત્ર ધર્મ છે એ ન સેવ્યો, તોય મૃત્યુ નક્કી છે આપણને મનુષ્યના આવા તો કેટલાય જીવતર મલી ગયા હતા, પણ તે આ લોક અને પરલોક બન્ને માટે વેડફી બગાડી નાખેલા હવે આને સફળ કરી લો

अण्णाइ एगरुक्खनिवासिसउणतुल्लमेअ। उद्दामो मच्चू, पच्चासण्णो अ। दुल्लहं मणुअत्त मसुद्दपडिअरयणलाभतुल्लं।

'બીજી પણ એક વાત છે તે એ છે કે જો આપણે ચારિત્ર આરાધશુ તો લાબા સમય સુધી એટલે કે ભાવિ ભવમા પણ આપણો અવિયોગ (સયોગ) ચાલુ રહેશે, પણ વિયોગ નહિ થાય કેમકે, સમુદાયે કરેલા કર્મ (સુકૃત કે દુષ્કૃત)ના ફળ સામુદાયિક રીતે ભોગવવાના બને છે કોઈ આગ, પૂર, ફાસી વગેરેને એક સરખા રસથી કરનાર કે જોનાર સમુદાય એ ભવાન્તરે ભેગા થઇ કોઇ તેવાજ દુર્મૃત્યુને પામે એવુ બને છે એમ, કોઇ વિશિષ્ટ ધર્મ સુકૃતની સાધના સાથે કરીએ, તો એ એક સરખી સાધનાના પ્રભાવે ભવાન્તરે કાઇ સદ્‌ગતિમા બધા ભેગા થઇ શકાય, ત્યા પણ સમાન સુકૃત સાધી ક્રમે બધા સાથે મોક્ષ સુધી પહોચીએ એમ કદીય વિયોગ ન થતા, આપણો દીર્ઘ સયોગ રહે નહિતર તો, હુ ચારિત્ર સાધુ અને તમે ન સાધો તો સામુદાયિક સરખી સાધનાના અભાવે સામુદાયિક ફળ પણ નિપજે નહિ તેથી પરભવે ભેગા થવાનુ નહિ એટલે, એક વૃક્ષમા ભેગા રાતવાસો કરી, પ્રભાતે ઉડી છૂટા પડી જનાર અનેક પખેરાના જેવી સ્થિતિ થાય અર્થાત્ આ ભવને અતેજ દીર્ઘકાળ માટે એક બીજાથી અત્યત છૂટા પડી જવાનુ થાય શાસ્ત્રોમા કહ્યુ છે કે નિવાસ અર્થે વૃક્ષ પર ભેગા મળેલા પક્ષીઓ પ્રાતઃ જેમ જુદા પડી જાય છે, તેમ જીવોનો ટૂકો સમાગમ પણ દીર્ઘ વિયોગમા પરિણામ પામે છે

મૃત્યુ ઉદ્દામ છે તેની ગતિને કોઈ અટકાવના પહોચાનાર

अइप्पभूआ अण्णे भवा दुक्खबहुला, मोहंधयारा, अकुसलाणुबंधिणो, अजुग्गा सुद्धधम्मस्स। जुग्गं च एअं पोअभूअं भवसमुद्दे, जुत्त

નથી આ રાજ્યલોકના કોઈ પણ પ્રદેશમાં તે જઈ શકે છે એમાં વળી આપણું આયુષ્ય-જીવનદોરી ટૂંકી હોવાથી મૃત્યુ નજીક હોય તેથી, હાથમાં કાળ થોડો છે, અને તેમાં ધર્મ સાધ્યા વિના હી જઈશું, તો સાધનાના ફરી સંયોગ મળવા મુશ્કેલ હોવાથી આ અણમોલ તક ગુમાવાશે સંસારસાગરમાં મનવભવ પાછો મળવો એ, સમુદ્રમાં પડી ગયેલા રત્નને પાછું મેળવવા જેમ, અતિ મુશ્કેલ છે કેમકે, धर्म विनाना मनुष्यभवनी पछी तो पृथ्वीकायादि संबंधी भवो दीर्घकायस्थितिए करीने घणा घणा થાય છે પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિકાયના તે તે પૃથ્વીકાયાદિ પર્યાયનો, એટલે કે મરી મરીને બીજે ગયા વિના એજ એકેન્દ્રિયપણું પામવાનો, સળંગ ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી (અસંખ્ય કાળચક્ર) પ્રમાણ છે, જ્યારે સાધારણ વનસ્પતિકાયપણાનો ઉત્કૃષ્ટ પર્યાય અનંત કાળચક્ર સુધી જીવનો કેડો પકડે છે

દુર્ગતિના એ ભવો કેવા ? બહુલતયા દુઃખભર્યા, ઉત્કટ અશાતાવેદનીય ભોગવતા, અને મોહરૂપી કારમાઅંધકારવાળા અર્થાત્ તીવ્ર મોહોદયવાળા, તથા સહેજે અસત્ ચેષ્ટા કરવાના હોવાથી અકુશલકર્મના અનુબંધવાળા તે ભવો હોય છે ત્યાં મો રનુ ઘોર અંધારૂ બુદ્ધિ, વિવેક, વિનય, પવિત્રતાદિ જે અહિ સુલભ, તેનું ત્યાં નામ નિશાન નહિ દુઃખને નિવારવાના ઉપાય પણ ત્યાં નહિ મળે ત્યાં દુઃખ ઉપર દુઃખ છે શુદ્ધ ધર્મ

सफले निउजिउ सवरठटअच्छिन्न नाणकण्णधार नरपवणजवण ।

પ્રાપ્તિજ નહિ માત્ર દુઃખ અને મોહની કારમી ઘેરામણ એથીજ એ ભવો શુદ્ધ ધર્મ (ચારિત્ર ધર્મ) માટે અયોગ્ય એવા યોગ્ય ભવ તો મનુષ્યનોજ

ભવસાગરથી તારનાર હોવાથી, જહાજ સમાન આ મનુષ્ય ભવજ છે દેવોને પણ મોક્ષ પ્રાપ્ત કરવા માટે મનુષ્ય ભવ પામવોજ પડે છે, તેથી મોક્ષની ઇચ્છાએ દેવનાઈ સ્થિતિ સુધી તેઓ મનુષ્યપણાની નિરંતર ઝંખના કરે છે શા માટે? સંસારમાં મ્હાલવા નહિ, સંસારનો સર્વથા ત્યાગ કરવા ધર્મથી કર્મ પર વિજય પ્રાપ્ત કરવાનું મનુષ્ય ભવમાંજ છે એથીજ ધર્મ એજ માનવ કર્તવ્ય છે એ કર્તવ્યમાંજ જીવન યોજવુ એ યોગ્ય છે પણ તે કેવી રીતે યોજવુ? આત્માના જહાજમાં પહેલા આશ્રવના, અર્થાત્ હિંસાની અવિરતિ વગેરેના કાણાને સંવરના ઢાંકણથી બંધ કરી દેવા જોઈએ નહિતર એ છિદ્રામાંથી કર્મરૂપી પાણી માંહી ભરાવાથી ડુબવાનું થાય तरवा माटनो આ असाधारण भव डुबवा माटे बनाराय, ए केवु कारमु साहस? તેય નાશવંતા આરંભ પરિગ્રહ ખાતર!

છિદ્રો ઢાંકવા ઉપરાંત આ જીવન-જહાજને જ્ઞાન-સુકાનની જોઈએ જેમ સુકાની વારંવાર ઉપયોગ (સાવચેતી) રાખી જહાજને દોરે છે, તેમ सम्यक् ज्ञान पण पुन पुन शुभ उपयोगथी सुकानीनी जेम जीवनने तरवाना मार्गे आगळ धपावे छ એ ન હોય તો મધદર આદરેલો ઝના આલસ્ય-પ્રમાદ વગેરેથી ઉન્માર્ગે જવાનું થાય, રાગદ્વેષના ખડક સાથે અથડાઇ ગુણ-

खणे दुल्लहे, मघकल्लोवमाईए सिद्धिसाहग
धम्मसाहगत्तेण। उवादेआ य एसा जीवाण।
ज न एमीए जम्मो, न जरा, न मरण, न इट्ठविओगो,

ધ્યાનમ્નાભુક્તાથવાનુ અને શાસ્ત્રે 'ઉપયોગે ધર્મ' ઠીકજ કહ્યો છે પ્રતિનામાત્ર એ ધર્મ નહિ એના પાવનની સાવધાની પણ જોઇએ

માનો કે સુકાનીની મદદ પણ મળી, તો પણ વધારમાં તપ ની અનુકુળ પવન જોઇએ નહિતર જહાજ ટામાડેલ રહે, અને ત્યાથી આગળ પણ ન ધપે અનશનાદિ ૭ બાહ્ય અને પ્રાય શ્ચિત્તાદિ ૭ અભ્યતર તપ જોરદાર કર્મનિર્જરા સાધી આપે છે

तपरूपी अनुकूल पवनथी भवपार उतरवानु प्रयाण वेगवतु थाय छे

પૂર્વોક્ત સ ... દ્ધા હાથી નવા કર્મો આવવાના નથી, અને તપથી કર્મ ક્ષય જોરદાર ચાલુ છે, તેમા વળી જ્ઞાનનો શુદ્ધ ઉપયોગ જાગ્રત છે, પછી સસા ને તરી જતા શી વાર? કે શી શકા?'

આ પ્રમાણે પુત્ર માતાપિતાને સમજાવે વળી કહે, 'ઉત્તમ મનુષ્યભવ છે એજ સસારમાથી તરવા માટેનો ભવ છે

क्षणो दुर्लभ આવીક્ષણ, આવો મોકો, આવો અવસર, ફરીથી નહિ મળે જગતમા કોઈ પણ કાર્ય સાથે આને નહિ સરખાવી શકાય સર્વ પ્રસગથી અતિશય ચઢિયાતો આ પ્રસગ છે કેમકે મોક્ષનો સાધક જે ધર્મ सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग- એની સર્વાગ સપૂર્ણ જે સાધના, એમા ઉપયોગી આજ અવસર છે બીજા જીવનોમા બીજી બીજી સાધનાઓ તો ઘણી જ કરી, પણ એથી જીવનુ કઈ સિધ્યુ નહિ નહિતર હજી સુધી આપણો મોક્ષ કેમ ન થાય? કે મોક્ષની નિકટતા કેમ ન દેખાય? જીવને પ્રાપ્ત

नाणिट्ठसपओगो, न खुहा, न पिवासा, न अण्णो कोइ दोसो, सव्वहा अपरतंत जीवाणं अणुभवगाइ रहिअ सव्व सिव अव्वाबाहंति।

કરવા યોગ્ય સિદ્ધિજ છે કેમકે સિદ્ધિમાં [illegible] માંઇ પીડા નહિ

નાઇ કહે કે 'મોક્ષમાં શું સુખ? જ્યાં [illegible] નહિ, એશઆરામ નહિ સ્નેહી કુટુંબ નહિ તો [illegible] શો આનંદ?' તેને કહો, કે બીજા અનેક [illegible] કરવી? પરંતુ એ મૃત્યુની માત્ર [illegible] કરે, તો પણ તે તમને ડરાવે ને પગલે [illegible] કદી મૃત્યુજ નથી ત્યાં કેવી શાંતિ? [illegible] છે? ઇષ્ટની ઇચ્છા થઇ, અને તે મળે નહિ [illegible] થાય છે? અનિષ્ટ આવી પડે તો [illegible] વાર વાર પીડાઓ છો? પરાધીનતાનું [illegible] વૃદ્ધપણું નથી ગમતાને? તો આ [illegible] કેવું અને કેટલું અનુપમ સુખ! ત્યાં [illegible] જન્મજ નથી, એટલે પ્રાણનાશરૂપ [illegible] નથી, [illegible] હાનિરૂપ ઘેડપણેય નથી ઇષ્ટનો વિયોગ [illegible] નથી, [illegible] સુખ છે અને ઇચ્છાનું નામ નથી તેમ [illegible] ત્યાં અનંત નથી, તેથી અનિષ્ટનો સંયોગ [illegible] હું ખજ નથી, તેથી ખાવાનું કામ નથી [illegible] નથી [illegible] કોઇ શીતઉષ્ણતાદિની અસાતા નથી [illegible] પીવાનું નથી કે હરવાફરવાની પીડા નથી ત્યારે [illegible] પહેરવા ઓઢવાની ન્હેવાનું કોઇ અર્થે, કોઇ રીતે [illegible] નહિ આત્મા

चिरीओ अ समारो इमीए, अणवट्टिअमद्धावो ।

સમાજ પ્રશ્ન છે આ માનું સ્વરૂપ શું? તો લોકના દરેક દ્રવ્યના ત્રણે કાળના અનંતાનંત ભાવોને જોવા જાણવા, અને અવ્યાબાધ અનંત સુખ તથા અક્ષય અને અવિકાર્ય સ્થિતિના પ્રશાન્ત સાગરમાં ઝીલવું પરંતુ તેના કેમ નહિ? ત્યાં રાગાદિ વિકારો નથી માટે जीव रागादिना विकारोथीज परतंत्र छे रागादिना विकारोने लीधेज पीडा भोगवे छे સિદ્ધપણાના તો પરમ સ્વાતંત્ર્ય છે સાથે પરમશાંતિ છે કેમકે ત્યાં વ્યક્તરૂપે તો નહિ, પણ શક્તિરૂપે અંદર છૂપા પડેલાય ક્રોધાદિ કષાયો નથી તેમ સકલ ઉપદ્રવનો કાયમી અંત થવાથી ત્યાં શાશ્વતું શિવ છે ત્યાં ગમનાગમનાદિ કોઈ ક્રિયા નથી, કાંઈપણ બનવાનું હાલવાનું બોલવાનું, ચાલવાનું, દબાવાનું, વગેરે કાંઈ નથી. સિદ્ધ સર્વથા અક્રિય છે, માટે અવ્યાબાધ સ્થિતિ છે ક્રિયા છે ત્યાં અનેક બાધા (પીડા) નડે છે

આવો મોક્ષ કેટલો બધો ઈષ્ટ બને! જીવને બીજું જોઈએ પણ શું છે? આવું બધું તો એને બહુ ગમે છે સર્વ વાતની જાણકારી એને પસંદ, સ્વાધીનતાજ એને ગમે, બધું મનમાન્યું બરાબર હોય, તો એને ગુસ્સો રોફ, માયા વગેરે કરવા જરૂર નથી, તદ્દન નિરૂપદ્રવ સ્થિતિનો એ અહર્નિશ ચાહક, એને બેઠો હોય ત્યાંથી ઉઠવું ન ગમે, અર્થાત્ શક્ય હોય ત્યાં સુધી ક્રિયાનો પરિશ્રમ ન હોય તો એને ઠીક લાગે, અને આ બધા ઉપરાંત સંપૂર્ણ અને સ્વાધીન, તથા એકાંત અને અનંત સુખનો તે એ રસીયો બસ, આ બધું મોક્ષમાંજ છે, માટે હે તાત! આવા મોક્ષ માટે આખા સંસારમાં એ જ ઉપયોગી એવ

इत्थ खलु सुही वि असुही, सतमसत, सुविणु व
मन्नमालमालंति । ना अलमित्थपडिबंधेणं ।

સુમાનવભવના આ મળેલા અવસરને નિષ્ફળ ન જવા દો, સફળ કરો અન્યથા કિનારે સામે છતા, પણ સંસારસાગરમા ઘનઘોર ઊંડાણ ભમવાનુ રહેશે

તમે જાણો છો કે મોક્ષ એવો છે, ત્યારે સંસાર એનાથી ઉલટા લક્ષણવાળો છે કેમકે–સંસાર એ આધિ વ્યાધિ-ઉપાધિ, જન્મ-જરા-મૃત્યુ રોગ-શોક-વિયોગ, ઇષ્ટ-અનિષ્ટ, વગેરે સર્વ ઉપદ્રવોનુજ એક માત્ર ઘર છે સંસારમા ઉપદ્રવોજ છે, સંસારમાજ ઉપદ્રવો છે અરે ! સંસારના અગણિત ઉપદ્રવો તો દૂર રહો, માત્ર એક જન્મવાના ઉપદ્રવે ગુલામડા નટની જેમ વારે વારે નવનવા ભારે દુર્લભ ભવવેશ કરવા, એય વીરપુરુષને શરમ ભર્યું છે વળી પલટાતા આ ઉપદ્રવોથી સંસાર ચંચળ સ્વભાવનો છે એથી અહિંનો સુખી પણ પરમાર્થથી સુખી નથી કેમકે, એ સુખ પર્યાય અનવસ્થિત છે અર્થાત્ એ સુખ વર્તમાનમા ઉત્સુકતા અને અનેરાની અપેક્ષા રાખતુ હોવાથી દુઃખરૂપ છે, અને પરિણામે અવશ્ય નાશ પામી દુઃખ ઉપજાવનારુ છે જેમ કોઇ કેદીને ફાંસીની સજા ફરમાવેલી હોય, એના પંદર દિવસ બાકી હોય, અને તેને કહેવામા આવે કે, 'તુ તારે માલ મિષ્ટાન્ન ખા, સંગીત સાંભળ, બગીચામા ફર, બધી મોજ કર,' પણ ફાંસીની કલ્પનામા તે બિચારો ક્યાંથી લેશ પણ મોજ અનુભવે ? તેમ, જીવ જન્મ્યો એટલે અમુક મુદત પછીની મૃત્યુની ફાંસી ફરમાવાઇ ગઇ હવે કેદીને તો પંદર દિવસ પછીનીય નિશ્ચિત મુદત છે, પરંતુ

करेह मे अणुग्गहं। उज्जमह एअ वुच्छिंदित्तए। अहंपि तुम्हाणुमईए साहेमि एअं, निव्विण्णो जम्ममरणेहिं।

સંસારીને તો મૃત્યુ ક્યાં પકડશે તેનો નિશ્ચય જ નથી આવા સંસારમાં સુખ શું?

વળી જીવને સંસારમાં જે વૈભવવિલાસ મળ્યા છે, એના પર્યાયો પલટાતા વાર નહિ. વસ્તુ ફરે, મન ફરે, માલીકી ફરે, ગુણ ફરે એમ અનેકરૂપે એનો નાશ સર્જાએલો છે સ્વપ્નની જેમ આ બધું આળપંપાળ છે, એના ઉપર આસ્થા રાખવી એટલે કે સ્વપ્નની વસ્તુ પર કોણ સમજુ મદાર બાંધે?

માટે હે તાત! હે માતાજી! સંસારમાં અહિં ક્યાંય મમત્વ નાખો મા. નાનામોટી કોઈ પણ વસ્તુ ઉપર વિશ્વાસ કે રાગ, દ્વેષ, ભય, ન ધરશો એમ કરવામાં ઠગાવું પડશે. તથી હે પુત્રવત્સલ! મારા ઉપર કૃપા કરો, ને આ સંસારનો ઉચ્છેદ કરી નાખવા ઉજમાળ થાઓ. તમારી અનુમતિથી હું પણ સંસારના ઉચ્છેદને સાધું. કેમકે, સંસારમાં અવશ્ય આવતી જન્મ મરણની જંજાળથી હવે હું ત્રાસી કંટાળી ગયો છું. હવે તો જીવનભર સદ્ગુરુના ચરણે બેસી જાઉં. ગુરુદેવના પ્રભાવે મને ઇષ્ટ એવો ભાવવિરહ જરૂર નિપજશે, અને અહો! આ ભવના અંત સાથે અનાદિ સંસારના અનંત પરિભ્રમણનો શાશ્વત અંત થાય, કે એ અંત નજીક આવે, એ કેવી મધુરી ઈષ્ટસિદ્ધિ!

આ રીતે માતાપિતાને બુઝવે તેમજ પત્ની વગેરે બાકીના પરિવારને પણ ઔચિત્ય જાળવીને પ્રતિબોધ કરે. પછી સૌની સાથે ચારિત્ર ધર્મને આરાધે. કઈ રીતે આરાધે? નિરાશંસ ભાવથી આ લોકની ઋદ્ધિ કે માનપાનની, તેમજ પરલોકના પૌદ્ગલિક

समिज्झइ अ मे समीहिअं गुरुप्पभावेण ' ।
एव सेसेवि नोइज्जा । तओ सममेएर्हि सेविज्ज धम्मं । करिज्जोचिअकरणिज्जं निरासंसो उ सव्वदा । एअं परममुणिसासणं ।

वैभवविलासनी कोई अपेक्षा न राखे अे समजे छे के 'अेनी शी आशा करवी ? जे जड सदानु पर छे, तथा आत्माने अपवित्र बनावनार होवाथी अपवित्र छे, अने अंते पायमाल थनार अने अने करनार छे, शु एनी आशा करवी ? आशा तो एक मोक्षनी कर, जे स्वीय, शाश्वत अने पवित्र छे ' आ विधिअे चारित्र धर्मनी आराधना करवी ते परम मुनि श्री वीतरागदेवनी आज्ञा छे

હવે જો માતાપિતાદિના કર્મની એવીજ પરિણતિ હોય, કે એ આટલુ કહેવા છતા બોધ નથી પામતા, અને પોતાને સ સારમાથી ચોક્કસ નીકળવુ તો છે જ, તો શુ કરે ? એમને એમ ન નીકળી જાય, પરતુ પહેલા પોતાની શક્તિ અનુસારે પૈસા વગેરેથી એમની સેવા કરે તેમના જીવન-નિર્વાહની શક્ય ચિ તા-વ્યવસ્થા કરે તે વ્યમતિએ શુદ્ધ આય-ઉપાયનુ ઉપાર્જન હોવુ જોઈએ તેમા બીજાની પાસેથી ઉપજાવાય તે આય, અને વ્યાજ વગેરેની જે નિયત આવક તે ઉપાય તે પોતાની જેટલી શક્તિ હોય, એટલા પ્રમાણમા કરી આપે

પ્ર૦—જેને પોતાને સ સાર છોડવો છે, તે બીજાને સ સારની વસ્તુ ધન વગેરે શા માટે આપે ? શુ એ પાપ નથી ?

ઉ૦—ના, જે ઉપકારી માતાપિતામા સ સાર છોડવાનુ હજુ સામર્થ્ય નથી, એ પોતે સ સારમા જીવનનિર્વાહના અ ગે દુર્ધ્યાનમા ટળવળી ન મરે. તથા લોકોમા એથી ધર્મ ન નિંદાય, એ માટે

अबुज्झमाणेसु अ कम्मपरिणईए, विहिज्जा जहासत्ति तदुवकरणं आओवायसुद्धं समईए । कयण्णुआ खु एसा, करुणा य, धम्मप्पहाणजणणी जणम्मि । तओ अणुण्णाए पडिवज्जिज्ज धम्मं ।

મુમુક્ષુ પુત્ર એમને ધન વગેરે આપે છે એ પાપ નહિ પણ સેવા કરે છે માતાપિતાની આ સેવા કરવી એ તો ખરેખર કૃતજ્ઞતા અને કરુણા છે કૃતજ્ઞતા એ તો હૃદયનો મોક્ષમાર્ગોપયોગી પ્રથમ ગુણ છે, એ મોક્ષસાધકની યોગ્યતા સૂચવે છે અને, કરુણાને તો લોકને વિષે ધર્મની માતા કહી છે જેમકે, જીવો પ્રત્યેની કરુણામાથી ધર્મ જન્મે છે, અને શાસનની ઉન્નતિ થાય છે

આ પ્રમાણે માબાપની ચિંતા ટાળી, એમની અનુમતિ મેળવી, ચારિત્ર ધર્મને અંગીકાર કરે પરંતુ જો માતાપિતા મોહને વશ થઈ રજા ન આપે, તો જો કે મુમુક્ષુના હૃદયમા માયા નથી, છતા તે માબાપ પાસેથી રજા મેળવવા માટે બહારથી દેખાવથી-માયાપ્રયોગ કરે

પ્ર૦—શુ માયા કરાય?

ઉ૦—હા, જ્યા સ્વ અને પરના દીર્ઘકાળના હિત પર હિતનો ઉદય દેખાતા હોય, ત્યા હૃદયથી માયા રહિત રહી, જરૂર પડે કોઈક સ્થાને માયાને સેવાય ધર્મની આરાધના સૌને હિતકારી છે, એથી એ માટેજ કરાતી માયા એ માયા નથી જેમકે,

શાણા માબાપ અંતરમા બચ્ચા પર ઘણે તેટલુ વહાલ ઉભરાતુ છતા, એની પ્રત્યે દેખાવથી રાગના ઉછાળા વિનાનો ગંભીર વર્તાવ દાખવે છે ત્યા અંદરમા જુદુ ને બહાર દેખાડવુ જુદુ, શુ

अण्णत्थ अणुवट्टे चेव उवहिज्जुत्ते सिआ। रम्मारामण रु हिअ सव्वमत्ताण। तत्थ तहेअ सपाडिज्जा। मज्जत्थ अपडिवज्जमाणे चटज्जा तं अट्टाणगिलाणोस हत्यचागनाएण।

से जहानामए कट पुरिसे कहचि कन्तारगए अम्मा पिटसमेए, तप्पडिबद्धे वच्चिज्जा।

એ માયા નહિ ? છતા મ તાનના હિતાર્થે હોવાથી એ દોષ રૂપ નથી તેમ વૈદ્ય અ હ્નથી ચિકિત્સાકાર લાભિ સમજવા છતા, અ ધીન દર્દીને બહુ ધી એવુ દેખાડે છે, કે જલ્દી બસ હવે તુન્તમાજ સારૂ થઈ જશે કેમકે, 'એથી એનુ મન પ્રસન્ન અને આ ધાપર શ્રદ્ધાળુ બને, તેમજ એ પથ્ય પાળે, તેથી આરોગ્ય સુલભ થાય,' એવુ વૈદ્યનુ માનવુ છે શુ આ માયા નહિ ? તે રીતે શાળાએ જવાની રુચિ વિનાના બાળકને માબાપ સમજાવે છે કે 'જા, નિશાળે તને મઝા પડશે, માસ્તર સારા છે, મારશે નહિ,' વગેરે આમા પણ રમતીયાળને માટે નિશાળ કેદ જેવી હોવા છતા, તથા માસ્તર પણ કડક અને શિક્ષા કરનાર હોવા છતા, કમ બચ્ચાને બીજુ બના વાય છે? એના ભાવિ હિત માટે એમા દુનિયા માયા કપટનો દુષણ નથી ગણતી

એવી રીતે, આ ઘોર મ સારમા મોહના ક્ષણિક સ બ ધો માજ જીવન પુરૂ કરી કર્મવશ અન તવાર ભટકવાનુ કયા નથી કર્યું ? પણ હવે તે મોહના સ બ ધો કપાવી દઈ, નાએ રત્નત્રયીની સાધના કરવાની છે, જેથી ભવભ્રમણનો અ ત આવે એમા માતા પિતા જાત માટેય નજ સમજતા હોય, અને સ તાનનેય ન જવા દેતા હોય. તો સ તાને આ અન ત કલ્યાણના માર્ગે જવાની નજ

નિર્માય । યે બહાગ્યથી હોશિયારી કરીને પણ કા ન લેવી ? એ માટે માતાપિતાને દુ સ્વપ્ન કહે, જોઈને બોલાવે જોષી પાને પોતાના કોઇ અનિષ્ટની શકા કહેવગવે એ સાભળી માબાપને એમ થાય ક 'જો અનિષ્ટની ચ ભાવના હોય, તો ભલે એને ચારિત્ર અ ગીકાર કરવા દો ' એમ માની માબાપ આજ્ઞા આપે, એટલે પોતે ચારિત્ર લે

પ્ર૦—અહિ સત્યને વાધો નથી આવતો ? આ અસત્ય નથી કહેવાતુ ?

ઉ૦—ના, વચનને તેના પરિણામની દૃષ્ટિએ જોવાનુ છે જે શુદ્ધ હૃદયે કરાતા કથનનુ પરિણામ સ્વપરને હિતકારી હોય, તે અસત્ય નથી, પણ સત્ય છે દા ત કોઇને મારવા દોડતા ખુનીને બીજા માર્ગનુ કરેલુ કથન

ઉપાય યોજવા છતાય, માબાપ રજા ન આપે તો તે 'अस्थान ग्लान ओषधना न्याय' પ્રમાણે માબાપનો ત્યાગ કરી દીક્ષા અ ગીકાર કરે જેમકે, કોઇ એક ગમે તે નામનો પરુષ માબાપ સાથે અટવીમાથી પસાર થઇ રહ્યો હતો અટવીમા અસ્થાનેજ, કે જ્યા ઔષધાદિ કાઈ ન મળે, ત્યા તેના માતાપિતાને એકાએક એવો ભય કર રોગ થઇ આવ્યો, કે તેને મટાડવામા ન આવે તો તેમના પ્રાણનો નાશ થાય તેમ છે વળી માતાપિતા એટલા અશક્ત છે, કે હવે તે ચાલી શકે એમ નથી છતા તેઓ હજી થોડો વખત જીવી શકે તેમ છે રોગ એકલા પ્રયત્ને મટે તેમ નથી, તેને યોગ્ય ઔષધની જરૂર છે તે ઔષધ શહેરમા મળતુ હોવાથી, તે લેવા જવા માટે પુત્ર માતપિતા પાસે રજા માગે છે પર તુ મોહને વશ થયેલા તે પોતાના પુત્રને રજા નથી આ પતા 'અમે મરશુ તે મરશુ, પણ તુ ના જઇશ,' એમ તે કહે છે હવે ડાહ્યો પુત્ર

तेसिं तत्थ नियमघाई पुरिसमित्तासज्झे सम्भवओसहे महायंके सिआ। तत्थ से पुरिसे तप्पडिबंधाओ एवमालोचिअ–'न भवंति एए नियमओ ओसहमंतरेण, ओसहभावे अ संभवओ, कालसहाणि अ एआणि'–तहा संठविअ संठविअ, तदोसहनिमित्तं सवित्ति-निमित्तं च चयमाणे साहू। एस चाए अचाए, अचाए चेव चाए। फलमित्थ पहाणं बुहाणं। धीरा एअदंसिणो। स ते ओसहसंपाडणेण जीवाविज्जा। संभवाओ पुरिसोचिअमेअं।

શું કરે? ના જાય? જાય માબાપની ઘણી ના છતાં પણ, પેલો વિવેકી માણસ પોતે ઔષધ લેવા નિમિત્તે જો જાય છે, તો દેખીતી રીતે તે માતાપિતાને છોડનારો છે, છતાં, વસ્તુતઃ રીએ તો એમને નહિ છોડનારો છે, એમને બચાવનારો છે કેમકે એ તેનો ત્યાગ જ ઉપાયરૂપ બન્યો છે. એવો પુત્ર સાચો સેવક છે, માતાપિતા તરફ ભક્તિવાળો છે. જો તેમનો અત્યારે ત્યાગ કરીને ન જાય, તો રોગી માતાપિતા જરૂર મરી જાય. એટલે એ અત્યાગ તો ઉલટો હંમેશના ત્યાગમાં પરિણમે. સાથે પોતે વગર મૂઓ મરે. એ મૂઢ પ્રવૃત્તિનું મૂલ્યાંકન ઉપરની દૃષ્ટિએ ન થાય, પણ ફળથી થાય. પંડિત પુરુષો કોઈપણ પ્રવૃત્તિ વખતે પરિણામને મુખ્ય કરનારા હોય છે. ધીર પુરુષો સૂક્ષ્મ દૃષ્ટિએ ફળના લક્ષ્યવાળા હોય છે. અહિં સંભવ છે કે ઔષધી લઈને આવે, તો જરૂર માતાપિતા બચી જાય, કેમકે, હજી એ કાળ કાઢે તેમ છે જ્યારે, ન જાય તો મરવાનો જ નિર્ણય છે. તેથી એમને આ

एव सुक्कपक्खिए महापुरिसे ससारकन्तारपडिए जम्मापिइसगए धम्मपडिबद्धे विहरिज्जा । तेसिं तत्थ निअमविणासगे, अपत्तबीजाइपुरिसमित्ताणमज्झे, स मे ततसम्मत्ताइओसहे, मरणाइविणागे कम्मायके सिआ । तत्थ से सुक्कपक्खिए पुरिसे धम्मपडिअधाओ एव ममालोचिअ–"विणस्सति एए अवस्स सम्मत्ताइओ सहविरहेण । तस्स सपाडणे विभासा । कालसहाणि अ एआणि ववहारओ" ।

ખવિ । વસ્ત્રાદિ દઈ ત્યા ભેમાડી તેમનુ ઔષધ લેવાને માટે અને પાતાના નિર્વાહ માટે જાય એમ માતપિતાને છોડી જવાને એ પ્રશ સાપાત્ર છે ઔષધ લાવી આપીને એમને જીવાડે, એ સભવ હોવાથી એમ આચરવુ એજ ઉચિત છે

હવે દ્રષ્ટાતને ઘટાવે છે —એ પ્રમાણે જે શુક્લપાક્ષિક મહાપુરુષો છે, (શુક્લપાક્ષિક એટલે મર્યાદિત સસારવાળો, એટલે જેને હવે અર્ધપુદ્ગલપરાવર્ત કાળથી પણ ઓછો સસાર બાકી છે તે, કૃષ્ણપાક્ષિક તેથી અધિક સસારી) તે શુક્લપાક્ષિક જીવો, સસારરૂપી અટવીમા પડેલા અને માતાપિતા પત્ની વગેરેથી પરિવરેલા છતા ધર્મ ઉપર રાગી, ને ધર્મના મમત્વવાળા બની વિચરે છે તેમની દૃષ્ટિ નિર્મળ હોય છે, એટલે સાચુ જોઈ શકે છે, સાચુ પારખી શકે છે, અને કે॰ પરિણામપથ્યનો વિચાર કરી લે છે હવે તે જુએ છે, કે સસારરૂપી મહાઅરણ્યમા પડેલા મારા માતાપિતાને કર્મનો રોગ (ક્લિષ્ટ કર્મો) લાગ્યો છે, જે રોગ અવશ્ય મારક છે યમરોગ ની પકજ ઘાર મરણ નહિ, परतु भवोभवना

तहा सठविअ सठनिअ इहलोगचिंताए, तेसिं सम्मत्ताइओसहनिमित्त विसिट्ठगुरुमाइभावेण, सवित्ति निमित्त च, किचकरणेण चयमाणे सजमपडिवत्तीए, साहू सिंद्वीए। 'एस चाए अचाए' तत्तभावणाओ, 'अचाए चेव चाए' मिच्छाभावणाओ। तत्तफलमित्थ पहाण। परमत्थओ धीरा एअदसिणो आसन्नभव्वा।

મરણનો ભય છે. તે કર્મરોગ, જે પુરુષે ધર્મબીજ વગેરે પ્રાપ્ત નથી કર્યું, તેના એકલાથી ટળે તેમ નથી જ્યારે, કર્મરોગપર સમ્યક્ત્વાદિ ઔષધ લાવી શકવાનું સંભવે છે એ યથા ઔષધ વિના તો કર્મરોગ એ મરણ, પુનર્ભવ વગેરે વિપાક દેનારો છે

વલી તે મુમુક્ષુ જીવ ધર્મ ઉપર રહેલા પક્ષપાતને લીધે વિચાર કરે છે, કે આ મારા માતાપિતા સમ્યકૃત્વ વગેરે ઔષધ વિના તો અવશ્ય મૃત્યુ પામશે, જ્યારે, એ ઔષધથી બચી શકશે સમ્યકૃત્વ ઔષધ આણી આપવામા વિકલ્પ છે, કદાચિત આણી શકાય કદાચ ન પણ આણી શકાય છતા એવુ નથી કે નજ આણી શકાય તેમ વ્યવહારથી હજી માતાપિતા થોડો કાળ કાઢે તેમ લાગે છે જોકે નિર્ણય તો નથી, છતા હજી જીવ ત રહેવાનો સંભવ છે તેથી તે દરમિયાન હુ ચારિત્ર લઇ લઉં, અને પછી એમને પણ સમ્યકત્વાદિ ઔષધ લાવી આપુ, તો તે ઔષધથી એમને ભાવજીવન પ્રાપ્ત થાય, તેથી એ સંસાર અટવીને પાર ઉતરી શકે

અહિં પ્રશ્ન થાય કે મુમુક્ષુ જીવ આવી ઉતાવળ કરે એના કરતા થોડી ઢીલ કરે તો શો વાંધો ?

ઉ૦—આયુષ્ય એટલે જીવનદોરી, એના ઉપર ઉપસર્ગ બહુ ઝઝુમે છે, તેથી આયુષ્ય એ પવનથી પ્રેરાતા પાણીના પરપોટા જેવું

તાય બધુ અનિત્ય છે આયુષ્યની આરી અતિ ચપળતા હોવાથી, જીવ જે ઉચ્ચો શ્વાસ લઈને નીચે મુકવામાં સફળ થાય છે, તેમજ સૂઈને પાછો જાગી શકે છે, એ આશ્ચર્ય છે

આ પ્રમાણે વિચાર કરીને મુમુક્ષુ જીવ માતાપિતાના આ વે ન નિર્વાહની ચિંતા કરે, અર્થાત્ એમની આજીવિકાની જરૂરી યાતા માટે ઠીકઠીક મગદૂર પોતાની શક્યતા મુજબ કરે એ રીતે એમને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવવા નિમિત્તે અને પોતાની સજીવિકા (રત્નત્રયી) નિમિત્તે સંયમ સ્વીકારવા દ્વારા માતપિતાને છોડી જાય અર્થાત્ એમને છોડી ચારિત્ર ગ્રહણ કરે તેથી વિશિષ્ટ જ્ઞાની ગુરુમહારાજ, શાસ્ત્ર વગેરે સામગ્રી પામીને તેનાથી સુંદર ધર્મકથાઓ અને ધર્મચર્ચાઓ દ્વારા દીક્ષિત પુત્ર માતપિતાને સમ્યક્ત્વાદિ ઔષધ પમાડી શકશે જ્યારે, પોતે ગુરુદેવના સાંનિધ્યમાં ગ્રહણ-આસેવન શિક્ષા પામતો તપ સંયમ સ્વાધ્યાયાદિના કૃત્યો બજાવીને, આત્મપોષક જે જ્ઞાનાદિરૂપ ભાવપ્રાણ, તેનું નિર્વાહક જીવન (આજીવિકા) પામી શકશે

આ રીતે માતાપિતાને છોડી જતો એજ સાધુ છે, એટલે કે સિદ્ધિના વિષયમાં ધર્મશીલ છે, મોક્ષના વાસ્તવિક કર્તવ્યને બજાવનારો છે જ્યારે, 'મારા માતાપિતા અનુમતિ નથી આપતા, રડે છે,' એમ કરી મોહથી એમને ન છોડી જઈ સંયમ ન લે, તો એ સાધુ નથી, અર્થાત્ ધર્મશીલ નથી અને, સ્વધર્મશીલ ન હોય એ સ્વની કે પરની હિતસિદ્ધિ ક્યાંથી કરી શકે?

પ્ર૦—દીક્ષા જેવી પવિત્ર વસ્તુમાં માતાપિતાને તરછોડી જવાનું શોભે?

ઉ૦—પૂર્વોક્ત બધી વિધિ સાચવ્યા છતાં, જે માતાપિતા રજા નથી આપતા, એમનો હવે મહાન આશયથી ચારિત્ર લેવા

માટે ત્યાગ કર્નો તેજ સાચો અત્યાગ છે, માટે તેજ ઉચિત છે કેમકે તત્વભાવનાઓ, વસ્તુના પરમાર્થની વિચારણાઓ, એ ત્યાગમા તત્વિક દ્રષ્ટિએ એમના હિતના માટે પ્રવર્તાય છે ઉલટુ અત્યાગ—ન છોડી જવુ એ ખરી રીતે તરછોડવા જેવુ છે, કેમકે એમને એમ વળગી રહેવામા મિથ્યા (ખોટી) વિચારણાના ધોરણ દ્વારા એમના અહિતમા પ્રવર્તાય છે એ એમ્લાજ માટે, કે એમ સસારમા વળગી રહીને તો માતાપિતાને સમ્યકત્વાદિ નુ પમાડી શકશે? અને ન પમાડી શકે તો દીર્ઘ દુર્ગતિમા સમ્યકત્વાદિના અભાવે પોતાના માતાપિતાને ભુમાવનારો એ બને એ માતાપિતાને ભયકર તરછોડ્યા નહિ તો બીજુ નુ કર્યું? वस्तुनो विवेक करावनार भयंकर रागमार्थी बचावनार मवा सम्यक्त्वादि पामवानो उत्तम भव मानवनो त्या जो એ પામ્યા હોય, તો બીજાને દીક્ષામા અતરાય ન કરે, અને જો કરે છે, તો હજી સમ્યકત્વ પામ્યા નથી, અને તેથી તો ભવભ્રમણમા પડી જશે અહિ શાણા પુરુષોની દ્રષ્ટિએ અનુબધવાળુ (પરપરાવાળુ) તાત્વિક શુભ ફળ એજ પરમાર્થથી મુખ્ય હોય છે જે પ્રવૃત્તિનુ વર્તમાનમા મહેજ સારૂ ફળ હોય, પણ પછી ભયકર ફળ આવે, તો તે પ્રવૃત્તિની કોડીની કિમત તા નથી પણ નુકશાનકારિતા છે, તેથી ત્યાજ્યતા છે ધીર વિચારક પુરુષો જે નિકટમા મુક્તિગામી છે, તે પરમાર્થથી મુખ્ય એવા તત્વફળને જોવાવાળા હોય છે જેટલી વધુ દીર્ઘદ્રષ્ટિએ હિતપ્રવૃત્તિ થાય, એટલી વિચારકતા ગણાય, અને એ મોક્ષને નજીક કરે

એમ સુકીને ગયા પછી એ શુકલપાક્ષિક પુરૂષ માતાપિતાને સમ્યકત્વાદિ ઔષધી લાવી પમાડી શકે છે અને એથી શાશ્વત જીવન આપી શકે છે કેમકે, सम्यक्त्वादि तो जीवन मृत्युना

स ते मम्मत्ताटओसहस्सपाडणेण जीराविज्ञा अचतिअ, अमरणावझगीअजोगेण । सभवाओ सुपुरिसोचिअ मेअ । दुप्पटिआराणि अ अम्मापिईणि । एस धम्मो मयाण । मगव इत्थ नाय परिहरमाणे अकुसलाणुबंधि अम्मापिइसोगति ।

મીમાંસા ભોળથી જવા માટે અમોઘ ઉપાય છે અર્થાત્ છેદ્દ મરણ એટલે કે મરણનો અંત લાવવા માટે એ સચોટ સાધન છે એના યોગથી માતાપિતા અજર અમર બની શકે આ એમને છેડીને જવામા સભવિત છે, માટે સુપુરુષે ચારિત્ર લેવા માટે એમને છોડી જવુ એ યોગ્ય છે શાથી યોગ્ય? માતાપિતાના ઉપકારનો બદલો વાળી શકાય તેવો નથી, ભલે સાંસારિક ગમે તેટલા સુખના સાધન સગવડ આપે, ગમે તેટલી તેમની સેવા ચાકરી કરે, તો પણ બદલો ન વાળી શકે એ તો એક માત્ર ધર્મ ઔષધ પમાડીનેજ બદલો વાળી શકાય હવે જો એ ધર્મ પમાડી શકવાના જીવનકાળમા મિથ્યા કલ્પનાથી ઘરમા બેસી રહી, ધર્મ પમાડવાનો પ્રસંગ ગુમાવાય, તો એમને ક્રમ રોગે ભવના દુ ખોમા રીબાતુ રહ્યુ પરમાર્થની દૃષ્ટિએ આ એમની પ્રત્યે કેટલી ક્રૂરતા? તેથીજ સત્પુરુષોનો એ ધર્મ છે કે માતાપિતાના ઉપકારનો બદલો વાળવો જોઈએ.

ત્રિલોકનાથ શ્રી મહાવીર પ્રભુનુ આમા સચોટ દૃષ્ટાન્ત છે જ્ઞાનથી એમણે પોતે 'ચારિત્ર લે તો તેથી માતાપિતાને ભયકર અકુશલાનુબંધિ શોક થાય,' એમ જાણી ગર્ભમાજ અભિગ્રહ ધારીને એ શોકને અટકાવ્યો સાતમે માસે ગર્ભમાજ રહ્યા પ્રતિજ્ઞા કરી કે માતાપિતાના જીવતા હુ દીક્ષિત નહિ થાઉં અહિ એ ખાસ સમજવાનુ, કે શ્રી મહાવીર વિભુ ગર્ભથી અવધિજ્ઞાને સંપન્ન હતા

गमपरोरताय सव्वहा, सुगुरुसमीपे पृत्ता भगवते वीअरागे साहू अ, तोसिऊण विहवोचिअ किरणाई, सुप्पउत्तावस्सए, सुविसुद्धनिमित्ते, समहिवासिए, विसुज्झमाणो महया पमोएण सम्म पव्वइज्जा लोअ-धम्मेहिंतो लोगुत्तरधम्मगमणेण ।

એની એ જાણી શકે છે કે આ માતાપિતાને જો શોકથવાનુ નિમિત્ત ન અપાય, તો એમની ભવાંતરે સદ્ગતિ અને શુભની પર પરા થય, તેને બદલે શોકનુ નિમિત્ત અપાય તો તથાવિધ કર્મની પરિણતિથી એવા અશુભાનુબંધી શોક સાથે એમનુ અકાળ મૃત્યુ થાય, કે એ ભવાંતરમા અશુભની પર પરામાજ ફસાઇ જાય, અને તેથી સદ્ગતિ તો ભનો સુધી દુર્લભ બને આવુ જો કરાય તો ઉપકારનો બદલો કયા રહ્યો ? એટલે જ્યારે જગદુદ્ધારક પ્રભુ જેવાએ માતપિતાની ભાવદયા વિચારી, તો પછી બીજાઓએ કેમ ન વિચારવી ? હા, એટલુ ખરૂ કે એ વિશિષ્ટ જ્ઞાની હોવાથી એમણે આ રીતે કરવુ યોગ્ય ધાર્યું, ત્યારે આપણા માટે એજ अरिहत प्रभुए मागेली दीक्षाग्रहणविधिनी कल्याणआज्ञानु पालन ज उचित छे એમાજ માતાપિતા પ્રત્યે સાચી કૃતજ્ઞતા જળવાય છે, અર્થાત્ એમના ઉપકારનો બદલો વાળી શકાય છે, અને એથી એ સુખી થાય છે

આ પ્રમાણે ભાવથી કોઇનેય સ તાપ પમાડ્યા વિના, સુગુરુ પાસે આવી સમ્યગ્રીતે ચારિત્ર અ ગીકાર કરે ‘ગુરુ વિના જ્ઞાન નહિ’ ‘ગુરુ દીવો, ગુરુ દેવતા’ એટલે કે ગુરુના ભરોસામા કુગુરુના પજે ન પડી જવાય એ ખૂબ જોવાનુ તો પણ સુગુરુ વિના તો એક ઘડીય ન ચાલે सुगुरु विना दीक्षाय नहि, अने सुगुरु

एसा जिणाणमाणा महाकल्लाणत्ति न विराहिअन्वा
बुहेण महाणत्थभयाओ सिद्धिकंखिणा ।
इति पव्वज्जागहणविहिसुत्तं समत्तं ।

વિના શિક્ષાય નહિ અનાદિ અભ્યસ્ત મોહ કયાત્ય પણ ઠગી ન જાય એ માટે સ્વય સયમ વિરાગના પ્રખર અનુભવી અને મોહના ચિકિત્સાશાસ્ત્રરૂપ શ્રી જિનાગમના પૂર્ણ ગીતાર્થ સુગુરુની નિશ્રાએજ એમની પાસે ચારિત્ર સ્વીકારતા પહેલા, પોતાની શક્તિ અનુસાર શ્રી વીતરાગ તીર્થંકરદેવની અષ્ટાહ્નિકાદિ ભક્ત-મહોત્સવ કરે તેમ, મુનિરાજોને આહાર-વસ્ત્ર-પાત્ર-પુસ્તકાદિથી સન્માન દુખી જીવોને પોતાની સપત્તિ અનુસારે ધન આપી સતોષે પછી લઘુવડીનીતિનું આવશ્યક, તથા મજળસ્નાન, મુડન, ઉચિતવેશ વગેરે અવશ્યકરણીયને સારી રીતે સાચવીને, પછી પ્રશસ્ત યોગ શુકન-શબ્દ પામી ગુરુ પાસે દીક્ષાની ક્રિયા કરે ત્યા દરેક ક્રિયા વખતે ગુરુદ્વારા ગુરુમત્રે વાસક્ષેપથી વાસિત થતો, અતિઉત્સાહ અને આનદથી ચિત્તને વિશુદ્ધ વિશુદ્ધ કરતો, તથા લોકોત્તર સમ્યગ્ ભાવવદન વગેરે શુદ્ધિ સાચવતો પ્રવ્રજ્યાને અગીકાર કરે અર્થાત્ વિચિત્ર પ્રકારના (લૌકિક, કુટુંબી, સામાજિક) કર્તવ્યો, પ્રવૃત્તિ, વ્યવહાર, જવાબદારીઓ વગેરે લોકધર્મનો ત્યાગ કરીને લોકોત્તર ધર્મમા પ્રવ્રજન-ઉત્કૃષ્ટ ગમન કરે, યાવજ્જીવ માટે લોકોત્તર ધર્મને સ્વીકારે હવે એ પેલી લૌકિક વાતોથી એટલે કે ગૃહસ્થજીવનથી પર (અલગ) થઇ જાય છે, અને શ્રમણ જીવન જીવે છે

શ્રી જિનેશ્વર ભગવાનની આ આજ્ઞા છે, કે આ રીતે પ્રવ્રજ્યા લેવી જોઇએ આ આજ્ઞા મહાકલ્યાણકારી છે તેથી

મોક્ષનો અભિલાષી ડાહ્યો પુરુષ મહાન નુકસાનના ભયથી તેની વિરાધના ન કરે, અર્થાત્ આજ્ઞાથી વિપરીત ન વર્તે જિનાજ્ઞાની વિરાધનાથી દીર્ઘદુર્ગતિ-ભ્રમણ જેવા મહાન અનર્થ નિપજે છે જગતમા જિનાજ્ઞાની વિરાધના કરતા વધુ મોટો કોઈ અનર્થ નથી વિરાધનાજ મહાન અનર્થ છે, જ્યારે, જિનાજ્ઞાની આરાધના એજ હિતકારી છે માટે મોક્ષરૂપ સર્વશ્રેષ્ઠ કલ્યાણના અભિલાષીએ સમજી રાખવુ જોઈએ કે જિનાજ્ઞાની આરાધના કરતા વધુ કોઈ સારો મોક્ષમાર્ગ નથી

આ પ્રવ્રજ્યાગ્રહણવિધિ સૂત્ર એટલે કે વસ્તુત પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિની વસ્તુને સૂચવતુ સૂત્ર પૂર્ણ થયુ

॥ इति ३ पव्वज्जागहणविहिसुत्त समत्त ॥



સૂત્ર—૪

પ્રવ્રજ્યા-પરિપાલન

स एवमभिपव्वइए समाणे, सुविहिभावओ किरि-
आफलेण जुज्जइ। विसुद्धचरणे महासत्ते न विवज्जयमेइ।

સાધુધર્મની આત્મામા પરિભાવના કર્યા પછી શું કરવું, તે પૂર્વના ત્રીજા સૂત્રમા બતાવ્યુ તે વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરવી તે હવે આ રીતે દીક્ષિત થએલાની દિનચર્યા-જીવનચર્યા શી હોય તે ચોથા સૂત્રમા બતાવે છે

તે મુમુક્ષુ પૂર્વ કહેલી વિધિથી ચારિત્રી બનેલો થકો સુવિધિના અર્થાત્ દીક્ષાની પ્રશસ્ત ગ્રહણવિધિના પ્રભાવે સમ્યક્ ક્રિયારૂપી ફળને પામે છે ગ્રંથ પ્રારંભે કહ્યા મુજબ આ પદાર્થો આજ ક્રમે પ્રાપ્ત થાય છે એટલે પ્રવ્રજ્યાપાલનની જે સમ્યક્ ક્રિયા, તે સુવિધિએ દીક્ષા ગ્રહણ વિના નહિ નિપજી શકે તેમ વિધિગ્રહણ કર્યું, એટલે તેના ફળ રૂપે વિધિપાલન આવીને ઉભુ રહેવાનું વળી તે મુમુક્ષુ અત્યાર સુધી ગૃહસ્થપણે આચારની વિશુદ્ધિવાળો હતો હવે સાધુપણામા ચારિત્રની વિશુદ્ધિવાળો બને છે ચારિત્રની તરફ અત્યંત બહુમાન અને અધિપણ તથા ચિવટ, ચિંતા અને ચોકસાઈ રાખી, એ ચારિત્રને જરાય મલીન ન થવા દે સમજે કે ચારિત્રની ઉજ્જ્વલતામાં આત્માની અને આત્માના ભવિષ્યકાળની ઉજ્જ્વલતા છે વર્તમાન જીવન પણ નિષ્કલંક ચારિત્રવાળાનુ પૂર્ણ જ સ્વસ્થ, શ્રધ્ધેય અને નવીન નવીન સંવેગ તથા મનોરથો સહિત પ્રગતિશીલ રહે છે ચારિત્રને દૂષણ લગાડનારો મનમા શંકિત રહે છે, દબાયેલો રહે છે,

મને નવીન પ્રગતિથી વચિત બની નિરાશામા ડૂબી જાય છે પછી દુર્ધ્યાનના વમળોમા અથડાય છે આખો સંસાર તજ્યા પછી તો આવુ ન બનવા પામે એ માટે ચારિત્રશુદ્ધિ ખુબ સાચવે

એની સાથે એ માત્ર સામાન્ય સાત્વિક નહિ કિંતુ મહાન સાત્વિક પ્રકૃતિવાળો હોય સત્વ ન હેય તો દેવાધિદેવ પામે પણ ગ્રેલી ચારિત્રની પ્રતિજ્ઞાને ખોડખાપણ લગાડતા વાર નહિ લગાડે જ્યારે સામાન્ય એવી સંસારની જંજાળનાગી વણ સત્વની અપેક્ષા રાખે છે ત્યારે વિશેષ એવી મોક્ષસાધના તો મહાસત્વ વિના કેમજ શુદ્ધ પાર ઉતરે ? એથી જમે તવી આપત્તિમા પણ અચલ સત્વ જાળવી, ઉદાસીનભાવે રહેવુ જોઈએ બનનાર હશે તે બનશે, બનવાનુ મિથ્યા થનાર નથી તો પછી શા સારુ મુંઝાવુ અને રાગદ્વેષની પીડા ભોગવવી ? પ્રતિકૂળતામા તો ઉલટ પાપ કર્મ ખપે છે તો પછી આગિયને ગા લગાડી આપત્તિથી બચવાનો વિપર્યાસ કેમ સેવાય ?

આ રીતે વિશુદ્ધ ચારિત્રી મહાસાત્વિક પુરુષ મિથ્યા જ્ઞાનથી હવે ઘેરાતો નથી કષ્ટ પડતા ' હુ અહિ ક્યા આવ્યો ? ક્યા મે આ ચારિત્ર લેવાની ઉતાવળ કરી ? આ આપણાથી કાંઈ પળે નહિ કેટલી પરાધીનતા ! કેટલા અપમાન ! કેટલી પ્રતિકૂલના ! આના કરતા તો પહેલા ઘણ સારુ હતુ ગ્રહસ્થ હતો ત્યારે આ સાધુઓ પ્રેમથી બોલાવતા બસ, સાધુ થયા એટલે હવે આપણે કાંઈના ! સમાજ પણ જાણે સાધુને નિરાધાર લેખે ! સાધુનો કોણ બેલી ! ' વગેરે મિથ્યા વિકલ્પોરૂપી વિપર્યાસ પોતે નથી પામતો કેમકે 'चौद राजलोकमा रखडता जीवनी कम यश केवी महान निराधार स्थिति छे!'-એનુ એને ભાન છે ત્યા અહિ શી નિરાધારતા લાગે? હવે તો અરિહંતનાથથી એ સનાથ

૭ નરકનિગોદના કારમા દુ ખોનો એ જાણુ છે 'એ દુ ખ કાઢનાર અત્રજ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એમા શુ દુ ખ ! કષ્ટ રૂપે પણ મગાતા સારણા વારણાદિ (આરાધનામા પ્રેરણા અને વિરાધના થકી નિવર્તન) પ ના શ્રેષ્ઠ કોટિના સાધુપ્રેમનુ પ્રતીક છે, ' એમ સમજે છે માહમા કે માનમદમા ડાટનારા થાજા પ્રેમ તો વાત ઘાતક છે વગેરે સાવધાનીવાળો એ મિથ્યા વિકલ્પથી સ્પર્શાતો નથી

અથવા વિપર્યાસ એટલે જે આ ચારિત્રનો માર્ગ લીધો તેને મગ કે તના વિવિધ અનુષ્ઠાનો અને મર્યાદાઓ અગે 'શુ આ ચારિત્ર સાચેજ મોક્ષનુ કારણ હશે ? શીજાઓ તો જ્ઞાનવૈરાગ્યાભ્યા મોક્ષ કહે છે તો પછી ચારિત્રના કષ્ટ શા માટે ?' અથવા 'ચારિત્રમા આટલી બધી ક્રિયાઓ ! આટલી ઝીણી મર્યાદાઓ ! આટલો મધો પચાચારનો વિસ્તાર ? અપવાદના સ્થાનો પણ શાસ્ત્રે ક્યા નથી કહ્યા ? એને કેમ ન આચરવા ? ' અથવા, ' અપવાદો તો કાયર માટે મોક્ષ તો એકાત ઉત્સર્ગ માર્ગથીજ મળે ' ઇત્યાદિ ભ્રમણામા એ નથી પડતો કેમકે એને ખ્યાલ છે કે सम्यग्दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्ग एव । ज्ञानक्रियाभ्यामेव मोक्ष । મ મા ની ઘણી પણ ક્રિયાઓ, રસ હોવાથી, કષ્ટવાળી કે બહુ લાગતી નથી તો અહિ કષ્ટ રૂપ ન લાગવા માટે રસ જોઇએ અઘળા क्रियाओना संस्कार विपुल मवळी क्रियाओ विना केम टळे ? ચારિત્રની ઝીણી મર્યાદાઓ મહાવ્રતના રક્ષણાર્થે છે પચાચારના વિસ્તાર તો જ્ઞાનાદિને આત્મામા વ્યાપી દે છે વિસ્તાર વિના આત્મામા સાનુબધ એકીભાવ ન થાય અપવાદ એ ઉત્સર્ગની રક્ષા અર્થે હોય ઉત્સર્ગના ઉન્મૂલન અર્થે નહિ તેમજ પરિણામે ઉત્સર્ગ સુરક્ષિત રાખવા તેવા પ્રસગે અપવાદની આવશ્યકતાય રહે આમ, સહજ વિચારસરણી, કાઇપણ પ્રસગ કે વસ્તુનુ અવ

गअभावे अभिप्पेअसिद्धी उवायपवित्तिओ। ना
विवज्जत्थोऽणुवाए पयट्टइ। उवाओ अ मग्गो निअमेण।
नस्स तत्तच्चाओ अप्पाइ अप्पसगाओ। निव्वाग
मयमेअ।

વાકન મનોરથોનુ ઘડતર–વગેરમા શાસ્ત્રાન ન ગુરૂ અને ન
-મતિની નહાયથી વિપર્યાસ ન થવા ✓ વિપર્યાસ ન થાય તેના
ઇષ્ટસિદ્ધિ થાય આ માન માસા થથી વિશેષથી તો વિપર્યા
સના અભાવ સાથે ઇષ્ટ સાધક સામગ્રી પણ જો અ એનુ ખરૂ
કુ વિપર્યાસ ન હોવાથી કાર્યના શુદ્ધ ઉપાયમા પ્રવૃત્તિ થઇ શક

અહિ પ્રવ્રજ્યા–પરિપાલનના જે ઉપાયો આગળ કહેવામા આ
વશે, તેજ ઉપાયમા પ્રવૃત્તિ કરવામ આવે તેજ વાસ્તવિક પ્રવ
જ્યા–પરિપાલન અને તેનુ ફળ મોક્ષ સિદ્ધ થય ન ત્યા જ બની
શકે, કે જો તે ઉપાયો ન બધે કોઈ વિપર્યાસ ન થાય તે નહિત
તો જો વિપર્યાસ(ભ્રાન્તિ)ને લીધે માત્ર ઉપરથી દેખાવમા ઉપાય
રૂપે તે આચરાતા હોય, પણ વસ્તુ સ્વરૂપે જનથી (ઉપાયપણાએ)
રહિત હોય, તો કાર્ય સિદ્ધ નહિ થય જમકે, શિક્ષાગ્રહણ એ
ઉપાય છે, પરંતુ વિધિની વિપરીતતા, શિક્ષાની વસ્તુનો વિપર્યાસ
કે ચિત્તના કોઈ વિપર્યાસ સાથે શિક્ષ લેવાય તો તે શિક્ષા ઉપાય
ભૂત નહિ બની શકે ભ્રાન્તિ વિનો પ્રેમ નહિ કરે. તે તા
સાચા સાધનમાજ પ્રવૃત્ત રહેવાનો ... એની અભ્રાન્તતા કહે
વાય ... જ્યારે એ ફળના સાચા સાધનને ઉપાય માની અમ
પ્રવર્તે કારણાભાસમા પ્રવર્તે, તોને વિપર્યાસ થયે. કા ...
નિયમા સાધી આપે, કાર્ય પેદા કરવે સ્વભાવ જેને ...
તેને તે કાર્યનું કારણજ નહિ કહીએ અર્થાત ...

ન ક્નાં તો પોતામાથી ઉપાયપણાને તિલાજંલિ આપી ગણાય નહિ૦ અતિપ્રસ ગ આવે, એટલે કે કાર્ય કરવાના સામથ્ય વિનાના આ કારણાભાનને જેમ કારણ કહેવુ છે, તેમ જગતમા એના સામથ્ય રહિત બીજાને પણ કારણ તરીકે કેમ ન આવે ભવા ? આવુ બધુ વિચારતા તો વ્યવહારનો ઉચ્છેદ થઇ જાય એમ શકા ન કરવી, કેમકે આ નિશ્ચયનયની વાત છે માટેજ તે સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે

અહિ એ પ્રશ્ન થાય કે (१) તો પછી જે છે લુ કારણ કાય નિપજાવે છે, તેનેજ ઉપાય કહો, તેની પૂર્વનાને શા માટે ઉપાય કહો છો ? અથવા (२) જ્યારે અમુક ઉપાય એ સામગ્રીના અભાવ કાર્ય નથી કરતો તો તેને ઉપાયજ ના નારૂ કહેવો ? (૩) અથવા શુદ્ધિ સચવાય તોજ જ્યા કાર્ય થાય છે ત્યા શુદ્ધિજ કારણ કહેવી ઉપાય શા માટે કારણ ?

આના ઉત્તર એ છે કે (१) છેલ્લા કારણને જન્માવનાર કારણે વ્યવહારથી આ કાર્યના પણ કારણ કહેવાય (२)બીજુ, વ્યવહારમા તો કોઇ ઉપાય આદરવાથી, બીજી સામગ્રીના અભાવે ફળ ન આવે તો પણ તેને ઉપાય તો કહેવાયજ છે કારણ ? બીજા અનુકુળ સજોગો મળે તો તે કાર્ય કરી શકે છે માટે વળી એ તે ઉપાય બીજાને આકર્ષી લાવે છે, તોપણ તેને ઉપાય મનાય છે (૩)એમજ ઉપાયમા શુદ્ધિ થયા પછી એજ શુદ્ધ ઉપાય કાર્ય સાધી શકે છે માટે એ ઉપાયને કારણ કહેવુ એકલી શુદ્ધિ કોના આધારે હોય ? માટે અશુદ્ધિ હોય તોય ઉપાય વ્યવહારથી તો કારણ તરીકે કહેવાયોજ નિશ્ચયથી નહિ કહેવાય વ્યવહારથી સાધન તરીકે કહેવાનુ એટલા માટે, કે શુદ્ધ હૃદયે એ અશુદ્ધ પણ ઉપાયને આ૦ ચરતા આદરતા એમા શુદ્ધિ આવી જાય છે બાકી નિશ્ચયથી તો

से समलेट्टुकंचणे, समसत्तुमित्ते, निअत्तग्गहदुक्खे, पसमसुहसमेए, सम्मं भिक्खमाइअइ।

ઉપાયની પાછળ કાર્ય આવે જ. કાર્ય ન આવતું હોય તો એમાં ઉપાયપણું ક્યાં રહ્યું?

હવે સાધુ થયો એટલે માટીનું ઢેફું અને સોના તરફ સમભાવ રાખે એ બન્યો. અર્થાત્ 'સોનું ચાંદી કિંમતી છે, માટે સંઘરવા જેવું, માટી માલ વિનાની, માટે તરછોડવા જેવી,' એમ નહિ માને. સોના પ્રત્યે મોહ નહિ, માટી પ્રત્યે તિરસ્કાર નહિ. એવી રીતે શત્રુ કે મિત્ર પ્રત્યે સમભાવ હોય. તેને શત્રુ ઉપર દ્વેષ નહિ, કે મિત્ર ઉપર રાગ નહિ.

પ્ર૦—આવો સમદૃષ્ટિ ગુણ તો વીતરાગને અરિહંતને જ હોય ને? સામાન્ય દીક્ષિતને શી રીતે?

ઉ૦—ગુણમાં કે દોષમાં કક્ષાભેદ હોય છે. સમદૃષ્ટિભાવના ગુણની પરાકાષ્ઠા વીતરાગમાં, અને વચલી અભ્યાસની અવસ્થા સાધુમાં હોય. અભ્યાસનો ઉપયોગ ન રાખે, તો પરાકાષ્ઠાએ ન પહોંચે. સાધક અવસ્થામાં ઉત્કૃષ્ટપણે સિદ્ધ કરવાના ગુણોનો અભ્યાસ જરૂર જોઈએ. જો એમ સમજી લે કે, 'सोनुं तो आत्माने मोह पमाडी कर्मथी खरडनार छे,' तो माटीना ढेफा करतां शुं सुंदर लागे? વિષ્ટા પર કોઈએ ગુલાબ છાંટ્યો તેથી સુંદર માની મોહ કરવાનો? એક વખતના વિષ્ઠાના પુદ્ગલ ઉપર ફેરફાર થઈ ચકચકાટ રંગ, સ્પર્શ વગેરે આવ્યા, એટલે આજે સોનું દેખાય છે. કાળે કરીને એય પાછું પલટાઈ જશે. એમ માટીની દશા. શત્રુ માટે એમ થાય કે આ મારું શું બગાડી શકે? આ તો, आ विचारानी पासे कर्मगुंडो बलात्कारे आवुं काम करावी रह्यो छे,

એમા આનો શો દોષ?

વળી પોતે (૧) આગ્રહી ન બને, આગ્રહના કલેશ વિનાનો બને [આગ્રહ એટલે અહંકાર કે લોભ વગેરે કષાયની પકડથી મતત્વનો અભિનવેશ એ દુ ખ કે દુ ખની પરંપરા સર્જે છે મોક્ષસાધક સાધુ એનાથી રહિત હોય એ સમજે છે કે એવા કદાગ્રહથી બહુ તો પુણ્યકર્મના વિપાક પોષાય છે, એટલે કે યશ વગેરે મળે છે, પણ એમા આત્માનુ મોક્ષોપયોગી શું વળ્યુ ? (૨) એવી રીતે 'अग्गह એટલે અગ્રહ, અજ્ઞાન, અણસમજ, અવિવેક એનુ પણ દુ ખ બહુ ભારે સાધુ એ વિનાનો હોય (૩) વળી 'ग्गह ગ્રહ પરિગ્રહ, તેનુ પણ દુ ખ ભારે સઘળા કલેશનુ મૂળ પરિગ્રહ પાપ સાધુમાથી એ દૂરજ હોવુ જોઈએ आग्रह, अग्रह अने ग्रहनी पकडमा [illegible] जे वच्यो पणे तो मोहन लपडाक लगावी ,काढयो, મહાન કર્મબંધ સરેલાઈથી અટકાવ્યો રોષોને પોષણ ન આપ્યુ, અને ગુણોને આત્મઘરમા આવવા સુન્દર અવસર આપ્યો

આગ્રહના પાપ ભયંકર છે આ આમજ થવુ જોઈએ, અથવા આ આમજ હોય—એ આગ્રહ અનેક કુવિકલ્પો અને દુર્ધ્યાનને સર્જે છે આગ્રહવાળો દા ત પ્રતિક્રમણ કરવા ગયો બારી પાસે જગ્યા ન મળી, તેથી પવન આવતો નથી, તો અનેક કુવિકલ્પો ઘડશે 'આ માણસ બેઠો, તેથીજ પવન રોકાઈ ગયો જો તે આમ બેઠો હોત તો તેનુ શુ જાત ? બુદ્ધિ હોય તો ને ? બેસતાય નથી આવડતું ઘરના માણસોય એવા છે ખબર ન રાખે કે મારે પ્રતિક્રમણ કરવા જવાનુ છે કટાસણુ રેકાણે રાખ્યુ હોત, તો વહેલો આવત અને ચોક્કસ સારી જગ્યા મળત' અથવા 'આટલો મોટો ઉપાશ્રય છે, તો બારીઓ વધારે રાખવી જોઈએ ને, પેલી બારી

બન્ને છે શું ને મધ ન કરી હોત તો ન ચાલત ? પવન કેટલી છૂટથી મારત ?' વિચારો કે પવન આવવોજ જોઈએ—આ આ ઘટથી એ કેટલા દુખી થઈ રહ્યા છે ! એને એમ નથી થતું કે બારી પાસે જગ્યા ન મળી તેથી શું થઈ ગયું ? નય મળે ક્યાં લગી બારી પાસે બેઠા છે ? પવન ન મળતાં, આ કાયામાંથી શું ઓછું થઈ જવાનું છે ? ઘર દુકાનમાં ક્યાં પવન મળે છે ? અથવા, આખો દિવસ તો પવનમાં ફરૂં છું તો ઘડી પવન ન મળ્યો, तथी शु ? पवन करता ता मारी क्रिया घणु महत्त्वनी छे આગ્રહ ન હોય, તો એ પ્રમાણે વિચારે તેથી કુવિકલ્પો, દુર્ધ્યાન અને કષાયથી મુક્ત થાય. આ સામાન્ય દાખલા પરથી સમજવું કે જો આગ્રહ આવી તુચ્છ—નજીવી વાતમાં આટઆટલા વિકલ્પોથી પીડે, તો મોટી વાતમાં કેટલા ભયંકર વિકલ્પોની હોળી સળગાવે ?

પુણ્ય ઉભરાયું મળ્યું હોય ત્યાં આગ્રહ શા સારૂ રાખવા કે આ માતા, આ ઋદ્ધિ, કે આ માનપાન મળવુંજ જોઈએ ? जनता कर्म ज्या जीवने गुलामनी जम वेठमां घसडी रह्या होय शा गुलामने वळी आग्रह शा के 'मारૂ આ માન રહેવુંજ જોઈએ ? મારૂં બીજાએ માનવુંજ જોઈએ ?' એમ માયાના ક્રોધના આગ્રહ પણ ફોગટ છે. જીવને નચાવે શીખવે છે, કે 'તું ક્રોધ કર, અભિમાન કર, માયા કર,' પછી પોતે તેનો આગ્રહ રાખવા છતાં ન ફાવ્યો તો કહેશે 'દુનિયા બધી એવીજ છે, મદભાવી છે, ઉધલગીર છે' જોયું ? જગતને દબાવા ગયો, પણ પુણ્યાઈ કાચી તેથી જાતેજ દબાયો, છતાં આગ્રહને વશ વાંક પુણ્યનો નહિ પણ જગતનો જોશે જેમ મૂર્ખ માણસ ગામનું બળતું જુએ, પણ પોતાના પગ નીચે બળતું નહિ જુએ એમ

એમા આનો શો દોષ ?

વળી પોતે (૧) આગ્રહી ન બને આગ્રહના કલેશ વિનના મને , આગ્રહ એટલે અહંકાર કે લોભ વગેરે કષાયની પકડથી અતત્ત્વનો અભિનિવેશ એ દુ ખ છે દુ ખની પરંપરા સર્જે છે મોક્ષસાધક સાધુ એનાથી રહિત હોય એ સમજે છે કે એવા કદાગ્રહથી બહુ તો પુણ્યકર્મના વિપાક પોષાય છે, એટલે કે યશ વગેરે મળે છે, પણ એમા આ માનુ મોક્ષોપયોગી શું વળ્યુ ? (૨) એવી રીતે 'ग्रह' એટલે અગ્રહ, અજ્ઞાન, અણ સમજ, અવિવેક એનુ પણ દુ ખ મહ ભારે, સાધુ એ વિનાનો હોય (૩) વળી 'ग्रह' ગ્રહ પરિગ્રહ, તેનુ પણ દુ ખ ભારે મધળા કલેશનુ મૂળ પરિગ્રહ પાપ સાધુમાથી એ દૂરજ હોવુ જોઇએ आग्रह, अग्रह अने ग्रहनी पक्कडमार्थी जे बच्यो पणे तो मोहन લપડાક લગાવી ,કાઢયો, મહાન કર્મ બધ સરેલાઈથી અટકાવ્યો દોષોને પોષણ ન આપ્યુ, અને ગુણોને આત્મઘરમા આવવા અ ભુત અવસર આપ્યો

આગ્રહના પાપ ભય કર છે આ આમજ થવુ જોઇએ, અથવા આ આમજ હોય એ આગ્રહ અનેક કુવિકલ્પો અને દુર્ધ્યાનને સર્જે કે આગ્રહવાળો દા ત પ્રતિક્રમણ કરવા ગયો બારી પાને જગ્યા ન મળી, તેથી પવન આવતો નથી, તો અનેક કુવિકલ્પો ઘડશે 'આ માણસ બેઠો, તેથીજ પવન રોકાઈ ગયો જો તે આમ બેઠો હોત તો તેનુ શું જાત ? બુદ્ધિ હોય તો ને ? બેસતાય નથી આવડતુ ઘરના માણસોય એવા કે ખબર ન રાખે કે મારે પ્રતિક્રમણ કરવા જવાનુ છે કંગાલ ઠેકાણે રાખ્યુ હોત, તો વહેલો આવત, અને ચોક્કસ મારી જગ્યા મળતે' અથવા 'આટલો મોટો ઉપા શ્રય છે, તો બારીઓ વધારે રાખવી જોઇએ ને, પેલી બારી

गुरुकुलवासी, गुरुपडिबद्धे, विणीए, भूअत्थदरिसी,
'न इओ हिअतत्त 'ति मन्नइ ।

શિક્ષા એટલે શાસ્ત્રોમાનુ તત્ત્વજ્ઞાન તથા આસેવન શિક્ષા એટલે
પ્રભુ પ્રરૂપેલા આચાર લેવા અને ક્રમ લેવા, તેનુ શિક્ષણ અને
અભ્યાસ, ગ્રહણ–આસેવન शिक्षाज कर्मने निक्षा पर्ग सदतर दूर
કરશે એ માટે ગુરુકુળમા વસનારો બને વસનારો એટલે ?
તેમાંથી વચમા વચમા બહાર નીકળી જઈ ન કરનારો નહિ, પણ
સતત સ સર્ગ કરનારો બને. વળી ગુરુને प्रतिबद्ध રહે ગી
રીતે ? 'અહો! ભીષણ ભવોદ્ધારક માના અપ્રતીમ ઉપકારી
ગુરુ!' એમ સમજી, ત્રણ લોકના સામ્રાજ્ય દેનાર કરતાય
ગુરુના ઉપર અધિક આતર બહુમાન અને પક્ષપાત ધરનારો
હોય એમના પ્રત્યે અત્ય ત હાર્દિક પ્રીતિ અને પૂજ્યભાવ ધરે
તેમજ विनीत એટલે બહારથી અત્ય ત વિનય મર્યાદાવાળો હોય,
નમ્રતા, સેવા, અને ભક્તિવાળો હોય, જેથી ગુરુની આજ્ઞાને
ક્ષણ વગર હર્ષથી ઉઠાવતા હોય વળી તે भूतार्थदर्शी હોય,
એટલે કે સત્ય તાત્ત્વિક વસ્તુનેજ જોનાર માનનારો હોય તાત્વિક
એટલે સત્ અને પરમાર્થવાળી, અતાત્વિકને મનમાજ ન પેસવા દે,
ન પનિક જૂઠા પદાર્થો ત ક દરિજ ન થઈ જય સત્ પદાર્થોમ
પણ તુ ચ્છ પ્રયોજનવાળા પદાર્થોની વિચા ણાજ ન કરે તત્વમાજ
મતો હોય મિથ્યાદર્શનીઓએ કલ્પેલા કહેવાતા તત્વો–જેવા
ક, એ તવાદ, સર્વથાનિત્યત્વ ક ક્ષણિકત્વ, આત્માનુ કવ્યથી
જગદ્વ્યાપિત્વ, હિંસક યજ્ઞ વગેરે એ સ્વર્ગના સાધનો–આ
બધા અતત્વ છે અસત્ય છે તેમજ અતત્વ એટલે તુચ્છ પદાર્થો,
હિતકારી વસ્તુ આ મધાતર તત્ત્વો જેમકે, તત્ત્વભૂત દાન, શીલ

આખડી લોક જગતનો પ્રપચ, જ ાતનુ અભિમાન એ વગે
જોશે, માત્ર પોતના એના એજ છતા પણ નવાણુ નહિ જુએ
અને ધારો કે એ કષાયની પકડમા પકડાયો છે, ને તેમા પોતાન
ધાર્યું થઈ ગયુ, તો કહેશે 'આવી રીતેજ બધુ કરુ લોકએ
મહે નો'તુ દીધુ કે આમ કરીએ તોજ નભે ?' આમ પકડ
વધવાની, આગ્રહ વધવાનો, તેથી જૂના દોષો તો જીવત રહે
નાના પગ સાથે નવા દોષો પણ પગભર થવાના. આમ આગ્ર
એજ મહાદુખ છે એ ન હોય, તો કા ક્રોધાદિ કષાયો કર
નહિ, અને થઇ જાત તો 'હવા કશું આપણે સાથે લાવ્યા છીએ
એમ વિચારી કષાયથી પાછો ફરત

મુનિ આગ્રહ વિનાના હોય, કષાયોની પકડ વિનાના હોય
તેથી દીવ્ય પ્રશમ સુખથી ભરેલા હોય ક્રોધ દુખ છે, ક્રો
નથી એ મહાન સુખ છે માન વ લોભ દુખ છે, માન કે લો
નથી એ મહાન સુખ છે ઇચ્છાઓ છે, માટે તો ભીખ છી
અરે ! જીવતા મરી રહ્યા છીએ. તૃષ્ણા એ ભયકર આર્ત
રોગ છે આત્માના પ્રશમ સુખના કકડાને એ કોરી ખાય
અને જીવને ભાવમૃત્યુવશ કરે છે કષાયોના આગ્રહ છોડ્યા એ
પ્રશમસુખ સમીપ બન્યા પ્રશમ એટલે જેમા ક્રોધની આગ ન
માનનો ઉધમાત નહિ, માયાના ગુચળા નહિ, ને લોભની વ્યા
ગ્રતા નહિ આ દશા સ્થિર થઇ જાય પછી તો જગતની કે
ચીજ નથી, કે જગતનો કોઈ પ્રસગ નથી, કે જે તેની સાગ
ભીર પ્રશાત હૃદયની સપાટીને પણ હલાવી જાય, પછી અહ
તો હાલવાની વાતજ શી ?

આવો ગુણસપન્ન મુનિ અધિકારી (હકદાર) હોવ
ગ્રહણ અને આસેવન શિક્ષાને સારી રીતે ગ્રહણ કરે મ

सुस्सूसाइगुणजुत्तं तत्ताभिनिवेसा विहिपरं परम मनोत्ति अहिज्जइ सुत्तं।

આનંદમાં જીવને ભૂલાવે, અને ગાડીની લાંબી મુસાફરીની વિટંબના એ વધારે, તે પ્રમાણે નગ્નની લાંબી મુદ્દતમાં અનિત્ય એવા શરીરને તત્ત્વભૂત માની તેને મસ્ત કરવા માટે પુણ્ય ખર્ચી નાખે, એટલે તો પોતાના આ માનવ ભવાટવીમાં ગુમાવી બેસેને?

આર્યપ્રજા તત્ત્વદર્શી બની જાય તો પોતે એવી સુખી બને કે તેની આગળ દેવો પણ દુઃખી જણાય તત્ત્વદર્શી મુનિ શાસ્ત્રવચનનો અનુગામી હોવાથી 'ગુરુકુલવાસને તો ધન્ય આત્માઓ યાવજ્જીવ છોડતા નથી કેમકે એથી સમ્યગ્જ્ઞાનના પ્રકાશ મળે છે, અને તેથી મિથ્યામતિ અને પાપવ્યાપારમાંથી જીવ ચચળ થઈ ફરીને સમ્યગ્દર્શન અને ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે' આ વચનથી માને છે કે **ગુરુકુલવાસાદિથી અધિક કશુ કાંઈ તત્ત્વ આરાધવા યોગ્ય નથી** એની અપેક્ષાએ બીજું કોઈ હિતકારી તત્ત્વ નથી જે આદરણીય હોય કેમકે ગુરુકુલવાસમાં સ્વચ્છન્દતા નથી રહેતી તેથી મોહ દુર્બલ બની જાય છે કદાચિત મોહની વૃત્તિઓ જાગવા જાય, તોય સમુદાયમાં શરમને કે ભયને લીધે, અથવા સારા આત્માઓના આલંબનને લીધે એ વૃત્તિઓ શમી જાય છે વળી ગુરુકુલવાસમાં વિધિપુર યોગ્ય જ્ઞાન અને શિક્ષણ મળે છે તેથી પ્રગતિના ઘણા પથ પ્રગટ થાય છે, મોક્ષની નજીક થવાય છે આવો ગુરુકુલવાસ મળેથી આનંદ કેવો હોય? ગજબને? તેથી જ તે સુશ્રુષાદિ ગુણયુક્ત બની, તત્ત્વના નવ્યાગ્રહથી વિધિતત્પર રહી સૂત્રને પરમ મંત્રની જેમ ભણે

તપની અપેક્ષાએ પરિગ્રહ, વિષય અને આહાર એ અતત્વ છે આત્મજ્ઞાન નામે જડવિજ્ઞાન અતત્વ છે પરોપકાર આગળ સ્વાર્થ સાધના, અતત્વ છે અહિંસાના નૈયમાદિ ધર્મસ્થાનકોની સામે સાપમ્યાદિ અતત્વ છે જ્ઞાન-ક્ષમાદિ ક્ષાયોપશમિક ધર્મો આગળ ધન, બાહ્ય [ ]ન, ઋદ્ધિ-શાતા વગેરે ઔદયિક ધર્મો અતત્વ છે. એ અતત્વને અસારતાની તત્વનો ચિંતન, 'પુજક, પત્ર પાની અને ઉપનય બને જેમકે, આત્માની અપેક્ષાએ દેહ અતત્વ છે તેથી તે દેહને ભલી આત્માનેજ જોનારો હોય આત્મામાં કેટલી શુદ્ધિ અને પ્રગતિ થઈ? એના વિશુદ્ધ જ્ઞાનદર્શનચારિત્રના પર્યાય કેટલા વધ્યા? શુભ ધ્યાન કેટલું જામ્યું? તપસ્યા કેટલી કરી? આત્મા હળુકર્મી કેટલો બન્યો? દેહ તો અતત્વ છે, સ્વયં પાયમાલ થનારું અને બીજાને પાયમાલ કરનાર છે તેની મહુ ગપગીપ શી? તે મુકાઈ જાય અગર જડ થાય તો પણ શું? દેહની મરામતમાં નિજનાજે આત્મ વિકાસને રોકી નાખવાની મુર્ખાઈ ક્યાં સુધી? અતત્વ તો અપમાન નાશ પામી જશે, પણ એની ઘેલછામાં ઉભા કરેલા દુઃખ અને દુષ્ટ વાસનાઓ વિનાશ સુધી પણ નાશ ન પામતા સાજ આત્માને હેરાન કરશે તો શું અશુદ્ધ તત્વો પાછળ મારા સુંદર આત્માને ગુમાવીશ?' આમ સહૃદય ઉંડા ચિંતન સાથે તત્વ અતત્વનો વિવેક કરી તત્વનેજ હવે અવલંબે કોઈ અતત્વને જશ આપીને નગવડ માયરી, ય અતત્વની પાછળ આત્માના અમૂલ્ય પુણ્ય અને પુણ્યોપાર્જનના પુણ્ય અવસર ખરચી નાખવા, એ તો કેવા મૂર્ખાઈ છે!, કે જેમ, છ મહિનાની લાળી મુનાફીએ નિ જેલો પ્રવાસી, તાપથી તૃષા લાગતા, 'પોતાને [ ]ખતનો ગ્રામ આપના ને ભારે ઇનામ આપી દે', ઘડીના

बद्धलक्खे आसमाविप्पमुक्के आययट्ठी ।

ટીકાકારે 'ધારણા' પછી 'વિજ્ઞાન,' તે પછી 'ઇહા' લીધાં ત્યાં એમ સમજવું કે ધારણા કરેલી છુટક છુટક વસ્તુ ઓના અંકોડા ગોઠવી પદાર્થોનું ક્રમબદ્ધ સાંગોપાંગ જ્ઞાન કરવું, જેથી પછી એના પર ઇહા એટલે અનુકૂળ વિચારણા થઈ શકે. આ રીતે તત્વનિર્ણય કરવાનું એને સૂત્ર ભણતાં મળશે તેથી સૂત્ર ભણતી વખતે, એણે બુદ્ધિના આઠ ગુણ પામેજ રાખવા જોઇએ અને તત્વનો એને ભારે પક્ષપાત હોવાથી હવે તે સૂત્રને વિધિ જાળવીને ભણે. વિધિમાં તે તે સૂત્રને યોગ્ય કાળ, વિનય, બહુમાન, યોગોદ્વહન, નિયત તપસ્યા, વંદન, કાઉસ્સગ્ગ વિગેરે આઠ પ્રકારે જ્ઞાનાચાર આવે.

સૂત્રને પરમ મંત્રની જેમ ભણે. અર્થાત્ કોઈ અપૂર્વ મહાન લાભદાયી શ્રેષ્ઠ મંત્રનો અભ્યાસ જેટલી એકાગ્રતાથી અને આદરથી કરે, તે રીતે સૂત્રને બીજા પાસેથી સાંભળવાનું અને સ્વયં ભણવાનું કરે. મંત્રની ઉપમા એટલા માટે, કે જેમ મંત્ર સર્પાદિના એક ભવનાશક ઝેરને કાઢી નાખે છે, તેમ અનંતજ્ઞાનીએ ઉપદેશેલ સૂત્રો, સર્વશ્રેષ્ઠ મંત્ર હોઈ, અનેક ભવનાશક રાગદ્વેષ રૂપી ઝેર કાઢી નાખે છે.

વળી જેમ જેમ સૂત્ર ભણતો જાય તેમ તેમ આ આ કર્તવ્ય છે, એવો નિર્ણય કરતો જાય, એ હેતુથી સૂત્રને બદ્ધ લક્ષ્યવાળો, ધ્યેય શુદ્ધિવાળો બનીને ભણે, પણ સંમૂર્છિમ ક્રિયાવાળો (શૂન્યમનસ્ક) અગર પોપટીયા જ્ઞાન વાળો ન બને. સાથે આશંસાથી રહિત હોય એટલે કે આ લોકના માનપાનાદિની અથવા પરલોકના યશ, ઋદ્ધિ, વૈભવ

તત્વજ્ઞાન માટે શુશ્રુષાદિ એ બુદ્ધિના આઠ ગુણ ક્રમસર માન્ય છે તેમાં પહેલી શુશ્રૂષા એટલે તત્ત્વ જાણવા માટે તીવ્ર આતુરતા આતુરતાવાળા વસ્તુનો સારો ગ્રાહક બને છે ૨ શ્રવણ-આતુરતાથી ગુરુ પાસે જઈ તત્વને શ્રવણવિને જાણવુ જાણેજ નહિ અથવા જાણવાના ચિત્ત બીજે હોય તો તત્ત્વ પામી શકે નહિ ૩ ગ્રહણ-જાણવાના તત્ત્વને મનમા પકડવુ, અર્થાત ધ્યાન ચીવટ અને પ્રયત્નપૂર્વક, જાણેલી વસ્તુને સમજતા જવુ સમજી ગ્રહ્યા વિના તો લઈ પણ શુ જશે ? ૪ ધારણા-સમજેલાને મનમા યોજના પૂર્વક ધારી રાખવુ જેથી પછી એના પર વિચારણા કરી શકાય ૫ ઊહ-(વ્યક્તિ) ગુરુ પાસેથી જાણી સમજીને યાદ રાખેલી વસ્તુ પર તર્ક કરી બીજા અનુભવોમા દ્રષ્ટાન્તોમા 'એ વસ્તુ એમજ લાગુ પડે છે, અર્થાત્ એ મુજબજ બને છે' એની ગવેષણા કરવી, ૬ અપોહ-(વ્યતિરેક) ચોથા ગુણમા 'ધારી રાખેલી વસ્તુથી વિપરીત પણ નથી બનતુ' એવી અનુભવ-દ્રષ્ટાન્તોમા તપાસ કરવી દા ત ધુમાડો અગ્નિમાંથી જન્મે છે એમ જાણ્યુ એના પર 'ઊહ'થી વિચારાય કે બનાસર છે, રસોડુ, પર્વત, યજ્ઞકુંડ વગેરેમા એમજ દેખાય છે, અને 'અપોહ'થી વિચારાય કે સરોવર વગેરેમા અગ્નિ વિના ધુમાડો ઉઠતો નથી દેખાતો આ બે તર્કણા વિના પદાર્થનુ સાંગોપાંગ સચોટ જ્ઞાન નહિ થાય ૭ અર્થવિજ્ઞાન-ઉહાપોહ કરીને તે ધારેલા પદાર્થનો સાંગોપાંગ અસદિગ્ધ બોધ કરવો તે સિવાય તેમાંથી તત્ત્વનો નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ ૮ તત્ત્વજ્ઞાન-પદાર્થના વિશિષ્ટ બોધમાંથી તત્વ-સિદ્ધાન્ત નિશ્ચિત કરી, એનો આગ્રહ સાથે પક્ષપાત રાખવો बुद्धेः फलं तत्त्वविचारणा च ।

वद्धलक्खे आससाविप्पमुक्के आययट्ठी ।

ટીકામાં, 'ગ્રહણ' પછી 'વિજ્ઞાન,' તે પછી 'ઈહા' લીધી ત્યાં એમ સમજવું કે ગ્રહણ કરેલી સ્ફુટ સ્ફુટ વસ્તુઓના અંકોડા ગોઠવી પદાર્થોનું ક્રમબદ્ધ સાંગોપાંગ જ્ઞાન કરવું, જેથી પછી એના પર ઈહા એટલે અનુકૂળ વિચારણા થઈ શકે

આ રીતે તત્વનિર્ણય કરવાનું એને સૂત્ર ભણતાં મળશે તેથી સૂત્ર ભણતી વખતે, એણે બુદ્ધિના આઠ ગુણ પાસે જ રાખવા જોઈએ અને તત્વનો એને ભારે પક્ષપાત હોવાથી હવે તે સૂત્રને વિધિ જાળવીને ભણે વિધિમાં તે તે સૂત્રને યોગ્ય કાળ, વિનય, બહુમાન, યોગોદ્વહન, નિયત તપસ્યા, વંદન, કાઉસ્સગ્ગ વિગેરે આઠ પ્રકારે જ્ઞાનાચાર આવે

સૂત્રને પરમ મંત્રની જેમ ભણે અર્થાત્ કોઈ અપૂર્વ મહાન લાભાર્થી શ્રેષ્ઠ મંત્રનો અભ્યાસ જેટલી એકાગ્રતાથી અને જે હૃદયથી કરે, તે રીતે સૂત્રને બીજા પાસેથી સાંભળવાનું અને સ્વયં ભણવાનું કરે મંત્રની ઉપમા એટલા માટે, કે જેમ મંત્ર સર્પાદિના એક ભવના નાશક ઝેરને કાઢી નાખે છે, તેમ અનંતજ્ઞાનીએ ઉપદેશેલ સૂત્રો, સર્વશ્રેષ્ઠ મંત્ર હોઈ, અનેક ભવનાશક રાગદ્વેષ રૂપી ઝેર કાઢી નાખે છે

વળી જેમ જેમ સૂત્ર ભણતો જાય તેમ તેમ આ આ કર્તવ્ય છે, એનો નિર્ણય કરતો જાય, એ હેતુથી સૂત્રને બદ્ધ લક્ષ્યવાળો, ધ્યેય શુદ્ધિવાળો બનીને ભણે, પણ સંમૂર્છિમ ક્રિયાવાળો (શૂન્યમનસ્ક) અગર પોપટીયા જ્ઞાનવાળો ન બને સાથે આશંસાથી રહિત હોય એટલે કે આ લોકના માનપાનાદિની અથવા પરલોકના રાજ, ઋદ્ધિ, વૈભવ

समवेइ सत्थह्रा, तओ सम्मं निउंजइ । एअं धीराण सासणं । अण्णहा अणिओगो, अविहिगहिअमंतनाएणं । अणाराहणाए न किंचि, तदणारंभाओ धुवं ।

દિની આશંસા સેવ્યા વિના, એક માત્ર 'આયત' એટલે મોક્ષનો જ અર્થી બની, સૂત્રનું અધ્યયન અને કર્તવ્યનો ઉપયોગ કરે. જગતની કોઇ પણ વાતની સ્પૃહાથી રહિત બનવામાં એ લાભ છે કે સૂત્ર ભણવામાં પછી સ્વાર્થી દૃષ્ટિ નથી રહેતી. નહિતર તો, 'હું જલદી સારો વિદ્વાન તૈયાર થઈ જાઉં, પગભર (સ્વતંત્ર) થઈ જાઉં' વગેરે લાલસા રહેવાથી સાચી ગુરુસેવા અને ગુરુસમર્પણ ભૂલાય છે. ગુરુની સગવડને બદલે પોતાની જ અનુકૂળતા જોવાનું બને છે. નિરાશંસ ભાવમાં એ કાંઇ પંચાત રહેતી નથી. કેમકે ભવિષ્ય માટેના કોઈ લૌકિક યોજનાઓ જ ઘડી રાખ્યા નથી. સાથે, મોક્ષની તીવ્ર અભિલાષા જાગ્રત હોવાથી સૂત્રાધ્યયન ખૂબ ઉલ્લાસ અને ઉદ્યમથી થાય છે, પણ એમ નહિ કે 'થશે ધીમે ધીમે, શી ઉતાવળ છે?'

આ રીતે ભણી સૂત્રનો સર્વથા એટલે યથાસ્થિતપણે બોધ મેળવે, અને વિધિપૂર્વક ભણેલા સૂત્રના ખરા બોધથી સૂત્રનો સમ્યક્ પ્રકારે નિયોગ કરે. નિશ્ચિત યોગ, કે નિતરાં યોગ–એ નિયોગ. નિયોગ એટલે ચોકસ પ્રાપ્તિ, સદુપયોગ, અધિકાર કે વિનિયોગ. ૧ આત્મામાં સૂત્રનો નિયોગ કર્યો, એટલે સમ્યક્ પ્રાપ્તિ કરી. ૨ સદુપયોગથી એ સૂત્રના અર્થને પોતાના વર્તનમાં ઉતારી ભણેલાનો સારો ઉપયોગ કર્યો કહેવાય. ૩ પોતે વિધિસર એ ભણ્યો સમજ્યો, તેથી સારી રીતે એનો અધિકાર પ્રાપ્ત કર્યો–એ પણ નિયોગ કર્યો કહેવાય. ૪ તેવી રીતે બીજાઓમાં પણ એ સૂત્રનો અર્થ

ઉતરાવે એ પણ નિયોગ કર્યો કહેવાય ધીર ભીર પુરુષોનુ એ શાનન છે, એ શિક્ષા વચન છે, કે એ પૂર્વે કહેલી વિધિ મુજબ સૂત્રને ભણે, તો સમ્યક્રીતે એ સૂત્રનો નિયો થાય જેથી જે સૂત્રનુ વિધિથી અધ્યયન કર્યું, તેણે એ સુત્રનો નિયોગ કર્યો ગનાય નહિતર અવિધિથી જે અધ્યયન કર્યું, તો ત્યા અવિધિએ લીધેલા મ ત્રના દૃષ્ટાત મુજબ નિયોગથી વિપરીત અનિયોગ થશે અર્થાત્ અ યયનની મહેનત કરવા છતા સૂત્ર સારી રીતે મેળવ્યુ નહિ ગણાય, સદ્ઉપયોગ નહિ થાય વાસ્તવ અધિકાર નહિ મળે, બીજામા પણ નિયોગ નહિ નિપજે જેમ કોઇ મ ત્ર અવિધિથી લીધા હોય, તો મ ત્રના ગ્રહણ-પ્રાપ્તિને બદલે વસ્તુગત્યા અગ્રહણ અયોગજ થાય અથવા, કોઇ ગ્રહ વગેરેની પીડા ઉભી થવાથી મ ત્ર વિપરીતતાના પરિણમે, એય વસ્તુગત્યા મ ત્રની પ્રાપ્તિને બદલે અપ્રાપ્તિ થઈ ગણાય તે પ્રમાણે સૂત્ર પણ વિધિ ઉલ્લ ઘીને લેવા ભણવામા આવે, તો તેથી સૂત્રના નિયોગને બદલે વિપરીત ત્યાથી અનિયોગ થાય મર્યાદા ઉલ્લ ઘાપી લીધેલા માલની ન્યાયી પ્રાપ્તિ, અધિકાર કે યોગ્ય ઉપયોગ ન બની શકે-એ સ્વાભાવિક છે વિધિપૂર્વક ગ્રહણ નહિ, એ આરાધનાજ નથી

સૂત્રની એ રીતે અનારાધના (અવિધિ અધ્યયન)મા પ્રવૃત્ત થનારને કશુ ઇષ્ટ કે અનિષ્ટ ફળ મળતુ નથી ઇષ્ટ એટલે મોક્ષ અને અનિષ્ટ ફળ એટલે ઉન્માદાદિ સદ્અનુષ્ઠાનનુ ફળ મોક્ષ છે કહ્યુ છે કે સાધુપણાનુ સાચુ ફળ મોક્ષ છે, મોક્ષ સિવાયનુ ફળ એ તો ખેતીમાથી પાકને બદલે ઘાસના ફળ જેવુ છે, એ વસ્તુગત્યા ફળજ નહિ ગણાય વિધિ સહિત શ્રમણપણાનુ ફળ મોક્ષ છે, તેથી ઉલટુ, લીધેલી પ્રતિજ્ઞાના ભ ગનુ, અર્થાત્ આરાધનને બદલે ઘાર વિરાધનાનુ ફળ ઉન્માદ વગેરે ઘાર વળ આવે, નહિ કે એમ્નો

इत्थ मग्गदेसणाए दुक्खं,अवधीरणा,अप्पडिवत्ती। नेवमहीअमहीअ अवगमविरहेण।

ફલનાશ માન કહ્યુ) કે ભ ગ નરનાને ઉન્માદ (ચિત્તભ્રમ, ગાંડ પણ વગેરે) થઈ જાય, કોઇ દીર્ઘ કાળનો રાગ-વ્યાધિ ભળે, અથવા કવળી નર્વજ્ઞ ભગવાને ભાખેલા શુદ્ધ ધર્મથી ભ્રષ્ટ થવાનુ બને

પ્ર૦-અનારાધના (અવિધિથી સાધના)નુ કેમ કાઈજ ફળ નહિ?

ઉ૦-એટલા માટે, કે નિશ્ચિતપણે, એટલે કે વસ્તુગત્યા તો, જેણે આરાધનાનો પ્રારભ (ઉદ્યમ)જ કયા કર્યો છે? હોય તત્વથી અનારાધના, અને આરાધનાનુ ફળ આવે એ કેવી રીતે બને? સામગ્રી જો આના કરતા, જૂદી તો આ સામગ્રીનુ ફળ ન જન્મે નહિતર અતિ પ્રસ ગ આવે, દા ત સામગ્રી હોય વસ્રની- સુતર, વણકર, શાળ વગેરે, અને કાર્ય જૂદી, નિપજે ઘટો, એવુ કાન બને? પણ એમ બનતુ નથી એમ અનારાધના થકી આરાધ નાનુ ફળ ન નિપજે

પ્ર૦-સૂત્રાદિ માટે પરિશ્રમ કરવા છતા, વિધિની ઉપેક્ષા કરીને એ અનારાધક બની રહ્યો છે, એ શી રીતે ઓળખાય?

ઉ૦-અનારાધક એવો હોય છે કે જ્યારે એને ઉન્માર્ગથી જૂદો પાડીને શુદ્ધ નિર્દોષ મોક્ષમાર્ગનો તાત્ત્વિક ઉપદેશ દેવામા આવે કે આ રીતે અમાર્ગ કહેવાય, આમ આમ ઉન્માર્ગ (માર્ગનુ C ધન) કહેવાય' ત્યારે એ સાંભળતા એના મનને દુ ખ થશે, અથવા એની તરફ અવગણના કરશે, અથવા એને સ્વી કારશે નહિ સામાન્ય રીતે અનારાધના ત્રણ પ્રકાર -(૧) પોતા ભારે કર્મા જીવ-તેને શુદ્ધ માર્ગના ઉપદેશ વખતે આનુ આનુ બધન કેમ રાખ્યુ હશે? આ ગુલામી વળી

કેવી? આનાધના આમ કરાવાતી હશે! એ બધુ રહેવા દો પાનીમા આવી ઝીણી ઝીણી વાતો તે કરતી હશે?' ઈત્યાદિ ઈત્યાદિ એના મનને દુઃખ થશે (૨) બીજો પહેલા કરતા જરા લઘુકર્મી મધ્યમ જીવ-તેને એવુ દુઃખ તો નહિ થાય, પરંતુ એ માર્ગના ઉપદેશની અવધીરણા (અવગણના) કરશે ઉપદેશ પર ધ્યાન તો નહિ આપે, પણ 'ઠીક છે, બોલવુ સહેલુ છે કે આમજ કરાય, પણ પાળવુ કઠીન છે કહેતા કાંઈ વિચાર કરતા હશે?' આટઆટલુ તો કષ્ટ વેઠીને ધર્મ કરીએ છીએ, પછી આ ચિકાશ શી? વગેરે ચિતવશે (૩) ત્રીજો બીજા કરતાય વધુ લઘુકર્મી, એટલે ત્રણેમા વધુ સારો એ અસ્વીકાર કરશે એ કે બીજાની માફક 'કોણ ગણે છે એને?' એમ અવગણના તો નહિ કરે, પરંતુ 'એ વિધિ જરૂરી છે' એવો સ્વીકાર પણ નહિ કરે

આ રીતે અનારાધનાથી (વિધિની ઉપેક્ષાથી) સૂત્ર ભણ્યો, એ વાસ્તવિક રીતે સૂત્ર ભણ્યો નહિ ગણાય કેમક, એને એથી સમ્યક્ બોધજ થાય નહિ સમભાવ, અનાગ્રહ, ગુરુસમર્પણ, તત્ત્વદર્શિતા, ગુણાનુવાદિ આ૦ ગુણ, તત્ત્વપક્ષપાત, નિગશ સભાવ, મોક્ષાકાક્ષા વગેરે સાચવીને મેળવેલુ જ્ઞાન, એ તો જ્ઞાનરૂપ પરિણમે, બાકી એ બધુ ઉવેખીને ગમે તેમ સૂત્ર ગોખી ભણી પંડિતાઈ મેળવે તેથી શુ? એથી આત્માનો શુદ્ધ પ્રકાશક જ્ઞાન ગુણ મળ્યો નહિ આ સ્થિતિ માર્ગની ઉપેક્ષા કરનાર અને વિધિના અનારાધક એવા સૂત્ર ભણનારની છે

હવે સૂત્ર ભણનારો જે આત્મા માર્ગગામી છે, માર્ગની શ્રદ્ધા રાખી પ્રવૃત્તિ કરનાર છે, એનાથી કદાચિત્ વિધિમા ક્યાંક ચૂકાઈ જવાય, તો પણ એને એમન્તે અનારાધના નથી, કેમક

न एमा मग्गगामिणो विराहणा अणत्थमुहा, अत्थहेऊ तस्सारम्भाओ धुवं। इत्थ मग्गदेसणाए अणभिनिवेसो, पडिवत्तिमित्तं, किरिआरम्भो। एवंपि अहीअ ' अहीअ ', अवगमलेसजोगओ।

સમ્યક્ત્વાદિ હોય ત્યાં સર્વદા સત્ ક્રિયા, સદ્દનુષ્ઠાન હોય, અસદ્દનુષ્ઠાનરૂપ અનારાધના ન હોય તેથી ઉન્માદાદિ અનર્થને લાવનારી જે સૂત્રવિરાધના, તે માર્ગાનુસારીમાં ન હોય કેમકે આ ઉન્માદિ અનર્થ એ તો બહુ મોટા દોષને લઈને બને છે માર્ગાનુસારીમાં એવો દોષ નથી તેથી જો કદાચ વિધિની કોઈ સ્ખલનારૂપ વિરાધના એનામાં હોય, તોય પરંપરાએ એ અર્થનો હેતુ એટલે કે મોક્ષનું અંગ છે, કેમકે એણે વસ્તુગત્યા તો મોક્ષગમનનો આરંભ કરી દીધો છે માર્ગાનુસારિતાના યોગે વિરાધનાવાળો પણ એનો સાધવાનો પુરુષાર્થ એ મોક્ષની સન્મુખ ગમન છે, જેમ, કાંટાવાળા, કે તાપ સહિત, કે મુંઝવણ ક - ભ્રાન્તિ સહિત પણ સન્માર્ગે પ્રયાણ કરનારો ઇષ્ટસ્થાનની તરફજ જઈ રહ્યો છે કહ્યું પણ છે કે માર્ગમાં કાંટા હોય, પોતાને તાવ હોય, કે મુંઝવણ ક ભ્રમણા હોય તેથી જરા ધીમે ચલાતું હોય, પણ એ માર્ગ સીધો માર્ગ હોય, તો એવું પણ ચાલવું એ ફલવાન બને છે તેની રીતે, મુનિની માર્ગને અનુસરતી પ્રવૃત્તિ સ્ખલનાવાળી હોય, તોય તે ઇષ્ટ મોક્ષફળ સાધક છે માર્ગાનુસારીનીજ પ્રવૃત્તિની ગાડી મોક્ષ સ્ટેશન આવે છે

પ્રશ્ન—આવો માર્ગાનુસારી પણ વિરાધના કરતો હોય એ શી રીત જણાય ?

ઉત્તર—લક્ષણથી જણાય એમાં ત્રણ પ્રકાર હોય (૧)

પહેલો જે સાધક વિધિની વિરાધના કરતો હશે, એને માર્ગ દેશના સાભળતા પેલા એકાન્ત અનારાધકની જેમ દુ ખ, મવ લીનતા ક અપ્રતિપત્તિ નહિ થાય અર્થાત્ વિધિમા તેનો સ્વી ર વા ક રે, છતા પણ એના પ એને અભિનિવેશ નહિ હવાનો અર્થાત્ માર્ગ રૂપે વર્ણવાતા વિધિનિષેધ જરૂરી માનશે, પરન્તુ એજ ખ ખર મુખ્ય છે, આારાધનના મ્ષ્ટ સ્નાય એની વધુ કિંમત—એવો વિધિમા તેનો અગ્ર- પક્ષાપાત એ નહિ સેવે (૨) બીજો એનાથી જે એ ા વિરાધ- હશે તે એવો પન પાત નાખશે ખરો, પણ માત્ર સ્વીકાર અને પક્ષપાત કરીને એ એસી હેશે, કિન્તુ અમલમા નહિ ઉતાર (૩) ત્રીજો એથી પણ ઓછો, એટલે કે બહુ ઓછો વિરાધક એ તો વત નમાય મૂકશે છતા પ્રમાદ-, આલસ્યાદિ દોષે કરીને યાર ક્યાક વિ ા ધના એનાથી થતી હશે

આમ વિરાધનાથી પણ માર્ગાનુસારીએ ભણેલુ સૂત્ર એ પરમાર્થથી 'બહોલુજ' છે, કેમક એથી એન થોડો પણ નમ્યગ્ બોધ થાય છે વિરાધના ન હોત તો વિપુલ સમ્યગ્ બોધ થત બોધની આ નમ્યક્તાનો આધાર આત્માને એ બોધ પરિણમના ઉપર છે અર્થાત્ આત્મા એને અનુસારે કરો મન, વચન કાયાથી પ્રવર્તે છે એના પર કે, નહિ કે માત્ર પડિતાઈપર પરતુ હવે એ પરિણમનમા માર્ગવિરાધના અમલના પહોચાડે છે પરન્તુ જીવ માર્ગાનુમારી હોવાથી, એની વિરાધના છતા નત્રાધ્યયનથી એન ભલે અલ્પ પણ સમ્યગ્ બોધ થાય છે, તથીજ તે વાસ્તવિક સૂત્ર ભણ્યો કહેવાય એ વિરાધક છતા નિયમા મોક્ષ વના મઘ્યસ્થ નાદિ બીજવાળો છે કેમકે મોક્ષમાર્ગ તરફના ધર્મનને બાધ ન કરે એવી વિરાધન તા માર્ગ ગામિનીજ હોય.

अय मवीओ निअमेण। मग्गगामिणो खु एमा अवायबहुलस्स।

निरवाण जहोदिए सुत्तुत्तकारी हवइ पवयण माइसगए पचममिण्ति गुत्ते।

અર્થાત્ જેણે બીજ પ્રાપ્ત કર્યું હોય એનીજ હોય

પ્ર૦—તો શું સામાન્યથી બીજવાળા સર્વ માર્ગગામી આત્માથી વિરાધના થયા કરતી હશે?

ઉ૦—ના, બીજવાળો છતા જે આત્મા બહુ અપાયવાળો અર્થાત્ અનિરુપક્રમ(૧નોપક્રમ)એવા ક્લિષ્ટ મોહનીય અંતરાય વગેરે કર્મના ઉદયવાળો હોય, એનાથીજ વિરાધના થઇ જાય છે પરંતુ જે આત્મા અપાય વિનાનો એટલે કે તેવા ક્લિષ્ટ કર્મના ઉદય વિનાનો છે, અને પૂર્વે કહ્યા મુજબ માર્ગગામી છે એનાથી વિરાધના નથી થતી. એ તો વિરાધના વિનાની સાધના કરે છે, એટલે કે સૂત્રે જે રીતે ફરમાવ્યું, તે મુજબ આચરનારો બને છે એને એવો મોહ અને વીર્યાંતરાય નથી, કે જે એને પ્રમત્ત કે શિથિલ બનાવી વિરાધક બનાવે

આ પ્રમાણે દીક્ષા લઇ સમ્યક્ ક્રિયાના જોડાયેલો વિપર્યય વિનાનો, સમભાવી, શિક્ષારક્ત, ગુરુકુલસેવી, તત્વદર્શી તત્વપક્ષી, નિરાશંસ, મોક્ષાર્થી, પરમ મંત્રવત્ સૂત્રનો ભણનાર ક્લિષ્ટ કર્મના અભાવે અવિરાધક, અને સૂત્રના આદેશોને બરાબર આચરનાર એવો એવો આત્મા–અષ્ટ પ્રવચન માતાઓ કરીને સમ્યગ્ યુક્ત હોય પ્રવચન એટલે શ્રી સર્વજ્ઞ ભગવાનનું ચારિત્રદેશ

૧ ઉપક્રમ નિમિત્તનો ધક્કો લાગતા તૂટી જાય તે

વચન (આજ્ઞા)- એમ જ પ્રવચન એટલે આજ્ઞાએ ફરમાવેલું ચારિત્ર એ બાળ જેવું છે. એને સાચવનાર માતા જોઈએ તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચનની માતા કહેવાય છે. એ પાંચ સમિતિએ સમિત, અને ત્રણ ગુપ્તિએ ગુપ્ત હોય.

સમિતિ એટલે સમ્યગ્-ઉપયોગ અને મર્યાદાવાળી પ્રવૃત્તિ. આત્માનો એમાં દોર ન લાગવા દેવાની સાવધાની (જયણા) હોય, અને પ્રવૃત્તિ મર્યાદાવાળી હોય. ગુપ્તિ એટલે ગોપન નિવર્તન. શાસ્ત્રે સમિતિને પ્રવૃત્તિરૂપ અને ગુપ્તિને પ્રવૃત્તિ નિવૃત્તિ ઉભય સ્વરૂપ કહી છે. ગુપ્તિમાં જેમ અશુભ થકી અને અનાવશ્યક થકી પાછા હટવાનું છે, તેમ શુભ અને આવશ્યકમાં પ્રવૃત્તિ પણ થવાનું છે.

સમિતિ ૫—૧ ઇર્યાસમિતિ-સંયમયોગાર્થે જ્યાં ચાલવું પડે ત્યાં માત્ર જીવરક્ષાના ઉપયોગ (લક્ષ) પૂર્વક ચાલે તે. ૨ ભાષાસમિતિ-બોલે તેમાં સાવદ્યના સ્વપરને અહિતકારિતા, જૂઠ વગેરે ન આવે, એનું ધ્યાન રાખે તે. ૩ એષણા-સમિતિ-ગોચરી (ભ્રમરવત્ ભિક્ષાચર્યા)માં ઉદ્ગમના ૧૬, ઉત્પાદનના ૧૬, એષણાના ૧૦-એમ ૪૨ દોષ ટાળી ભિક્ષા લે અને સંયોજનાદિ પાંચ દોષ ટાળી ભિક્ષા વાપરે તે. ૪ આદાન-ભંડ-માત્ર નિક્ષેપણાસમિતિ-સંયમના ઉપકરણ (સાધન) લેતાં મૂકતાં જીવરક્ષાર્થે પડિલેહવાનો (દૃષ્ટિથી અવલોકન કરવાનો) અને રજોહરણાદિથી પ્રમાર્જવાનો ઉપયોગ રાખી વર્તે તે. ૫ પારિષ્ઠાપનિકા સમિતિ-નિર્જીવ નિર્દોષ ભૂમિપર મળમૂત્રાદિ નાખે તે.

ગુપ્તિ ૩—૧ મનોગુપ્તિ-મન પર અંકુશ. અશુભ અને બીનજરૂરી એવી શુભ પણ ચિંતા ન કરવી ... આવશ્ય-

अणत्थपरे णअच्चाण अविअत्तस्स, सिसुजणणीचाय
नाण्ण । विअत्ते इत्थ केवली णअफलमुग ।

વિચારણામા મનને ગોપવી રાખવુ તે એવુ વચન અને ઇંદ્રિયો
સહિત કાયાનુ ગોપન તે ર વચનગુપ્તિ અને ૩ કાયગુપ્તિ

આ સમિતિ ગુપ્તિ મનાદિકાગના હિંસા અને પ્રમાદના
મગ્યામી આત્માને હવે સૂક્ષ્મ જીવનો પણ મહા દયાળુ બનાવે
છે, અને પોતામા અપ્રમાદના શુભ ઉપયોગને જાગ્રત રાખે છે
એ શુભ ઉપયોગમા સહજ શુભ ભાવને પોષી પુણ્યથી, અને
શુભ ધ્યાનને પોષી વિપુલ સકામ નિર્જરાથી, આત્માને પુષ્ટ
અને સમૃદ્ધ કરે છે જગતને નિયંત્રિત કરવા સમર્થ છતા
પોતાના આત્માનેજ નિયંત્રિત કરવા દેવ પણ સમર્થ નથી
તેવો પુરુષ વિશ્વમા કોઇ ભાગ્યેજ જડે. સમિતિ ગુપ્તિ આ
આત્મનિયંત્રણ કરવાનુ મહાન કલ્યાણ સામર્થ્ય બક્ષે છે એથી
અજ્ઞાન એવા માષતુષ મુનિ જેવા પણ સર્વજ્ઞ બની મોક્ષે
સધાવે છે અહો ! કેવી એ સમિતિગુપ્તિની કલ્પવેલડી. જીવ
બીજુ ન આવડે તો કાંઇ નહિ આ સમિતિગુપ્તિનો નિષ્ણાત
(Expert) બનજો

મુનિ સમજે છે કે જેમ, માતાના ત્યાગે બચ્ચુ વિનાશ
પામે, એ દૃષ્ટાન્તે આ પ્રવચનમાતાનો ત્યાગ એ ચારિત્રરૂપી બાળ
ના પ્રાણનુ હરણ-ક્ષય-કારી થવાથી અનર્થમા પરિણમશે
આવી વિચારણાએ સર્વજ્ઞનુ ચારિત્ર એજ પુષ્પ ઉમેરવુ છે એ
પ્રવચનમાતાના નિરંતર સેવ્યો નુ ફળ છે કેમકે પ્રવચમાતાના
પ્રાણવત્ પાલનથીજ સમ્યક્ રીતે ઉછરી બાળચારિત્રના ભા
એ કેવળી ચારિત્ર ભાવની પરાકાષ્ઠામા પરિણત થાય છે (અનુ

મોટું-પકવવયનુ થાય એ દ્રવ્યપરિણતિથી, આ ચારિત્રભાગ પકવ થાય એ ભાવ પરિણતિથી) એટલે, એ અબાળ ચારિત્ર ન આવે ત્યા સુધીના અવ્યક્ત-અપકવ વયના ચારિત્ર બાળને પ્રવચનમાતા વિના નજ ચાલે ક્ષાયોપશમિક ચારિત્રને સત્તામા રહેલા ચારિત્ર મોહનીય કર્મથી આવરાવાનો ભય છે, ત્યા પ્રવચનમાતાના પાલનમા મનનો સતત ઉપયોગ એ ભય સામે જબરદસ્ત સરક્ષણ આપે છે સર્વજ્ઞને સકલ મોહના અત્યત ક્ષયથી નીપજેલા ક્ષાયિક ચારિત્રને કદી આવરાવાનો ભય નથી પણ તે ન થાય ત્યા સુધી બાળચારિત્રને માના સમિતિગુપ્તિ જોઇએજ

સાધુ આ બધુ જે જાણે છે, તે દ્વિવિધ પરિજ્ઞાથી, તેમા એક જ્ઞપરિજ્ઞા, બીજી પ્રત્યાખ્યાન પરિજ્ઞા અષ્ટ પ્રવચનમાતાનુ સ્વરૂપ, ઉપયોગિતા,આવશ્યકતા,મોક્ષફલકતા-ઈત્યાદિનુ સમ્યક શ્રદ્ધાપૂર્વક શિક્ષાથકી સમ્યક્ જ્ઞાન કર્યું તે જ્ઞપરિજ્ઞા એ જ્ઞાનને અનુસરતી સમિતિગુપ્તિના આચરણની ક્રિયા તે બીજી પ્રત્યાખ્યાન પરિજ્ઞા સસારની વાતોનુ સચોટ જ્ઞાન અને ક્રિયા જીવને કયા સુલભ નથી ? પૂર્વના અનતાનત ભવોમાના કયા એક પણ ભવમા જીવ એને ભૂલ્યો છે ? એથી તદ્ભવમા પાપમય જીવન આધિ-વ્યાધિ-ઉપાધિ-તૃષ્ણા અને અતૃપ્તિની પીડાઓ, તથા પછી ભવની પરપરા સિવાય બીજુ શુ મળ્યુ છે ? પણ હવે જો આ બે પરિજ્ઞાથી સમિતિગુપ્તિ આત્મસાત્ થઇ જાય, તો આ લોકમા પરમ સ્વસ્થતા, અને પછી ભવનો અત થઈ જાય કેવો સુદર દુર્લભ યોગ ! -

વળી દીક્ષિત સારી રીતે સમજે છે કે આ લોકમા ચારિત્ર અને જ્ઞાન કેવી અદ્ભુત લોકોત્તર વસ્તુ છે ! -

सम्मत्तेण विआणइ दुविहाण परिण्णाण तहाआयाम
पयासदीव संदीणाथिराइभेअं असंदीणथिरत्थमुज्झमइ ।

આશ્વાસ પ્રકાશ દીવ છે દીવના બે અર્થ ૧ દ્વીપ અને ૨. દીપ ચારિત્ર એ આશ્વાસ-દ્વીપ છે, અને જ્ઞાન એ પ્રકાશ-દીપ છે ભવસમુદ્રમા કષાય અવિરતિના કારમા વિકારોમાં તણાઇ ડુબી રહેલા જીવને ચારિત્ર એ દ્વીપની માફક આશ્વાસન આપે છે સમુદ્રજલની જેમ અવિરતિ અને કષાયોના વિકારો આત્માને આકુલવ્યાકુલ કરી મુઝવણથી બેભાન કરી નાખે છે, ત્યા ચારિત્ર એ વિકારોની વિરતી (શાંતી) કરી મહાન સુખ અને સ્વસ્થતા આપે છે, ત્યારે જ્ઞાન એ એકાંત દુ ખથી વ્યાપ્ત એવા મોહનો અર્થાત મિથ્યાત્વ અને કુમતિના અધકારને હઠાવવા દીવની જેમ પ્રકાશ આપે છે

એ દ્વીપ ન મળે તો એ નિરંતર પીડાઇ સડી મરવાનુ, અને એ દીવો ન મળે તો આત્મઘરમા મહા નિધાન હોવા છતા અજ્ઞાનના અધારામા કાઇ પણ દેખ્યા વિના કુટાઇ મરવાનુ

દાખ ઘરમા રત્નની પેટી હોય, મેવા, પકવાન અને અમૃતપાને ભરેલા ભોજન હોય, પરંતુ ઓરડામા અધકાર અધધાર છે, પ્રકાશ નથી, તો એ ન દેખાવાથી લેવાનુ તો મુશ્કેલ, પણ ઉલટુ ઘ મા અંધારે વનમા થાભલા વગેરે સાથે અથડાયા કુટાયા કરવાનુ થાય ત્યારે જો પ્રકાશ હોય, તો તુરત જ એનો ગ્રહણ અને ઉપભોગ થઇ શકે તે પ્રમાણે અધકારમય મ સારમા જ્ઞાન એ ભાવપ્રકાશનો દીવો

બેતના બે પ્રકાર -૧ કલાક બેટ તરતા દ્વીપ અર્થાત સમુદ્રના પાણી વગેરેથી ધોવાઇ જાય એવા, અને ૨ બીજા

ભિનતરત્તા-સ્થિર, ચોવાઇ ન જાય એવા દ્વીપ. અહિ ક્ષાયોપશમિક ચારિત્ર એ પહેલા પ્રકારના દ્વીપ જેવુ છે, અને ક્ષાયિક ચારિત્ર એ બીજા પ્રકારના તેમ દીવો પણ બે પ્રકારનો -૧ અસ્થિર-વિનાશી, ૨ સ્થિર અવિનાશી નિયતકાળ નિયતક્ષેત્રવાળો તે અસ્થિર તેલનો દીવો, અર્થાત્ તે સામગ્રી વિનાના કે વિઘ્નવાળા બીજા ક્ષેત્રકાળે બુઝાઇ જાય અને ક્ષેત્ર અને કાલનુ જેને બંધન નથી એ મહા રત્નદીપક-નિત્ય સ્થિર દીવો

અસ્થિર દીવો ક્ષાયોપશમિક મતિ શ્રુત વગેરે જ્ઞાન છે, સ્થિર દીવો એ ક્ષાયિકજ્ઞાન, કેવલજ્ઞાન દીપ દ્વીપ બન્નેમા પ્રથમ જે ક્ષાયોપશમિક, એ વિલબે ઇષ્ટ મોક્ષસિદ્ધિ માટે થાય, કેમકે, વ્યાઘાતના ભયવાળુ છે બીજુ ક્ષાયિક દીપદ્વીપ એ વિલબ વિના ઇષ્ટ મોક્ષસિદ્ધિ માટે થાય, કેમકે વ્યાઘાત-રહિત છે સાધક આ બધુ માત્ર જાણે એમ નહિ, પરતુ અસ્થિર ક્ષાયોપશમિકમાથી સ્થિર એવા ક્ષાયિક ચારિત્ર અને જ્ઞાનમા જવા ઉદ્યમ કરે

એવો એ દ્વીપ શુ ચીજ છે? દરીયામા પડેલાને દ્વીપ મળ્યાથી જેમ સાગરમા તણાઈ જવાનુ રહેતુ નથી, તેમ ભવ રૂપી સાગરમા પડેલાને ચારિત્ર બેટ આશ્વાસન દ્વીપ છે અહિ દ્વીપ વિના સમુદ્રમા કેવી કેવી આપદાઓ છે તે વર્ણવી, તેની સાથે ચારિત્ર વિનાના સસારની આપદાઓ સરખાવવામા આવશે અને ચારિત્રના લાભ બતાવાશે જ્ઞાન દીવા વિના સસાર-અરણ્યમાંની વિકટ સ્થિતિનુ પણ એ પ્રમાણે

૧ ચારિત્ર દ્વીપની કિમત સમજનારો અને ગરજવાળો વિચારે છે, કે જ્યારે હુ દરિયામા ડૂબતો હતો, મરી જવા તરફડીઆ મારતો હતો, ત્યારે બીજી બાજુ દરિયામા [illegible]
જળચર પ્રા[illegible] આવેલ [illegible]

નથતા હતા અહો! આ દ્વીપ એનાથી કેવો બચાવી લેનારો! ૨ વળી દરિયામાં ભૂખે ને તરસે મરી જાત ખાવા માટે મિઠાઈ આદિ ખાદ્ય ન હતા અરે! સુકો રોટલો પણ ન હતો, અને પીવા માટે કંઈ તો નહિ, પણ કોઈ મીઠા પાણીનું એક ચાંગળુંય ક્યાં હતું? ઉલટું એવું ખારું પાણી હતું જેથી ગળી બનાવી કહોવાઈ જાય, પછી મહા વેદનાઓ ઉઠે એને ન ભાળના પણ દાદ? અહો! ત્યારે આ દ્વીપે મને કેવો ઉદ્ધર્યો! ૩ દરિયામાં ડૂબેલો હતો, ત્યારે ઘડીકમાં ઉપર અને ઘડીમાં હેઠે મોજાંને તળીએ ક્યાંય સ્થિરતા કે સ્વસ્થતા ન મળે એમાંય શક્તિહીન અને મુર્છિત થઈ જતા સમુદ્રના ઘેરા પાણી નીચે કાયમને માટે દફનાઈ જવાનું! ત્યારે આ દ્વીપમાં કેવી ન સુખ શાંતિ ને સ્વસ્થ અવસ્થા! ૪ સ્ટીમર (જહાજ) તુટીને ઝવેરાત દરિયામાં સમાઈ જાય, ત્યારે એનું ઝવેરાત ક્યાંય ખેંચાઈ જાય તેનું ભાન ન મળે! અરે! જ્યાં પોતાનું જ ભાન ન રહે, મૃત પ્રાય જેવો ચેતનહીન અને દુર્બલ પોતે બની જાય ત્યાં ઝવેરાતનું શું ભાન! ત્યાં ઝવેરાતની અને જાતની સલામતીવાળો દ્વીપ મળી જાય એ કેવું અહોભાગ્ય! હવે તો એ દ્વીપમાંથી પોતાને ઘેર જઈ ઝવેરાત તથા બીજી માલમિલ્કત, કુટુંબકબીલા સમૃદ્ધિના સાધનો ભોક્તા બની શકવાનો એજ પ્રમાણે

૧ સંસાર સાગરમાં મગરમચ્છ એ મહા વિકરાળ જલચર પ્રાણીઓ છે એનાથી જીવ આખો ને આખો એવો ગળાઈ જાય છે, કે જેની કારમી પીડાનો પછી પાર નહિં ચારિત્રદ્વીપ જીવન અને પ્રયોગોને પલટી નાખી, એ મગરથી બચાવી લે છે

૨ સામાન્ય અષ્ટ પ્રવચનમાતાનું જ્ઞાન, ઉચ્ચ દ્રવ્યાનુયોગનું જ્ઞાન, ધર્મ અને શુક્લધ્યાન, વાચનાદિ સ્વાધ્યાય, વિનય, વૈયા

પચ અને ચારિત્ર, તેમાં બાહ્ય તપ અને પ્રશાન્ત અનિત્યાદિ તથા મૈત્રીઆદિ ભાવનાઓ, સંયમ વગેરે અદ્ભુત અમૃતનાં ખાનપાન ચારિત્રદ્વીપે મળે છે એથી જે અપૂર્વ તૃપ્તિ અને પરમ આનંદ થાય, એમનું મનરમાગરમાં શું મળે? એ ન મળે, અને જે પાપો, દુર્ધ્યાન, કુભાવનાઓ વગેરે મળે, તેનાથી તો જીવને ભવ ભર અતૃપ્તિ, તૃષા અને સંતાપ ઉપરાંત, જાતે એવા ખવાવાનું હોવાનું અને તીવ્ર સંક્લેશની વેદના ભોગવવાની, કે જે મિટાવનાર ગુરુ ન મળે. એ ગુરુકુળવાસ તો ચારિત્રમાં સુલભ. સાગરમાં તો પીડાઓ એવી, કે આત્મા જાણે માહીથી વધુ કરોવાય, અને ફરી ફરી એ વિષય કષાયની મને આધિ, વ્યાધિ, ઉપાધિની વેદનાઓ છે. ચારિત્રદ્વીપ એમાંથી કેવો સરસ બચાવે!

૩ વળી ભવસાગરમાં જીવ અનંત કાળથી મોહમાયામાં ડૂબતો અને તેથી ચાર ગતિના વિચિત્ર પટમાં ગોથાં ખાતો, ઘડીમાં ઉપર આવતો, તો ઘડીમાં નીચે, તે ઠેઠ તળીયે જાતો. ક્યારેક પોતે પુણ્યથી માયા પર હકુમતવાળો એટલે ઉપર થતો અને બહુવાર તો તેમનું સામ્રાજ્ય પોતાના ઉપર એટલે પોતે તદ્દન નીચે રહેતો. વળી ઉપર એટલે ક્યારેક દેવગતિમાં, તો ક્યારેક નીચે એથી ઘોર સાતમી નરકે એથી પણ વધુ નીચે બેભાનપણે શક્તિહીન અને મૂર્છિત થઈ નરકથી અનંતગુણા દુઃખી નિગોદમાં કે કાળ અનંતા કાળચક્રો સુધી દબાઈ દટનાઈ જવાનું બનતું ત્યારે હવે ચારિત્રદ્વીપ મળ્યાથી કેટલી રાહત! મોહમાયાના આવર્તો-ભ્રમરીઓ હવે અહિં ન નડે. સંસારમાં ઉંચે નીચે હવે નહિ અથડાવાનું.

૪ ભવ સમુદ્રમાં પડેલા જીવનું ક્ષાયોપશમિક અને ક્ષાયિ

નસ્યત્વ, ક્ષમા, તૃપ્તિ, સંયમ, જ્ઞાન, વીર્ય, અવ્યાબાધ સુખ, અક્ષય સ્થિતિ વગેરે જવાહિર એનવિખેર થઈ ગયેલું ન સંસાર સાગરની શુ ળામનુમા જીવને એનુ તો ભાન નહિ હતુ, પણ જાનનુંય ભાન ન મળે! પોતે કોણ છે, કેવો છે, કયા પડ્યો છે, એ કાંઈ સમજ નહિ ત્યાં અહો! હવે તો જાત, ઝવેરાત બંનેને સલામત કરી આપનારો અગ્નિદ્વીપ મળ્યો! કેટલો આનંદ! કેવું અનંત પુણ્ય!

એમજ જ્ઞાનનો પ્રકાશ ઘોર અંધાર અરણ્યમા પ્રકાશ આપે, વનમા પ્રકાશના એક પણ કિરણ વિના અંધારે આથડતા, પગે કાંટા, કાકરા, ભોંકાઈ જતા, જ્યાં ત્યાં અથડાઈ પડાતું, ચોરડાકુનો ભારે ભય કેટલાક તો જનો ચોરી પણ જાય રસ્તો જડે નહિ મન મુઝાય, જંગલી પશુઓની ચીસોથી કાળજુ ફફડે, હૃદય કંપે કાયા થરથરે, કેટલાક વનચરો તો પોતાને ફાવે તેમ બચકાય ભરી જાય, અને એણે એક વખત લોહીનો સ્વાદ ચાખ્યો, એટલે તો વારંવાર બટકા ભરે. કેવી દુ:ખદ સ્થિતિ! એમા હાશ! હવે અજવાળુ પાથરનાર દીવો મળ્યો એટલે કેટલો નિર્ભય!

એમ આ સંસારની અંદર કુમતિ અને અજ્ઞાનના અંધારામા રખડતાને જ્ઞાન પ્રકાશ મળી જતા, હવે ક્રોધ, માન, માયા લોભરૂપી ચોર ડાકુઓ દેખાઈ જાય છે, તેથી એનાથી આત્માના સમાદિ ગુણરત્નો ચોરાઈ ન જવા માટે કાળજી રાખી શકાય, એમ અનાચારરૂપ જંગલી પશુથી પણ સાવધ રહેવાય. જ્ઞાનપ્રકાશથી આસ્રવરૂપ કાંટા કાંકરાનો માર્ગ અને સંવર-નિર્જરારૂપ રાજમાર્ગ ઓળખાઈ જાય છે. કેવો અપૂર્વ જ્ઞાનમહિમા! આત્માનું અનંત જ્ઞાન-વીર્ય-સુખમય સ્વરૂપ, એ પ્રગટ કરનાર બાહ્ય આભ્યન્તર તપ, પાંચ મહાવ્રતો, સમિતિ, ગુપ્તિ, વિનય, વૈરાગ્ય

ભાવના, મોહમાયાદિનાયનો ત્યાગ ધર્મશુક્લ ધ્યાન વગેરેને જ્ઞાન દીવો એવો બતાવી આપે છે કે પછી તો માત્ર આપણા પ્રબળ પુરુષાર્થની જ જરૂર

આના દીપ અને દીવાને પામી, તત્ત્વદીપનાવી સ્થિર દીપમાં જવાનું છે અસ્થિર દીવામાંથી સ્થિર દીવો મેળવવાનો છે જવાનું કેવી રીતે બને? શુભ ભાવનાઓ અને શુક્લધ્યાનની ફલાંગ મારીને ક્ષાયિક ચારિત્ર અને સર્વજ્ઞતાના પદે પહોંચાય એટલે અસ્થિર દીવામાંથી સ્થિર દીવો કેવી રીતે મેળવાય? અસ્થિર દીવાની અનિત્ય ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળી જ્ઞાનદીવાની વાટ, તેલ વગેરે સામગ્રીને વિપુલ અને અક્ષય કરી નાખે, સમ્યક્ત્વનો સહજ પ્રકારનો વ્યવહાર જે નિર બનાવી દે, તત્ત્વભાવનાના વેગને વધારી દર્શનસપ્તક ખપાવવાની ઝપટશ્રેણી લગાવે, તો ક્ષાયિક સમ્યક્ત્વ થાય ક્ષાયોપશમિક ધર્મોનું પાલન બહુધા શાસ્ત્રવચન, ગુરુદાક્ષિણ્ય, લોકલજ્જા, કર્મવિપાકનો ડર વગેરેના આલંબને ચાલે છે જેમકે 'ભાઈ! શાસ્ત્ર આમ ફરમાવે છે માટે આપણે આમ ચાલો નહિતર આજ્ઞાના ઉલ્લંઘનની સજા ભાર થશે ગુરુમહારાજ જુએ કે નહિ, તો ઠપકો આપે માટે એમ ન વર્તવું લાજ જોશે તો ખરાબ કહેશે' ઇત્યાદિ

તેને બદલે હવે (૧) જ્ઞાન આત્મામાં ખૂબજ પરિણત કરી, વિધિ નિષેધના પાલનનો સ્વભાવ બની જવો જોઇએ તે માટે (૨) લોપદર્શનો પ્રત્યે યાવત્ પર પુદ્ગલની પ્રવૃત્તિ પ્રત્યે સુગ થવી જરૂરી દા. ત. ભવાન્તરે ભટકાતા મળે માટે હિંસા ન કરવી એમજ નહિ, પણ જીવની હિંસા થાયજ નહિ, હિંસાદિ ક્રિયા બહુ ખરાબ, એ મારા આત્માની ચીજ નહિ, એમ કરી, અહિંસાનો સ્વભાવ બનાવી દે ગુરુમહારાજ કહે છે માટે આ તપ

ગેરે કર, એમ નહિ, પણ ભોજનક્રિયા પ્રત્યે સુગ છે, માટે તપ ક-
રેમકે અબ્રહ્મ(મૈથુન)ની ક્રિયાથી સ ન્નાનના રખડવુ પડે તેથી,
અથવા શાસ્ત્રે એનો નિષેધ કર્યો છે માટે એ તજે-એમ નહિ,
પણ એના પ્રત્યે સુગ જ થાય, અને તેથી તજે એવુ ભોજન
સમા (૩) વળી અહિંસા તપ બ્રહ્મચર્ય વગેરેને સ્વભા
વમા લાવવા એની સુદર ભાવનાઓ ભાવ્યા કર 'અહો ! આ
ગુણો કેટલા ઉત્તમ, કેવા લાભદાયી, કેટલી આત્માને શોભા
આપનારા ' ઇત્યાદિની, તેમજ પ્રતિપક્ષી દુર્ગુણોની અધમતા
વગેરની ચિંતવના ખુબ કરે (૪) વળી ગુણપાલન અને
દોષ ત્યાગ માટે બાહ્ય સામગ્રીથી જે પ્રેરણા મેળવતો હતો, તેને
બદલે હવે અતરમાથી પ્રેરણા મેળવે આ માટે શુભ સામગ્રી
મળતા, મળેલી પ્રેરણાને, સામગ્રી ખસવા છતા, ટકાવી રાખે
પ્રાત્ર ભે પ્રભુની મૂર્તિ જોતો હતો, ત્યારેજ જે શુભ ભાવ ઉઠતા
હતા, અને પ્રભુના ગુણો જ યાદ આવતા હતા, તથા પ્રભુનુ જે
અનુપમ જીવન અને સ્વરૂપ સામે તાદશ દેખાતુ હતુ, તે હવે
મૂર્તિ સામે ન હોય, છતા પણ અાતરથી એ શુભ ભાવ,
ગુણસ્મરણ, અને જીવનનુ તથા સ્વરૂપનુ દર્શન કરવા માટે અને
એના પરની ભાવનાથી અપૂર્વ પ્રેરણા મેળવે (૫) વળી બાધક
વસ્તુઓ સામે ન આવતી, ત્યા સુધી સ્વસ્થતા રહેતી, પણ
સામે આવતા તો અસ્વસ્થતા, ચિત્તચંચળતા, શુભભાવનો ભેદ
વગેરે થતુ હવે તે ન થાય એવી શુભ ભાવની દ્રઢતા કેળવે-
દા ત અમુક જ ચીજ ન મળી તો એની લગની નહોતી
લાગતી અને ત્યા સુધી ચારિત્રરૂપી દીવો ઝગમગતો હતો પણ
જ્યા શબ્દ, રૂપ, રસ, ગધ, સ્પર્શ ઇન્દ્રિયો સમક્ષ આવીને
ઉભા, યા દીવો ડગમગવા લાગે તો એ વખતે તે એવુ કરી દે

દ ચરિત્ર નીચો જરા પણ ડગી ન શકે, ઇન્દ્રિયોના વિષયોની રાગ વૃત્તિ, થવાજ ન દે એ માટે (૬) વૈરાગ્યના અભ્યાસન એવા દૃઢ કરે અને રાગની ભય કરતા એવી વિચારી દૃઢ કરે કે વૈરાગ્ય સામે તેના પ્રતિપક્ષીનું જરાય ન ચાલે (૭) કદાચિત્ અશુભ વિચાર કે કષાયનો ભાવ એ અતરમા જાગી જાય, તોય એને અદરને અદર શમાવી દે, પણ એ અશુભ ભાવને આત્માના વીર્યની સહાય ન કરે દા ત અતરમા ગુસ્સો થયો, પણ પછી લાલ આખ, કઠોરવચન, તમાચ, પ્રહાર વગેરેમા આત્મવીર્ય ન ફોરવે અર્થાત્ એ ન કરે (૮) નવી ગુણવિકાસ અને દોષત્યાગના વારવાર સુદર મનોરથો સેવ્યા કરે કેમકે, આ જીવને અનત કાળનો આ એક અભ્યાસ છે કે આત્માના દોષપોષક વિષય કષાયના, અર્થકામના, ને આહારાદિ સજ્ઞાના મનોરથો ખૂબ કરે 'આવુ આવુ મળે તો બહુ સારુ આમ આમ ભોગવી લઉં કોઇ મને પ્રતિકૂળ વર્તે તો મારો પિત્તો(ગુસ્સો)એને બતાવી દઉં આપણે તો આટલુ, ને આવુ ખાવાના આટલુ સેવુ કરવાના બસ બરાબર છ કલાક ઊંઘ આવે તો સારુ આટલા પૈસા આવી જાય, અમુક ભોગવિલાસ મળે તો કેવી મઝા!' ઇત્યાદિ પાપવિકલ્પો કરવામા હોશ ઘણી એથી ક્ષાયોપશમિક ગુણ વધતા નથી હવે એ વિષયકષાયાદિના નતિસ્પર્ધિ વિરાગ ઉપશમના મનોરથ એવા તૈયાર કરે, કે પેલા અધમ મનોરથ સ્વપ્ને પણ ન આવે 'જાણે મને કોઈ ચક્રવર્તિનું સુખ આપવા આવ્યુ છે, પણ મારે તે ન જોઇએ કેમકુંભ કરતી ઇન્દ્રાણી સામે આવે છે, તો પણ મારા આત્મ ચિતનમાથી તેને જોવાનીય ફુરસદ નથી એ કથરા માટે મા મન ક આ

વડે જાણે મને કોઈ મારવા આવ્યુ, ત્યારે મેં નમોચ્ચારણ, ક્ષમાપના, અરિહંતાદિ શરણ કરી, મૈત્રીભાવમાં પંચપરમેષ્ઠીના ધ્યાને ઉપસર્ગ સહ્યો એમ પરિસહોના સંકલ્પ વડે દુશ્મન પર પણ ક્ષમાના સંકલ્પ વડે મનમાં કોઈ પોતાના મહાન અપમાનનો પ્રસંગ કલ્પી, ત્યાં નમ્રતા મૃદુતાનો મનોરથ કરે એમ માયાત્યાગ, લોભત્યાગનો મનોરથ કરે આવી રીતે ક્ષાયિક જોવાના જેને કોડ નથી, મનોરથ નથી, તે આ સંસારની ગમે તેવી સુંદર ચીજને શું જુવે ! માંસ, મૂત્ર, અને મળની ગંદકીના ઘાડવા, માત્ર ઉપરથી તદ્દન પાતળી ચામડીએ મઢેલા અનંતગુણી પરમાત્માને મૂકી, એમાં શું જોવાનુંય હતું ? ભયંકર પરિસહ ઉપસર્ગમાંય ધીરતાના મનોરથ જેણે કર્યા, એને સામાન્ય પ્રતિકૂળતા શું અધીરો બનાવે ? ઉપર કહેલા ઉપાયો સેવી શું ક્યું ? ગુણ અને ધર્મને આત્માના સ્વભાવરૂપે ઊભો કર્યો સામગ્રી વિના પણ મનમાં દીવો પ્રગટતો કર્યો આનો અર્થ એ નથી કે શુભ સામગ્રી ઉવેખે, પણ એ કહેવું છે કે શુભ સામગ્રી રહિત કાળમાં અને બાધક સામગ્રીના સંયોગકાળમાંય શુભ પરિણામને તેજસ્વી રાખે એમાં તો ગુણનો થાળ નહોતો ત્યારેય જે વૈરાગ્ય નહોતા, તે એ થાળ સામે આવે, વિનવે, લલચાવે, તો એના પ્રત્યે દૃઢ વૈરાગ્યથી લક્ષ પણ ન આપે

ક્ષાયિક ગુણોમાં જવા માટે તો, આત્મપતન કરાવનાર સંયોગ ઊભો થાય તોય તેની કાંઇ અસર આત્માપર ન થાય તેવું અચલપણું પ્રાપ્ત કરવું છે આજ સુધી એવું હતું કે કોઈ ગુન્હો ન કરે ત્યાં સુધી ક્ષમા રહેતી, અને પ્રતિકૂળતામાં ક્ષમા ભાગી જતી એ અસ્થિર દીવ કહેવાય પણ હવે એને સ્થિર કરવાનો છે ' કોઇ મને મારવા તલવાર ખેંચીને આવે, તો

પણ મારા જીવને હુ પૂર્ણ ક્ષમાવાળો રાખુ, હુ ક્ષમામા ઝીલતો રહુ, ક્ષમારૂપી હીંચકામા હીંચ્યા કરૂ, ક્ષમાના આનંદમા મસ્ત બનુ મારા કર્મ ખપાવવામા સહાયક થનાર શત્રુને મારો મિત્ર માનુ એ બિચારો પાપથી સંસારમા રુલી જશે, એવી એની દયા ખાઉ જો હુ કષાય કરૂ, તોય મારે પૂર્વે ઉપાર્જેલા મારા કર્મોને તો અવશ્ય ભોગવવા પડે છે, એથી આપત્તિમા તો કાઇ સુધરતુ નથી, પણ વધારામા આકુલવ્યાકુલતાએ કરેલા કષાયોથી આત્મામા કર્મબંધન વધે છે, કુસંસ્કાર જર્જરિત થવાને બદલે તાજા અને ગાઢ થાય છે માનવભવનો ક્ષમા કેળવવાનો સોનેરી અવસર ગુમાવાય છે અને સામાને પણ આ બધુ નિમિત્ત થાય છે ' ઇત્યાદિ વિચારણાથી શત્રુને મિત્રવત્ લેખે (૯) આ ઉપાયોનુ સેવન કરતા કરતા આત્મા અપ્રમત્તભાવને ખીલવવાનુ જરાય ન ચૂકે એ માટે પુદ્ગલના પરિચય માત્રથી ગભરાય અનુકૂળ પ્રતિકૂળ સંયોગોમા ઉદાસીન રહેવા ખૂબ સાવધાન હોય આત્માનુ અવિકારી અને અક્ષય સ્વરૂપ, અસંયોગિક આનંદ, જડથી [illegible] અલિપ્તતા, નિશ્ચયની દૃષ્ટિએ કર્મના વિપાક(ફળ)સાથે [illegible] અસંસર્ગ-વગેરે ખૂબ ચિંતવે, અનુભવે અને ભાવે [illegible] સંયમ-સ્વાધ્યાયના યોગોથી, અને તપથીજ જીવનને [illegible] આમ કરતા કરતા અધ્યવસાયની ઉંચી વિશુદ્ધિ [illegible] ક્ષપકશ્રેણી થઇ, ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક [illegible] દીવ પ્રગટ થાય

સ્થિર દીવ માટે કેવો ઉદ્યમ કરે કે, [illegible] સંક્ષેપમા બતાવે છે આનંદઘન મુનિ [illegible] કાયાની સર્વ [illegible] અનુસારે [illegible] ઉત્સુકતા(અ [illegible] છે એને [illegible]

जहासत्तिमसभंते अणुसगे असमत्तजोगा-
ऽऽराहए भवइ ।

ક 'જીજ્ઞાનીએ ભાખ્યું છે તે નક્કી આવવાનું' એટલે એ સુપ્રવૃત્તિમાં જ્યોપચ્યો રહે છે તેમજ, ફળની એવી ઉત્સુકતા ન રાખે કે જે વર્તમાન પ્રવૃત્તિને ચુથી નાખે જેમ, ચુલે ચડતી રસોઈમાં થઈ કે નહિ, થઈ કે નહિ, એ આતુરતાથી વારે વારે હલાવે તો રસોઈ બગડી જાય એમ ફળ ક્યારે મળશે? કેવુંક મળશે? એવી અધીરાઈથી મન ચચળ અને વ્યગ્ર રહે, તેથી ચાલુ યોગમાં પ્રણિધાન ન જળવાય, અને પ્રણિધાન વિનાની પ્રવૃત્તિથી સિદ્ધિ ન થાય

વળી અસભ્રાન્ત અને અનુત્સુકના બીજા અર્થથી, નિવૃત્તિ માર્ગમાં ભ્રાન્તિરહિત અને પ્રવૃત્તિમાર્ગમાં અનુત્સુક બને અર્થાત્ જેના જેનાથી મુનિ નિવૃત્ત થયો, 'તે તે ભોગવ્યા હોત તો અનુકૂળતા રહેત' એવી ભ્રમણા કદી ન સેવે છોડેલું તો આત્માની દૃષ્ટિએ મહા પ્રતિકૂલ હતું, માટે જ છોડ્યું છે,' એવો એ અભ્રમ (નિર્ણય) રાખે તેમ, પ્રવૃત્તિ માર્ગમાં અધીરાઈ ઉત્સુકતાથી વ્યગ્ર ન બને પોતાના વિકાસમાં નિશ્ચિત આગળ વધે, પણ 'આ કેટલું ભણ્યા, આમણે શો તપ કર્યો, રલાણા કેટલા વધ્યા' એવી ઉત્સુકતા (જાણવાની આતુરતા)એ નથી એનો ડંખ કે, પર ચિંતામાં વ્યથિત થવાય છે

વળી અસભ્રાન્ત અને અનુત્સુકને ત્રીજી રીતે વિચારતા, આત્માના બે ભાવ—આન્તરભાવ અને બાહ્ય ભાવ, એમાં આન્તરભાવ શુદ્ધ સ્વાત્માનુકૂલથી વ્યાપાર એમાં ભ્રાન્તિરહિત નિશ્ચિત હૃદયે

તલ્લીન' રહે. અને બાહ્યભાવ જે પર ભાવ, એને અંગે અનુત્સુક (ઉત્સુકતા વિનાનો) રહે અનુકૂલની પ્રાપ્તિની કે રક્ષાની, અને પ્રતિકૂલના વિરહ કે અનાગમનની કોઈ ઉત્સુકતા ન રાખે

આમ અને અનુત્સુકતાથી સાધુપણાના યોગોનુ અનસંકીર્ણ આરાધન કરે છે બીજી ભળતી કે મારી વસ્તુથી જે મિશ્રિત હોય, તે વસ્તુ સંકીર્ણ-મિશ્રિત કહેવાય પ્રસ્તુતમા શ્રમણપણાના જે જે કાળે જે જે યોગ આચરવાના હોય, તે તે કાળે તે તે યોગને, બીજા કોઈ પણ શુભ યોગનુ મિશ્રણ કર્યા વિના, અરે બીજા શુભ યોગની વિચારણા સરખીયે કર્યા વિના સાધે છે કેમકે, એ સૂત્રાનુસારી છે સૂત્ર કહે છે, કે શ્રીજિનશાસનને વિષે મહાન કર્મ-દુઃખનો ક્ષય કરવાના હેતુએ આરાધનાના દરેકે દરેક યોગ એક બીજાથી બાધિત ન બને એવા ભિન્ન-હરીફ રક્ષા જોઈએ એક યોગ વખતે માહી બીજો ભળે તો હરીફ આવ્યો કહેવાય તે ન આવવો જોઈએ દા ત. પ્રતિક્રિયા નમિતિના યોગ વખત સ્વાધ્યાયનો યોગ ન વડાવાય તોજ અસંકીર્ણ સાધના થાય અસંકીર્ણમા 'ચાલુ યોગ પ્રત્યે અખેદ, અનુદ્વેગ, અક્ષેપ, અનુત્થાન, અભ્રાન્તિ, અનન્યમુદ્ અરોગ અને અનાસંગ નથી સચવાતા એના પ્રતિપક્ષી દોષો આવી જવા સંભવે છે વર્તમાન યોગમા ખેદ, ઉદ્વેગ વગેરેમાનુ કાંઈ આવ્યુ, તેથી અશુભ યોગ પેઠો જ્યા બીજો શુભ યોગ પણ માહી ન પેસવો જોઈએ, ત્યા કોઈપણ અશુભ યોગ ભળવાની તો વાતેય શી? આ બાબતનો ખ્યાલ હોય તો ઘણાજ અતિચારોથી મુક્ત થઈ નિરતિચાર અનસંકીર્ણ યોગ ગુણી પહોચી શકાય, જેથી વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત સહુએ પણ ધાર્મિક યોગો ... શુભ કે અશુભ યોગોને મિશ્રિત

उत्तरोत्तरजोगसिद्धीए मुच्चइ पावकम्मुणत्ति ।

કરવો જોઇએ પ્રભુપૂજા કરવા બહુજ ભાવપૂર્વક જાય, પણ સાથે રસ્તામા ધધો કરી આવે, એ અશુભમિશ્રણ થયું સાવીઓ કરતી વેળા ચૈત્યવદન ચલાવે એ શુભમિશ્રણ થયુ આ બધુ પૂજાને નસક્ત કર્યુ કહેવાય તે યોગ્ય નથી વળી એક શુભ યોગ બીજાને રૂધી નાખે તેમ અયોગ્ય દા ત પૂજામા ખૂબ મઝા આવી ગઇ, વખત ઘણો પસાર થયો, પણ તેથી વ્યાખ્યાન સાભળવાનો સમય વીતી ગયો, એ યોગ રૂધાયો એમા પૂર્વનો યોગ બાધક બન્યો એમ પૂર્વનો યોગ બાધ્ય પણ ન બનવો જોઇએ, પૂજા કરતી વખતે ચિતા થયા કરે કે 'વ્યાખ્યાન શરૂ થઈ જશે તો!' આ ચિતાથી પૂજામા ખામી આવી આત્મામા જેમ સસારની દરેક ક્રિયા જૂદી જૂદી પોતપોતાના કાળે મુખ્યપણે વણાઈ જાય છે, તેમ શુભયોગો આત્મા જોડે વણાઈ જવા જોઇએ, જેથી એના માટે એનીજ જરૂરી વિચારણા મનમા, એનીજ જરૂરી વાણી વચનમા, અને એનીજ જરૂરી હિલચાલ કાયામા રમે

'આમ અશાન્ત અને અનુત્સુક બની, અસસક્ત યોગ આરાધતા ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ધર્મપ્રવૃત્તિ સિદ્ધ થાય છે દા ત તપના યોગની પછી પારણુ થાય તે પણ અધિક ઉન્નતિ માટે શ્રી ગૌતમસ્વામિના આલ બને પાચસો તાપસોને અધિક સમતા અને સમાધિરસનુ આવુ પારણું થતા, કેવળજ્ઞાન પ્રગટ્યુ ટૂકમા, પૂર્વ પૂર્વ ધર્મવ્યાપાર આત્માના વિકાસનુ રૂંધન ન કરે, પણ ઉત્તરોત્તર તેને વધારનારો જોઇએ.

કેવી રીતે ? આજે એક વિષયનો ત્યાગ કર્યો [illegible] કાલે બે તજે સામાન્ય પરિગ્રહને આનંદથી સહતા શીખે, પછી આગળ તેથી ઉગ્ર પરિગ્રહ સહન કરતા શીખે. એમ વધતા વધતા સાપેક્ષ યતિધર્મમાંથી નિરપેક્ષયતિ ધર્મે ચઢી [illegible] અર્થાત્ સાધુપણાની સાધના એવી કે, કે અંતરમાં [illegible] પુરે, કે [illegible] ઉત્તરોઉત્તર ઉંચા ઉંચા યોગ સિદ્ધ કરી [illegible] ગૃહસ્થ પણ વૈરાગ્ય અને ઉપશમનો યોગ સિદ્ધ કરવા [illegible] હોય, તો તે પાંચે ઇન્દ્રિયના પ્રત્યે હૃદયના આકર્ષણ [illegible] ચારે કષાયો પ્રત્યે આત્માની પરાધીનતાને ઘટાડનો [illegible] પહેલા ઇમીટેશન હીરા તરફ પણ આંખ ખેંચાઈ [illegible] તે આકર્ષણ ઘટાડી એવું કર્યું, કે હવે સાચો હીરા [illegible] જોવાઈ જાય છે અને વખત જતા 'એ પણ [illegible] છે' એમ માની તેના પ્રત્યેનું આકર્ષણ ઓછું [illegible] કષાયોમાં સંયમ એવો કેળવે, કે પહેલા જે [illegible] ક્રોધ માનાદિ ઉઠતા, તે હવે અમુક ગંભીર [illegible] સામાન્ય પ્રસંગમાં તો નહિજ ઇતરેતર [illegible] આ થાય 'આટલા વિષયાકર્ષણ અને [illegible] હજી મારે ઉભી છે, અને આટલા તો [illegible] ભોમાથી પણ ધીમે ધીમે બાદ કરું' એમ [illegible] આમ કરતા આ માણસે ગણત્રી સાથે એમ [illegible] વૈરાગ્ય અને કષાયોપશમના યોગમાં, તેમ બીજા [illegible] ધ્યાન, એકાગ્રતા, મનન વગેરે યોગોમાં [illegible]

આનું ફલ અપૂર્વ અને અલૌકિક [illegible] ધર્મ-યોગમાં પ્રગતિ સાધે, તેમ તેમ તે તે [illegible] પાપકર્મથી [illegible] છે, તેથી [illegible]

विसुज्झमाणे आमन्न भावकिरिअमाराहेइ।

સિદ્ધ થાય છે દા ત તપનો યોગ સિદ્ધ થતો જાય તેમ તેમ આહાર સંજ્ઞાના ઉત્તેજક પાપ કર્મથી એવો મુકાતો જાય કે જો તપ કરતા ભૂખ લાગી, અને લડાઇ થાય, તો તે તપ સાથે નહિ, પણ આહાર-સંજ્ઞા સાથે, પુદ્ગલની પરાધીનતા સાથે

અહીં અભ્રાન્ત અનુ મુખ બની અન્યોઅન્ય બાધા વિના, દાનાદિ ક્રિયા શુભ ભાવ, વિરાગ અને ઉપશમ, સંયમ અને સ્વાધ્યાય, અહિંસા અને સત્ય, પવિત્રતા અને નિસ્પૃહતા, વિવેક અને વિરતિ, વિનય અને વૈયાવચ્ચ, શ્રમણપણું અને અને અપ્રમાદ, ભાવના અને ધ્યાન-વગેરેના યોગો ઉત્તરોત્તર એવી રીતે સાધે, કે તે ઘાતિ કર્મથી મુકાઈ જાય તેથી તે તે ગુણોને પ્રગટ કરતો અસ્થિરમાથી સ્થિર દીવ તરફ જઇ રહ્યો હોય એમ ઘાતિ પાપકર્મથી મુકાતો જે આત્મા ઉત્તરોત્તર અધિકાધિક વિશુદ્ધ થતો જાય છે, તે આ જન્મ કે સંસાર પર્યંત કર્મ-રોગ ટાળી ભાવ આરોગ્ય (મોક્ષ, નિર્વાણ) સાધી આપનારી ભાવક્રિયા(આત્મરોગની ચિકિત્સા)ને આરાધે છે, સાધે છે કંઇ ભાવ ક્રિયા? ઔચિત્ય, આરંભ અને નિર્વહણ સ્વરૂપ ક્રિયા મોક્ષ સાધક તે તે સંયમ અને બાહ્ય-આભ્યંતર તપને ઔચિત્યના બરાબર પાલન સાથે આરંભે છે અને એ આરંભેના યોગોનો બરોબર નિર્વાહ પણ કરે છે, અર્થાત્ ઠેઠ ગુણની પરાકાષ્ઠાએ પહોચાડે એવુ એનુ અખંડ પાલન કરે છે

આ રીતે કષ્ટ સાથે સંયમ, તપ, સાધવા છતાય પ્રશમ સુખ અનુભવે છે, પણ એ૦ ગ્લાનિ, પીડા વગેરે પામતો નથી દેહ અને મનને અનુકૂલ પં, એવા પણ આસ્રવોને દબાવવામા,

पसमसुहमणुहवइ अपिडिए , सजमतवकिरिआए,
अव्वहिए परीसहोवसग्गेहिं चारित्तसुकिरिआनाएण ।

એટલે કે સયમમાર્ગે નમાસ્થી પ્રતિસ્રોત ગમન કરવામા તથા ઉપવાસ વગેરે બાહ્ય તપમા અને પ્રાયશ્ચિતાદિરૂપ અભ્યતર તપમા જરાય દુખી થયા વિના હૃદયથી પ્રશમસુખને અનુભવે છે ચિત્ત ખૂબજ પ્રશાન્ત, પ્રસન્ન, અને એવુ તૃપ્તિ મસ્ત રહે છે, કે તીવ્ર ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, વ્યાધિ, માર, અપમાન વગેરે પરિસહો અને દેવ મનુષ્ય કે તિર્યંચના ભયંકર પણ ઉપસર્ગોની ઝડી વરસે, તોય એ જરાય મનથી ક્ષોભાયમાન કે પીડિત નથી થતો પ્રશમ સુખથી એ અનુભવે છે કે આનાથી આત્માને કોઇ હાનિ થવાની નથી, આ મારો કે આત્માના જ્ઞાન સુખનો એક પ્રદેશ પણ હણાતો નથી. ઉલટુ પાપ કર્મ ખપવાથી આત્મ વિકાસ થવાનો છે

ભાવ ચિકિત્સાના પ્રયોગમા, કોઈ શરીરનો રોગી યોગ્ય ચિકિત્સા કરાવતો સુખ શાન્તિ અનુભવે, તેનુ દૃષ્ટાન્ત અહિ બતાવાય છે, તે આ પ્રમાણે —

કોઇ માણસ કોઢ વગેરે મહાવ્યાધિમા સપડાયો હોય, અને એ રોગની ખૂબ પીડા અનુભવતો હોય, તેમજ વેદનાના સ્વરૂપથી જાણુ હોય, અર્થાત્ ખરજવુ ખણનારની જેમ પીડા સમજે નહિ એવો ભ્રાન્ત નહિ વળી એ વેદના સ્વય અનુભવવાથી એ વેદનાથી ખરેખર કટાળ્યો હોય, તેવામા કોઇ સારા વૈદ્યના વચનથી અભ્રાન્તપણે સાચી રીતે તે વ્યાધિને ઓળખી, પછી દેવપૂજાદિ યોગ્ય વિધિ વિધાન સાચવી, રોગ પન્વવારૂપ સમ્યક્ ચિકિત્સા ક્રિયાને આદરે તેમા પોતાને નુકશાન થવાના

से जहानामए केइ महावाहिगहिए अणुहूअतव्वेअणे विण्णायाए सरूवेण निव्विण्णे तत्तओ। सुविज्जवयणेण सम्मं तमवगच्छिअ जहाविहाणओ पवण्णो सुकिरिअं। निरुद्धजहिच्छाचारे, तुच्छपच्छभोई, मुच्चमाणे वाहिणा,

---

ભયથી પોતાના મનગમતા વર્તાવને અટકાવી, રોગમાં પથ્ય એવી નીરસ હલકી વસ્તુ ખાતો હોય, તો એ વ્યાધિથી મુકાતો જાય છે.

અહિં વર્ષોથી પીડાવામાં દિવસે દિવસે રોગ વધતોજ રહ્યો હોય, પાકી પીડા એટલી બધી કે હવે સહનજ કરી શકાતી ન હોય, અરેરે ને હોય વોય થતું હોય, પૂર્વે પોતાને રોગ નહોતો ત્યારે તો બીજા કોઇને દુઃખ થતું ત્યાં એ દુઃખને સમજ્યા વિના ઠાલી રીતે કહેતો કે 'હશે, ભાઇ! દુઃખ તો આવે, એટલામાં શું રુઓ છો? એટલું સહન નથી થતું?' વગેરે, પણ હવે જ્યારે પોતાને દુઃખ આવી પડ્યું છે, અને તે એટલું બધું કે આંતરિક ભાવોને પણ ક્લેશમય કરે છે ત્યારે તો એને વેદના શું છે, એ અનુભવમાં આવ્યું, એટલે તો હવે તત્ત્વથી એટલે કે સાચેસાચ, એથી કંટાળી જાય છે. એમાં કોઈ સારો વૈદ્ય મળ્યો, અને તે કહે છે કે 'તમને આ અમુક બહુજ ભયંકર રોગ થયો છે, તેનું આ સ્વરૂપ અને આ પરિણામ છે. તે જો ધીમે ધીમે વધી જશે, તો શરીરની સાતે ધાતુઓમાં પ્રસરી કારમી પીડા અને કદાચ મૃત્યુ પણ કરશે. પરંતુ જો મારા બતાવ્યા પ્રમાણે ઔષધનું સેવન કરશો, તો જરૂર ફાયદો થશે. તેમાં પથ્ય તો પાળવુંજ પડશે. બીજો બધોજ

निअत्तमाणवेअणे, समुवलब्भमाऽऽरोग्ग पवड्ढमाण-तब्भावे, तल्लाभनिव्वुईए 'तप्पडिबंधाओ सिरासारा-इजोगेवि वाहिसमारुग्गविण्णाणेण इट्ठनिप्फत्तीओ अणाकुलभावयाए।

ખોરાક છોડી દેઈ, માત્ર મગનુ પાણી લેવુ પડશે તે પણ દિવસના બેજ વાર તે સિવાય કશુજ નહિ ભૂલેચૂકે પણ બીજા ખોરાકને અડાશેય નહિ, ગમે તેટલી ભૂખ લાગશે, પણ કાઇજ ખવાશે' નહિ પાણી પણ બહુજ ઓછુ પીવાનુ, તરસ લાગે તો પણ સહન કરવી પડશે ઔષધ જૂદુ જૂદુ અને બહુ કડવુ હશે, તેય દિવસમા દસ વખત લેવુ પડશે, તે પણ વખતસર, તેમા ભૂલ નહિ ચાલે તેથી કદાચ પેટમા પીડા થશે કે તાવ આવશે, શરીરમા કળતર થશે, નિદ્રાય નહિ આવે, એ બધુ સહન કરવુ પડશે પવન વિનાના સ્થાને પથારીમાજ રહેવુ પડશે ઉઠાશેય નહિ, અને બહાર જવાશે પણ નહિ એમ કરવાથી રોગ મટી જશે '

આટઆટલા નિયમો છતા, મહારોગથી દુખી દર્દી રોગનો નાશ કરવા તે ધ્યાનપૂર્વક સાભળે છે, અને ચિકિત્સા શરૂ કરે છે હવે તે આજસુધી ખાનપાન, હરવુ ફરવુ, બેસવુ ઉઠવુ વગેરે યથેચ્છ—મનફાવતી રીતે કરતો હતો. હવે તેને અટકાવી દે છે હવે વૈદ્ય જેમ કહે છે, તે પ્રમાણેજ બધુ કરે છે

આ પ્રકારે સેવન કર્યાથી તે કોઢના ચાઠા વગેરેની મધ્યે, જેમ જેમ વ્યાધિથી મૂકાતો જાય છે, તેમ તેમ પીડા દૂર થતી જાય છે હવે મસ્તકાદિમા તેવી ઉગ્ર વેદનાઓ કે વારીર ચઢ નથી ઉઠતા શરીરે કંઇક સ્વસ્થતા અનુભવાય છે એમ આરોગ્ય પાછુ આ[illegible]આરો થની ચાહના વધે છે

किरिओवओगेण अपीडिए अव्वहिए सुहलेस्साए वड्ढइ, विज्जं च बहु मण्णइ।

एव कम्मवाहिए अणुभूअजम्माइवेअणो विण्णाया दुक्खरूवेण निव्विण्णे मत्तओ।

પ્રાપ્તિ થઈ, તેથી આરોગ્ય ઉપર મમત્વ લાગે છે જેથી ત્યાં વૈદ્યના કહેવાથી અહિતનો રોગ કાઢવાને કડી પણ વધુ કડક ચિકિત્સા આદરે છે જરૂરી નસ વિંધાવે છે, ઉપર ક્ષાર નખાવે છે આવી અનેક કષ્ટમય ક્રિયા કરાવવા છતાં, રોગની શાંતિથી કેવું પરમ આરોગ્ય મળે એનો ખ્યાલ હોવાથી, અને ઈષ્ટ આરોગ્ય પ્રાપ્ત થતું હોવાથી, જરાય આકુળ વ્યાકુળ થતો નથી અધીરાઈ રાખતો કે અસહિષ્ણુતા લાવ્યા વિના પોતાની ઈલિકર્ત રચનામાં મનનો ઉપયોગ હોવાથી, પવન વિનાના વાસવાળા સ્થાને જ બેઠક, કડુ ઔષધનું સેવન વગેરેથી જરાય પીડિત કે ચલિત થતો નથી પણ ઉલટું, સારા ઉત્સાહિત ભાવથી એમાં આગળ વધે છે, અને વૈદ્યના ઉપર બહુમાન ધરાવે છે કેમકે આ વૈદ્ય તો મારી મહાન પીડાને હઠાવવામાં કારણભૂત છે આણે તો માત્ર આરોગ્ય નથી આપ્યું, પણ વેપાર, ભોગ, વિલાસ મઝા બધું જ આપ્યું છે, એવું એને સારી રીતે જણાઈ ગયું છે' આ દૃષ્ટાન્ત થયું હવે એની સાથેનો ઉપનય (ઘટના) આ –

તે પ્રમાણે કર્મ વ્યાધિમાં સપડાયેલો પ્રાણી, જન્મ–જરા–મરણ રોગ–શોક ચિંતા આદિ વેદનાને અનંતવાર અનુભવતો હવે એ એને સાચે દુઃખસ્વરૂપ જાણનારો બને, પણ નહિ કે હજી પણ એમાં આસક્ત રહેવાથી એ દુઃખને જ સુખ માનવાનો વિપર્યાસ–ભ્રમ સેવતો હોય દુઃખરૂપ જાણી તેના પ્રત્યે હાર્દિક

કટાળો એને ઉપજે ' અરે ! કેવો આ એકજ કર્મરોગ, કે જેથી આમ અજર અમર અરૂપી, નિત્યાનંદી, અક્ષય, એવા પણ આત્માને વારે વાર જન્મવુ, વારે વાર મરવુ ! નવાં નવા રૂપ ધારણ કરવા ! મહા રોગ, શોક ભય આવે ! અનિષ્ટ માયા, અનિષ્ટ સંયોગો, નિર્ધનતા આવે, અપયશ આવે ! જરા આવે, ગાત્રો અને ઇંદ્રિયો શિથિલ થઈ જાય ! પોતે પરવશ થઈ જાય, મરવાને વાંકે જીવે ! મરે તો પાછાં એટલાબધા નવા નવા જન્મ અને નવા નવા ઉપદ્રવો કે જેનો કોઈ અંત નહિ ! કર્મરોગથી કેવી કેવી વેદનાઓ ! આમા કયા સુખ છે ? આશ્ચર્ય તો એ છે કે जीवनभर आत्मानु काय मारे पुण्य मरची पुद्गलना टोचा लेया पोषवानु ! ज्यारे द गोवानु काय आत्मान भारे पापाजनथी विराट विश्वमा क्याय निराधार फेंकी दियानु ! છતા આ વેદનાને દુઃખરૂપ નહિ સમજનાર પામર પ્રાણી નવનવા શરીરાદિના ખોખા રચવા પોષવાનાજ ધંધામા રચ્યો પચ્યો ! આખાય દિવસની કારમી મહેનતથી કરોળીયાએ બનાવેલ જાળ(ઘર)માવ ગણીના એક સપાટે છિન્નભિન્ન થતા, તેની સાથે સાથે બાંધેલી આશાઓ, મનોરથોનો પણ ભાંગીને ભૂકો થઈ જાય, તે છતા જેમ તે બધુ ભૂલી જઈ કરોળીઓ વળી પાછો ફરી જાળ બાંધવા મથે છે, તેની માફક જીવ પણ નવા નવા ભવમા નવી નવી મજૂરી કરેજ જાય છે ! જીવની કરુણ દશા કરનાર કેવી આ જન્માદિની વેડ અને વેદનાઓ ! ' એમ વિચારી, આ વેદનાઓને દુઃખરૂપ, દુઃખફલક, દુખાનુબંધી સમજી, એના પ્રત્યે ભારે કંટાળો ભારે ખેદ ભારે ઉદ્વેગ એને ઉપજે

હવે સુગુરુ વૈદ્ય મળ્યા એમના વચનથી એ જાણ્યું કે 'આવા આવા અનુષ્ઠાનાદિ હોય તે સદ્ગુરુ કહેવાય અને આવી આવી

ક્રિયાઓ લક્ષણો અને જન્માદિ વેદનાઓ આપે તે કર્મરોગ કહેવાય એ રોગ એવો ભયકર છે કે એને જો નહિ ટાળ્યો, તો પછી પીડાનો પ્રમાણથી અને કાળથી પાર નહિ તાવ વગેરેનો રોગ ટાળવા મહેનત નહિ કરી, તો ચાલશે, અરે ! ક્ષયનો વ્યાધિ ટાળવા મહેનત નહિ કરી તોય ચાલશે, પણ जो आ कर्म-व्याधि टाळवा महेनत नहि करी, तो जीवने दुर्गतिना जन्मनी यन एना योगेज निरमीम त्रासनी फोज महादुःखी करशे

આ જગતમા જીવને જે કાઇ સામાન્ય શિરોવેદનાથી માડી ભયકર સોળ રોગની કારમી પીડા થતી હોય, કાઈ પણ અનિષ્ટ કે પ્રતિકૂળ થતુ હોય, ગમે તે દુ ખ, ત્રાસ કે યાતના હોય—એ બધુ કર્મરોગને આભારી છે કર્મની વિચિત્ર લીલા કેવી, કે જીવ ઝખશે મહાન ઋદ્ધિ, પણ કર્મ દેખાડશે દરિદ્રતા ! જીવને જોઇએ પૂર્ણ સ્વાધીનતા, પણ કર્મ આપે ભારે પરાધીનતા ! જીવને ઇચ્છાનુસાર ઘણું ઘણુ બનવા જોઇએ, કર્મ ઘણુ ઘણુ ન બનવા દે ! જીવની કાક્ષા છે કે પોતાની ધારણા અસ્ખલિત પાર ઉતરવી જોઇએ, કર્મ એ ધારણાને વચમાજ કાપે ! નરકના જીવના શરીર ઉપર કારમા તાડન-પીટન, ઘર્ષણ-પીટન, ઘર્ષણ-પીષણ, છેદન-ભેદન, દહન-પચન, એ સઘળુ કર્મરોગને લીધે ! અરે એને પ્યારા મૃત્યુની પણ અપ્રાપ્તિ કર્મરોગે ! ન મરી શકવાથી અસખ્ય વર્ષ સુધી એક ક્ષણના વિરામ વિના અસહ્ય માર કર્મયોગે ! તિર્યંચ ગતિમા ભૂખ, તરસ, અતિ તાપ ઠડી, બધન, ખુલ્લા શરીર પર રાતભર ડાસમચ્છરના ડશ, ભારવહન, પ્રહાર, વધ વગેરે દુખદ પીડાઓ કર્મયોગે ! મનુષ્ય લોકમાય દરિદ્રતા, દાસપણુ, દૌર્ભાગ્ય, અજ્ઞાન, અપયશ, અપમાન, માર, પરાધીનતા, વીર્ય, લાભ ભોગમા અતરાય, ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સયોગ, રોગ શોક વગેરે બધુ

तओ सुगुरुवयणेण अणुट्ठाणाइणा तमवगच्छिअ पउत्तविहाणओ पवन्ने सुकिरिअ पव्वज्ज, निरुद्ध पमायायारे, असारसुद्धभोई,

---

કર્મ રોગે! દેષ જાતિમાય ઈર્ષ્યા, 'દપ, ગુલામી, સુખના વિશ્વાસમા ગયા રહ્યા એકાએ- ચ્યવન,—આવુ આવુ પણ કર્મ રોગે! જો એ કર્મરોગ ન ટળે, તો એ વેદનાઓ જાયજ નહિ

આવા પણ અનાદિના કર્મરોગને ટાળવાના ઉપાય શુભઆશ્રવ સવર અને નિર્જરા છે શુભ આશ્રવ એ પુણ્યાનુબંધી પુણ્ય આપી સવર નિર્જરા માટે અનુકૂળ સામગ્રી આપે છે સવર નવા કર્મરોગને પેસવા નથી દેતા અને નિર્જરા જૂના કર્મને કાપે છે એ બાહ્ય ભાવમાથી આતર ભાવમા જવુ જોઈએ પ્રભુભક્તિ, ગુરુનુ વૈયાવચ્ચ, ધર્મશ્રવણ વગેરેની બરચક પ્રવૃત્તિઓથી જીવન મઘમઘાયમાન જોઈએ. માર્ગાનુસારિના ગુણો, ધર્મયોગ્યતાના ગુણો, મોક્ષરુચિ, તત્વશ્રદ્ધા, સમ્યક્ત્વ વગેરે જીવનમા જરાય ઓછા ન મુકાય એને યોગ્ય શુભ કરણીઓ સાદર અને સતત સેવવી જોઈએ ઇન્દ્રિયોનો શુભ વ્યાપાર, પ્રશસ્ત કષાયે, ધાર્મિક સમારંભો, મનવચન કાયાની શુભ પ્રવૃત્તિ ઈત્યાદિ શુભ આશ્રવો, સમિતિ–ગુપ્તિ–પરીસહ–યતિધર્મ–ભાવના–સયમરૂપી સવર, અને બાહ્ય અભ્યંતર તપરૂપ નિર્જરા તત્ત્વ—આનુ સેવન કર્મરોગને ઘરમૂળમાથી નાશ કરે છે

સદ્‌ગુરુના વચનથી ક્રિયાઓ આદિ દ્વારા કર્મરોગને બરાબર સમજે પછી એ ઔષધનુ ઉત્તમ રીતે સેવન, એટલે કે ત્રીજા સૂત્રમા કહેલી વિધિથી પ્રવ્રજ્યારૂપી સમ્યક્ ચિકિત્સા સ્વીકારીને અનાચાર અને પ્રમાદાચરણનો ત્યાગ કરી, અપ્રમત્ત સયમયોગો

मुच्चमाणं कम्मवाहिणा, निअत्तमाणिट्ठविओगा-इवेअणे, समुवलब्भ चरणाऽरोग्ग पवड्ढमाणसुहभावे तल्लाभनिव्वुइए, तप्पडिबंधविसेसओ

પાળવા જોઈશે દેહને પણ એ સંયમયોગો અર્થે ટકાવવા પુરતુંજ પથ્ય એટલે અસાર-અન્તપ્રાન્તાન્ત એવો શુદ્ધ (નિર્દોષ અને પ્રાસુક) આહારજ લેની શકાશે जगतनी सर्व होस्पीटलो करता उची कमरोग काढनारी होस्पीटाल संयम जीवन-એમાં ઉચ્ચાર નિયમને હોય

આ પ્રમાણે સદ્‌ગુરુ પાસે સમજી, એને ગુરુ ઉપર અખંડ આસ્થા અને બહુમાન વગેરે થાય માનવજીવનનો સાર એક માત્ર ચારિત્ર એને વિધિસર ગ્રહણ કરી, અપ્રમાદ અને સંયમશુદ્ધિમા એ પૂર્ણ પ્રયત્ન આદરે. એમ કરતા કર્મ રોગ જેમ જેમ નાબુદ થતો જાય છે, તેમ તેમ તેવા પ્રકારનો મોહ હટતો જાય છે તેથી, હવે ઈષ્ટના વિયોગે તેને દુઃખ કે દુર્ધ્યાન થતા નથી એને અનિષ્ટ ન યોગથી કે શૂળ વગેરે વેદનાથી હાયવોય નથી કામ, કષાયો, કે રતિ, અરતિ, હાસ્ય, શોક, ભય, જુગુપ્સાની પીડાઓ શાંત થઈ જાય છે એ શાંત થઈ ગયા, તેથી ચારિત્ર એટલે કે દશવિધ યતિગુણોરૂપી આરોગ્ય પ્રાપ્ત થાય છે સમ્યક્ અવલોકનથી એ પ્રાપ્ત થતુ જોઈને, આત્માનો શુભ ભાવ વધતો ચાલે છે, અધિક ઉંચા ચારિત્રરૂપી આરોગ્યની કામના વધે છે જેમ જેમ અતિઘણા કર્મ વિનાશ થયે છે, તેમ તેમ તેટલો અધિકાધિક આરોગ્યલાભ મળવાથી તે ચારિત્ર ઉપર એનું મમત્વ ઓર વધે છે

હવે આના સિવાય સ્પૃહણીય, જગતમા કોઈ વસ્તુ એને નથી લાગતી કશાથી લાગ? હેવા જેવા પણ અનેક કષાયોની

परीसहोवसग्गभावे वि तत्तसवेअणाओ कुसलासय-वुड्ढीए थिराऽऽसयत्तेण धम्मोवओगाओ सया थिमिए तेउल्लेसाए पवड्ढइ ।

પીડામા અને વિષયના વિકારોમા સડતા હોય, તથા કર્મના ભારે રોગી બનતા હોય, એવુ જાણ્યા પછી શી રીતે ચારિત્ર સિવાય ક્યાંય સહેજ પણ રુચિ થાય ? એમ ચારિત્ર–આરોગ્ય પર અતિ આદર જાગ્યાથી, પૂર્વે કહેલ દર્દીના નમવિધાન વગેરેની જેમ આ ચારિત્રી પણ ગમે તેવા ઉગ્ર ક્ષુધાદિ પરિસહો અને દેવતાઈ ઘોર ઉપસર્ગો વેઠવા તૈયાર રહે છે એથી જરાય ડર્યા કે ડગ્યા વિના, 'તેથી રોગ શમીને આરોગ્ય વધે છે ને ?' એ રીતે આત્મામા તત્વનુ સવેદન (સમ્યક્ જ્ઞાન) અને આત્મા–તેજ વધારતો જાય છે

[એક વખત કોઈ સયમી પિતાપુત્ર જગલમા વિહાર કરતા ચાલ્યા જાય છે ભર ઉનાળાનો દિવસ છે માઇલો ચાલી નાખ્યા છે ધોમ ધખ તાપથી રસ્તો જાણે સળગી ઉઠ્યો છે ત્યા દીકરાને થાક ઉપરાન્ત તૃષા લાગી છે ઉમર બાળ છે શરીર પરસેવાથી રેબઝેબ છે મુખ કરમાયુ છે તરસ વધતી ચાલી ભયકર પીડા થવા લાગી બાપે આ સ્થિતિ જાણી તેવામા એક તળાવ નજરે પડયુ બાપ મનમા વિચારે છે કે 'જો આ પાણી છોકરો પીએ તો સારૂ ' સ્નેહને વશ થઇને તેને કહ્યા કરે છે કે, જો આ પાણીનુ તળાવ છે, પણ બાળ એ પાણીની ઇચ્છા વિના ધીમે ધીમે બાપની પાછળ ચાલ્યો આવે છે બાપે માન્યુ કે આ મારાથી શરમાય છે એટલે પાણી નથી પીતો, તેથી તે ઝડપથી છોકરાને પાછળ મૂકી આગળ ચાલ્યો ગયો છોકરો બધી પરિસ્થિતિ પામી ગયો બાપની તેવી ઇચ્છા જાણી તળાવ પાસે જઇ ખોબામા પાણી ઉચક્યુ મોતને નોતરતી રહેતી તૃષાને બાપની ઇચ્છાનુસાર સતોષવા મોમા ઠેઠ સુધી લાવેલ ખરો પણ તત્ત્વસવેદનથી ત્યા

તો શુ વિચાર્યું ? અહાહા ! ખોમા પાણીમા ક લોન ફરતા, મસ્ય જેવા કેમ જાણે પોતાનું મોત ન જાણે એમ આ પુ-જાણી તરફડતા પ્રાણની દયા માગે છે તુમ ! એમ જીવન ખાતર શા માટે અમને અસખ્યને મારો ? વળી સયમની આ પરીક્ષા વખતે નાપાસ કેમ થવાય ? એમ વિચારતા તેને અનુકપા આવી ગઈ તેની વિચારણા ફરી ઓહ ! આ હુ શુ કરી રહ્યો છુ, જે તૃષા પરિષહથી કર્મરોગ મટે છે, ભાવ આરોગ્ય વધે છે, તેને એવી રીતે ટાળવા મથુ છુ કે જેથી ચારિત્ર આરોગ્ય રવાય અને કર્મરોગ વધે ? શા માટે એવુ ? પછી કર્મ-રોગ ટાળવાનુ ક્યા બનશે ? મેં ઉત્તમ ચારિત્ર લીધુ તેથી કેટલાય દુખ નાશ પામ્યા એવા એ ચારિત્રને હુ નહિ વિરાધુ એમ તત્ત્વસવેદનથી ઘોર પિપાસા પરીષહ ગ્રીષ્મ સામે આત્માને ઊભુ કર્યો, સાધ્વી માતાને ચીંધ્યો ખોબો ભરી પાણી પાછુ મૂક્યુ પણ ...રે મૂર્છિત થઈને ...ના આ ... કાળને છોડી ગયો મરીને દેવ થયો ત્યા પૂર્વનું ... જાણી અહિ આવી મુનિ ફરી બાપને ઉપદેશ આપ્યો]

આમ પરીષહ આવે છતા તત્ત્વસવેદનથી તે મહીને ... ચિત્તથી ક્ષાયોપશમિક ભાવને (શુભ સયમના અધ્ય વસાયને) વધારે છે આત્મતત્ત્વમા મનનો શુદ્ધ ઉપયોગ રાખી પોતાની ઇતિકર્તવ્યતા(મોક્ષ પર્યંતની નિયત સાધના)મા સદા જાગ્રત રહી, હવે એ રતિ-અરતિ, કામ-કષાય, રાગ-દ્વેષ, હર્ષ-શોક, વગેરે ભાવદ્વન્દ્વો (યુગલો) નહિ હોવાથી નિસ્તરગ, પ્રશાત મહાસાગર જેવો તે નિર્વિકલ્પ મસ્ત રહે છે પ્રશાન્ત એવો તે આત્માના પ્રશસ્ત તેજ-શુદ્ધ ઓજસ રૂપી આત્માનના ચારિત્રપર્યાયમા તો અનુત્તરવાસી દેવની ચિત્તના પ્રશમસુખરૂપી તેજો લેશ્યાને વટી જાય છે, અર્થાત્ અદ્ભુત પ્રશમસુખ અનુભવે છે

પ્રશમ સુખ કેવુ ? જગત જ્યારે હમીરે અલ્પકાળ

गुरु व बहु मन्नइ जहोचिअ असंगपडिवत्तीए निसग्गपवित्तिभावेण ।

માખુવી ખુશ થાય છે, ત્યારે આ ગંભીરપણે તેથીય કોઈ ગુણો નિત્ય પ્રસન્ન રહે છે જગતને ક્રોધમાં, ગુમાનમાં, માયા-લોભમાં ક્ષણિક અલ્પ રાજીપો, ત્યારે આને ક્ષમાદિમાં વિપુલ કાયમી તોષ ! લોક ઋદ્ધિ શાતાને મેળવીને, ભોગવીને, સાચવીને તુચ્છ ક્ષણજીવી સુખ અનુભવનાર, ત્યારે આ અલિપ્ત રહીને, ત્યાગી તપસ્વી બનીને અક્ષય અખૂટ સુખ અનુભવે ! આ પ્રશમ સુખની વિશાલતા અને દીર્ઘાયુનુ કારણ એ કે એને કોઈ બાહ્ય સંયોગ કે પરિસ્થિતિની અપેક્ષા નહિ, તેમજ કોઈ આતુરતા નહિ આત્મસમુદ્રમાં વિકલ્પોની ભરતી ઓટ દુઃખ ઉપજાવે છે અહિં વિકલ્પો ઉઠતાજ નથી, તેથી શાંતપણે નીતરતુ સુખ અનુભવે છે

આ બધુ આરોગ્ય પમાડનાર અને આવી ઉચ્ચ સ્થિતિ પર મુકનાર ભાવ વૈદ્ય સદ્દગુરુનો કેટલો અને કેવો ઉપકાર ! તેવા ગુરૂપ્રત્યે એને અનહદ માન વધી જાય એમાં શી નવાઇ ? તેથી હવે તે ગુરુને બરાબર ઉચિત રીતે અસંગ પ્રતિપત્તિથી સેવે છે અસંગ પ્રતિપત્તિ એટલે ભક્તિ બહુમાનમાં કોઇ પણ મેળવવાના બદલાની આશંસા તો નહિ, પણ ગુરુના સ્નેહરાગમાં પણ પ્રેરાવાનુ નહિ એ તો સહજભાવે સ્વભાવે કરીને એમના ગુરુપણાના (આમને ગુરુ માનવાજ જોઇએ એ) ભાવને સ્વીકારે, અસંગ પ્રતિપત્તિ કહેવાનુ કારણ એ છે, કે એ સહજ સ્વભાવે પ્રવર્તતી હોઇને ભગવંતે એને મોટી (ઉંચી) પ્રતિપત્તિ કહી છે એમાં ઔદયિક ભાવની એટલે કે રાગમોહનીય આદિ કર્મના ઉદયની અપેક્ષા નહિ હોવાથી, હૃદયના ભાવ સારા

एसा गुरुई निआहिआ, भावसारा विसेसओ भगवन्तबहुमाणेण। 'जो मं पडिमन्नइ से गुरु' त्ति तदाणा। अन्नहा किरिआ अकिरिआ कुलटानारी किरिआसमा, गरहिआ तत्तवेईणं अफलजोगओ।

અષ્ટ જાતિના રહે છે કર્મના ઉદયની અપેક્ષામાં તો, જો કદાચિત ઉત્કટ સ્થગિત થાય, તો એ અસંગ પ્રતિપત્તિ ચલિત થઈ જાય અને બદલે આત્માના સ્વભાવમાં પ્રતિપત્તિ આવી, એટલે તો રત્નપ્રકારાની જેમ વિશુદ્ધ અને સ્થિર (કાયમી) બનવાની ગુરુ તરીકે પ્રતિપત્તિ કરી, એટલે હવે ગુરુની ઈચ્છા એ પોતાની પ્રવૃત્તિનું એન્જીન બનશે, અથવા પ્રવૃત્તિરૂપ એન્જીનનો ચલાવનાર બનશે ગુરુના આદર્શો અને ઉત્તમ ભાવના તે પોતાના બનશે આ થાય તો જ સાચું અને ઉંચું બહુમાન થયું ગણાય

આ ગુરુની જે અસંગ સેવા છે તે બહુજ ઉંચા પ્રકારની અને સૂક્ષ્મ જાતિની કહી છે જેવી લાગણીથી પોતાના આત્મા સાથે વર્તે છે, તેથી અધિક રીતે સહજભાવે ગુરુ સાથે વર્તે આ અસંગ પ્રતિપત્તિ તો મિથ્યાત્વ અને કષાયના ઉમદા ક્ષયોપશમના ઘરની હોવાથી, ભાવપ્રધાન-ઉચ્ચ ભાવવાળી છે એટલા માટે, કે ગુરુની એ પ્રતિપત્તિમાં વિશેષે કરીને અચિંત્ય ચિંતામણિસમ શ્રી અરિહંત ભગવંતના ઉપર બહુમાન છે, કેમકે, ભગવંતની આજ્ઞા છે કે જે મને સ્વીકારે છે તે (અવશ્ય) ગુરુને સ્વીકારે છે આ રીતે અંતરભાવે બહુમાનની ગુરુપ્રતિપત્તિ કરવાનું તત્વ નિર્ણીત થયું

આમ જિનાજ્ઞા હોવા છતાં, ગુરુબહુમાન કરવા જે તૈયાર ન હોય, તે જો કોઈ પડિલેહણાદિ શાસ્ત્ર-વિહિત ક્રિયા કરે, તે

विसन्नत्ती(?त्ति)फलमित्र नाय । आयट्ट गु तष्फल असुहाणुनधे ।

आयओ गुरुवहुमाणो अवज्झकारणत्तेण । अओ परमगुरुसजोगो। तओ सिद्धी असमय।

મતક્રિયા નથી તે તે કુલટા નારીના ઉપવાસાદિ ક્રિયા જેવી છે પતિનુ ઓહુ નાચવવા પતિની ચાકરી કરનારી, પણ પતિ નને ઉવધી પતિના ઓથ નીચે પરપુરુષ સાથે દુરાચારમા રત એવી સ્ત્રીનો ઉપવાસ ઇષ્ટ લાભ પમાડતો નથી તે પ્રમાણે ગુરુનુ ઓહુ નાચવવા ગુરુની ચાકરી પણ કરે, છતા ગુરુ પ્રત્યે બહુમાન ન ધરે, તો તેની ચારિત્રની -ટવાળી પણ ક્રિયા ઇષ્ટ ફળ મોક્ષ નથી અપતી, પણ ઉલટુ ભવભ્રમણરૂપી ફળ આપ છે એથી આવી ક્રિયા તત્વનોથી નિંદ્ય છે, તિરસ્કાર્ય છે

પ્ર૦–ચારિત્ર ક્રિયાનુ ફળ તો મોક્ષ છે, તો અહિ ન્યાય એ ફળ ન મળે, પણ ઉલટુ સંસાર ફળ કેમ?

ઉ૦–એમા વિષાન્નની તૃપ્તિના ફળનુ દૃષ્ટાંત છે કે ઝેરવાળુ અન્ન ખાવાથી ક્ષણવાર તૃપ્તિ થાય ખરી, પણ એ વિષાન્ન શરીરમા તુર્ત પરિણમતા ભયકર નીવડે તેથી પુષ્ટિ તે નથી થતી, પણ ઉલટુ નવો એ ચાડ કરૂણ મૃત્યુ નીપજે છે તેમ અહિ ગુરુનું બહુમાન કરવાની જે જિનાજ્ઞા, તે વિરાધનાથી સંસાર ફળ સપજે છે ચારિત્ર ક્રિયા આત્માને પૈષક ખરી, પણ જિનાજ્ઞાની વિરાધના એ ઝેર છે એનાથી [illegible] નાશ પામે છે, અને મોહ વધે છે તેથી, જેમા પ્રત્યેક [illegible] આવર્તે છે, વિરામ વિના ફરે–આથડે છે, એવો [illegible] એ વિરાધના–વિષનુ ફળ છે એ સંસાર પાછ [illegible] દીધે [illegible]

गंभीर सुरोदए पगिट्ठगणुपधे भयराहि-तंगिरणी।

બના અનુભવાતા, એટલે ક્ષ ણે આગ ળ જેમાં વિશેષ ની
વૃદ્ધિ થતી બને છે ગુણબહુમ નના ગાપ આવા નહા બધ કર છે ''
હવે જુઓ કે ગુનું બહુમાન હેતુ કેવાણ ધામ છે ગુ
ઉપ બહુમાન અર્થાત ગુરુપર આપણા હૃદયના વિશુદ્ધ શુભ
ભાવનો ગભો અથવા ભારથી પ્રતિભાવ, જેનો મન ગુરુદેવ ''
એ મમ ત્વ એ અત્યંત ઊંચ િ કર ગણાી છે કેમકે બહાર
પણ ગુ પ્રત્યે બહુ માન પ્રાપ્ત થતાંમાં વર્તમાન ગુ બહુમ
ર અત્ય અમોઘ કારણ છે એથી એ ઉત્તરોત્તર ભવમાં વધ
ને વધાર બહુમાન હ ર્ અ ર છ અને છેવટે તેમાંથી પરમગુ
પરમાત્માનો યોગ થાય છે એટલે પરમા માને ક બદ્ધ એવો મો
નહી થય છે એમ, ગુરબહુમાન એ મોક્ષનુ અવંધ્યકારણ હોવાથી
એટલે ગેમ પેદા કરવામાં પ્રતિબંધ (અંતર)વિનાનું સચોટ સામર્થ્ય
ધરાવતું હોવાથી, ખુદ 'આગ્ન' એટલે મોક્ષ છે ગુરુનુ બહુ
માન શુભનો ઉદય છ, કેમકે શુભના ઉદય આમાંથી જન્મે છે
ગુરુબહુમાન એ શુભોદયનું એવું અપ્રતીમ કારણ છે કે એ
શુભનો ઉદય એકવાર કરી લાય એમ નહિ, પણ એ
ઉત્તરોત્તર ઉંચી ઉંચી આરાધના વધવાથી ઉંચા ઉંચા શુભો
દયની પરંપરાને આપે છે આમ અસાધારણ અનુપમ કારણમ
કાર્ય તરીકે વ્યવહાર થતો હોવાથી, કારણભૂત ગુરુબહુમાનને
કાર્ય શુભોદય કહ્યુ દા ત. વૈદ્યના કહેવાથી કો, ઘી પણ જીવ
હોય, તો કહેવાય છે કે એને તો 'आयु र्घृतम्' ઘી એ
આયુષ્ય (જીવન) છે કેમકે ઘી એ આયુષ્યનુ ખાસ કાર
બન્યુ છે વળી શુભોદય વધારીને ગુરુબહુમાન એ નસા

न इओ सुंदर परं । उवमा इत्थ न विज्जइ ।
स एवपण्णे, एवभावे, एवपरिणामे, अप्पडिवडिए, वड्ढमाणे तेउल्लेसाए दुवालसमासिएण परिआएण अइक्कमइ सव्वदेवतेउल्लेसं—एवमाह महामुणी ।

વ્યાધિનો ચિકિત્સક બને છે ગુરુબહુમાનના સેવનથી સંસાર રોગનો અંત આવે છે

શાલિભદ્રને પૂર્વે સંગમ ગોપાળના ભવમાં ગુરુબહુમાન થવાથી શુભનો ઉદય એવો થયો, કે આ ભવમાં શુભોદય અને ગુરુબહુમાન બેય વધ્યા અપૂર્વ દીવ્ય ઋદ્ધિ વૈભવ નાથ ગુરુ શ્રી મહાવીરપ્રભુ ઉપરના બહુમાને એને શ્રેણિકરાજાનું સ્વામિત્વ ખુંચ્યું, પ્રભુ પર બહુમાન વધ્યું ઉચ્ચ ભોગવૈભવ-નીતરતા સંસાર સુખોને તજી પ્રભુના ચરણે ચારિત્ર લીધું શુભોદય એવો તેજ થયો કે ત્યાંથી કાળ કરી અનુત્તર વિમાનમાં પહોંચ્યા, જ્યાં ગુરુ બહુમાનની વૃદ્ધિ એવી, કે ગુરુની જેમ સતત નિર્વિકાર અને વીતરાગપ્રાય દશામાં રમવાનું ! ત્યાંથી વિદેહમાં જઈ મોક્ષે જશે આમ ગુરુ બહુમાને અલ્પભવે સંસાર રોગનો અંત

આવા મુક્તિફલની કલ્પવેલડી સમા ગુરુબહુમાનથી અધિક સુંદર બીજું કાંઇ નથી ઉપર તો શું, પણ સમાનતા માટેય આ જગતમાં એવી કોઈ ઉપમા પણ નથી, કે જેથી એને સમાનતાએ સરખાવી શકાય આનું કારણ એ છે કે ગુરુનું બહુમાન એવો સુંદર આત્મગુણ છે, કે એ કરવામાં શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે બહુમાન કર્યું ગણાય છે એટલે કે પરમાત્મા પ્રત્યેના બહુમાનથી એને જુદું નહિ પાડી શકાવાથી, ગુરુબહુમાન એ ભગવદ્-બહુમાન જ થયું, અર્થાત્ બન્ને એક

તો બન્ને વચ્ચે ઉપમા કયાંથી ઘટાવવી? ભગવદ્-બહુમાન એ તો જગતમાં સર્વશ્રેષ્ઠ અને અનુપમ છે, તેથી જ, તદ્રૂપ ગુરુ બહુમાન પણ સર્વશ્રેષ્ઠ અને અનુપમ બન્યું.

તે દીક્ષિત આત્મા (૧) નિર્મલ વિવેકથી સંયમ ગુરુબહુમાનાદિનું વસ્તુસ્વરૂપ અને કર્તવ્યતાદિ અંગે એજ પ્રકારના વિશિષ્ટનિર્ણયવાળો બનેલો, અથવા (૨) તથાવિધ જ્ઞાનાવરણીય કર્મના ઉદયે તેવો વિવેક ન કરી શકે, તોય ગુરુના સાન્નિધ્યથી સ્વભાવે એવા પ્રકારના શુભભાવવાળો બનેલો, અથવા (૩) ગુરુના અભાવે પણ તથાવિધ ક્ષયોપશમથી માષતુષની જેમ એવા પ્રકારના આત્મપરિણામવાળો બનેલો એમાંથી પતન પામ્યા વિના તેજોલેશ્યાથી વધે છે. અહિં કહ્યું છે કે સાધુને શાસ્ત્રના પ્રભાવે વિશિષ્ટ વિવેક આવે, ગુરુકૃપાએ શુભ ભાવ આવે, અને ત્યાં અભ્યાસ હોય, તોય કર્મના ક્ષયોપશમે આત્મામાં ચારિત્રના પરિણામ હોય જ. એય ન હોય તો કર્મનો ક્ષયોપશમ જ નથી થયો, તો દીક્ષા શી? આ પરિણામ, ભાવ, અને વિવેક એ ઉત્તરોત્તર ઉંચા ઉંચા ગુણો છે. પરિણામમાં, તે તે ગુણની પરિણતિ થઈ અર્થાત્ ગુણને અનુકૂલ આત્મદ્રવ્ય બની રહ્યું. અવસર સામગ્રી મળતાં ગુણ પ્રગટ દેખાય. શુભભાવમાં, એ પરિણામ ઉપરાંત, સામગ્રી તથા અવસર મળવાથી, પ્રગટ ગુણમાં વિશિષ્ટ ઉલ્લાસાદિ શુભ ભાવ સક્રિય છે. એમાં વળી, જ્ઞાન પ્રાપ્તિથી શાસ્ત્રબોધ થયો, એટલે તો અદ્ભુત વિવેક પ્રગટે છે. વિવેકમાં, સાધના અમૃતાનુષ્ઠાનના ઘરની થાય છે. વસ્તુ એના હેતુ, એનું વિશિષ્ટ સ્વરૂપ અને એના ફલથી નિર્ણીત થાય છે, એથી, સાધના આત્માના સહજ સ્વભાવમાં ઉતરે છે.

એમ કરી તેજોલેશ્યાએ વધતા, મહામુનિ શ્રી મહાવીર

नओ सुक्के सुक्काभिजाई भवइ । पाय ऊिण कम्माणुबंधे खवइ लोगसण । पडिमोअगामी अणु मोअनिवित्ते ।

પ્રભુ ભગવતી સૂત્રમા કહે છે કે બાર મામના ચારિત્ર પર્યાય (મવ-થાકાઇ) વડી તો તે નર્વ દેવનાની તેજો લેશ્યા (ચિત્ત સુખાનુભવ)ને લ ઘી જાય છ તે આ રીતે —ચારિત્ર લઈને આરાધના એકેક માસ વધેથી બાર માનમા તો કમનર વ્યતર—ભવનવાસિદેવ—અસુરઇન્દ્ર—ગ્રહાદિદેવ—ચન્દ્ર સૂર્ય દેવ—સૌધર્મઈશાન— સનત્કુમારમાહેન્દ્ર બ્રહ્મલાતક—શુક્રમહસ્રાર— આનતપ્રાણતઆરણ અચ્યુત—નવગ્રૈવેયક અને અનુત્તરવાસિ દેવની ઉચી ઉચી તેજોલેશ્યાને લ ઘી, એથી ય ઉચા નિર્વિકાર ચિત્તસુખના પ્રશાન્તસાગરમા ઝીલે છે તથી તે શુક્લ, અને આગળ વધીને શુક્લાભિજાત્ય બને છે

शुक्ल એટલે નિર્મલ ચારિત્રવાળો, પોતાથી હીન, અધિક કે સરિખે પ્રત્યે તિરસ્કાર ઈર્ષ્યા કે ખાર ગણ્યા વિના, ક્રમસર કરુણા, પ્રમોદ અને પ્રેમવાળો કોઈના લીધેલા ઉપકારની કદર કરનારો, મત્ કાર્યોમા ઉદ્યોગી (અસત્મા નહિ), અને કલ્યાણની પરંપરાવાળો છે ત્યારે, शुक्लाभिजात्य એટલે તે ગુણોને અતિ તેજસ્વી કરી શુક્લ જીવોમા મુખ્ય— આગળ પડતો બને છે

વળી, પ્રાય કરીને એના કર્મોના અનુબધ છેદાઇ ગયા હોય છે અર્થાત્ એ હવે તે તે કર્મવિપાકને વેદતા તેવા પ્રકારના નવા કર્મને પ્રાય નથી બાધતો 'પ્રાય' એટલા માટે કહ્યુ કે કર્મોની શક્તિ અચિન્ત્ય છે તેથી કોઇકવાર કોઈક સમય સાનુબધ કર્મ રહી ગયુ હોય, તો તેને વેદતા ફરી તેવુ કર્મ બાધે પણ છે આ અનુબધનો ઉચ્છેદ પૂર્વે કહેવી તેજો

एवं आराहगे सामण्णस्स, जहागहिअपइण्णे, सव्वोवहासुद्धे, संधइ सुद्धगं भवं सम्मं अभवसाहगं भोगकिरिआसुरूवाइकप्पं । तओ ता संपुण्णा पाउणइ अविगलहेउभावओ असंकिलिट्ठसुहरूवाओ अपरोवताविणो सुंदरा अणुबंधेण ।

विशुद्ध भव बनवानो, के जे सम्यक् सर्वथा शुद्धक्रिया करवा वडे गीने अभव(मोक्ष)साधक बनशे अर्थात् ए भव पछी कोई भवज नहि, पण अमर मोक्ष थवानो सिद्ध थवाना शुद्ध भव विना अभव (मोक्ष) सिद्ध थई शके नहि शुद्ध भवथीज अभव थाय जेमके, सुरूपादि (सुरूप वगेरे भोग साधन) विना संपूर्ण भोगक्रिया बने नहि, पण सुरूपादिथीज संपूर्ण भोगक्रिया बने

रूप,वय,विचक्षणता(चतुराई) सौभाग्य(जेनाथी बीजाने गमी एते) मधुरता(कामळ मीठो स्वभाव),ऐश्वर्य (संपत्ति मानमर्तबो प्रतिष्ठा वगेरे) एने भोगना साधन कह्या छे एवा सारा रूप वगेरे आपनाने समर्थ एवा भव थकी संपूर्ण भोगक्रियाओ मळे छे केमके, संपूर्ण भोगक्रियाओ प्रत्ये आ सामग्री अखंड कारणता (निमित्त भाव) धरावे छे ते एवी परिपूर्ण (भोगक्रिया) होय छे के बीलकुल संक्लेश रहित सुखरूप होय छे अहि शून्यता होवाथी संकलेश होता नथी (शून्यता शु ए चोकस समजातु नथी अत्यंत पूर्ण सामग्री होवाथी 'झंखना, अधीराई, एने लीधे गृद्धि वगेरे दुर्गुणोथी रहितपणु' एवो अर्थ लागे छे) एवी रीते पूर्ण भोगक्रियाओ बीजाने संताप करनारी होती नथी ते अहि विचक्षणता वगेरे गुणोने लइने शक्य छे केमके, विचक्षणता, मधुरता वगेरे गुणो कोईने संताप नहि थवा दे वळी एज कारणे

न य अन्ना सपुण्णा, नत्तत्तपइणेण ।
एअ नाण ति वुचइ । एअम्मि सुहजोगसिद्धी उचिअपडिवत्तिपहाणा ।

એ પૂર્ણ ભોગક્રિયાઓ અનુબંધથી એટલે પરંપરાએ પણ સુંદર હોય છે, કેમકે, સંક્લેશથી કે પરપરિતાપથી એને આચરી નથી આવા સ્વરૂપવાળી ભોગક્રિયા સિવાયની બીજી સંક્લેશવાળી પરસંતાપક અને પરિણામે અસુંદર એવી કોઇપણ ભોગક્રિયાઓ સંપૂર્ણ નથી, કેમકે, એમાં સંક્લેશાદિને લઇને આલોક પરલોક બન્નેની અપેક્ષાએ ભોગક્રિયાનું સ્વરૂપજ ખંડિત કરી નાખ્યું છે ભોગક્રિયાનું સ્વરૂપ તો એવું જોઇએ કે જે આ લોકમાં સ્વાત્મસંક્લેશ અને પરાત્મપરિતાપથી અલિપ્ત સુખ આપે, અને પરલોકમાં સાનુબંધ સુંદર સુખ આપે

ઈષ્ટ વસ્તુતત્ત્વને જણાવનાર જે જ્ઞાન એજ જ્ઞાન કહેવાય છે આથી જ્ઞાનદશામાં શુભયોગ સિદ્ધ થાય છે, અર્થાત બન્ને લોકમાં ઈષ્ટહિતાવહ શુભ પ્રવર્તન નીપજે છે એ શુભયોગના સમ્યગ્જ્ઞાનદશાના અવલોકને ભિન્નભિન્ન અનુબંધો આજે નિપુણ નિરીક્ષણ ઘનું હોવાથી, નર્યે ઉચિત વાતવસ્તુનો જ સ્વીકાર મુખ્ય હોય છે, એથી કોઇ અનુચિતનો સ્વીકાર નથી થવામાં આવતો તોજ એ જ્ઞાનદશાનો શુભયોગ ગણાય

પ્ર૦—જ્ઞાનની આટલી બધી કેમ ઉચ્ચ ભૂમિકા બતાવો છો ?

ઉ૦—જગતમાં જ્ઞાનવાળો ડાહ્યો મનુષ્ય કહેવાય છે, કે જે સ્વવિનાશકારી કાર્યમાં પ્રયાસ ન કરે અનુચિતનો ત્યાગ અને ઉચિતનો સ્વીકાર વિના વિનાશ ટળે નહિ

इहरा भावो पवत्तगो । पायं विग्घो न विज्जइ निरणुबंधासुहकम्मभावेण । अक्खित्ताओ इमे जोगा भावाराहणाओ ।

આવી પ્રસ્તુત જ્ઞાનયુક્ત પ્રવૃત્તિમાં કોણ પ્રવર્તે? ભાવ ભાવ એટલે પવિત્ર અધ્યવસાય, પણ મોહ નહિ એવા શુભ ભાવથી આવરણ કર્યું છે. આવા ઉપાયના યોગે પ્રાય આ જ્ઞાનસાધનામાં વિઘ્ન નથી આવતું. આનું કારણ એ છે કે જે, કોઈ અશુભ કર્મો ઉદયમાં આવે છે, તે વિઘ્નરૂપ નહિ, પણ અનુ,વ અને અનુબંધ વિનાના હોય છે. વિઘ્નનું કાર્ય તો શુભ સાધનાથી ઉલટી અશુભ પ્રવૃત્તિમાં તાણી જવાનું હોય, જ્યાં અશુભ કર્મ બાંધે પણ અહિ તો અશુભ અનુબંધ છે જ નહિ, તો તે ખાતાનાર એ વિઘ્ન તરીકે આવ્યું જ શેનું ગણાય? તેથી ઉદયમાં જે અશુભ કર્મ આવે તેય આ સજ્ઞાન શુભયોગોને વિઘ્નભૂત નહિ પણ અનુકુળ બની જાય છે. એ રીતે ચારિત્ર લીધું, એટલે કાંઈ તરત વીતરાગ નથી થઈ જવાયું, હજી મોહ ઉદયમાં આવી જાય છે, છતાંય તે સાધનાને બાધક બનીને પરંપરા નથી ચલાવી શકતો તો જ તે યોગી છે. આવો નિરનુબંધવાળો ન હોય તેવો સાનુબંધ અશુભ કર્મવાળા તો સજ્ઞાન શુભયોગમાં નથી પ્રવર્તી શકતો. એવાને તો સાચી દીક્ષા જ નથી હોતી. સાચી પ્રવ્રજ્યા તો, પૂર્વે કહેલા પાપપ્રતિઘાત વગેરે ક્રમથી મેળવેલી પ્રવ્રજ્યાને પાલનની બતાવેલ વિધિની આરાધે તો સિદ્ધ થાય. પછી ભલે એમ સાધતા અનેક જીવન પણ પસાર થાય માટે જ અહિ કહે છે -

આ પ્રવ્રજ્યાના જ્ઞાનદશાવાળા શુભ વ્યાપાર (યોગો) વિઘ્ન રહિત ત્યારે જ આત્મામાં સ્વીકૃત અને સ્થાપિત થાય છે, કે જ્યારે તેવી

तहा तओ सम्मं पवत्तइ, निप्फायइ अणाउले। एवं किरिआ सुकिरिआ, एगंतनिक्कलंका, निक्कलंकत्थसाहिआ, तहा सुहाणुबंधा उत्तरुत्तरजोगसिद्धीए।

પૂર્વે આરાધના કરી હોય, અર્થાત્ પૂર્વજન્મમાં એના પર બહુમાન પ્રશંસા આદિ કેળવ્યા હોય, અને પાપપ્રતિઘાત વગેરે ક્રમસર સિદ્ધ કર્યા હોય શુભયોગોની આ રીતે પ્રાપ્તિ થઈ એટલે તો તે નિયમા સમ્યક્ યોગોમાં પ્રવર્તાવે છે, અને આકુલવ્યાકુલતા વિના ઇષ્ટફળે પહોંચાડે છે

ભાવ-આરાધના પૂર્વે કરેલ પ્રવ્રજ્યાના સજ્ઞાન શુભ યોગોની ઉપર કહેલા પ્રકાર ક્રિયા એ સત્ક્રિયા બને છે કેમકે, એ સમ્યક્ રીતે જાણીને ઉચિતતા પૂર્વક આરંભાયેલી, સેવાયેલી હોય છે વળી એ અતિચાર રહિત હોવાથી એકાન્તે નિષ્કલંક એટલે કે દોષ-અશુદ્ધિ વિનાની હોય છે ઉપરાંત, નિષ્કલંક પદાર્થ જે મોક્ષ તેને સાધી આપનારી તે બને છે, જ્યારે કુક્રિયા, ફળ કવાળી સુક્રિયા કે મોક્ષ તરફ પ્રયાણ નહિ કરનારી ક્રિયા મોક્ષ નથી સાધી આપતી

જે કારણ થકી જરાય વિચ્છેદ કે વ્યાઘાત વિના નિરંતર ઉત્તરોત્તર શુભયોગો સિદ્ધ થતા હોય છે અને એવી એ સુક્રિયા એ રીતે શુભ અનુબંધવાળી બને છે તથી જ તેવી અનુબંધવાળી સુક્રિયાનો સાધક દીક્ષિત આત્મા મુખ્ય એવા સત્ય પદાર્થને સારી રીતે (વિપરીતતા વિના) સાધી રહ્યો છે, એમ કહેવાય છે અહિં 'સત્ય' શું?

ઉ૦—સત્ એ આત્મા, તેને યોગ્ય તે 'સત્ય' અર્થાત્ ઉત્તરોત્તર મોક્ષ પર્યંતની આત્મવિશુદ્ધિ, આત્મશક્તિઓનો વિકાસ, આત્માના ક્ષાયોપશમિક-ક્ષાયિક ગુણોનો પ્રાદુર્ભાવ,-એ સત્ય પદાર્થ કહેવાય પદાર્થ પણ કહેવાય તેને સાધવામાં કુશળ બની ગયા પછી તો તે પ્ર-

तओ से माहट परं परत्थ सम्म, तक्कुसले मया, तेहिं तेहिं पगारेहिं साणुबंध मह्नोदग बीजबीजादिट्ठा वणेण, कत्तिविरिआइजुत्ते, अवझसुहचेट्ठे समतभद्दे

जित ते ते प्रकारना बीजना बीजनु अने अंकुर वगेरेनु (बीज एटले मोक्षबीज सम्यक्त्व, तेनु बीज, तेनी आकर्षक शासन प्रशंसा, जिनाज्ञानी प्रशंसा पछी अंकुर जगे, तेनु) बीजाओना आत्मक्षेत्रमा स्थापन करवा वडे अनुबंध थवाथी परना सत्यार्थनी भावना करे छे साधक आत्मा परना परार्थने साधतो महान उदय(उन्नति)वाळो बने छे अन्यमा सत्यार्थने सिद्ध करवामा उपयोगी एवाक तूंभूत(साधक)सक्रिय वीर्यने धरावतो ते तेनी अमोघ (सफळ) प्रवृत्तिमा प्राय लीन रहे छे आवो थयेलो ते सर्वांशे, संपन्न थवाथी 'समन्तभद्र' एटले सर्वथा कल्याण आकृतिवाळो बनवाथी सर्वरीते कल्याण देनारो बने, एमा शी नवाई? हवे कोई वाते पण न्यूनता नहि होवाथी, प्रणिधान–प्रवृत्ति–विघ्नजय सिद्धि–विनियोगनो जन्मावनारो बने छे

मोहना (कुमति–कदाग्रहना) अंधकारने दूर करवाना स्वभाववाळो बनवाथी ते दीपकरूप बन्यो छे एम, रागरूपी रोगनी चिकित्सा करवामा समर्थ एवा शुभ योग वडे ए वैद्य बन्यो छे द्वेषना दावानल बुझववानी शक्तिए करीने समुद्रसमान बन्यो छे अने, ते ते निमित्तो वडे संवेगने उत्तम रीते सिद्ध करनारो बने छे हवे तो अन्य जीवोना पण परमसुखनो साधक बनवाथी ए अचिंत्य चिंतामणिरत्न जेवो थयो छे एनी समंतभद्रता जोनारना मोहने धुजारी उपजावे, रागने भगाडे, अने द्वेषने हारे छे, आत्मप्रदेशमा सुमति सम्यक्त्वना

सुप्पणिहाणाइहेउ,

मोहतिमिरदीवे, रागामयवेज्ज, दोसाणलजलणिही,
सवेगसिद्धिकरे, हवइ अचिंतचिंतामणिकप्पे ।

પ્રકાશ પાથરે છે, વિનયનુ આરાગ્ય વિકસાવે છે, ઉપશમની શીતલતા અર્પે છે, અને સ વેગની મધમધતા કરે છે પોતાની આત્મમુખતા, વસ્તુમાત્રનુ નિર્લેપ (ઉદાસીન) દર્શન, ઉગ્ર પરીસહ-ઉપસર્ગમાય આત્માની નિર્વિકાર સ્થિતિ, અને યોગ ચર્યા, ભાવદયા, ગભીરતા, પરિણતિ, પ્રૌઢભાવ, સ વેગઝરતી ધર્મની કોમલ મધુર વાણીએ દેશના, નિ સ્વાર્થની પરાકાષ્ઠા- આ બધુ જીવોમા સ વેગને જ સાવી સ વેગને વધારે છે

પ્રવ્રજિત ઉત્તમ પુરુષ મુખ્ય ભવ્ય હોઈ તના પ્રકારના કરુણાદિભાવોથી ધર્મનુ દાન કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ વિશિષ્ટ પરાર્થનો પણ સાધક બનતો, અનેક જન્મોની સાધનાએ કરીને જ્ઞાનાવરણીય વગેરે કર્મોથી રહિત બનતો જાય છે, અને સ વે ગાદિ શુભભાવોથી વધતો તે અનેક ભવોની પારમાર્થિક આરાધના વડે સર્વશ્રેષ્ઠ એવા તીર્થંકર ગણધર વગેરેના ભવને પામે છે

પ્ર૦-વધતો સ વેગ એટલે શુ ?

ઉ૦-જેમ સૂર્યને આપણે હજારોવાર જોવા છતા, નવી નવાર સૂર્યમા જેમ રોજ નૂતનજ જોઈએ છીએ, એજ પ્રમાણે આત્મામા સ વેગ પ્રતિદિન નવો ને નવો આવી વધતોજ જાય

પ્ર૦-તો શુ નવા સૂર્યના દર્શનની વચમા રાત્રિના અ ધ કારની જેમ, અહિં વચમા અસ વેગ લાવવો ?

ઉ૦-ના, એમ નહિ, પણ સ વેગીએ નવુ નવુ સમ્યગ્જ્ઞા- નાદિ મેળ [illegible] જોઈએ કે 'મારા હૃદયમા હજી

स एव परंपरएणं तहाकरणाइभावओ, अणेगेहिं भवेहिं विमुच्चमाणे पावकम्मुणा, पवड्ढमाणे अ सुहभावेहिं, अणेगभविआए आराहणाए पाउणइ सव्वुत्तमं भवं चरमं, अचरमभवहेउं, अविगलपर

મોક્ષનું અધિકારી છું અને મને કેવી ઉત્તમ મોક્ષમાર્ગની સગવડ મળી છે! એ મળ્યા પછી મેં ... નો મોહ ટાળ્યો, કેટલો ધર્મ વધાર્યો અને હું મોક્ષ ક્યારે પામીશ?' એમ વિચારતા નવી ધગશ, નવું જોમ ને વેગનું વધે

આ પરશ્રેષ્ઠ ભવ એ હવે સંસારમાં છેલ્લો જન્મ છે કેમ કે એ નકામા થઈને હેલા કે પહેલા કોઈ જાતના ભવ વિનાના મોક્ષને આપનારો છે આ ઉત્તમ જન્મ અતિ ઉત્ત... યશ-સાહેય-સૌભાગ્ય-સુન્દર વગેરે પુણ્યના યોગ્યયોગો હોવા [છતાં] પરના પણ ... અન્યાયનું નિમિત્ત બને છે સાધક અ[ધિ]... સઘળા માર્ગોને ઉચિત ત્યાગ કર્તવ્ય પૂર્ણ કરે છે, અને પછી વર્તમાનમાં બંધાતી કર્મરજને અને પૂર્વે બંધાયેલ કર્મમળ... દૂર કરી વ્યવહારથી ક્રમશ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વ... થાય છે, તેમજ સર્વ દુઃખોનો અંત કરે છે નિશ્ચયનયથી... આત્મા સદા નિરંજન નિરાકાર છે, પણ વ્યવહારથી કર્મવાળો અને દુઃખી છે તેથી વ્યવહારથી એને ઓળખાવ્યો છો નિ... થાય છે એટલે, સામાન્યથી અણિમા લઘિમાદિ લબ્ધિઓ... અવશ્ય મેળવે છે એટલે કેવળજ્ઞાન પામી અર્થાત્ સર્વજ્ઞ, સુ... એટલે ભવમાં પકડી રાખનારા અઘાતિ કર્મોથી રહિત, અ... પરિનિવૃત એટલે સર્વથા ... થી રહિત બની હવે ભવિષ્ય... સર્વકાળમાં ... મેળવે માટે દુઃખનો અંત કરે છે સિદ્ધ થ...

परत्थनिमित्त । तत्थ काउण निरवसेस किच विइ अरयमले सिज्झइ, बुज्झइ, मुचइ, परिनिव्वाइ, सव्वदुक्खाणमत करेइ ।

(इअ पवज्जापरिपालणासुत्त समत्त)



પદોનો બીજો અર્થ એ છે, કે એ સિદ્ધ થાય છે એટલે સર્વ કાર્યને સમાપ્ત કરે છે, બુદ્ધ થાય છે એટલે અપ્રતિહત અનંત જ્ઞાનથી જ્ઞાની બને છે, મુક્ત થાય છે એટલે સકલ કર્મથી મુકાય છે, અને પરિનિર્વાણ પામે છે એટલે સર્વસુખની પ્રાપ્તિ કરે છે એ રીતે, સર્વ દુ:ખોનો અંત કરે છે સર્વનુ આ નિશ્ચિત પરિણામ કહ્યું બીજા નયના એકાન્ત અભિપ્રાયનુ નિરાકરણ કરવા આ આમ કહ્યુ, કેમકે નિશ્ચય નયથી તો આત્મા સદ સચ્ચિદાનંદપૂર્ણ છે, તો તેને સિદ્ધ બુદ્ધ વગેરે થવાનુ ક્યાં

— સૂત્ર ચોથુ સમાપ્ત —



५–प्रव्रज्याफलसूत्रम् ।

स एवमभिसिद्धे परमबंभे मंगलालए जम्मजरा
मरणरहिए पहीणासुहे अणुबंधसत्तिवज्जिए संपत्तनि

સૂત્ર–૫ પ્રવ્રજ્યાનુ ફલ

ચોથા સૂત્રમા પ્રવ્રજિતની (દીક્ષિતની) ચર્યા કહી, જ્યારે
અહિ એનુ ફલ બતાવવા એમ કહે છે, કે તે પ્રવ્રજ્યાન
પાલક પૂર્વે કહ્યા મુજબની ઉત્તરોત્તર સુખની પરંપરા પ્રા
કરવાના ક્રમે કરીને, સિદ્ધ બન્યા થકા, પરમ બ્રહ્મ (એકા
શુદ્ધ આત્મા–પરમાત્મા) સ્વરૂપ બને છે, કેમકે હવે એ મદા
શિવ અર્થાત્ કાયમ માટે કોઇપણ જાતના ઉપદ્રવ વિનાના
कुसंस्कार, कर्म अने निर्दत्तिना उपद्रवथी पीडाताने परमात
શી રીત કહેવાય ? પરમાત્મા પોતાના માટે મદાશિવ બનવા ઉપર
એમનામા અનતગુણો વિકસ્વર થઇ જવાથી એ બીજા મ
પણ અશિવ ઉપદ્રવ દૂર કરે એવા મગળનુ ઘર બની જ
છે વળી હવે કાંઇ કર્મ કે કાયારૂપ નિમિત્ત ન રહેવાથી,
જન્મ જરા મરણ વિનાના બની જાય છે કહ્યુ છે કે જે
અત્યત બળીને શેકાઇ એવા બીજમાથી કદિય અકુરો ન
ફૂટતા તેમ કર્મબીજ બળી ગયેથી સાંસારિક જન્મરૂપ અ
ફૂટતો નથી એમણે અશુભનો એકાન્તે (અત્યત) ક્ષય
હોવાથી, અશુભના અનુબધને યોગ્ય ભાવિ બધની પણ શકિત
રહી નથી કહો ક બધા અશુભને એના ગાસડા પોટલા સ
વિનાશ કર્યા છે એથીજ આત્માએ અનત જ્યોતિમય

परमरूवे । अकिरिए सव्वरससहिए अणंतनाणे अणंत दंसणे । से न सद्दे, न रूवे, न गंधे, न रसे, न फासे ।

અનંત આનંદમય પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે જીવ કર્મ રહિત અક્રિય બન્યો, તેથી હવે એને ગમનાગમન વગેરે કોઈ જાતની ક્રિયા કરવાની રહેતી નથી

પ્ર૦–સમયે સમયે પલટાતા વિશ્વને જોવા જાણવાની ક્રિયા તો છે, તો અક્રિય શી રીતે ?

ઉ૦–અક્રિય એ રીતે, કે વિચાર કરવા સરખીય કોઈ પરિશ્રમની ક્રિયા નથી કેવળજ્ઞાન તો આત્માનો નિર્મલ દર્પણ જેવો સ્વભાવ છે, જેમાં વિશ્વના પદાર્થો સહજભાવે પ્રતિબિંબિત ભાસિત થાય છે દર્પણમાં પ્રતિબિંબ પડે, તેમાં દર્પણમાં શી ક્રિયા ? એટલે, આત્મા હવે સ્વાભાવિક ધર્મવાળો બન્યો કર્મો ચ્યથી નીપજતા સર્વે વિભાવ-ધર્મો નાશ પામી ગયા માટે જ્ઞેય(જાણવા યોગ્ય)અને દૃશ્ય અનંત પદાર્થોના જ્ઞાતા અને સાક્ષાત્ દ્રષ્ટા એ બન્યા હવે જીવ શરદપુનમના નિર્મળ ચંદ્રની જેમ ક્ષાયિક ભાવથી વિશુદ્ધ સ્વભાવે રહ્યો છે કહ્યું છે કે જ્ઞાન એ ચંદ્રના પ્રકાશ (જ્યોત્સ્ના) જેવું છે, અને એને રોકનાર કર્મના આવરણ એ વાદળ જેવા કહેવાય છે સિદ્ધ આત્માની કેવી સુંદર અને કેવી અનુપમ કલ્યાણ અવસ્થા !

સંસારમાં જીવને કશું નિત્યસિદ્ધ નહિ, એટલે, (i) અનંત મજુરી કરવા છતાંય એને ફરી ફરી સાધનાનું કરવાનું બાકી, (ii) પરમાત્મદશાને બદલે ફરિ ચીંથરેહાલ જેવી અજ્ઞાન, દુઃખી, દુર્બલ અને નિરાધાર અવસ્થા, (iii) અપમંગલ ડગલે પગલે, (iv) જન્મ મરણનો પાર નહિ, (v) અઢળક અશુભના ધાડા,

ભાવિ માટે અશુભનો અખૂટ વારસો! (ii) સ્વસ્વરૂપ-
ી બદલે જડ પુદ્‌ગલના રૂપ અને રમતની ગુલામી, (iii)
તા એવી કે એક ભવથી બીજી ભવમા, એક ભાવથી બીજા
ા, એક જડથી બીજા જડ તરફ, એક ચિંતાથી બીજી
ામા – ઇત્યાદિમા ફૂટબોલની જેમ જીવની કેં કાંઈક
ાની સ્થિતિ, (iii) કર્મોદયને પરાધીન વિભાવદશા, (iv)
મૂઢતા એવી કે જાતનુજ જ્ઞાન ન મળે, અને ની થીખમુને
એ દુ ખનાજ ઉપાયમા પ્રવૃત્તિ! અહાહા! આ કેવી દારૂણ
ાદ દશા!

પણ હવે આ સ્થિતિનો સ્ત્ર્યુધ્ટ વગાડનાર 'પ્રકાશનો પથ
ા પછી શા શારૂ એ હૃદયગમ મોક્ષનો માર્ગ આધવા
ાય બીજુ કાંઈ કરવુ જ! મહેનત તો આમેય કયા ઓછી
મહેનત તો તે કરવી કે જેના પરિણામે આત્મા એ જ જા
ો મુક્ત થઇ એથી Cવટુ પ્રગટપણે [1]સદાસિદ્ધ, સદાશિવ,
ાગળમય, [4]અક્ષય, [5]અશુભાતીત, [6]શુદ્ધસ્વરૂપી, [7]સ્થિર અક્રિય
વાધીન અને [8]અનત જ્ઞાનાદિમય બને

આવી સિદ્ધ અવસ્થા પ્રગટયા પછી આત્મા કોઈ શબ્દ,
ા, રસ, ગધ, સ્પર્શ સ્વરૂપ નથી, કેમકે શબ્દાદિ તો જડ
ૂગલના ધમ છે પહેલા જડ કર્મ અને શરીરના સબધને
ધિ ઉપચારથી પણ જીવને શબ્દ, રૂપ વગેરે હતા, પણ આત્મા
વે તો જડસયોગથી (જડના અનુવેધથી) અત્યન્ત મુકાયેલો છે તેથી
બ્દાદિસ્વરૂપ નથી ત્યારે શુ આત્મા શૂન્ય છે? ના, આત્માની
ણ જ્ઞાનની જેમ, અરુપી સ્થિતિ છે તેથી એવુ નથી કે એ
ાવા પ્રકાર રહેલા સસ્થાનવાળો છે એને જડની માફક કોઈ
ાકૃતિ નથી હવે એમની અવસ્થા અનત વીર્યયુક્ત છે તે

अरूवी सत्ता, अणित्थत्थसठाणा, अणनविरिआ, कयकिच्चा, सव्वयाहाविनिम्मिआ, सव्वहा निरविक्खा, थिमिआ, पसंता।

બાહ્ય નિમિત્તની અપેક્ષા વિના સ્વભાવે કરીનેજ કૃતકૃત્ય છે એમના સઘળા કૃત્યો સર્યા હોવાથી કર્યશક્તિ બંધ પડી જાય છે વળી દ્રવ્યથી અને ભાવથી–બાહ્ય અને અભ્યતર સર્વ પ્રકારના નડતરથી–પીડથી રહિત બન્ય છે એમની સ્થિતિ હવે સર્વથા અપેક્ષા રહિત છે કેમક એવી અપેક્ષા રાખવાની શક્તિ હવે રહી નથી વળી નિરપેક્ષ હોવાથી ઉગ્રતા મોજા વિનાના પ્રશાત સ્થિર મહાસાગરની જેમ સિદ્ધ અવસ્થા સ્થિર અને સુખની સપૂર્ણતાથી પ્રશાન્ત છે, એકાન્ત અનુકુલ દે સુખની ઓછાશ હોય તો કોઈ વિક પેથી હૈયુ ખળભળેને ?

સિદ્ધ ભગવાનનો પૂર્ણ આનદ કોઇ પણ દ્રવ્ય, ક્ષેત્ર કાળ કે ભાવના સયોગની અપક્ષા વિનાનો છે એટલાજ માટે એજ ખરા વાસ્તવિક આનદ તરીકે ઇષ્ટ છે પણ એ અહિ અનુભવમા આવવો મુશ્કેલ છે કોઇ રોગી, જ્યા સુધી સોજાની લાલી હોય, ત્યા સુધી આરોગ્યની લાલી ક્યાથી અનુભવે ? તે પ્રમાણે જ્યા સુધી સયોગનો આનદ છે ત્યા સુધી અસયોગનો આનદ ક્યાથી દેખે ? ખરૂ જોતા જડસયોગની અપેક્ષાવાળુ સુખ એ સુખજ નથી કેમકે અપેક્ષા એજ આનદનો અભાવ છે 'અપેક્ષિની ચીજ ક્યારે મળે ! પુરી કેમ મળે ! ચિરકાળ કેમ રહે !' વગેરે ઉત્સુક્તા આત્માને સતાવવાની, એજ દુખ ઇષ્ટ મળ્યા પછી પણ પાછો એનો વિયોગ અવશ્ય થવાનો એ દુખ સયોગનો સ્વભાવ કે એ વિયોગમા પરિણમેજ છે

असजोगिण गमाऽऽणदे, अओ चेव परोमग।
ऽत्ता अणाणदे।

નયોગથી થતુ ફળ એ ફળ નથી, કેમકે સાયોગિક ફળ
પામનાર છે, પરિણામે રહેવાનુંજ નથી આમ છતા મોહથી
ન લોકને આવા સાયોગિક ફળ (લાભ) બહુ ગમે કેમકે
મોહવી સયોગની સનાતન વિશ્વ વ્યાપી વસ્તુસ્થિતિ ઉપર
ામાચામણા કરી મતિ-વિપર્યાસથી અફલને વિપેજ ફળના
રાખે છે પછી એ બુદ્ધિભ્રમથી અત વિનાના અનર્થો
ે છે સાયોગિક સુખાભાસ ખાતર અસત્ પ્રવૃત્તિઓ કરી
ા અનુબધવાળા અનર્થો એ સર્જે છે, કે જે અનર્થો વેઠના
ા પણ એનો અત ન આવતા અનર્થોની અખડ ધાર
ું રહે

ા ત માન્યુ કે આવીજ સુખ, તો પમા લઇ આવે
ા, અસત્ય અનીતિ વગેરેથી, અને પાછો તેમા કુલાય લોકો
ણ પોતાની બહાદુરીની વાત કરે, ' આ કમાવા એમ
મોટી વાત? આપણે તો આમ ચપટી વગાડતા ઢગલો પૈસા
આન્યા,' વગેરે તેમ, જેમા નાખ્યો તો લાવો, પરન્તુ પાછો
ા ફેર કે રમડી થાય, અથવા ચોર આરભવિશ્વાસમા
ઠેત્રપણે પૈસા ઉઠાવે આડા રસ્તા ચલાવે તેવીજ રીતે અનેક
ચો કરી પોતાના માનપાન ઉભા કરે, અને એ માટે મહંતને
ને ગુણવાનનેય વગોવે કે દડે આની રીતે બીજીય અસત્
ૃત્તિ કરે અર્થાત્ અસત્ પ્રવૃત્તિથી આ લોકમા રાજદડ, અપ
તિ, કલહ, ઉપદ્રવ વગેરે અનર્થ, કે પરલોકના ભયકર
નર્થ આવે, ત્યાય અનર્થસજન વળી નવી અસત્ પ્રવૃત્તિઓ

सजोगो विओगकारण । अफल फलमेआओ ।
विणिवायपर खु त बहुमय मोहाओ अबुहाण ।
जमित्तो विरज्जओ, नओ अगत्था अपज्जवसिआ ।
एस भावरिऊ परं ।

આશ્ચર્ય છે આ બધુ શાથી? સયોગાધીન સુખના મૃગજળમા સુખ મનાવનાર મોહને લીધે

તેટલાજ માટે શ્રી તીર્થકર ભગવતે આ મોહને આત્માનો પરમ ઉત્કૃષ્ટ દુશ્મન કહ્યા છે મોહ એટલે અજ્ઞાન, મિથ્યામતિ તેનાથી ચઢીયાતો જીવોનો બીજો કોઇ શત્રુ નથી કેમક દુર્લભ માનવભવ સુધી ઉચે આવેલા જીવોને પણ અસત્ કાર્યમા જોડી ચારે કોરથી અશુભ એવા ભયકર અનર્થોની ઉંડી ખાઈ ઓમા ગબડાવનાર એ છે આ બધાથી સિદ્ધ ભગવાન પર છે તેમને મોહ નથી, વિપર્યાસ નથી, કાંઇ અસત પ્રવૃત્તિ નથી, કોઈ અનર્થ નથી, કે સુખાભાસ નથી એમને તો અસાયોગિક અનત આનદ છે

અહિ પ્રશ્ન થશે કે તો પછી જો સયોગ માત્ર દુઃખરૂપ છે, તો સિદ્ધ ભગવતને આકાશ સાથેના સયોગ કેમ દુઃખદાયી નહિ?

ઉ તેમને આકાશ સાથે સયોગજ નથી, તે તો પોતાના આત્મ-સ્વરૂપમાજ રહેલા છે

પ્ર આધાર વિના કેવી રીતે સ્થિતિ-વસ્તુસત્તા હોય?

ઉ જેમ બીજો કોઇ આધાર ના આકાશ નથી છતાં, છતા એની સત્તા છે, તેમ સિદ્ધ ભગવાન અગે સમજવુ આમા યુક્તિ પણ છે

नागासेण जोगो एअस्स । से सरूवसंठिए । नागा-
समणत्थ । न सत्ता सदन्तरमुवेइ ।

એક સત્ પદાર્થની સત્તા (સ્થિતિ) કદાપી બીજા સત્ પદાર્થ સ્વરૂપ નથી બનતી કદિય જડ એ ચેતન નથી બનતું, અને ચેતન દ્રવ્ય એ જડ નથી બનતુ અર્થાત્ એ સત્તા તદન પલટાઇ નથી જતી, અર્થાત્ બીજાજ રૂપે નથી બનતી, એટલે કે ભાવ એ અભાવજ નથી બનતો, એમ એ બીજીજ વસ્તુ નથી બની જતી દા ત દ્રવ્ય દ્રવ્ય મટીને ગુણ નથી બનતુ તેવી રીતે કોઈ વસ્તુ બીજામા નથી રહેતી, પોતાના સ્વરૂપમાજ રહે છે જો એક વસ્તુ બીજીમાં રહી શકતી હોય, તો પ્રશ્ન થાય કે એમા સર્વાશે રહે કે દેશથી (અશે) રહે ? સર્વાશે રહે તો તદ્રૂપ બની જાય, તેના ગુણ પર્યાય એ પોતાના બની જાય, કેમકે સર્વાશે એજ રીતે રહેવાનુ માન્યુ છે દેશથી રહે તો પાછો પ્રશ્ન થાય કે એ દેશ સર્વાશે રહે કે દેશથી ? એમ તત્ત્વ નિર્ણયજ ન થાય તેથી માનવુ પડે કે વસ્તુમાત્ર બીજામા ન રહેતા, પોતાના સ્વરૂપમાજ રહે છે

પ્રસ્તુત આ વિષય અચિન્ત્ય છે એના રહસ્યને કેવળ જ્ઞાની સર્વજ્ઞ જ જાણી શકે છે એ નિશ્ચય નયનો અભિપ્રાય છે વ્યવહાર નયનો મત તો બીજી રીતે છે અર્થાત્ એ મતે એક વસ્તુ બીજી આધાર વસ્તુમા સયોગ પામીને રહે છે -એ સ્પષ્ટ અનુભવાય છે આમ હોવા છતા સિદ્ધોને આકાશ સાથે સયોગ નથી એ નિશ્ચય મત પણ સારી રીતે યુક્તિયુક્ત છે જ, કેમકે સિદ્ધ થયેલામાથી સયોગની શક્તિ નાશ પામી

अचिंतमेअ केवलिगम्म तत्त, निच्छयमयमेअ। संजोगर च जोगोत्ति न एस जोगो। भिण्ण लक्खण भेअस्स। न इत्यासिक्खा। सहावो खु एसो, अणत सुहसहावकप्पो।

છે, આર રૂપે કહીયે તો સયોગ વિયોગવાળો હોય છે એટલા માટે સિદ્ધ અને આકાશને એ સયોગ નથી; અને જે સબધ છે, તેનુ લક્ષણ જુદુ છે તેમા સિદ્ધને કોઇની અપેક્ષા નથી તો પછી પ્રશ્ન થાય કે લોકના છેડે આકાશમા સિદ્ધનુ ગમન અને સ્થિર નિશ્ચલ રહેવાનો થો । કેવી રીતે?

૬૦ એ છુટકારાને કર્મક્ષયથી પ્રગટ થતો અનત સુખના સ્વભાવની જેમ એક સ્વભાવ છે એ માટે કોઇના ઉપર અપેક્ષા રાખવાની હોતી નથી તેથી અપેક્ષા પર નમતા સ્વે ન જુદા, અને સ્વભાવ ઉપર નભતો સિદ્ધનો લોકને ચોગ જુદો ।

સ્વભાવના ઘરની વસ્તુ આગમ ની અપેક્ષાથી ઉત્તી વસ્તુ એ કગાગ અને અસાર છે શુદ્ધ બનેલા આત્મા અનત જ્ઞાન, અનત સુખ ઊર્ધ્વ ગમન, લોકને અન્તે સ્થિતિ, અજર-અમરતા વગેરે બધુ સ્વનારે બને છ સ્વભાવવાળાની બલિહારી યાગી!

અપેક્ષાવાળા પદાર્થોની કેટલી તુચ્છતા! સાપેક્ષ જ્ઞાનને ક્ષયોપશમ અને ઉપયોગની પરાધીનતા! વિષયસુખને વિષય અને એના સાધનોની પરાધીનતા! ગમનને કર્મની અને કાયયોગની, અવસ્થાનને નિમિત્ત અને અન્યની સીન તાની, ઘડપણને રોગ અને વય અને વમાણા સાથ

उवमा इत्थ न विज्जइ । तब्भावेऽणुभावो पर तस्सेव ।

ણની, મૃત્યુને અટકાવવા આયુષ્યના ટકવાની--એમ અનેકની દુઃખદ શુલ્વાની ! એ કના ૮તાય, અપેક્ષાવાળી વસ્તુનો પછે અવશ્ય વિરહ ! એથી કારમો ઉદ્વેગ અને શોક ! આટલું છતા આ વસ્તુના અનુભવને તો અપેક્ષામા જીવવાનુ અને અપેક્ષામા મરવાનુ જરાય ન ખટકે ! અપેક્ષેની ચીજ મળી એટલે જોઈ લ્યો ભાઈનો રૂવાબ ! એનુ ચાલે તો ધરતી પગ પોતાનો પગ ન અડવા દે ! અદ્દરને અદ્દરજ ચાલે ! બીજાને અદ્ધર રાખે ! કેમ જાણે વૈભવ એના એકલા પાનેજ હશે ! અને તેય વૈભવ કદિય એને છોડવાનોજ નહિ હોય ! તથા છોડવા વખતે રૂદન અને એ પછી દુર્ગતિના દુઃખ દેખવાનાજ નહિ હોય ! 'अपक्षाया महद् दुःख, निरपेक्षो महासुखी' ।

સિદ્ધને સકલ કર્મક્ષયથી અનંત સુખનો સ્વભાવ પ્રગટ થઇ ગયો, તે સુખને કોઈ સાથે સરખાવી શકાય એમ નથી જેમ મહાસાગર કેવો ! મહાસાગર જેવો તેને બીજી ઉપમા નથી એવુ આમા કુમારિકા સ્ત્રીને પ્રથમ સંયોગે થતા આનંદની જેમ અનંત સુખમય પરમ બ્રહ્મનો આનંદ એ તો પોતાનાજ અનુભવથી અનુભવી શકાય તે સુખનો બીન અનુભવી કોઈ પૂછે કે એ સુખ કેવુ હોતું હશે ? તો કહેવાય કે એ ઉપમાતીત છે એ તો તુ જાતે અનુભવ કરીને જાણશે મહાયોગી સિદ્ધ ભગવતન ભોગલિનાનુ સુખ અયોગી એવા ભોગીઓ ન સમજી શકે ભોગીઓનો અનુભવ તો અપેક્ષાવાળા સુખનો છે, એ સિદ્ધના સ્વભાવસુખને શુ સમજી શકે ? જન્મનો આંધળો એ ઘડાનો શો પ્રત્યક્ષ અનુભવ કરી શકે ? સિદ્ધના સુખનો અનુભવ તો સિદ્ધનેજ થાય સંસારીને નહિ

आणा एसा जिणाण सव्वण्णूण । अविनहा एग तओ । न विनहत्ते निमित्त । न चानिमित्त कज्जंति ।

निदसणमित्त तु नवर—सव्वसत्तुक्खए, सव्ववाहिविगमे, सव्वत्थसजोगेण, सव्विच्छासपत्तीए जारिसमेअ, इत्तोणतगुण ।

પ્ર એવું છે એ શી રીતે જણાય?

ઉ શ્રી સર્વજ્ઞ વીતરાગપ્રભુનું એ વચન છે, એથી જણાય છે એ સર્વજ્ઞનું વચન હોવાથી એકાન્તે સત્ય છે લેશ પણ અસત્ય નથી કેમકે અસત્યના કારણભૂત જે રાગદ્વેષ કે અજ્ઞાન, તેમાનું એમનામાં કાંઈ નથી રાગથી, દ્વેષથી કે મોહથી જૂઠું વાક્ય બોલાય છે જેને એ દોષો નથી તેમને જૂઠના કારણોજ નથી, તો જૂઠ રૂપી કાર્ય પણ ક્યાથી સંભવે? કારણ વિના કાર્ય જન્મીજ ન શકે આવું શ્રી જિનનું કથન છે

સિદ્ધનું સુખ સ્વસંવેદ્યજ છે, એવો આપ્ત (આદેય) પુરૂષોનો ઉપદેશ છે છતા એનું દૃષ્ટાંત, એ સિદ્ધિના સુખનો આછો ખ્યાલ આ પ્રમાણે—સર્વ શત્રુઓ જે ભયંકર જુલમ ગુજારતા હતા, તે બધા નાશ પામી ગયા હોય, સર્વ રોગ જે વર્ષો થયા સખ્ત પીડા કરતા હતા તે બધાય તદ્દન નાબુદ થઈ જાય, આમ બાહ્ય દુઃખ શત્રુઓનું અને આંતર દુઃખ રોગોનું, એ બધુંજ દુઃખ દૂર થવા ઉપરાંત, સર્વ મનગમતા અર્થની (વિષયો અને એની સાધનસામગ્રીની) પ્રાપ્તિ થઈ જાય અને તેથી જન્મથી માંડી આજ સુધી થતી લાખો ઇચ્છાઓ બધીય સારી રીતે પૂર્ણ થઈ જાય તો જેવું સુખ અનુભવ

त तु भावसत्तुक्खयादिनो । रागादओ भाव सत्तू। कम्मोदया वाहिणो।

એના કરતા અનંતગુણું સુખ સિદ્ધોનું છે તે અનંતગુણ એટલા માટે કે તે ભાવશત્રુ અને ભાવરોગના નાશથી તથા ભાવઅર્થ અને ભાવઈચ્છાની સંપૂર્તિથી થયેલું છે દ્રવ્યશત્રુ અને દ્રવ્ય રોગો એટલે કે આ જીદગીમાના બાહ્ય શત્રુઓ અને શરીરના રોગો એ તો નાશ પામ્યા, પરંતુ રાગદ્વેષ વગેરે આંતરશત્રુઓ અને વિવિધ કર્મના ઉદયરૂપી ભાવ વ્યાધિઓ ઉભી છે ત્યા સુધી અનંતગુણ સુખ નથી કેમકે માની લ્યો કે પુણ્યના જોરે બહાર કોઇ શત્રુ નથી રહ્યો એટલે નિર્ભય થઈ ફરે છે પરંતુ આત્માના મહાન અપકાર કરનારા અંદરના રાગદ્વેષ જો શત્રુની જેમ ચિંતા કરાવે છે, દોડધામ કરાવે છે, પીડે છે પણ ખરા, હેરાન કરે છે, શાંત રીતે જંપવા નથી દેતા, અને પરિણામે પણ મહાન અપકાર કરે છે, તો અનંત સુખ કયા?

એમ જીવને જ્યા સુધી કર્મના ઉદયો વ્યાધિની જેમ પીડે છે, ત્યા સુધી અનંત સુખ કયા? તાવની અશક્તિ તો હજીય રસાયણો, ભસ્મો, ઔષધો અને પથ્યસેવનથી મિટાવાય, પણ વીર્યાંતરાય કર્મના ઉદયથી આવેલી અશક્તિ શે મિટાવાય? અથવા શારીરિક રોગો તો ઉપશમ્યા, પણ કર્મના ઉદયે રોગો કરતાય ભારે વેદ, પરાધીનતા, હાયવોય, કે ઉન્માદ વગેરે અહિં કગવતા હોય, અને એથી ઉપાર્જેલા નવા કર્મના ઉદય ભવાંતરે ભયાનક રીતે પીડતા હોય ત્યા, સુધી અનંત સુખ શા? ખરૂં દુ:ખ જ રાગદ્વેષમોહનું અને કર્મના ઉદયનું છે એ ભાન પીડા

पामन्द्वीओ ह अट्टा। अणिच्छेच्छा इच्छा।

એ નહિ ત્યાં સુધી અનંત સુખ નહિ [illegible] વિષયો અને કર્મના દર્શની સુદની [illegible] જે સુખ થાય તેનો અંશ પણ [illegible] ખબરના અને મર્મની ગુવાણીઓ જનનમાં એવા [illegible]

૧ની. વિશ્વ અને એના સાધનરૂપ અર્થ એ તો અનર્થ છે, એના સમ નહિ દુખ તો એક ઉત્તિયો સ્વરૂપ અર્થમાં છે, [illegible] પરંતુ એ અર્થ—સ્વભાવ એટલે [illegible], એટલે કે [illegible] અનેક પદાર્થ એટલે એક [illegible] એવી રીતે ખરી ઈચ્છા તો અનિચ્છાની (અસ્પૃહાની) [illegible], જે સુખ [illegible] શાશ્વત અનિચ્છ [illegible] તેથી હવે [illegible] ઈચ્છાનું નામ નહિ, અને [illegible] નહિ કેમકે જગતના પદાર્થોની સર્વ ઈચ્છા [illegible] આવે, તેથી [illegible] જગતના પદાર્થો [illegible] પણ ભવિષ્યમાં [illegible] ભૂત [illegible] એવું [illegible] છે, [illegible] હવે [illegible] ઈચ્છા નહિ કરે। એ એમ નહિ માને કે [illegible] છે, [illegible] જોયું છે, માટે [illegible] નહિ [illegible] વર્તમાનની સર્વ ઈચ્છાઓ [illegible] છે અને [illegible] છે કેમકે [illegible] અને પદાર્થો મળ્યા, [illegible] નિવૃત્ત [illegible], તેથી અસ્પૃહા નથી [illegible]

નથી થઈ, ત્યા તો નવી ઇચ્છા ઉત્પન્ન થઈ સતાપની અખડ ધારા ચાલુ રાખે છે ! જેમ સઈનો દીકરો જીવે ત્યા સુધી શીવે, અથવા સોની લુહારને રોજ એજ એરણ ને એજ હથોડી પાળે લખાયેલી, એનો અતજ ન આવે તેમ ન નારી જીવને જન્મે જન્મ ઇચ્છાઓ કર જવાની અને એને પૂરવા ઝઝુમે જવાનુ ! જુઓ વિટબણા ! તેને બદલે નિસ્પૃહપણાની જે સ્પૃહા, એ પૂરાય તો નિસ્પૃહપણુ સિદ્ધ થાય, પછી તો કાઇજ નતાપ નહિ, બસ પરમ શાતિ અને અપાર સુખ

પહેલા નબરનો કામના રહેતી, પણ હવે એ નિષ્કામ પણાની ભાવના થાઓ, કે 'મારે એ પણ કામના ન જોઇએ' જ્યારે આ નિષ્કામતાની ઈચ્છા પૂર્ણ થાય એટલે તો તે નિષ્કામ બની ગયો હવે તેને કોઇ વિષયની કે કોઇ કષાયની જરૂર નથી, તેથી તે અનત સુખ મેળવે છે

આત્મામા અનિચ્છાની ઇચ્છા ક્યારે સિદ્ધ થય ? તે વીતરાગ બને ત્યારે વીતરાગતા વિરાગ વિના ન આવે, અને વીરાગમા અશે પણ ઇચ્છાઓ ઓછી થવી જોઇએ તેનુ પહેલુ પગથીયુ સામાન્યત પહેલે ગુણઠાણેથી શરૂ થાય છે, અને વિશેષત વિકસ્વર તે સાતમે ગુણઠાણે બને છે

જગતમા સર્વ શત્રુના ક્ષયમા, સર્વ વ્યાધિના નાશમા, સર્વ અર્થોની પ્રાપ્તિમા, અને સર્વ ઇચ્છાઓ પૂર્ણ થવામા જે સુખ નથી, તેથી અનતગુણુ સુખ ભાવશત્રુભૂત રાગાદિના ક્ષયમા ભાવરોગભૂત કર્મના નાશમા, ભાવોપકાર કરનાર શ્રેષ્ઠ કેવળ જ્ઞાનાદિની પ્રાપ્તિમા અને અનિચ્છાની ઇચ્છા પૂર્ણ થવામા છે આ ઉપરથી સમજાય એવુ છે કે આનો અનુભવ કોણ કરી શકે ?

एव-सुहममेअ न तत्तओ इयरेण गम्मइ, जइ-सुहं व अजइणा, आरुग्गसुहं व रोगिणत्ति विभासा।

સમજવા માટેય આ એટલી સૂક્ષ્મ વસ્તુ છે, એટલુ બધુ સૂક્ષ્મ તત્ત્વ છે, કે જેવા તેનાથી એ યથાર્થપણે નહિ સમજાય એનુ દૃષ્ટાંત અસિદ્ધનુ એટલે મુક્ત નહિ એવા સસારી જીવનુ મળે છે જેમકે યતિ યતિપણાના પાલનથી જે આનદ અનુભવે છે, તે ગૃહસ્થ નહિ અનુભવી શકે, અને ભોજલ પર તો સમજીય ન શકે, પછી અનુભવી તો શુ ય શકે ? સયમીનો આનંદ અસયમીને ક્યાથી હોય ! કેમકે એ આનદના અનુભવ માટે વિશિષ્ટ એવો ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ જોઇએ એ માત્ર વેષધારી યતિનેય નહિ થાય એમ આરોગ્યનો આનદ રોગીને થઈ શકતો નથી. સન્નિપાતનો દર્દી સનિપાત વિનાની નિરોગી સ્વસ્થતાથી થતો આનદ ક્યાથી અનુભવે, કે સમજી શકે? એમ ભાવશત્રુ-રાગાદિમા આનદિત રહેનારો એના ક્ષયથી થતુ સુખ શું સમજે? તે તો જિન વીતરાગજ જાણે

એ પ્રમાણે જગતના દૃષ્ટાન્તથી સિદ્ધસુખની વિભાષા (પરિભાષા, આદી નિર્વેચના) કરવી બાકી એની ઉપમા નહિ મળે સિદ્ધ ભગવતનુ સુખ સ્વરૂપે સર્વથા અચિત્ય છે તે એટલા માટે કે આપણી પાસે જે મતિજ્ઞાન છે, તેનો એ વિષય નથી ગમે તેવા સૂક્ષ્મ ચિતનથી પણ એ સુખ બરાબર કળાય એવુ નથી તે સુખ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનત છે, છતા સિદ્ધોની પરપરાની દૃષ્ટિએ કાળથી અત વિનાનુ છે પ્રવાહથી તો અનાદિ કાળથી ચાલી આવતા સકલ સિદ્ધ ભગવતોના

अचित्तमेअ मम्भवण, माइ अपज्जवसिअं एग सिद्धावेक्खाए, पवाहओ अणाई। तेवि भगवतो एवं तहा भव्वत्ताइ भावओ। विचित्तमेअ तहाफलभेएण। नाविचित्ते सहकारिभेओ। तदवेक्खो तओ त्ति, अणेगतवाओ तत्तवाओ।

સમુદાયની અપેક્ષાએ તે સુખ અનાદિનુ છે આ રીતે તે સિદ્ધ પરમાત્મા પણ સિદ્ધ સ્વરૂપે પ્રત્યેકની દૃષ્ટિએ આદિ અને અક્ષય છે અને સમૂહપરપરાની દૃષ્ટિએ અનાદિ અનત છે

પ્ર –સિદ્ધ થનાર તો ભ ય જીવોજ હોય છે, અને ભવ્યોમાં ભવ્યત્વ એક સરખુ છે, તો પછી સિદ્ધ થવામા જુદો જુદો કાળ, જુદી જુદી સામગ્રી વગેરે શાથી ?

ઉ –સામા યથી ભવ્યત્વ સમાન છતા ભવ્યોમા તથાભવ્યત્વ અર્થાત્ વૈયક્તિક ભ યત્વ જુદુ જુદુ હોય છે તથાભવ્યત્વ એ જુદી જુદી રીતે મોક્ષનો સામગ્રી અને મોક્ષરૂપી ફળમા પરિપાક પામનારૂ હોય છે, માટે તે જીવદીઠ જુદુ જુદુ હોય છે, કેમકે કાળ વગેરેની ભિન્નતાને અનુસરીને મોક્ષ થાય છે

પ્ર –તથાભવ્યત્વ જુદુ ન હોય છતા જુદા જુદા સહાયક નિમિત્ત કારણોને લઇને મોક્ષકાળ જુદી જુદી રીતે પામે એવું કેમ ન બને?

ઉ –સહાયક કા ણોમા ભિન્નતા શાથી આવે છે? કહેવુ પડશે કે તથાભ યત્વાદિની ભિન્નતાને લ ને કેમકે સહાયકોને એ સ્વભાવ છે કે તથાભવ્યત્વાદિના આધારે ચાલવું નહીંતર તે

स खलु एव, इहरहेगतो । मिच्छत्तमेसो, न इतो तत्था, अणारिहअमेअ ।

તે નહાયકો ચોગ્યરૂપે આવી મળે નહિ આનુ કારણ એ છે કે કોઈની અપેક્ષા વિના નિમિત્તો મળી જતા હોય તો પ્રશ્ન એ થાય કે સર્વ ભવ્ય જીવોને તે એવી માટે કેમ ન મળે ? અથવા કોઈને કદિયે ન મળે એવુ કેમ ન બને ? વસ્તુસ્થિતિએ બન્નેમાથી એકે વાત બનતી નથી બને તો એ છે કે અમુક અમુક ચોક્કસ રીતે અમુક અમુક ચોક્કસ સમયે તે નિમિત્તો આવી મળે છે તે સમાન નહિ પણ વિચિત્ર પ્રકારના તથાભવ્યત્વો નો આધાર રાખતા હોવાથી બને છે

અનેકાંતવાદ એ તત્ત્વવાદ છે અનેક નયથી થતુ પદાર્થનુ નિરૂપણ એજ તત્વનુ નિરૂપણ છે કેમકે અનેકાતવાદ સઘળાય કાર્યોનુ કાર્ય પ્રત્યે સામર્થ્ય ઘટાવે છે એકાતવાદ તેમ કરી શકતુ નથી એ તો એક પક્ષિકજ સ્થિતિ માનશે એથી ભિન્ન ભિન્ન જાતના અનેક કારણોને ન્યાય નહિ આપી શકે તેથી જો ભવ્યત્વાદિ બધાને સર્વથા સરખા માનો, તો એ એકાન્ત થયો ગણાય અને એકાન્તવાદ મિથ્યાવાદ છે કેમકે એકાતવાદથી વસ્તુની વ્યવસ્થા નથી થઇ શકતી ભવ્યત્વમા જો ભિનતા ન હોય અર્થાત્ એકાન્તે ભવ્યત્વ સમાન માનીએ, તો કાળ વગેરે સહકારી જુદા જુદા મળે છે તે શાથી ? પ્રસ્તુતમા અનેકાતવાદ એટલા માટે ઘટી શકે છે કે જુદી જુદી જાતના તથાભવ્યત્વો માનવામા આવ્યા છે તેથી એના બળે સહકારી અનેક પ્રકારના ઘટી શકે છે એમ હોવાથી કાળભેદ ઘટે, અને એના યોગે સર્વ ભવ્યોનો મોક્ષ એક સાથે થવાનો પ્રસગ ન આવે ભવ્યતા એટલે મોક્ષગમનની યોગ્યતા મોક્ષગમન એટલે

ससारिणो उ मिद्धन । नाऽनद्धस्स मुत्ती मद्दत्थरहिआ

મોક્ષ પ્રાપ્તિ, એને યોગ્ય ભવ્યજીવ એ એનુ ... (ભવ્ય શબ્દ
વિધ્યર્થ કૃત તે य પ્રત્યય કર્મતા સૂચવે છે) વ્યાકરણની દૃષ્ટિ
-મ એ ... કારકમાનુ એ કારક છે, અને ... એ ક્રિયામા કા
(હેતુ) હોય છે વસ્તુમા મૂળમા સ્વભાવજ જુદો ન હોય,
સહકારી ભેદ કાઈ ન કરી શકે દા ત ઘઉ ચોખાના બી

સિદ્ધ થવાનુ અનાદિ કાળથી ચાલુ છે, એમા જેમ ભ
જીવોની વિચિત્ર વિવિધ તથાભ યતા સિદ્ધ થ ય છે, તેવી
જીવો અનાદિ કાળથી શુદ્ધ સિદ્ધ બુદ્ધ મુક્ત નથી, પણ ક
મલથી લેપાયેલ હોવાથી સ સારી છે, અસિદ્ધ છે, અબુદ્ધ
અમુક્ત છે,' એ પણ સિદ્ધ થાય છે કેમકે જે સ સારી હો
એટલે કે અસિદ્ધ હોય, એનેજ સિદ્ધ થવાનુ હોય, બીજાને ન
મૂળથીજ સિદ્ધ હોય, એને શુ સિદ્ધ થવાનુ હતુ ? જે
બધાયેલ) હોય, એને બ ધનથી છૂટી મુક્ત થવાનુ હોય, એ
મુક્તિ વાસ્તવિક ગણાય બાકી કહિએ જે બદ્ધ નથી, એની મુ
વાસ્તવિક ન ગણાય બ ધ જ નહિ હોવાથી એનામા મુક્તિ શ
નો અર્થ ન ઘટે કદાચ એનામા મુક્તનો વ્યવહાર ઉપચા
કરનો હોય તો અનવી મુક્તિ તો પ્રકૃતિ વગેરે કોઈ બીજ
માનીને, એનો ઉપચાર આત્મામા કરવામા આવતો હોય
બને,–આ સાખ્યાદિનો મત છે, પર તુ તે ખોટો છે કેમકે પ્ર
બદ્ધ છે, તો પ્રકૃતિ ભલે દુ ખી હોય, કિ તુ શુદ્ધ સ્વરૂપી આત્મ
શુ? પછી મુક્તિ માટેનો પુરુષાર્થ પણ આત્માએ શા સારૂ કર
'પ્રકૃતિના કાર્યનો પોતાનામાથી ભ્રમ ટાળવા માટે'—એમ જો
વામા આવે તો એ ભ્રમવાળી દશા પુરતો પણ આત્મા અશુદ્ધ
બદ્ધ ગણાશે જ તોજ પછી 'આત્મા શુદ્ધ અને મુક્ત બન્યો' એ

अणाइम यघो पराहेण, अईअकालसुझे ।

માર્થક વશે અબદ્ધની મુક્તિ થતી હોય, તો અબદ્ધ જડ આકાશાદિની પણ મુક્તિ કેમ ન થાય ?

પ્ર–અરૂપી અમૂર્ત આત્મા પર મૂર્ત કર્મપુદ્‌ગલનો બંધ કેવી રીતે થાય ?

ઉ–આકાશની જેમ કેવળ શુદ્ધ અરૂપી આત્મા પર રૂપીનો બંધ ન પડી શકે એ વાત સાચી છે પરંતુ અહિં તો પૂર્વ કાળથી આ આ કર્મના લેપે લેપાયેલો હોવાથી રૂપી મૂર્ત જેવો છે તેથી એના પર નવો કર્મબંધ લાગી શકે છે વળી પૂર્વે એ લેપ પણ એના પૂર્વે આત્મા બીજા કર્મથી લેપાયલો જે હતો, એના પર લાગેલો હતો, અને એ દૂરપૂર્વની લેપાયેલી સ્થિતિ પણ એની પૂર્વભવમા આત્મા એવી પૂર્વેથી લેપાઈને આવેલો, તેના પર બનેલી એટલે એવો કોઇ ભૂતકાળ નથી કે જેમા જીવે કર્મ બાંધવાની ક્રિયા ન કરી હોય

અહો ! જીવની આ કેવી મૂર્ખતા કે એણે કર્મ બાંધવાનો એટલે કે પોતાને મલિન કરવાનો જાણે સ્વભાવ જ બનાવી દીધો ! દૂધની મધુરાઈ, આકડાની ખીરાશ, કે તાંજળના કડવાશની જેમ કોઇ ભૂતકાળમા બંધની ક્રિયાના સ્વભાવ વિના જીવ રહ્યો નહિ ! ખુબી તો એ, કે કર્મમળ સ્વયં આવીને જીવ પર ચોટવા નથી આવતો, છતા આત્મા એને નિમિત્ત આપીને પોતા પર ચોટાડ્યા વિના અને તેથી અનંત દુઃખી બન્યા વિના રહ્યો નથી ! આમ અનંતાનંત कालनी आ जालचेणाी भयकरतानु पण हजी पने भान नथी थनु, ए एक मानवपणामा क्मनमीयो छे । હવે તો બંધની

अयद्धबधणे वाऽमुत्ती, पुणो न गपसगओ, अवि सेसो अवद्धमुत्ताण ।

ક્રિયાનો અંત લાવવો જોઈએ છે એ માટેજ માનવભવનાં નિર્માણ છે

આમ દરેક બંધક્રિયા વ્યક્તિગત નવી ઉત્પન્ન થયેલી છતા, પૂર્વ પૂર્વ વિચારતા જણાશે કે પ્રવાહે–પરંપરાએ આત્મા પર અનાદિ કાળથી કર્મબંધન ચાલુ છે તે ભૂતકાળની જેમ યુક્તિયુક્ત પણ છે કોઈ પૂછે કે ભૂતકાળ ક્યારથી શરૂ થયો? તો કહેવાય કે દરેક ભૂતકાળ પ્રારંભવાળો હોવા છતા, પૂર્વપૂર્વ પ્રવાહની દૃષ્ટિએ ભૂતકાળ અનાદિથી ચાલે છે તેમજ વર્તમાન કાળ અનુભવવાનું પણ અનાદિથી છે કેમકે, ભૂતકાળ તેનું નામ, કે જે કાળ વર્તમાનતા પામી ચૂક્યો છે અને ભવિષ્યકાળ તેનુ નામ કે જે વર્તમાનતાને પામશે જ્યારે ભૂતકાળ અનાદિનો છે તો પછી એના બીજભૂત વર્તમાન પણ અનાદિવાળો છે વ્યક્તિગત અનાદિ એટલે પોતેજ અનાદિથી હોય પ્રવાહથી અનાદિ એટલે પોતે નહિ પણ પોતાની જાતનો કોઈને કોઈ અનાદિથી હોયજ

આમ બંધ જો અનાદિ ન માનીએ, અર્થાત્ બહુ પૂર્વે આત્મા તદ્દન અબદ્ધ માનીએ અને પછીથી આત્મા પર બંધ શરૂ થયો, એમ માનીએ તો આત્માની કદી મુક્તિ એટલે કે શાશ્વત સિદ્ધ પણ થઈ શકે નહિ કેમકે આત્મા ભલે અહીં એકવાર કદાચ સર્વકર્મબંધ તોડી નાખે, તો પણ હવે અબદ્ધ બન્યો હોવાથી અને અબંધને બંધન તમારા મતે લાગતું હોવાથી, પૂર્વની જેમ નવો બંધ કાં શરૂ ન થાય? અને જો એ થઈ શકે છે, તો મુક્તિ

अणाइजोगेवि विओगो कचणोवलनाण्ण ।

અમ ભવિત બની એથી બધ્ધ અને બધનથી મુક્તની વચ્ચે તાત્વિક કાયમી શો તફાવત પડ્યો ? કહો કે કાંઈજ નહિ

પ્ર –તો પછી, એમ તો આત્મા સાથે કર્મનો સબધ જો અના દિનો છે, તો તે સ્વાભાવિક ઠર્યો તેથી તેનો કદીય અત ન આવે, તેથી મોક્ષ થઈજ ન શકે જેમકે, આકાશ અને મેરુનો સબધ અનાદિનો છે, તે કદી તેનો અત આવનાર નથી

ઉ –હા! તમા સબધ પ્રવાહથી અનાદિ નહિ કિતુ વ્યક્તિ સ્વરૂપે અનાદિ છે, તેથી તે ભલે શાશ્વત હો પરતુ કર્મનો સબધ તો તે તે વ્યક્તિરૂપે પ્રા ભવાળો છે, તેથી તેનો અત આવી શકે છે. આમા સુવર્ણ–માટીનુ દૃષ્ટાત છે ખાણમા જ્યારથી સુવર્ણ ઉત્પન્ન થયુ, ત્યારથી માટીના સબધવાળુજ ઉત્પન્ન થયુ હોય છે છતા અગ્નિ તેજાબ વગેરેથી એ સબધનો અત આવી શકે છે, અને સુવર્ણ મળથીજ તદ્દન મુક્ત બની શુદ્ધ થઈ શકે છે એવી રીતે કર્મબધના હેતુથી ઉલ્ટા હેતુઓ મળે, તેથી સુવ ર્ણની જેમ આત્મા તપે, તો જૂનો કર્મમળ દૂર થઈ જાય સાથે નવા બધના હેતુ ન સેવી બધને અટકાવી દેવાય, તો આત્મા સર્વથા મુક્ત થઈ શકે

પ્ર –અનાદિ બદ્ધ માનવાને બદલે અનાદિથી અબદ્ધ એવા જીવને પાછળથી બધ થયો માનીએ તો શો વાધો ? બદ્ધમાથી મુક્ત થયેલાને ફરી બધ આ રીતે નિવારી શકાશે પૂર્વે કદી બધ નહોતો થયો તે વખતનો આત્મા તે અબદ્ધ આત્મા અને બધાયા પછી મુક્ત થયેલ આત્મા તે બદ્ધમુક્ત

न दिदिक्खा अकरणस्स ।

અનાદિ અબદ્ધ આત્મા તેને દિદૃક્ષા થાય છે દિદૃક્ષા એટલે સત્વ
રજસ-તમસ એ ત્રિગુણ પ્રકૃતિને જોવાની ઇચ્છા પ્રકૃતિએ જ
જ તેનું મૂળ કારણ છે તે જોવાની ઇચ્છામાંથી આત્મા બધા
સમાન જ ... કેમકે પ્રકૃતિમાંથી નીપજતું મહત્તત્ત્વ
સ્ફટિક જેવું નિર્મળ હોવાથી તેમાં પુરુષ જુએ છે, અને તેમ
પડતા પોતાના પ્રતિબિંબ સાથે ભાસમાન પ્રકૃતિના ક
જ્ઞાનત્વાદિ ધર્મોને આત્મા પોતાના માની લે છે, તેવી અનેક
રૂપી સંસારનો સર્જન થાય છે એમાં વિવેકખ્યાતિ (ભેદજ્ઞાન)
ક્રમશઃ આત્મા મુક્ત થાય છે હવે એવા બદ્ધમુક્ત આત્મા
દિદૃક્ષા થતી નથી કેમકે તેણે પ્રકૃતિ જોઈ લીધી છે, તેથી
તૃપ્ત છે દિદૃક્ષા નથી તેથી બંધાવાનું નથી, એટલે બદ્ધમુક્ત
હવે બંધ કદી નહિ થાય તો બંધ અનાદિનો શા સારૂ માનવો

C—જો બંધ આદિવાળો માનીયે તો બંધ થવાની પૂ
જ્યારે આત્મા બદ્ધ નથી ત્યારે તેને ઇંદ્રિય નથી, શરીર નથ
મન વગેરે કાંઈ નથી, તો દિદૃક્ષા થાય જ કેવી રીતે? બંધ વિ
કરણ એટલે ઇંદ્રિય નહિ તે વિના દિદૃક્ષા નહિ દિદૃક્ષા વિ
બંધ નહિ, એટલે સંસાર નહિ બીજી પણ એક વાત એ છે
न अदिट्ठमि पसा—(૧) અહિ અદૃષ્ટ શબ્દમાંનો પ્રત્યય ક
અર્થમાં લઈએ અને સાતમી વિભક્તિ સતિ સપ્તમી ગણીએ,
એ અર્થ થાય કે જો કોઈ દ્રષ્ટા ન હોય, તો દિદૃક્ષા જ ન
શકે જોવાની ઇચ્છા તે દિદૃક્ષા જોનાર વિના જોવાનું કોને
અનાદિ અબદ્ધ આત્મા ઇંદ્રિય શરીરાદિવાળો નથી કે જેથી એ
જોનાર દ્રષ્ટા કહેવાય તો પછી એને દિદૃક્ષા શી? વિના કાર

न पाउदिट्ठमि गमा। न मइजाए निवित्ती। न निवित्तीए आयट्ठाण। न पउणए नस्सेसा।

દૃષ્ટા માનો તો નિત્ય દૃષ્ટા બને (૨) અભિવ્યક્તિમાં પ્રત્યય કર્મ વિભક્તિનો ઉપયોગ અને સ્વામી વિભક્તિ વિષય અર્થમાં લઈએ, તો એ અર્થ થાય કે જે ચીજ બિલકુલ અદૃષ્ટ છે, એટલે કે જે વસ્તુ કદીય નથી પ્રત્યક્ષ જોઈ, કે નથી સાંભળી એ વિષયની દિદૃક્ષા નથી થતી એથી અદૃષ્ટ અવસ્થામાં તદ્દન ન જોયેલ કે ન સાંભળેલ જે પ્રકૃતિ, તેને જોવા જાણવાની ઈચ્છા ન જ થઈ શકે જોવાની ઈચ્છા તે દિદૃક્ષા

આમ છતાં વિના કારણે પણ દિદૃક્ષા થાય એમ કહો, તો તે આત્માનો સ્વાભાવિક ગુણ માનવો પડે તે સ્વભાવ હોવાથી અનાદિ કાળથી જ હોય તેથી સંસાર પણ અનાદિનો માનવો પડે આમ દિદૃક્ષા સહજ માનતાં જતાં શાશ્વત માનવી પડશે, તેમ બંધ પણ શાશ્વત તેથી તો મોક્ષનો અભાવ થઈ જશે ચૈતન્યની જેમ સ્વાભાવિક દિદૃક્ષાનો કદીય નાશ ન થઈ શકે વળી જો દિદૃક્ષાનો નાશ માનો તો તત્સ્વભાવભૂત આત્માનું પણ નિઃસ્વભાવત્વ (નાશ) માનવું પડે દિદૃક્ષાને તમે આત્મ-વસ્તુનો સ્વભાવ કહો છો, તો સ્વભાવ ગયા પછી વસ્તુનું સ્થાન શું ? વસ્તુ ક્યાંથી ઊભી રહે ? અણ્ણહા-છતાંય જો આત્મા ઊભો રહે છે, તો એમ કહો કે દિદૃક્ષા એનો સ્વભાવ નથી એમ કહેતાં તો દિદૃક્ષા આત્માની કહેવાય જ નહિ કેમકે અભેદ સંબંધ વિના બીજો સંબંધ (યોગ) આત્મા સાથે દિદૃક્ષાનો ઘટી શકતો નથી તેથી આત્માને દિદૃક્ષા થઈ એમ નહિ કહેવાય સંબંધ વિના આ વસ્તુ

न भव्वत्तुल्ला नाएण । न केवलजीवरूवमे
न भाविजोगावेक्खाए तुल्लत्त, तया केवलत्तेण मपा
विसेसओ । तहासहावकप्पणमप्पमाणमेव ।

માની છે એમ કેમ કહેવાય?

પ્ર૦–ભલે અભેદ સબંધ માનીશુ પરંતુ આત્માથી અભિ
રહીને જેમ ભવ્યત્વ અનાદિ હોવા છતા મોક્ષ વખતે નાશ પામે
ત્યા આત્મા નાશ ન પામતા ઉભો રહી શકે છે, તેમ દિદૃક્ષા
નિવૃત્ત થાય છતા આત્મા રહી શકશે

ઉ૦–ન્યાયને અનુસારે દિદૃક્ષા ભવ્યત્વ જેવી નથી કેમકે ભવ્
શુદ્ધ અબદ્ધ જીવસ્વરૂપ નથી, જ્યારે દિદૃક્ષાને તો તમે
અબદ્ધ આત્મસ્વરૂપ કહો છો

પ્ર૦–એ રીતે તુલ્યતા ભલે ન હોય, પરંતુ બીજી રીતે પુ
આત્માવી પ્રકૃતિમા મહત્તત્ત્વાદિ વિકારોના જે ભવિષ્યમા દ
કરાશે, તે ભાવિ યોગની અપેક્ષાએ સમાનતા તો છે જ ભવ્યત
પણ સ્વનાશક એવો ભાવિ મુક્તિનો યોગ છે, તેમ દિદૃક્ષાને
ભાવિ દર્શનનો યોગ થઇ, સ્વનાશક કૈવલ્ય અવસ્થાનો યોગ
તો ભવ્યત્વની જેમ દિદૃક્ષા જીવમા સ્વાભાવિક કેમ ન માની

ઉ૦–કૈવલ્ય અવસ્થા થઇ ત્યા પછી ભાવિ યોગ રહેતો ન
તેથી પાછી અવિશિષ્ટ એટલે પૂર્વના જેવી અબદ્ધ અવ
આત્માની બની એથી સહજ થતી એવી દિદૃક્ષા કોઇ એક કૈ
અવસ્થા થઇ ગયા પછી પણ પાછી કેમ ન ખડી થાય? એવુ
તો શાશ્વત મુક્તિજ નહિ બને

एसेव दोसो परिकप्पिआए।

પ્ર-દિદક્ષાનો એવો સ્વભાવ માનશુ કે એ એકવાર મહત્ તત્ત્વાદિ વિકારોના દર્શન થયા પછી કૈવલ્ય અવસ્થામા નાશ પામી જાય છે પછી કયા આપત્તિ છે?

ઉ-મહત્તત્ત્વાદિ વિકારોની પૂર્વેના અનાદિ વિશુદ્ધ કાળ માંની કૈવલ્ય અવસ્થા, અને વિવેકખ્યાતિથી એ વિકારના દર્શન પછી થતી કૈવલ્ય અવસ્થા,—એ બે કૈવલ્યની શુદ્ધ અવસ્થામા કાઈજ ફરક નથી તેમ છતા, એકમા (પૂર્વમા) દિદક્ષાનો સદ્ભાવ માનવો, અને બીજી પાછળની કૈવલ્ય-અવસ્થામા દિદક્ષાનો અભાવ માનવો-એવા એ વિરૂદ્ધ સ્વભાવ કલ્પવા એ પ્રમાણુવિરુદ્ધ છે છતાય એમ માનવા જતા દિદક્ષાને આત્માથી ભિન્નજ માનવી પડશે કેમકે પ્રકૃતિ એ પુરુષ(આત્મા) કરતા અધિક છે, તેથી એજ દિદક્ષા સ્વરૂપ બની જશે આત્માને અનાદિકાળથી નહિ, પણ કોઈ વચલા કાળથી પ્રકૃતિવિકારો-મહત્તત્ત્વાદિ પ્રગટે છે, ત્યારે દિદક્ષા પણ વચલા કાળથી ઉઠે છે તેથી આગન્તુક દિદક્ષા આગન્તુક પ્રકૃતિવિકારસ્વરૂપ માનવી હજી યુક્તિયુક્ત ઠરશે, પણ અનાદિસિદ્ધ પુરુષથી તો એ તદ્દન જુદીજ સાબિત થશે તેથી દિદક્ષા સર્વકાળ શુદ્ધ એવા પુરૂષને કાઈજ ન કરી શકે, તો પછી બંધ મોક્ષ કોના?

માટે દિદક્ષાની કલ્પનામા આજ દોષ છે, તેથી આ કલ્પનાજ અપ્રામાણિક છે અર્થાત માત્ર કલ્પેલી દિદક્ષા એ કલ્પનાથી વધીને કોઈ વસ્તુ નથી, તેથી તેમા શી રીતે કોઈ પણ પ્રમાણ હોય? પ્રમાણવિનાની વસ્તુ વસ્તુજ નથી, તેથી દિદક્ષા અમાન્ય છે

ત્યારે પ્રમાણથી જગત (માન્ય) શુ છે? આત્માના

परिणामभेआ बंधाइभेओ त्ति, साहू, सव्वनय विसुद्धीए निरुवचरिओ मयभावेण । न अप्पभूअं कम्मं । न परिकप्पिअमेअं ।

ભિન્ન ભિન્ન પરિણામ(અવસ્થા)ના અનુસારે થતી બંધ અને મોક્ષની ભિન્ન ભિન્ન અવસ્થા એ પ્રમાણ સિદ્ધ છે આત્મામાં જો કોઈ પણ પ્રકારની અવસ્થા પલટાય નહિ, તો જીવ 'જીવતો છે,' 'મરી ગયો', 'માણસ તિર્યંચ મરી મનુષ્ય થયો', 'મનુષ્ય મટી દેવ થયો,' વગેરે મુખ્યપણે વ્યવહાર થાય નહિ 'આત્મા પૂર્વે બંધાયેલો હતો, હવે મુક્ત થયો' વગેરે વ્યવહાર પણ અવસ્થા ફર્યા વિના ન બને અને આત્મા સાથે બાહ્ય કોઈ બીજી વસ્તુના વાસ્તવિક સંયોગ-વિયોગ વિના આત્મામાં અવસ્થાના પરિવર્તન સંસારમાંથી મુક્તિ, અનાદિ સંસાર,—એ બધું વ્યાવ દૃષ્ટિએ ન ઘટી શકે સર્વનયથી વિશુદ્ધ એવા મતે સંગત થાય કેમકે બંધ મોક્ષ ઉભય એ ઔપચારિક નથી પરંતુ મુખ્ય-વાસ્તવિક છે

આ દ્રવ્યાસ્તિક મતના હિસાબે પ્રરૂપણા થઈ અર્થાત્ અનાદિબદ્ધ આત્મદ્રવ્ય અને મુક્ત આત્મદ્રવ્ય એ પ્રમાણ સિદ્ધ છે એ કહ્યું હવે પર્યાયાસ્તિક મતની અપેક્ષાએ બંધ-મોક્ષ પર્યાયને વાસ્તવિક જણાવે છે તે એમ કહે છે કે બંધાતા કર્મ એ શુદ્ધ આત્મા નથી, અર્થાત્ બોધસ્વરૂપ નથી અથવા, કર્મ કે એ વાસનાદિ કલ્પિત પણ નથી કેમકે, એ જો કલ્પિત હોય, તો આત્માને ભિન્ન ભિન્ન જાતના ભાવ શી રીતે થાય ? કર્મ વાસનાને માત્ર આત્મસ્વરૂપ કે કલ્પિત માનવા જતા તો શું

न एव भवाद्मिओ। न भवाभावो उ सिद्धी। न तदुच्छेदेऽणुप्पाओ, न एव समजसत्त, नाऽणाइमतो भवोहेन, उफलभावो।

જ્ઞાનથી એ કાંઈ જુદા ન ઠર્યા તેથી ક્ષણો ભિન્ન ભિન્ન હોવા છતા મુક્તિની અનેક ક્ષણોમા જેમ વિચિત્ર અનેક ભવ નથી, તેમ અહિ સંસારની ક્ષણોમા પણ અનેક વિચિત્ર ભવ નહિ બને તેથી તો સંસાર અને મોક્ષ વચ્ચે કાંઈ તફાવત નહિ રહે માટે કર્મ-વાસના વગેરેને પણ પ્રમાણસિદ્ધ માની બંધમોક્ષને જીવના વાસ્તવિક પર્યાય માનવા જોઇશે

પ્ર-એ માટે ભલે સંસાર અનાદિનો હો પરંતુ એ ક્ષણ સંતતિ બુઝાઇ ગયેલા દીવાની જેમ અત્યંત ઉચ્છિન્ન થઈ જાય એજ મોક્ષ, એવું કેમ નહિ? પછી પાછળ કશુંય બાકી શા માટે રહેવું જોઇએ?

ઉ-જો કાંઇ બાકી ન રહે તો એનો અર્થ એ થયો કે એક એક વખતની સત્ વસ્તુ હવે કોઇ પણ સ્વરૂપે સત્ ન રહી, પણ સતનો અત્યંત વિચ્છેદ થવાથી અસત્ થઈ ગઇ

એમ થાય તો તો મુક્તિ પછી પણ ફરી સંસાર નહિજ ઉત્પન્ન થાય એવું શા માટે? ફરી પણ ઉત્પન્ન થશેજ કેમકે, જ્યારે સતનો તદ્દન ઉચ્છેદ થઇ શકે, તો મુક્તિ પછી તદ્દન અસત્ એવા સંતાનની (ભવોની) ઉત્પત્તિય કેમ ન થાય? જો સત્ અસત્ થાય, તો એક વખતનું તદ્દન અસત્ એ ફરી સત્ પણ થઈ શકવું જોઇએ

પ્ર-થાઓ, એમ મોક્ષ પછી પણ સંતાનની પુનઃ ઉત્પત્તિ કદાચ માની લઈએ તો?

ઉ-એ ન્યાયયુક્ત નહિ ઠરે કેમકે એથી તો પૂર્વે પણ સંસાર (સંતાન) અનાદિ સિદ્ધ નહિ થાય કારણ કે સર્વથા અસત્ એ ઉત્પન્ન નથી થતું, માટે તો સંસાર અનાદિ સિદ્ધ થાય છે પણ જ્યારે સર્વથા અસત્ પણ ઉત્પન્ન થઈ શકે છે એમ કહો છો, તો પૂર્વે સંતાન ગમે ત્યારે વચમાંજ અસ્તિત્વમાં આવ્યું એવું માની શકાશે, પછી શા સારૂ અનાદિ અસ્તિત્વ માનવું!

પ્ર-તો તો વધુ સરસ! કેમકે અનાદિ માનવાની ખટપટ મટી!

ઉ-શું રાખ સરસ? એમ તો જગતપ્રસિદ્ધ કાર્યકારણ ભાવનો લોપ થઈ જશે કેમકે અકસ્માત્ થતા સંતાનની પહેલી ક્ષણ કોઈ પણ કારણ મળ્યા વિના જન્મી, એટલે કે કારણ રહિત કાર્ય થયું એમ માનવું પડ્યું ત્યારે સંતાનની છેલ્લી ક્ષણનું કોઈ કાર્યજ ન રહ્યું, અને એ ક્ષણ નાશ પામી એમ માનવું પડશે ખરી રીતે કાર્યકારણની વ્યવસ્થા સનાતન છે કારણ વિના કાર્ય નજ જન્મે નહિતર 'દહિં માટે 'દૂધ' વિના ચાલે ભોજન વિનાજ તૃપ્તિ થઈ જાય પ્રકાશ વિનાજ અંધકાર ટળી જાય' એવું કાં ન બને?

સંક્ષેપમાં, કાલ્પનિક નહિ પણ વાસ્તવિક એવા કર્મનો અનાદિ કાળથી આત્મા પર સંયોગ થવાથી સંસાર, અને કર્મનો તદ્દન વિયોગ થવાથી મોક્ષ થાય છે આ સંયોગ વિયોગ એ આત્માના તેવા તેવા પરિણામ ઘટે છે આત્મા, કર્મ, બંધ, મોક્ષ, ઈત્યાદિમાનું કશું કાલ્પનિક નથી, સઘળું વાસ્તવિક છે જેઓ આત્માને દીપક જ્યોતિની જેમ જ્ઞાનાધારા સ્વરૂપ માને છે, અને એ

तस्स तहासहावकप्पणमजुत्त । निराहारऽन्नयकओ निओगेण ।

તદ્દન બુઝાઇ અટકી જાય, અસત્ થઇ જાય એને મોક્ષ કહે છે, એ બોગ્ય છે જ્યોતિ બુઝાયા પછી પણ એની કાજળના પુદ્ગલો આકાશમા વ્યાપી જાય છે, તે કાયમ છે એમ અહિ વિચિત્ર ભવોના પરિણામની ધારા ભલે અટકી, પરતુ એને અનુભવનાર આત્મા હવે મોક્ષમા શુદ્ધ સ્વરૂપે કાયમ છે નહિ તર તો જો સત અસત થાય, તો અસત સત કેમ ન થઇ શકે? અસત્ કદીય સત્ નથી થતુ માટે તો સસાર અનાદિ કાળથી ચાલે છે તેમ સત પણ કદી અત્યત અસત ન થઇ શકે માટે સર્વનાશ એ મોક્ષ નહિ, કિતુ કર્મનાશ અને શુદ્ધ આત્મા એ મોક્ષ

સર્વનાશ એ મોક્ષ, એમ માનવામા બધુ અસત થઈ જાય તે આ રીતે –ચરમ ક્ષણ અકારણ બનવાથી કોઈ કાર્ય કરનારી ન રહી, એટલે કે અર્થક્રિયાકારી ન રહી માટે તે ચરમ ક્ષણ અસત્ બની તેથી તો પૂર્વ પૂર્વની ક્ષણો પણ અસત્ની કારણ હોવાથી બધુ અસત્ ઠરશે આમ મોક્ષ એટલે ક્ષણસતાન (પરપરા)નો અત્યત ઉચ્છેદ, એવુ નહિ માની શકાય

હવે બીજા એકાત પર્યાયાસ્તિક મતનુ ખડન કરવા કહે છે કે એ મતવાળાએ તો 'तस्य तथास्वभाव' એટલે વસ્તુ માત્રનો બીજીજ ક્ષણે નિવૃત્ત (નષ્ટ) થવાનો સ્વભાવ માનવો એ અયુક્ત છે કેમકે, જો ક્ષણે ક્ષણે તદ્દન નવી ને નવીજ વસ્તુ ઉત્પન્ન થતી હોય, પરતુ પૂર્વ ક્ષણની વસ્તુમાનુ કાઇ

પણ બીજી ક્ષણની વસ્તુમા ઉતરતુંજ ન હોય, તો તો પૂર્વ ક્ષણે દેખાતા ગુણોનો બીજી ક્ષણની વસ્તુમા અન્વય (અનુગમ) અર્થાત્ ઉતાર ન બની શકે ગુણોનો અન્વય તો કોઈ આધારભૂત દ્રવ્યને લઈનેજ બની શકે, પરતુ નિરાધાર નહિ છતા તમે નિરાધાર અન્વય જે કરો, એ તો નિયોગથી એટલે કે વિના યુક્તિએ માત્ર બળાત્કારથી, તમારી આના માત્રથી કર્યો ગણાય

તમારે ત્યા પર્યાય સિવાય તે પર્યાયનો કોઈ સ્થિર આધાર નથી તેથી સ્વભાવનો અર્થ-'સ્વ' એટલે કોઈ દ્રવ્યનો, 'ભાવ' એટલે ધર્મ, એવો નહિ થઈ શકે કિન્તુ સ્વભાવ એટલે પોતાની સત્તા (અસ્તિત્વ) એવો અર્થ કરવો પડશે પછી નિવૃત્તિ સ્વભાવ એટલે નિવૃત્તિ (નાશ) એ પોતાની સત્તા એવો અર્થ થવાથી, બીજી ક્ષણે પોતાની સત્તા બીજી કાંઈ નહિ, પરતુ માત્ર નિવૃત્તિ રહેવાની એથી નિરાધારતા આવી આધાર વિના ગુણો બીજી ક્ષણના દ્રવ્યમા નહિ ઉતરી શકે, તો બીજી ક્ષણનુ દ્રવ્ય ગુણે કરીને પ્રથમ ક્ષણના દ્રવ્યની સમાન શી રીતે બને? એમ છતા માત્ર ગુણોનો પોતાના અન્વયિ દ્રવ્ય વિના અન્વય માનો, એ નિરાધાર છે, એટલે કે અપ્રામાણિક છે એથી ખરી રીતે અન્વયનો અભાવ આવી પડશે અન્વય નહિજ બની શકે કેમકે 'तन्निवृत्तेस्तत्त्वात्'-વસ્તુની નિવૃત્તિ એજ, તમારે ત્યા, સ્વભાવ છે ત્યા સર્વ નિવૃત્ત-નષ્ટ થયુ, ત્યા અન્વય કોનો?

દા ત, સોનાના કડામાથી કુડલ બનાવ્યા ત્યા કડામાનુ સુવર્ણ દ્રવ્ય કાયમ રહી કુડલમા ઉતરે છે, અર્થાત્ એજ અનઈ સુવર્ણના કુડલ બને છે તેથી-કડામા દેખાતા કેટલાક ધર્મો-

तस्सेव तदाभावे जुत्तमेअ। सुहुममट्ठपयमेअ। विचिन्तिअव्व महापण्णाएत्ति।

પીળુ રૂપ, અમુક ટચ, કઠીન સ્પર્શ, વગેરે સુવર્ણરૂપી આધારને લઈને કુંડલમા ઉતરે છે પરંતુ જો કડાની ઉપર કોઈ રસાયની પ્રયોગ થવાથી તે ભસ્મ બની ગયુ હોત, તો હવે સુવર્ણજ નહિ હોવાથી પીળુ રૂપ, વગેરેના અન્વયનો પ્રશ્ન ગજ નહિ ઉભો થાત, બાદ્ધમતે તો, જો આમેય કડુ બીજી ક્ષણે સર્વથા નિવૃત્ત થવા છતા પીળુ રૂપ વગેરે પછીના કુંડલ દ્રવ્યમા અન્વિત થઈ શકે છે, તો ભસ્મમા કેમ અન્વિત ન થાય?

પ્ર.–એમ તો તમારા આધારઅન્વયવાદની અપેક્ષાએ, ભસ્મમા દેખાતા ધર્મનો ક્યાથી અન્વય થયો?

ઉ.–કડાની અવસ્થામાં સુવર્ણ દ્રવ્યની જેમ, એજ સુવર્ણની અવસ્થામા સ્થૂલ અણુઓ રૂપી દ્રવ્ય છે, તે કાયમ રહી ભસ્મમા ઉતરે છે, તેથી તેના ધર્મોનો અન્વય થાય છે

આથી, તમે તો નિરાધાર અન્વય નિયોગથીજ જે લીધો, એ સૂચવે છે કે એ તર્કસિદ્ધ નથી કેમકે વસ્તુસ્વરૂપે પૂર્વોત્તર ક્ષણમા એક આધારભૂત દ્રવ્ય છેજ, નહિતર, 'આ કારણનુ આ કાર્ય' એ શબ્દોનો કોઈ અર્થજ ન રહે જેવુ ચરમ ક્ષણે સર્વથા નષ્ટ થવાનું પરિણામ વિચાર્યુ, તેવુ પ્રથમ ક્ષણે સર્વથા અસત્‌ની ઉત્પત્તિ અંગે વિચારવું બન્ને વિચારણામા એકાંત પર્યાયવાદીને ઉપર કહેવા અનેક દૂષણો લાગુ થાય છે, તેથી નીચે મુજબ સૂચવે છે

'तस्सेव तदाभावे'–'પ્રથમ ક્ષણનુ દ્રવ્યજ બીજી ક્ષણે કાયમ રહી નવી અવસ્થાવાળુ બને છે', એમ જો માનો, તો વસ્તુનો બીજી

अपज्जवसिअमेव सिद्धसुक्खं। इत्तो चेवुत्तमं इमं, सव्वहा अणुस्सुगत्तेणं अणंतभावाओ। लोगंतसिद्धिवासिणो एए। जत्थ य एगो, तत्थ नियमा अणंता।

ક્ષણે નિવૃત્ત થવાનો સ્વભાવ માનનો યુક્તિયુક્ત હોય કેમકે, વસ્તુ દ્રવ્યસ્વરૂપે સ્થિર રહીને પૂર્વ અવસ્થારૂપે નિવૃત્ત થાય, એમ કહી ન શકે

આ બધુ સૂક્ષ્મ પદાર્થોની વિચારણાનુ સ્થાન છે માટે, મધ્યસ્થ પણે એટલે નિષ્પક્ષ તત્ત્વબુદ્ધિથી એ વિચારણીય છે, નહિતર તે પદાર્થો જાણવા અશક્ય છે

હવે મૂળ વિષય સિદ્ધ-અવસ્થા ઉપર આવો

ઉપર કહેલ રીતિ અનુસાર સિદ્ધ અવસ્થાનુ સુખ નિયમા અપર્યવસિત છે, અનંતનુ પામનારૂ છે, માટેજ એ સર્વશ્રેષ્ઠ છે ત્યા સર્વથા ઉત્સુકતા ન હોવાથી, એ સુખ અનંત છે એક સુખ મળ્યુ, છતા બીજાની જો ઉત્સુકતા છે, કે જાગી, તો સુખ ખંડિત થવાનુ સર્વથા ઉત્સુકતા ટળે તોજ સુખ સદા અખંડિત રહે। એ સિદ્ધ ભગવંતો ચૌદ રાજલોકના અંતે સિદ્ધિ નામના સુંદર સ્થાનમા એટલે કે સિદ્ધશિલાની ઉપર લોકના ઠેઠ મથાળે રહ્યા છે જ્યા એક સિદ્ધ છે, ત્યા તેજ આકાશપ્રદેશના ક્ષેત્રમા નિયમા બીજા અનંતા સિદ્ધ ભગવાન છે એ સાંસારિક ભવોનો અત્યંત ક્ષય કરી નિત્ય મુક્ત થયેલા છે, અને સર્વશુભને પામી એકાંતે સુખી બનીને એકબીજાને જરાય નડતર કર્યા વિના ત્યા રહેલા છે કેવો સંપ!

પ્ર-સકલ કર્મનો જ્યારે ક્ષય થઈ ગયો, ત્યારે અહિંથી એમને લોકાંતે કોણે પહોંચાડ્યા?

जत्थ य एगो तत्थ नियमा अणंता। अकम्मुणो गई पुव्वपओगेण अलाउप्पभिइनायओ। नियमो अओ चेव अफुसमाणगईए गमणं। उक्करिसविसेसओ इअं। अणुच्छेओ भवाणं अणंतभावेण।

ઉ–આઠ જાતની માટીના લેપથી લેપાઈ, પછી પાણીમા નખાઈ તળીએ રહેલુ તુબડુ જેમ માટીના સર્વ લેપ નીકળી જતા સહજ ઉપર આવવના સ્વભાવવાળુ છે, તેમ તુબડા વગેરેના દૃષ્ટાન્તે આઠેય કર્મથી રહિત બનેલા જીવનુ પૂર્વ પ્રયોગને લઈને સહજભાવે લોકના અતે ગમન થાય છે પૂર્વ પ્રયોગથી એટલે કે બોથી હલકો હોઈ, જીવ ઠેઠ ઉપર રહેવાના સ્વભાવવાળો હોવાથી, તેમા અટકાવનાર કર્મનો પ્રતિબધ દૂર થતા સહજભાવે ઉપર જાય છે એથીજ એ નિયમ છે કે એ અસ્પૃશદ્ગતિએ ઉપર જાય છે

પ્ર–ત્યાથી પાછુ નીચે આવવુ, પાછુ ઉપર જવુ, એમ વારવાર ગમનાગમન કેમ નથી થતુ ?

ઉ–એજ તુબડાના દૃષ્ટાન્તથી ફરી નીચે આવવાનુ નથી થતુ, પરતુ 'એકજ સમયમા એકજવાર ઠેઠ ઉપર જવાનુ,' વગેરે નિયમો સચવાય છે

પ્ર–અહિંથી સાત રાજલોક જેટલે ઉંચે એકજ સમયમા જવાનુ શુ કમળની સો પાખડી વીંધી જનાર ભાલાના દૃષ્ટાન્તે બનતુ હશે ?

ઉ–ના, ભાલો તો પ્રત્યેક પાખડીને અડીને જાય છે, તેથી એને અસખ્ય સમય લાગે છે પરતુ મુક્ત જીવ એકજ સમયમા લોકાન્તે

गअमणनाणतय, ममया टत्थ नाय। मन्वत्त
जोगयामित्तमेव कसिंचि पडिमाज़ुग्गदारुनिदसणेण

જે પહોચે છે ત વચ્ચેના આકાશ પ્રદેશોને અડક્યા વિના પહોચે છે
આને અસ્પૃશદ્-ગતિએ ગમન કહે છે

પ્ર-વચમા થઇને જાય છે, છતા અડકે નહિ એ કેમ બને ?

ઉ-ગમનના ખાસ વેગ પરથી આમ બની શકે છે જેમ સામા
વેગ કરતા વિશિષ્ટ ઝડપથી થતા ગમનમા વિશેષતા હોય છે, તે
અતિ ઉંચા વેગવાળા ઉત્કૃષ્ટ ગમનમા અસ્પૃશત્ અવસ્થાની વિ
પતા ઘટી શકે છે

પ્ર-સિદ્ધ થયેલા પાછા તો આવતા નથી, અને સિદ્ધ થવ
અનાદિકાળથી ચાલુ છે, તથા છ છ માસે બહુધા અનેક સિદ્ધ
કરે છે, તો પછી ભવ્ય જીવો સસારમાથી ખૂટી કેમ ન જાવ ?

ઉ-ભવ્યોની સખ્યા અનત છે, તેથી ખૂટે એમ નથી

પ્ર-વનસ્પતિમા અનતકાળની પણ કાયસ્થિતિનો ક્ષય
થાય છે, તો સિદ્ધ થતા થતા, અનતી ભવ્યરાશિનો પણ અત
ન આવે ?

ઉ-ભવ્યોની અનતની સખ્યા 'અનતાનત'સ્વરૂપ છે,
'યુક્ત' અનતાદિ સ્વરૂપ નથી સખ્યાશાસ્ત્રમા નવ અસખ્યા
સખ્યા વટાવી આગળ વધતા, નવ અનતામા પહેલા ત્રણ અ
તે 'પરિત્ત' અનતા, પછી આગળ વધતા બીજા ત્રણ તે '
અનતા, અને તેથી આગળ 'અનત'અનતા આવે, ભવ્યોની
અનન્તાનન્ત સખ્યામા ત્રણે કાળના સમયોનુ દૃષ્ટાન્ત છે
જેમ સમયો પ્રત્યેક ક્ષણે વહી જાય છે, છતા એ કદી ખૂટે

તથી તેમ કહી ભ યે ખૂટે એમ નથી અહિ પાછુ એવુ નથી કે વહી ગયેલ સમય પાછા આવતા હોય તેથી ક ળ અખ઼ ન્હેતો હોય

પ્ર –વહી ગયેલ કાળ પાછો ન આવે તો પછી એમ કેમ કહે વાય છે ? કે 'ગયેલી ઋતુ પાછી આવે છે, ક્ષય પામેલો ચ દ્ર પુન આવે છે, અર્થાત્ એક વાર શુકલ પક્ષ વીત્યા પછી પણ કૃષ્ણ પક્ષ પુરો થયે ફરી શુક્લ પક્ષ આવે છે, પર તુ વહીગયેલુ નદીનુ પાણી કે માણસનુ આયુષ્ય પાછુ ફરતુ નથી '

ઉ–અહિ ઋતુ વગેરે સમયનુ પાછુ આ વવાનુ કહ્યુ, તે વ્ય વહારથી સમજવુ અર્થાત્ નિશ્ચયથી તો બીજો નવોજ ઋતુકાળ આવે છે, પણ જૂનો નહિ કેમકે નિશ્ચયથી પણ જો એનો એજ કાળ પાછો ફરતો હોય, તો તો બાલકપણ વગેરે નિવૃત્તજ ન થાય અર્થાત્ પુરી ન થતા એની એજ બાલ્યાદિ અવસ્થા ચાલ્યા કરવી જોઈએ, કારણ કે, પક્ષ વગેરે કાળનો સ્વભાવજ બાલ્યાદિ અવ સ્થા કરવાનો છે હવે જો કાળ એનો એજ રહે પણ ફરે નહિ, તો એ અવસ્થા પણ ન ફરી શકે

ટૂ કમા, કાળ ફરે છે, ચાલુ કાળ વહી જાય છે અને નવો આવે છે, છતા કાળ ખૂટતો નથી, તેમ ભવ્યો પણ મોક્ષે જતા છતા ખૂટતા નથી

બીજી એ પણ વાત છે કે સર્વ ભવ્યોનેય સિદ્ધિ મળવાનો પ્રશ્ન નથી ઉભો થતો તે એટલા માટે, કે કેટલાએક ભવ્ય જીવોમા તો માત્ર યોગ્યતા(સિદ્ધ થઈ શકવાની લાયકાત) રૂપ ભવ્યત્વ છે, કિંતુ ભવ્ય છતા પણ તે ક્યારેય સિદ્ધ નથી થવાના, કેમકે સદા નિગો દમા રહેવાથી એમને મોક્ષ પામવાની સામગ્રીજ કદી મળવાની

નથી આવા ભવ્યોને જાતિભવ્ય કહેવાય છે એમનામા ભવ્યત્વને મર્મના જોઇ શકે છે જાુએ છે

પ્ર –તો પછી જાતિભવ્ય અને અભવ્યમા શાથી ફેર ?

ઉ –પ્રતિમા ઘડાવા ગ્ય કાષ્ઠનાયો દ્દષ્ટાંતે ફેર છે પ્રત્યેક ઘડાવાનુ ભલે સમાન હોય છતા કાષ્ઠ કાષ્ઠમા ફરક હોય છે ગાંઠ વગેરેથી રહિત હોવાથી કોઈ કાષ્ઠ પ્રતિમાને યોગ્ય ગણાય છે ત્યારે તે વિનાનુ કષ્ઠ પ્રતિમા–યોગ્ય ગણાતું નથી આ વસ્તુ મોગ પડિત કે અજ્ઞાન સ્ત્રીઓ પણ સમજે છે

બીજાઓમા ભવ્યત્વ મોક્ષે જવાની યોગ્યતા રૂપ, તે તેના કાર્ય ઉપરથી કલ્પી શકાય છે યોગ્યતા જ ન હોય તો સામગ્રી ગમે તેટલી મળે, છતાય મોક્ષ નજ થાય વળી આ યોગ્યતા પણ જીવમા અનાદિ કાળથી હોય છે

અહિ એ વિચારણીય બને છે કે જે ભવ્યત્વ લાખો કરોડો ગમે ઉપાય યોજવા છતા ઘડયુ ઘડાતુ નથી, કે મેળવ્યુ મેળવાતુ નથી, પણ અનાદિસિદ્ધ હોય છે, તે જો આપણને મળી ગયુ છે, તો આપણા સદ્દભાગ્યની કોઈ અવધિ છે! બિચારો અભવ્ય અનતવાર નરકની કારમી પીડા ભોગવી આવે કે અનતવાર પ્રભુના સમવસરણ જોઈ આવે, તો પણ એ ભવ્યત્વ નજ પામી શકે, અને તેથી જ કદીય નરક નિગોદાદિના કારમા ત્રાસમય સસારમાથી છૂટી જ ન શકે, એવુ મહામૂલુ ભવ્યત્વ આપણને સહજ મળ્યુ છે, કાઈ કિમત ખરચ્યા વિના મળ્યુ છે, કોઈ પરિશ્રમ કર્યા વિના મળ્યુ છે તો,પણ એનું મહત્ત્વ આપણે કેટલુ સમજીએ છીએ ? એ ભવ્યત્વ સફલ કરવ એટલે કાર્યસાધક બનાવવા કેટલી ગરજ, કેટલી કાળજી, અ

ववहारणयमेत्र

કે વી રીતે નત લઇએ છીએ ? જે ચિ તામણિને ફલોન્મુખ (ફળ સાધક) કરવાથી મહાસુખ મળતા હોય, તેને ચીથરે બાંધી રાખી, કારના ટૂકડા પાછળ કારમી મજુરી કરી રોટલો મરચુ ખોજનારો કેવો મૂખ અને ભવ્યહીન ગણાય? ચિ તામણિ ચાલી ગયા પછી એ શુ કરી શકવાનો ? એવી રીતે ભવ્યત્વને પકવ વાના આ સુદર કાળમા એ કર્યા વિના જે જીવન ગુમાવે, પછી ભવ્યત્વ પકવવાની મયેગ સામગ્રી વિનાના ભવમા એ બેકાર શુ સાધી શકવાનો ? ભવ્યત્વ એ ચિ તામણિ છે, એને આરાધો ભવ્ય ત્વ એ બીજ છે, એને પકવો બીજાઓ મોક્ષે ગયેલા સાભળીને, 'ત્યારે, મારો મોક્ષ થશે કે નહિ ?' આ પ્રમાણે થતી શકા પણ પોતાનામા ભવ્યત્વને સાબિત કરે છે 'એમ મારા આત્મામા નિશ્ચિત થયેલા ભવ્યત્વને, અહો ! હુ કેમ જલદી પકવુ !' એ તમન્ના જોઇએ

પ્ર—ભવ્યત્વ નિવૃત્ત થવાના સ્વભાવવાળુ છે કે નિત્ય છે ? નિત્ય હોય તો મોક્ષમા પણ ભવ્યત્વ રહે, અર્થાત્ મોક્ષ ગમન યોગ્યતા રહે, તેથી તો વસ્તુત મોક્ષ થયો જ ન ગણાય ત્યારે જો ભવ્યત્વ નિવૃત્ત સ્વભાવ હોય તો કયારેક ય નિવૃત્ત થઈ જવુ જોઇએ જો એમ કહો કે કારણ સામગ્રી પામીને નિવૃત્ત થાય છે, તો પણ નિવૃત્ત થનાર એવા ભવ્યત્વને જીવનો સ્વભાવ કેમ ! કહેવાય ? સ્વભાવ તો તે કહેવાય કે જે વસ્તુ સાથે કાયમ રહેતો હોય તેથી આ રીતે તો ભવ્યત્વ અસિદ્ધ નહિ બને ?

ઉ—ના, ભવ્યત્વ અગે ઉપર મુજબ વિકલ્પ ઉઠાવવા

ધન થાય છે અર્થાત્ ભાવી ભવમા મળનારા પણા વિશુદ્ધ ભાવાનુ, આ ચારિત્રથી ઘડતર થવા માંડે છે બીજુ,

(૨) અણેગતમિસ્સીઓ-નિશ્ચયની સાથે વ્યવહારને પ્રધાનપણે માનવાથી જ અનેકાંતવાદ પ્રમાણસિદ્ધ ઠરે છે, તેવી જ રીતે

(૩) નિચ્છયગમાયેણ-વ્યવહારથી ચારિત્ર વગેરેનુ પાલન કરતા કરતા, આન્તર પુરૂષાર્થ શુદ્ધ બનીને [1]અપૂર્વકરણાદિ નિશ્ચય સાધના પ્રાપ્ત થાય છે—આમ આ ત્રણ પ્રબળ હેતુએ વ્યવહાર પણ મોક્ષાંગ છે કિન્તુ, એટલુ ખાસ ધ્યાનમા રાખવા જેવુ છે કે શુદ્ધ વ્યવહાર એજ આજ્ઞાનુસારી પુષ્ટાલમ્બન છે અર્થાત નિશ્ચયધર્મની પ્રાપ્તિ માટે શુદ્ધ એવ વ્યવહારનુ આલંબન પુષ્ટ આલંબન ગણાય, અથવા શુદ્ધ જ વ્યવહાર નિશ્ચયરૂપી પુષ્ટ આલંબનવાળો ગણાય અશુદ્ધ વ્યવહાર તો આ જીવે અનંત કર્યા, છતા એ સર્વથી જે કાર્ય ન સિધ્યુ, તે કાર્ય નિશ્ચયના ધ્યેય સંયેના શાસ્ત્રોક્ત ચારિત્રાદિ વ્યવહારથી સિદ્ધ થાય છે

નિશ્ચય ચારિત્ર ત્રીજી કષાયની ચોકડીના ક્ષયોપશમથી પ્રગટતા આત્માના શુદ્ધ પરિણામને કહે છે એનુ સંપાદક, સંવર્ધક અને સંરક્ષક વ્યવહાર ચારિત્ર છે અર્થાત્ સંસારના સંબંધો વોસિરાવી, રજોહરણાદિ સાથે, પ્રભુ સમક્ષ, ગુરુપાસે ચારિત્રની પ્રતિજ્ઞા કરી, જ્ઞાનાદિ પંચાચારનુ પાલન, શાસ્ત્રાધ્યયન, પરીસહ ઉપસર્ગનુ

[1] આત્મા અપ્રમત્ત સર્વવિરતિના ભવથી આગળ વધી ક્ષપક શ્રેણી પર ચઢતા જે અભૂતપૂર્વ આત્મવીર્ય ફોરવે છે, તે અપૂર્વકરણ કહેવાય એથી આગળ વધી અનિવૃત્તિકરણ મોહક્ષપણા ઘાતિકર્મનો નાશ વગેરે નિર્મળ સાધના કરે છે કેવળજ્ઞાન પામી શૈલેશીકરણ કરી મુક્ત થાય છે

एसा आणा इह भगवओ समंतभद्दा तिकोडि परिसुद्धीए, अपुणबंधगाइगम्मा ।

ભ્રમણ વગેરે કરવું, એ જે વ્યવહાર ચારિત્ર છે, તે જ વાસ્તવિક ક્ષાયક્ષયોપશમ અને નિરતિભાવ રૂપી નિશ્ચય ચારિત્રમાં આત્માને રમતો રાખે છે ભાણામાં પીરસેલી રસોઇને જોયા કરવાથી તૃપ્તિ ન થાય તૃપ્તિ તો એને હાથમાં લઈ મોમાં મૂકી ચાવી પેટમાં ઉતારવા વગેરેના વ્યવહારથી જ થાય ઉપદેશક કે કવિના હૃદયમાં ભલે તેના ઉપદેશ કે કાવ્ય રમતા હતા એ ઉચ્ચારણ કે લેખનરૂપ વ્યવહારમાં ન ઉતરે ત્યાં સુધી બીજા એનો સ્વાદ ક્યાંથી અનુભવે? વસ્તુ કે વ્યક્તિ પર પ્રેમ હોવા છતાં જો એના પર શોભા શણગાર ચઢે, તો એ જોઈ પ્રેમ જે વધી જાય છે, એ વ્યવહારનો જ મહિમા સૂચવે છે ઉચ્ચ માર્ગે ચઢી ગયેલાને સત્સમાગમ, પરમાત્મદર્શન, વૈરાગ્યશ્રવણ, ધાર્મિક અનુષ્ઠાન, કર્તવ્ય-પાલન વગેરે વ્યવહાર મળે છે, તો તે નિશ્ચય સન્માર્ગ પામે છે એ વ્યવહારમાં ન માનનારા અને તેવીજ ઇંદ્રિયગુલામી, ભોગલંપટતા, ધન લોભ, સ્વાર્થી ચેષ્ટા વગેરેમાં લીન રહેનારા એ આત્મામાં શુભ ભાન નથી જગાડી શકતા, એ પ્રત્યક્ષ દેખાય છે એ નિશ્ચયને શું પામે? નિશ્ચયની પ્રાપ્તિ વ્યવહારથી નિશ્ચયનું શોધન વ્યવહારથી, નિશ્ચયની પૂર્ણતા વ્યવહારથી તેરમા ગુણસ્થાન કને અંતે યોગોનો નિરોધરૂપી વ્યવહાર આદરવાથી જ સ્થિર આત્મપ્રદેશરૂપ નિશ્ચયની પૂર્ણતા થાય છે

અહિં શ્રી અરિહંત ભગવંતની ઉભયનયગર્ભિત અર્થાત્ નિશ્ચય-વ્યવહાર બંને નયને પ્રરૂપનારી આ આજ્ઞા, અવશ્ય આ પંચસૂત્રમાં અનુવાદ કરેલી જિન આજ્ઞા સમંતભદ્ર છે–

સર્વ રીતે નિર્દોષ છે કેમકે એ કષ, છેદ અને તાપની ત્રિકોટિ-પરિક્ષામા શુદ્ધ સાબિત થયેલી છે જેમ સુવર્ણને કસોટીએ કસી વન્ચેથી કાપી જરૂર પડે અગ્નિપર તપાવી પારખવામા આવે છે, તેની રીતે શાસ્ત્રવચનની પરીક્ષા કરાય છે તેમા અવિરૂદ્ધ કર્તવ્યના વિધાન, અને વિરુદ્ધ કાર્યોના નિષેધ, જે શાસ્ત્રે ફરમાવ્ય હોય, તે શાસ્ત્ર 'કષ' પરીક્ષામા નિર્દોષ ઠર્યું વળી એ વિધિનિષેધની પ્રાપ્તિ કે પાલના કરાવે એવી ક્રિયાઓ બતાવનારુ શાસ્ત્ર 'છેદ' પરીક્ષામા પસાર ગણાય તથા એ વિધિનિષેધમા કારણ બની શકે અર્થાત્ વિહિતનો સ્વીકાર અને નિષિદ્ધનો ત્યાગ, એ બનેમા પરિણુની શકે, પરિણામ પામી શકે, એવા સ્વરૂપના પદાર્થોને કહેનારૂ શાસ્ત્ર એ 'તાપ' પરીક્ષામા શુદ્ધ નીવડ્યુ કહેવાય શ્રી તીર્થંકર દેવના વચનો આ ત્રિવિધ પરીક્ષામા પસાર છે, કેમકે, [1]એમા સમિતિગુપ્તિયુક્ત ચારિત્રાદિના વિધાન છે, અને સૂક્ષ્મ જીવની પણ હિસા વગેરેના નિષેધ ફરમાવેલા છે, [2]એ વિધિનિષેધને એટને કે તે ચારિત્રાદિ-સ્વીકાર અને હિસાદિ-ત્યાગને પમાડે અને સગ્થે એવી નિર્દોષ ભિક્ષાચર્યાદિ ક્રિયાઓ ઉપદેશી છે, અને [3]એ વિધિનિષેધમા પરિણમી શકે એવા નિત્યાનિત્ય આત્માદિ પદાર્થો સ્યાદ્વાદ-સિદ્ધાન્તથી કહેલા છે નિષિદ્ધ હિસાદિને ત્યજીને વિહિત ચારિત્રાદિ પામવાનુ પરાવર્તન એકાન્તે નિત્ય અપરાવર્ત્ય આત્મામા ક્યાથી ઘટી શકે? તેમજ એકાન્તે અનિત્યમા પણ ન ઘટે, કેમકે હિસાદિ ત્યજનાર તો સર્વથા નાશ પામ્યો, અને ચારિત્ર પામનાર કોઈ બીજો

---

१ विधिप्रतिषेधौ कष । २ तत्सम्भवपालनाचेष्टोक्तिश्छेद । तन्निबन्धन भाववादस्ताप ।

મનોજ જન્મ્યો, એટલે ત્યાગ અને પ્રાપ્તિ બને પરિણામ પામનારો એકજ આત્મા ન બન્યો ત્યારે, નિત્યાનિત્ય ઉભય સ્વરૂપવાળોજ આત્મા એ બનેમા પરિણમી શકે

આવા ત્રિકોટિપરિશુદ્ધ સત્ય જિનવચન સઘળાય જો ગમ્ય હોય, અર્થાત્ લભ્ય અને યથાર્થ જણાવા યોગ્ય હોય તો તે અપુનબન્ધકાદિ આત્માને અપુનબન્ધક એટલે સિત્તેર કોડાકોડી વગેરે ઉત્કૃષ્ટી કર્મની સ્થિતિને હવે ફરી કદીય નહિ બાધવા (ઉપાર્જવા) રૂપે ખપાવનાર આત્મા એજ જિનવચનના બોધને યોગ્ય છે આદિ શબ્દથી માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે આત્માઓ લેવા અહિ 'માર્ગ' શબ્દથી સમ્યક્ત્વ (જિન વચનની શ્રદ્ધા)ને પમાડનાર માર્ગ લેવો, એટલે કે વિશિષ્ટ ગુણ સ્થાન (સમ્યકત્વ)ની પ્રાપ્તિ કરાવવામા તત્પર એવો અશુભઘાતિ કર્મનો અમુક ક્ષયોપશમ લેવો તેથી ચિત્તનુ તત્ત્વશ્રદ્ધા સન્મુખ જે સરળ ગમન નીપજે છે, એ પણ માર્ગ કહેવાય એ માર્ગમા પ્રવેશેલો તે માર્ગપતિત, અને માર્ગપ્રવેશને યોગ્ય બનેલો તે માર્ગાભિમુખ

પ્ર–તે કેમ ઓળખાય?

ઉ–એમના આચારવિચાર પરથી એ ઓળખાય જેમકે એ લીધેલી પ્રતિજ્ઞાને દૃઢપણે પાળનારા હોય છે, વસ્તુતત્ત્વના ચિંતક–પરીક્ષક હોય છે, ઘોર સંસાર પર બહુમાન વિનાના હોય છે ઇત્યાદિ

આવા જીવોજ જિનાજ્ઞા પામવાને યોગ્ય હોય છે, પણ ભવાભિનંદી જીવો નહિ, કેમકે એ તો અપુનબન્ધક કરતા ઘણી પાછની દશામા છે ભવાભિનંદી જીવોને તો કોઈ જિન વચન સભળાવે, તો પણ તેથી તેમને માત્ર વિષયપ્રતિભાસ

નાન થાય છે, કિન્તુ પરિણતિ જ્ઞાન નહિ એટલે કે એ ઇન્દ્રિયોને ઇષ્ટ વિષયો આત્મઘાતક છે એવું જિનવચનથી માત્ર પ્રતિભાસ રૂપે જાણી શકે છે ખરા પણ એ જાણકારી 'એ વિષયો દ્વેષ્ય છે, તિરસ્કાર્ય છે' એવું સ્વહૃદયને લગાડી શકતી નથી એવું લાગાડે તે પરિણતિ જ્ઞાન કહેવાય

પરિણતિ જ્ઞાન એટલે મનને ચમકારો કરે તેવું જ્ઞાન 'પાડોશીનો છોકરો પડી ગયો' એવું સાંભળીને હૃદયને કાંઈ આંચકો ન કરાવે તે પતનનું પ્રતિભાસ જ્ઞાન પરંતુ 'ના, ના, પાડોશીનો નહિ, એ તો તમારો છોકરો પડયો', એમ સાંભળતા હૃદયમાં ધ્રાસકા સાથે 'હે ! હે ! શું બીધું ? કયાં પડયો ! કેમ પડયો' ! વગેરે ચમકારો કરાવે તે પતનનું પરિણતિ જ્ઞાન અંધારે રસ્તે જતા દારૂ પીધેલાને કોઈ કહે, 'અલ્યા ! આ બાજુ ચાલ નહિતર તે બાજુ કૂવો છે, તેમાં પડીશ' ત્યારે તેને કૂવો હોવાનું જણાય તો ખરું, પણ દિલને કોઇ ડર નહિ તે કૂવાનું પ્રતિભાસ જ્ઞાન ત્યારે ઘેન વિનાના સાવચેત માણસને કૂવો હોવાનું સાંભળતાજ 'હે ! વો ! બાપરે ! હમણા મરત' ! એ ચમકારાવાળું નાન થાય તે કૂવાનું પરિણતિજ્ઞાન ભવાભિનંદી જીવ એટલે મોહમદિરાથી છાકટો બનેલો દારૂડીયો એને વિષયો ભયંકર એવું સાંભળવા છતા વિષયો પ્રત્યે કાંઈ દ્વેષ ન થાય તેથીજ જિનવચનને એ યથાર્થ પામ્યો ન ગણાય અશ્રદ્ધાળુ આત્મા જિનવચનને મ સહનારા શાસ્ત્રને યથાર્થ રીતે પામી સમજી શકતા નથી

પ્ર–તો પછી તે બીજાને શી રીતે કેટલીકવાર તારનારા બને છે ?

ઉ–જેમ દર્પણમાંના મેના પણ પ્રતિબિંબ થકી એટલે કે

एअम्मि पत्ते खलु इत्थ लिंग ओचित्तिपवित्तिविसेस संवेगसाहग निअमा ।

એને જોઈને પછી આગમ પોતાના યોગ્ય સાધનદ્વારા નિર્મળ બની શકે છે તેમ

સૂત્રકાર મહર્ષિ આજ્ઞાપ્રિયતાને અપુનર્બંધકાદિ આત્માનું લિંગ (ચિહ્ન, ઈર્ષ) કહે છે આજ્ઞાની પ્રિયતાની સાથે આજ્ઞાનું શ્રવણ અને અભ્યાસ પણ લિંગ તરીકે સમજી લેવા ભવાભિનંદી અવસ્થા વટાવીને આ અવસ્થા પામનાર આજ્ઞાપ્રિયતામાં આવે છે ત્યારે એને એમ થાય છે, કે 'અહો! ભગવંતની આજ્ઞા સાંભળવાનો, જાણવાનો અને આદરવાનો આ અહિં અવસર મળ્યો છે જો અહિં એ ચૂકીશ, તો ફરી ક્યાં મળનાર છે?' જિનાજ્ઞાપાલનનું જ જ્ઞાન અનંતુ કેવળજ્ઞાન પમાડે છે, જિનાજ્ઞાપાલનમાંજ ખર્ચેલ શક્તિ અનંતુ વીર્ય પ્રગટાવે છે, જિનાજ્ઞાપાલનમાંજ મ્હાણેલું સુખ અનંતુ સુખ દેખાડે છે જીવનમાં આજ્ઞાનો વિશુદ્ધ પ્રેમ આવ્યાનું ઔચિત્યથી પ્રવર્તવામાં જણાય છે કેમકે ઔચિત્યને (યોગ્ય વર્તાવને) જાળવવામાંજ આજ્ઞા પર બહુમાન રહે છે ઔચિત્યનો ભંગ કરીને પ્રવર્તવામાં તો આજ્ઞાપ્રિયતા નથી કિંતુ મોહનો નાચ છે આજ્ઞા જે સંમગ્ર જડ મસાલાને અનાર, તુચ્છ કવિરનો કહે છે, એવા મમાલને જો બરાબર એવોજ સમજે, તો અવસરે એના મમત્વને જતું કરે, પણ ઔચિત્યને નહિ આમ ઔચિત્યને અખંડ જાળવે, તો મનાય કે એ આજ્ઞા પર બહુમાન કરનારો છે નહિ તો ઔચિત્યનો ભંગ કોણ કરાવે છે? તુચ્છ સંસારનો વિષય કષાયના બહુમાન ને? એ બહુમાન જેને છે એને આજ્ઞાનો આદર ક્યાંથી હોય?

न एसा अन्नेसिं देआ । लिंगविवज्जयाओ तप्परिण्णा ।

આથી સમજાશે કે આનાનો પ્રેમી જેમ સર્વત્ર મન વચન કાયાએ ઉચિત વર્તાવનો ખપી હોય, તેમ નિયમા સંવેગનો સાધક હોય સંવેગ એટલે મોક્ષનો અને મોક્ષસાધક જિનોક્ત ધર્મનો તીવ્ર અભિલાષ આજ્ઞા પામવા છતા જો આત્મામા સંવેગ નથી, તો વસ્તુત તે હૃદયમા આજ્ઞા પામ્યોજ નથી સંવેગીને તો આજ્ઞાના પ્રતાપે સન્માન, સમૃદ્ધિ કે સ્વર્ગાદિ મળે, તોય ત્યા એ ઔચિત્ય સાથે સંવેગ વિરાગમા ઝીલતો હોય તેથી એને ભવવૃદ્ધિ કે દુર્ગતિ ન થાય પરતુ સંવેગ વિનાના ભવાભિનદીને તો સન્માન સમૃદ્ધિ મળતા સંવેગાદિના અભાવે એ એવા ઘોર પાપમા પડે છે, કે તેથી એને દીર્ઘ દુર્ગતિના ભવો સર્જાય માટેજ અપુનર્બન્ધકાદિ સિવાયના બીજા જે અસંવેગી અને અનુચિતકારી એવા ભવાભિનદી જીવો તેને શ્રી જિનભગવતની સદ્આજ્ઞા આપવી નહિ, અર્થાત્ શાસ્ત્ર રહસ્યો કહેવા નહિ, તેમજ આજ્ઞાએ આદેશેલ માર્ગ આપવો નહિ

પ્ર – એવા અયોગ્ય જીવો શી રીતે ઓળખાય ?

ઉ – અપુનર્બન્ધકાદિ જીવો કરતા ઉલ્ટા એવા, તીવ્ર અનાદિસંજ્ઞા, મુક્તિ પ્રત્યે દ્વેષ, અનુચિતકારિતા વગેરે, ચિહ્નોથી એ ઓળખાય ક્ષુદ્રતા, લોભરતિ વગેરે એના લક્ષણ તો પૂર્વે કહેવાઈ ગયા છે

કોઈને એમ દયા આવે કે 'એવો જીવ સંસારમા અથડાતો કુટાતો માડ માડ મનુષ્ય ભવ પામ્યો છે, તો એ બિચારાને જિનાજ્ઞા આપોને' પણ ના નજ અપાય એને જિનાજ્ઞા ન

सयणुग्गहट्टयाए आमकुभोदगनासनाएण एसा करुणत्ति वुचइ एगतपरिसुद्धा,

આપવામા એની દયા કરી કહેવાય, કેમકે એનુ ચિત્ત પ્રશાન્ત નથી જેમ નવા આવેલા તાવમા એ તાવને શાન્ત કરવાનુ ઔષધ સનેપાત વગેરે વધુ ખરાબી કરે છે, તેમ અશાન્ત (વિષયકષાયથી વિહ્વલ) મતિવાળાને શાસ્ત્રના સમ્યગ્ ભાવોનુ કહેવુ પ્રતિપાદન એને નુકસાન કરનારૂ બને છે બીજુ પણ દૃષ્ટાન્ત કાચા ઘડાનુ છે જેમ કાચા ઘડામા નાખેલુ પાણી ઘડાનો નાશ કરે છે, તેમ જિનોક્ત સિદ્ધાન્તનુ રહસ્ય નાના (અયોગ્ય) પાત્રમા નખાય, તો તે અપાત્ર જીવનો ઉન્માદ વધવાથી વધુ વિનાશ થાય છે તેથી અયોગ્યને આવી ઉચી જિનાજ્ઞા ન આપવી, એ એની દયા છે એવી દયાજ એકાન્તે શુદ્ધ છે કેમકે એથી પૂર્વે કહેલા અપાત્રદાનના નુકસાન નિવારાય છે એવી શુદ્ધ દયાજ સમ્યગ્ વિચારપૂર્વકની હોવાથી પોતાને અને સામાને વિરાધનામાથી બચાવી લેનારી બને છે નહિ કે દયાભાસ બચાવી શકે ! અયોગ્યને જિનાજ્ઞા આપવાની દયા એ તો બિમારને અપથ્ય પથ્ય આપવાથી થતી ઉપકાર દેખાવની દયાની જેમ દયાભાસ છે, ખોટી દયા છે એ દયા વિરાધનાથી બચાવતી નથી ત્યારે અપાત્રને જિનાજ્ઞા ન આપવા રૂપી શુદ્ધ દયા જિનાજ્ઞાની વિરાધનાથી બચાવતી હોવાથી, અને એમ કરવામાજ ત્રિલોકનાથ શ્રી તીર્થંકરદેવ ઉપરનુ બહુમાન અખડ રહેતુ હોવાથી, એ મોક્ષસાધક બને છે અર્થાત્ ભવાભિનદીને જિનવચન ન આપનારો સ્વય વિરાધનાથી બચી મોક્ષ સાધી શકે છે આની સાચી દયાનું સ્વરૂપ કહેનારા શ્રી પરમાત્મા ઉપર બહુમાન ધરનારો એ જ ગણાય છે

अविराहणाफला, तिलोगनाहबहुमाणेण निस्से अमसाहिगत्ति पवज्जाफलसुत्तं। (इतिश्रीपञ्चसूत्रकम्)

તાત્પર્ય એ છે કે જેને જિનોક્ત આગમોનો પરિણતિ બોધ નથી થયો, એ એવી સાચી દયા નથી નાચવી શકતા, કિં જેમને આગમ પરિણમ્યા છે, એ જ એવી દયા જાળવી શકે છે પરિ ણમવુ એટલે કે પચવુ તેને કહેવાય કે જેનાથી ગર્વકમ વધે, પણ અજીર્ણના વિકારો ન થાય આગમને પચાવી પરિણમાવી શકનાર તે, કે જેને એનાથી બીજા ત્રીજા વ્રિટી ની જેમ અપાનવાનનુ સાહમ દૂરી દષ્ટિ, આગમ વચનની ઉપરવટતા વગેરે વિકારો પણ ન થાય આવાને જગદ્ગુરુ ઉપર આતર ભક્તિ પૂર્ણ હોય જ, એમા નવા નથી અને એથી જ એ આગમ પરિણતિવાળો આવી જે સાચી દયા કરે, તે દયા પણ અનુબધવાળી સુપ્રવૃત્તિ થઈ, અર્થા સમ્યક્ પરમાર્થમય પ્રવૃત્તિઓની પરપરા દ્વારા મોક્ષને મનશ્ચ સાધી આપે છે

આ રીતે પ્રવ્રજ્યા ફલ સૂત્ર સમાપ્ત થયુ એથી પચસૂ ત્રની વ્યાખ્યા પણ સમાપ્ત થઈ વ્યાખ્યની સાથે પચસૂ. પૂર્ણ થયુ હવે ટીકાકાર મહર્ષિ નીચે મુજબ વદન વાચા કરે છે

શ્રુતની અધિષ્ઠાત્રી શ્રી સરસ્વતી દેવીને નમસ્કાર હો નમસ્કા કરવા યોગ્ય સઘળાયને નમસ્કાર હો સર્વે વદનીયને હુ વદન કરુ છુ સર્વે ઉપકારીઓના વૈયાવચ્ચ (સેવા)ને હુ ઈચ્છુ છુ એ સવન પ્રભાને ઔચિત્યના પાલન પૂર્વક ધર્મમા માર્ગ [illegible] હો સર્વે જીવો સુખી થાઓ સર્વે જીવો સુખી [illegible] સુખી થાઓ

इतिश्रीचिरन्तनाचार्यकृत-
हरिभद्रसूरिकृतटीकानुसारे
[illegible]